ॐ श्रीचिन्तामणिपार्श्वनाथाय नमः

पू. पं. आचार्य श्रीमद्विजयदानसूरीश्वर जैन ग्रन्थमाला–ग्रन्थांक १९

प्राचीन सज्झाय
तथा
पद-संग्रह

विभाग–पहेलो.

અનેક પ્રાચીન મહાપુરુષો–વિરચિત પ્રગટ અને અપ્રગટ
સજ્ઝાયો તથા આધ્યાત્મિક પદોનો સંગ્રહ

卐

— પ્રકાશક —

પૂ પા આચાર્યદેવ શ્રીમદ્વિજયદાનસૂરીશ્વર જૈન-
ગ્રન્થમાલા તરફથી માસ્તર હીરાલાલ રણછોડભાઈ
સુરત—ગોપીપુરા.

પ્રથમ-આવૃત્તિ] [પ્રતિ ૧૦૦૦

વિ સ ૧૯૯૬] મૂલ્ય બાર આના. [વી સ ૨૪૬૬

જ્ઞાનના પ્રેમી વાંચકોને નમ્ર વિજ્ઞપ્તિ.



૧ પુસ્તકને થૂંક લગાડવું નહિ.
૨ પુસ્તકને અશુદ્ધ વાંચવું નહિ.
૩ પુસ્તકને પટકવું કે ફેંકવું નહિ.
૪ પુસ્તકને પગ લગાડવો નહિ.
૫ પુસ્તકને પાસે રાખી વાસંચાર કરવો નહિ.
૬ પુસ્તકને પાસે રાખી ભોજન કરવું નહિ.
૭ પુસ્તકને પાસે રાખી પેશાબ કરવો નહિ.
૮ પુસ્તકને પાસે રાખી ઝાડો કરવો નહિ.
૯ પુસ્તક ઉપર બેસવું કે સૂવું નહિ.
૧૦ પુસ્તકથી પવન ખાવો નહિ.
૧૧ પુસ્તકના અક્ષરને થૂંકથી ભૂંસવો નહિ.
૧૨ પુસ્તકનો અગ્નિથી નાશ કરવો નહિ.
૧૩ પુસ્તકનો પાણીથી નાશ કરવો નહિ.
૧૪ પુસ્તકનો ફાડીને કે અન્ય કોઈ પ્રકારે નાશ કરવો નહિ.
૧૫ પુસ્તકને કાલ વેલાએ ભણવું નહિ.

આ ચોપડી શ્રી મહેન્દ્ર પ્રિ. પ્રેસ, રતનપોળમાં
છોટાલાલ બાલચંદ દોશીએ છાપી.



પ્રકાશકનું નિવેદન :

આ અનાદિકાલીન સંસારમાં અનન્તા આત્માઓ જન્મ-મરણ અને આધિ-વ્યાધિ-ઉપાધિ આદિના અનેકવિધ દુઃખો ભોગવે છે સૌ કોઈ દુઃખથી સર્વથા મુક્ત બનવા અને શાશ્વત કાલ માટે સંપૂર્ણ સુખને ભોગવવા ઇચ્છે છે, પરન્તુ ઇચ્છા માત્રથી શું વળે ? ઇચ્છાને સફલ બનાવનારી પ્રવૃત્તિ તો જોઈએ ને ? રાગ, દ્વેષ અને મોહથી મુક્ત બનેલા અને અનન્તજ્ઞાનને પામેલા શ્રી અરિહન્ત પરમાત્માએ દુઃખ નાશ અને સુખપ્રાપ્તિ માટે એજ ફરમાવ્યુ છે કે-આત્માને કર્મ-મલથી રહિત બનાવવો આત્માને કર્મમલથી રહિત બનાવવાના અનેક સાધનો પૈકી સ્તવના અને સ્વાધ્યાય પણ અગત્યના સાધનો છે સ્તવનામાં મુખ્યત્વે શ્રી અરિહંત પરમાત્માના ગુણોનુ વર્ણન હોય છે કેટલીક વાર તે આત્મ-નિન્દાથી પણ ગર્ભિત હોય છે આત્મનિન્દા સ્તવનાના હેતુને સ્પષ્ટ કરે છે ' હુ અનેક દોષોથી ભરેલો છુ તું નિર્દોષ અને સર્વગુણસંપન્ન છો, તારા શરણે હુ નિર્દોષ ને સર્વગુણસંપન્ન બનવા ઇચ્છુ છુ '-આ આત્મનિન્દાગર્ભિત સ્તવનોનો સાર છે સ્વાધ્યાય, એ એથી ભિન્ન-કક્ષાનુ સાધન છે સ્વાધ્યાયમાં મુખ્યત્વે કષાયાદિથી નિષ્પન્ન થતા અનિષ્ટોનુ, શીલાદિ ગુણોથી થતા લાભોનુ અને શીલાદિ ગુણોને સેવવા દ્વારા કલ્યાણ સાધનારા પુણ્યપુરુષોનુ વર્ણન હોય છે પદો મુખ્યત્વે પ્રમત્ત આત્માને પ્રબુદ્ધ બનાવનારી ચીણગારીઓ રૂપે હોય છે સજ્ઝાયો અને પદોનુ આ સ્વરૂપ સમજ્યા બાદ, સજ્ઝાયો અને પદોના વાર વારના રટણથી શો લાભ થાય ? એ પ્રશ્ન ઉદ્ભવે તેમ નથી સ્વાધ્યાય, એ શુદ્ધ ભાવનુ પરમ કારણ છે

અને શુદ્ધ ભાવ અનેક ભવોનાં કઠિન પણ દુષ્કર્મોની સહજમાં નિર્જરા સાધી આપે છે. સજ્ઝાયો અને પદોની પૂર્વપુરૂષોની રચના એટલી અર્થગમ્ભીર, એટલી ઓજસ્વિની અને એટલી અસરકારક છે કે–વર્તમાનની રચનાઓ તેની પાસે તુચ્છ ભાસ્યા વિના ન રહે. આ કારણેજ આ ગ્રન્થમાં પ્રાચીન સજ્ઝાયો અને પદોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પહેલાં તો એમ લાગેલું કે–પ્રાચીન સજ્ઝાયો અને પદોનો આ સંગ્રહ એકજ પુસ્તકમાં આવી જશે : કારણ કે–પ્રસિદ્ધ છતાં બાસ ઉપયોગી તેમજ અપ્રસિદ્ધ કૃતિઓનો જ આ સંગ્રહમાં સમાવેશ કરવાનો હતો, પરન્તુ જેમ જેમ શોધ કરવા માંડી, તેમ તેમ વધુ ને વધુ સાહિત્ય હાથ લાગવા માંડયું : એટલે આ ગ્રન્થને ' પ્રથમ વિભાગ ' તરીકે જાહેર કરી, બાકીનો સંગ્રહ અનુકૂળતા પ્રાપ્ત થયે પ્રગટ કરવાનો વિચાર રાખ્યો છે. આ પ્રથમ વિભાગમાં કેટલીક સજ્ઝાયો એવી છે, કે જે અત્યાર સુધીમાં પ્રાયઃ છપાઈ નથી. આવા પ્રકારનું વધુ ને વધુ સાહિત્ય પ્રકટ કરવાની અમારી તીવ્ર અભિલાષા છે. જે કોઈ પુણ્યવાનને આવું સાહિત્ય છપાવવાની ઇચ્છા થાય, તે અમારી સાથે પત્રવ્યવહાર કરે અને અમારા આ પ્રયત્નમાં સહાયક બને. અંતમાં આ પુસ્તકમાં અશુદ્ધિ ન રહે એ માટે બનતી કાળજી રાખી છે અને છપાયા બાદ જે અશુદ્ધિ નજરે ચઢી તેને શુદ્ધિપત્રકમાં રજૂ કરી છે, છતાં દૃષ્ટિદોષ કે છાપખાનાના દોષ આદિથી જે કાંઈ અશુદ્ધિ રહેવા પામી હોય, તે બદલ ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચી વિરમિએ છીએ.

—પ્રકાશક

—: વિષયાનુક્રમ :—

સજ્ઝાય	સજ્ઝાયનુ પ્રથમ પદ	કર્તાનું નામ	પૃષ્ઠ
ભમકિતના સડસઠ બોલની ઢા–૧૧	સુકૃતવલ્લિ–કાદ ણિની	ઉ શ્રી યશોવિજયજી	૧–૧૧
અઢાર પાપસ્થાનકની ઢાલ–૧૮	પાપસ્થાનક પહિલુ કહ્યુ રે	,, ,, ,,	૧૧–૨૮
આઠદૃષ્ટિની ઢાલ–૮	શિવસુખ કારણ ઉપદિશી	,, ,, ,,	૨૯–૩૮
બાર ભાવનાની ઢાલ–૧૪	વિમલકુલકમલના હ સ તું જીવડા	,, ,, સકલચ દજી	૩૯–૫૨
બાર ભાવનાની ઢાલ–૧૩	પાસ જિનેસર પય નમી	શ્રી જયસોમ મુનિ	૫૩–૬૬
નવ વાડની ઢાલ–૮	શારદ માત મયા મુજ કીજે	,, મેરૂવિજયજી	૬૭–૭૭
નવ વાડની ઢાલ–૧૦	શ્રી ગુરૂને ચરણે નમી	,, ઉદય રત્નજી	૭૭–૭૮
૧—શીયલની	શ્રી જિનવાણી હો ભવિયણ ચિત્ત ધરો	,, જીવ વિજયજી	૭૯–૮૦
૨— ,,	શિયલ સમુ વ્રત કો નહિ	,, ઉદયરત્નજી	૮૧
૩— ,,	રખે કોઈ રમણી રાગમા.	,, ,,	૮૧
૪— ,,	તે તરીયા રે ભાઈ તે તરીયા	૫ શ્રી પદ્મવિજયજી	૮૨
૫— ,,	મહાવ્રત ચોથુ મન ધરો	શ્રી જસવિજયજી	૮૨
૬— ,,	ચોથુ મહાવ્રત આદરો	,, જિનવિજયજી	૮૩
૭— ,,	સરસતી કેરા રે ચરણ નમી કરી	,, કાન્તિવિજયજી	૮૪
૮— ,,	સોમવિમલ ગુરૂ પય નમીજી	ઉ શ્રી હ સસોમજી	૮૫–૮૬
૯— ,,	જિનપ્રતિમા જિનસમ દિરા	શ્રી લક્ષ્મીસૂરિજી	૮૭

સજ્ઝાય.	સજ્ઝાયનું પ્રથમ પદ.	કર્તાનું નામ.	પૃષ્ઠ.
૧૦—શીયલની	રે જીવ વિષય નિવારીયે.	પં. શ્રી શીયલવિજયજી	૮૮
૧૧- - ,,	તેહ અકિંચન ગુણથંકી.	શ્રી જ્ઞાનવિમલસૂરિજી	૮૯–૯૦
વૈરાગ્યની	પરષદા આગે દે મુનિ દેશના.	,, ઉદયરતનજી	૯૧
સહજાનંદીની	સહજાનંદી રે આતમા.	પં. શ્રી વીરવિજયજી	૯૨–૯૩
આત્મબોધની	હો સુણ આતમા.	,, ,, રૂપવિજયજી	૯૪
સંસાર સ્વરૂપની	સંસારે રે, જીવ અનંત ભવે કરી	શ્રી ઉદયવાચકજી	૯૪–૯૬
હિત શિક્ષાની	આપે આપ સદા સમજાવે.	,, જ્ઞાનવિમલસૂરિજી	૯૬
આત્મોપદેશની	જીવ વાઇં છું મોરા વાલમા.	,, સુમતિવિજયજી	૯૭
આપ સ્વભાવની	આપ સ્વભાવમાં રે.	,, જીવ વિજયજી	૯૮
શિખામણની	સદ્‌ગુરૂ શિખડી સાંભલો.	,, રામવિજયજી	૯૮
આત્માને શિખામણની	યા મેવાસમેં બે.	,, ઉદયરતનજી	૯૯
ચેતનને શિખામણની	ચેતન અબ કછુ ચેતીયે.	શ્રી નયવિમલજી	૧૦૦
,, ,,	ચતુર તું ચાખ મુઝ હિતશિખ સુખડી.	,, ઋદ્ધિવિજયજી	૧૦૦
વિષયતૃષ્ણાની	આતમ રતિ આતમ તૃપતિ.	ઉ. શ્રી યશોવિજયજી	૧૦૧–૧૦૩
શાંતિ સુધારસની	શાંતિ સુધારસ કુંડમાં.	,, ,, સકલચંદ્રજી	૧૦૩–૧૦૫
શ્રી અમૃતવેલિની	ચેતન જ્ઞાન અજુવાળીએ.	,, ,, યશોવિજયજી	૧૦૫–૧૦૭
વણઝારાની	નરભવ નગર સોહામણું વણઝારા રે.	પં. શ્રી પદ્મવિજયજી	૧૦૮
કર્મની	સુખ દુઃખ સરજ્યાં પામીએ રે.	શ્રી દાનમુનિજી	૧૦૮
તપની	કીધાં કર્મ નિકંદવા રે	,, ઉદયરત્નજી	૧૦૯

સજ્ઝાય	સજ્ઝાયનુ પ્રથમ પદ	કર્તાનુ નામ	પૃષ્ઠ.
ભાવની	રે ભવી ભાવ હૃદય ધરો	શ્રી ઉદયરતનજી	૧૧૦
માર્દવની	વિનયતણો એ હેતુ છે	,, જ્ઞાનવિમલસૂરિજી	૧૧૧–૧૧૨
શ્રી ઇરિયાવહિની ઢાલ–૨	શ્રુતદેવીના ચ ણ નમીને	ઉ શ્રી વિનયવિજયજી	૧૧૩–૧૧૫
શ્રી ઇગ્યિાવહિની	મન શુદ્ધે રે ઇરિયાવહિ ભવી પડીક્કમો	શ્રી જ્ઞાનવિમલસૂરિજી	૧૧૫–૧૧૮
ઇરિયાવહિના મિચ્છામિ દુક્કડ ની	ગુરૂ સન્મુખ રહી વિનય વિવેક	પ શ્રી વીરવિજયજી	૧૧૯–૧૨૦
ઇરિયાવહિની	ઇરિયાવહિ પડિક્કમશુ રે ભવિકા	શ્રી પ્રીતિવિમળજી	૧૨૦–૧૨૧
,,	શ્રી જિનપતિના રે પદ્મ કજ નમી	,, વિદ્યાવિજયજી	૧૨૨–૧૨૩
,,	નારી મે દીઠી એક આવતી રે	,, મેઘવિજયજી	૧૨૩
શ્રી ઉત્તરાધ્યયનના દશમા અધ્યયનની	સમવસરણ સિંહાસનેજી રે	વાચક શ્રી કરણજી	૧૨૪
,, ,,	પુદ્ગ પાન થયે પરિપાકે	,, ,, ઉદયવિજયજી	૧૨૫
અભક્ષ્ય અનંતકાયની	જિનશાસન રે, સૂધી સદ્દહણાધરે	શ્રી લક્ષ્મીરત્નસૂરિજી	૧૨૫–૧૨૮
અનંતકાયની	અનંત કાયના દોષ અનંતા	શ્રી ભાવસાગરજી	૧૨૮
નિશ્ચય વ્યવહારની	શ્રી જિનવર રે, દેશના દિયે મોહામણી	,, હંસભૂતનસૂરિજી	૧૨૯–૧૩૩
મધુબિન્દુઆની	સરસ્વતી મુજ રે, માતા દ્યો વરદાન રે	,, પ્રમોદ વિજયજી	૧૩૩–૧૩૫

સજ્ઝાય.	સજ્ઝાયનું પ્રથમ પદ.	કર્તાનું નામ.	પૃષ્ઠ.
મધુબિન્દુની	નરક તિરિ નર સુરગતિ, સંસારે નહિ સુખ.	પં. શ્રી પદ્મવિજયજી	૧૩૬–૧૪૧
સામાયિકના બત્રીશ દોષની	શુભ ગુરૂ ચરણે નામી શીશ.	,, ,, વીરવિજયજી	૧૪૨
બીજની	બીજ તણે દિન દાખવું રે.	શ્રી દેવવિજયજી	૧૪૩
પાંચમની ઢાલ–૫	શ્રી વાસુપૂજ્ય જિનેસર વયણથી રે.	,, વિજયલક્ષ્મીસૂરિજી	૧૪૪–૧૪૬
એકાદશીની	આજ મારે એકાદશી રે.	શ્રી ઉદયરતનજી	૧૪૭
સોદાગરની	સુણ સોદાગર એ, દિલકી બાત હમેરી.	પં. શ્રી વીરવિજયજી	૧૪૮
કઠીયારાની	વીર જિનવર રે, ગૌતમ ગણધરને કહે.	શ્રી ગુણવિજયજી	૧૪૮–૧૫૨
મનુષ્યભવની દુર્લભતા વિષે	પૂરવ પુન્ય ઉદય કરી ચેતન.	,, ચિદાનંદજી	૧૫૨
વિષયવાસના ત્યાગ કરવા વિષે	વિષય વાસના ત્યાગો ચેતન.	,, ,,	૧૫૩
વિષય નિવારક	મયગલ માતો રે વનમાંહિ વસે.	નિર્નામક	૧૫૩
મોહ નિવારક	મોહ તણે જોરે કરી રે.	શ્રી ઉદયરતનજી	૧૫૪–૧૫૫
સાત વ્યસન નિવારક	વાર તું વાર તું વ્યસન સપ્તકમિદં.	,, જ્ઞાનવિમલસૂરિજી	૧૫૬–૧૫૭
હિતશિખામણની	જોય જતન કરી જીવડા.	,, લબ્ધિવિજયજી	૧૫૮
વૈરાગ્યની	ઉંચા મંદિર માળીયા.	શ્રી ઉદયરતનજી	૧૫૯
,,	એ સંસાર અસાર, સ્વરૂપ દીસે ઇસ્યો.	,, દાનવિજયજી	૧૬૦

સજ્ઝાય	સજ્ઝાયનુ પ્રથમ પદ	કર્તાનુ નામ	પૃષ્ઠ.
કારમી કાયાની	કાયા ધરી છે કારમી રે	૫ શ્રી વીરવિજયજી	૧૬૧
આઠ મદની	મદ આઠ મહામુનિ વારીયે	ઉ ,, માનવિજયજી	૧૬૨
ક્રોધની	ક્રોધ ન કરીયે ભોળા પ્રાણી	શ્રી ભાવસાગરજી	૧૬૩
માનની	માન ન કરશો રે માનની	કવિ ઋષભદાસજી	૧૬૪–૧૬૫
મમતા ત્યાગની	ચતુર સનેહી ચેતન ચેતીયે રે	શ્રી ઉદયરતનજી	૧૬૫–૧૬૬
લોભની	લોભ ન કરીયે પ્રાણીયા રે	,, વીરસાગરજી	૧૬૬–૧૬૭
,,	આશા દાસી વશ પડ્યા	૫ શ્રી રૂપવિજયજી	૧૬૭
,,	તુમે લોભના લક્ષણ સાભલો રે	,, ,, પદ્મવિજયજી	૧૬૮–૧૬૯
શ્રી સમકિત સુખડલીની	ચાખો નર સમકિત સુખડલી	ઉ ,, યશોવિજયજી	૧૭૦
શ્રી સમકિતની	જગ લગે સમકિત રત્નકુ	શ્રી જ્ઞાનવિમલસૂરિજી	૧૭૦
,, ,,	સમકિતના પચ ભેદ એ	૫ શ્રી વીરવિજયજી	૧૭૧
,, ચૌદ ગુણસ્થાનકની ઢાલ–૨	ભવિયણ જાણો રે ગુણઠાણા ભના	ઉ શ્રી યશોવિજયજી	૧૭૨–૧૭૩
મુહપત્તિના પચાશ બોલની	સિરિ જયૂ રે	૫ શ્રી વીરવિજયજી	૧૭૪–૧૭૬
ઋતુવતી અસજ્ઝાય નિવારક	સુણ સોભાગી સુખકારી જિનવાણી મનમા આણી	શ્રી રત્નવિજયજી	૧૭૭–૧૭૮
ઋતુવતી અસજ્ઝાય નિવારક	પવયણ દેવી સમરી માત	શ્રી ન્યાયસાગરજી	૧૭૮–૧૭૯
,, ,, ,,	સરસતી માતા આદિ નમીને	,, ઋષભવિજયજી	૧૮૦
શ્રી નવકાર મત્રની	સમર જીવ એક નવકાર નિજ હેજશુ	,, કીર્તિવિમલજી	૧૮૧
સસારના ખોટા સગપણ વિષે	સગુ તારૂ કોણ સાચુ રે	કવિ ઋષભદાસજી	૧૮૨

સજ્ઝાય.	સજ્ઝાયનું પ્રથમ પદ.	કર્તાનું નામ.	પૃષ્ઠ.
શ્રી આત્મશિખામણની	અનુભવિયાંના ભવિયાં રે.	કવિ. ઋષભદાસજી	૧૮૨–૧૮૩
,, આત્મોપદેશની	હું તો પ્રણમું સદ્ગુરૂ રાયા રે.	શ્રી આનંદઘનજી	૧૮૪
,, ચૈતન્ય શિક્ષા	આપ વિચારજો આતમા.	,, ઉદયરત્નજી	૧૮૫–૧૮૬
ચેતનને ઉપદેશની	ચેતન ચેતજો રે, એ કાળ ન મેલે કેડો.	,, વિશુદ્ધવિમલજી	૧૮૬–૧૮૭
કાયાપુર પાટણની	કાયાપુર પાટણ રૂઅડું.	,, સહજસુંદરજી	૧૮૮
કાયાવાડીની	કાયા રે વાડી કારમી.	,, રત્નતિલકજી	૧૮૮
મનઃ સ્થિર કરણની	મન સ્થિર કરજો રે.	પં. શ્રી રૂપવિજયજી	૧૮૯–૧૯૦
સર્વાર્થસિદ્ધ–વિમાન વર્ણન ગર્ભિત પુન્યની	જગદાનંદન ગુણનીલો રે.	શ્રી ગુણવિજયજી	૧૯૧–૧૯૨
શ્રી ઉત્તરાધ્યયનના બત્રીશમા પ્રમાદ ઠામ અધ્યયનની	વીર કહે બત્રીશમે રે.	,, ઉદયવાચકજી	૧૯૩
શ્રી મુનિવંદનની	શ્રી મુનિરાજને વંદના નિત કરીએ.	,, દીપવિજયજી	૧૯૪
,, દશ દૃષ્ટાંતની	દશ દૃષ્ટાન્તે દોહિલો.	,, વૃદ્ધિવિજયજી	૧૯૫–૧૯૬
શ્રી સુદર્શન શેઠની ઢાલ–૬	સંયમી ધીર સુગુરૂ પય વંદી.	,, જ્ઞાનવિમલસૂરિજી	૧૯૭–૨૦૫
શ્રીમતી મનોરમાની	મોહનગારી મનોરમા.	,, ,,	૨૦૬
૧—શ્રી સ્થૂલભદ્રજીની	કર કોલ કરીને રે.	પં. શ્રી વીરવિજયજી	૨૦૬–૨૦૭
૨—,, ,,	રાજ પધારો મેરે મંદિર.	,, ,, ,,	૨૦૮
૩—,, ,,	રમણીશું રંગ રસે રમતાં.	,, ,, ,,	૨૦૯
૪—,, ,,	સ્થૂલિભદ્ર કહે સુણ બાળા રે.	,, ,, ,,	૨૦૯–૨૧૦

સજ્ઝાય	સજ્ઝાયનુ પ્રથમ પદ	કર્તાનુ નામ	પૃષ્ઠ
૫—,, ,,	મુનિગજ કહે સુણ વેશ	૫ શ્રી વીરવિજયજી	૨૧૧–૨૧૨
૬—,, ,,	મેઘ રાગ ઓર ભૈરવ રાગે કરીયેા રે	,, ,, ,,	૨૧૨–૨૧૪
૭—,, ,,	મિથ્યાત્વ વામીને ક્રોસ્યા મમકિત પામી રે	,, ,, ,,	૨૧૫–૨૧૬
૮—,, ,,	લાલ સનેહી રે થૂલિભદ્ર દેખીયે રે	,, ,, રૂપવિજયજી	૨૧૭
૯—,, ,,	પ્રીતડી ન કીજે રે નારી પરદેશિયા રે	શ્રી કવિજન	૨૧૮
૧૦—,, ,,	આખેા મેાયેા હે આગણે	૫ શ્રી રૂપવિજયજી	૨૧૯
૧૧—,, ,,	બેાલી ગયેા મુખ બેાલ	શ્રી મયાવિજયજી	૨૧૯–૨૨૧
૧૨—,, ,,	એક દિન ક્રોસ્યા ચિત્ત રંગે	,, ખુશાનવિજયજી	૨૨૨
૧૩—,, ,,	શ્રી સ્થૂલિભદ્ર મુનિગણમા શિરદાર જો	કવિ રૂપભદાસજી	૨૨૩–૨૨૫
૧૪—,, ,,	તુ સ્થાને કરે છે ચાળા રે	શ્રી ઉદયરતનજી	૨૨૫
૧૫—,, ,,	ઉઠ સખી ઉતાવળી રે	,, ભાવપ્રભસૂરિજી	૨૨૬
૧૬—,, ,,	ચતુર ચેામાસું પડિક્કમી	શ્રાવક લીંબેા	૨૨૭
૧૭—,, ,,	આજ સખી જાણુ આવશે રે	શ્રી મહાનંદ મુનિ	૨૨૭–૨૨૯
૧૮—,, ,,	લાછલદે માત મલ્હાર	,, લબ્ધિવિજયજી	૨૩૦
૧૯—,, ,,	અહેા મુનિવરજી	,, મહાનંદ મુનિ	૨૩૧–૨૩૨

સજ્ઝાય.	સજ્ઝાયનું પ્રથમ પદ.	કર્તાનું નામ.	પૃષ્ઠ.
૨૦—,, ,,	પિયુડા આવો હો મંદિર આપણે રે.	શ્રી જિનહર્ષસૂરિજી	૨૩૩–૨૩૪
૧—શ્રી રહનેમિ રાજીમતીની	રહનેમિ અંબર વિણુ રાજુલ દેખી જો.	પં. શ્રી વીરવિજયજી	૨૩૫–૨૩૯
૨—,, ,, ,,	કાઉસ્સગ્ગ ધ્યાને મુનિ રહનેમિ નામે.	,, ,, રૂપવિજયજી	૨૪૦–૨૪૧
૩—,, ,, ,,	યાદવ કુલના હો તુઝને શું કહું.	શ્રી તેજહરખજી	૨૪૧–૨૪૨
૪—,, ,, ,,	કાઉસ્સગ્ગ વ્રત રહનેમિ રણા તવ.	,, દેવવિજયજી	૨૪૩–૨૪૪
૫—,, ,, ,,	નમવા નેમિ જિણુંદને.	,, વૃદ્ધિવિજયજી	૨૪૪–૨૪૫
૬—,, ,, ,,	રાજુલ સતી અણુજાણુતા.	પં. શ્રી પદ્મવિજયજી	૨૪૬–૨૪૭
૭—,, ,, ,,	નાંજી નાંજી નાંજી છેડા નાંજી.	શ્રી જ્ઞાનવિમલસૂરિજી	૨૪૮
૮—,, ,, ,,	રહનેમિ રાજુલ દિયર ભોજાઇ.	,, ,, વીરવિજયજી	૨૪૮–૨૪૯
૯—,, ,, ,,	સમવસર્યા જિનરાય.	,, ,, ,,	૨૫૦
શ્રી રાજીમતીની	કપૂર હોવે અતિ ઉજલો રે.	શ્રી સોમવિમલસૂરિજી	૨૫૦–૨૫૧
,, રાજીમતીના બાર માસની	સખિ ! તોરણ આઈ કંત ગયા નિજ મંદિરે.	પં. શ્રી વીરવિજયજી	૨૫૧–૨૫૪
પૃથ્વીચંદ્ર ગુણસાગરની ઢાલ–૩	શાસન નાયક સુખકર.	શ્રી જીવવિજયજી	૨૫૫–૨૬૧
શ્રી નંદિષેણ મુનિની ઢાલ–૨	રાજગ્રહી નગરીનો વાસી.	,, મેરૂવિજયજી	૨૬૨–૨૬૪
૧—શ્રી ભરત બાહુબલિની ઢાલ–૨	સ્વસ્તિ શ્રી વરવા ભણી.	,, રામવિજયજી	૨૬૫–૨૭૧

સ્તવન	સ્તવનનુ પ્રથમ પદ	કર્તાનુ નામ	પૃષ્ઠ.
૨—શ્રી બાહુબલિજીની	બલેની બોલે હો બાહુબલ સાભલોજી	,, ગાડેકમુનિજી	૨૭૨
૩—,, ,,	બાધવ બાહુબલિ બોલોને બોલડો જી	,, લબ્ધિવિજયજી	૨૭૩
૪—,, ,,	બાહુબલ શુકલ ધ્યાને રહ્યા	૫ શ્રી મોહનવિજયજી	૨૭૪–૨૭૬
૫—,, ,,	બાહુબલિ વ્રત લીયો રે	શ્રી વિમલકીરતિજી	૨૭૬
શ્રી દશાર્ણભદ્રજીની ઢાલ–૫	પ કજભૂતનયા નમી	૫ શ્રી વીરવિજયજી	૨૭૭–૨૮૪
શ્રી શાલિભદ્રજીની	રાજગૃહી નયરી મોઝારોજી.	શ્રી કવિયણ	૨૮૫–૨૮૮
આધ્યાત્મિક પદ.	પદનું પ્રથમ પાદ.	કર્તાનુ નામ.	પૃષ્ઠ
પ્રભુ ભજન	ભજન બિનુ જીવિતજેસે પ્રેત	ઉ શ્રી યશોવિજયજી	૨૮૯
પ્રભુનું ગાયુ ધ્યાન	પરમ પ્રભુ સમજન શબ્દે ધ્યાવે	,, ,, ,,	૨૮૯
સાચા પ્રભુની પ્રાપ્તિ	અબ મે સાચો સાહિબ પાયો	,, ,, ,,	૨૯૦
વીરોની પ્રભુ ભક્તિ	જો જો દેખે વીતરાગને	,, ,, ,,	૨૯૧
પરમ મહાનત જનાજ	વાદ વાદીસર તાજ	,, ,, ,,	૨૯૨
સાચા મુનિ	ધર્મકે વિલાસ વાસ	,, ,, ,,	૨૯૨
સાચા મુનિ	પવનકો કરે તોલ	,, ,, ,,	૨૯૩
સાચો જૈન	પરમગુરૂ ! જૈન કહો કયુ હોવે	,, ,, ,,	૨૯૩
સજ્જન રીતિ	સજ્જન રાખત રીતિ ભલી	,, ,, ,,	૨૯૪
સાચો ધર્મ	શિવસુખ ચાહો તો ભજો	,, ,, ,,	૨૯૫
દૃષ્ટિરાગ	દૃષ્ટિરાગે નવિ લાગીયે.	,, ,, ,,	૨૯૬

આધ્યાત્મિક પદ.	પદનું પ્રથમ પાદ.	કર્તાનું નામ.	પૃષ્ઠ.
પરભાવમાં લગની	જી૭ લાગી રહ્યો પરભાવમેં	ઉ. શ્રી યશોવિજયજી	૨૯૭
મોહત્યાગ અને જ્ઞાનસુધા	ચેતન! મોહકો સંગ નિવારો.	,, ,, ,,	૨૯૭–૨૯૮
જ્ઞાનદૃષ્ટિ અને મોહદૃષ્ટિ	ચેતન! જ્ઞાનકી દૃષ્ટિ નિહાલો.	,, ,, ,,	૨૯૯
ચેતન અને કર્મ	ચેતન! જો તું જ્ઞાન અભ્યાસી.	,, ,, ,,	૨૯૯
જ્ઞાન અને ક્રિયા	સબલ યા છાક મોહ મદિરાકી.	,, ,, ,,	૩૦૦
ખોટો છોડી સાચો પંથ લ્યો	ચેતન! રાહ ચલે ઉલટે.	,, ,, ,,	૩૦૧
મનઃ સ્થિરતા	જબ લગ આવે નહિ મન ઠામ	,, ,, ,,	૩૦૨
સમતા અને મમતા	ચેતન! મમતા છાંડ પરીરી.	,, ,, ,,	૩૦૨
સમતાનું મહત્વ	જબ લગ સમતા ક્ષણું નહિ આવે.	,, ,, ,,	૩૦૩
ઉપશમ અને શ્રમણત્વ	જબ લગ ઉપશમ નાહિ રતિ.	,, ,, ,,	૩૦૪
નયની અપેક્ષાએ સામાયિક	ચતુર નર! સામાયિક નય ધારો.	,, ,, ,,	૩૦૫
સુમતિ અને ચેતનનો વિરહ	કબ ઘર ચેતન આવેંગે	,, ,, ,,	૩૦૬
ચેતના	કંત બિનુ કહો કૌન ગતિ નારી.	,, ,, ,,	૩૦૭
આત્મદર્શન	ચેતન! અબ મોહિ દર્શન દીજે.	,, ,, ,,	૩૦૭
પૂર્ણાનન્દઘન પ્રભુ	પ્રભુ મેરે તું સબ વાતે પૂરા.	,, ,, ,,	૩૦૮
ચિદાનન્દઘન પ્રભુની જોડી	અજબ બની હે જોરી.	,, ,, ,,	૩૦૮
ચિદાનન્દઘનનું સ્વરૂપ	અજબ ગતિ ચિદાનન્દ–ઘનકી.	,, ,, ,,	૩૦૯
અવિનાશી ચિદાનન્દ	ચિદાનંદ અવિનાસી હો.	,, ,, ,,	૩૧૦

આધ્યાત્મિક પદ	પદનું પ્રથમ પાદ	કર્તાનું નામ	પૃષ્ઠ.
અવિનાશીમા મગ્નતા	મન કિતહું ન લાગે હેજે રે	ઉ. શ્રી યશોવિજયજી	૩૧૦
ચમત્કાર પરમાત્મ સ્વરૂપ	ઐસે પરમ અલખ પરમેશ્વર	,, ,, ,,	૩૧૧
હોરી-ગીત	અયસો દાન મિત્યોરી	,, ,, ,,	૩૧૧
આધ્યાત્મિક પદ	પિયા પરઘર મત જાવો રે	શ્રી ચિદાનંદજી	૩૧૨
,, ,,	પિયા નિજ મહેલ પધારો રે	,, ,,	૩૧૩
,, ,,	સુઆપા આપ વિચારો રે	,, ,,	૩૧૪
,, ,,	અધ નિજ આપ ઉદીરત રે	,, ,,	૩૧૪
,, ,,	જો લૌ તત્ત્વ ન સૂઝ પડેરી	,, ,,	૩૧૫
,, ,,	આતમ પરમાતમ પદ પાવે	,, ,,	૩૧૫
,, ,,	મતિમત્ ઐસ વિચારો રે	,, ,,	૩૧૬
,, ,,	અકલ કળા જગજીવન તેરી	,, ,,	૩૧૭
,, ,,	મદ વિષય શશિ દીપતો	,, ,,	૩૧૭
,, ,,	જોગ જુગતિ જાણ્યા વિના	,, ,,	૩૧૭
,, ,,	આજ સખી મેરે વાલમા	,, ,,	૩૧૮
,, ,,	વિરથા જનમ ગમાયો	,, ,,	૩૧૮
,, ,,	જૂની જગમાયા નરકેરી કાયા	,, ,,	૩૧૯
,, ,,	જગ સપનેકી માયા રે નર !	,, ,,	૩૨૦

—: શુદ્ધિપત્રક :—

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૭	દૂહા	દુહા
૮	૨૨	ભાવન	ભાવના
૯	૬	હરીગીત	હરિગીત
૧૧	૭	શ્રીમદ	શ્રીમદ્
૨૩	૬	ભૂડો	ભૂંડો
૨૪	૨૩	સુ૦	સું૦
૪૮	૫	તેન	તેમ
૫૮	૨૦	સૂજ્યા	સૂઝીયા
૬૪	૭	ઉચ્ચો	ઉંચાં
૬૪	૧૩	ફરસીએ	ફરસીઓ
૭૯	૪	છડો	છંડો
૮૩	૧૪	ચોછું	ચોથું
૯૧	૨૩	કાલશું કેલી	કાલ ચૂકે નહિ
૯૭	૩	સગત	સંગત
૧૦૪	૨	અસન	અશન
૧૦૬	૮	નિદિયે	નિંદિયે
૧૧૯	૬	સસાર	સંસાર
૧૬૦	૧૨	અતે	અંતે
૧૭૦	૨૫	અનંતાનુબધિયા	અનંતાનુબંધિયા
૨૦૧	૧૭	ચૂપ	ચૂંપ
૨૦૫	૧૩	અતિવ	અતીવ
૨૦૭	૧૧	સંભતિ	સંભૂતિ
૨૦૮	૨	સવા	સેવા
૨૦૯	૧૬	તહે	કહે
૨૧૧	૧૬	૨	સ્થૂ
૨૨૩	૮	સવાદ	સંવાદ
૨૨૪	૪	સ્થૂ	સ્થૂ
૨૬૨	૩	રાજગૃહી	રાજગ્રહી
૨૮૫	૩	રાજગૃહી	રાજગ્રહી
૩૧૫	૨	જાં	જૌં

—: ૨૮૧ મા પૃષ્ઠનો ખાસ સુધારો :—

હરિજિતણુને કાજે, એ પદ પહેલી ગાથામાં છપાઇ ગયું છે, તે બીજી ગાથાના પ્રથમ પાદ તરીકે સમજવું.

ॐ

श्रीचिन्तामणिपार्श्वनाथाय नमः

પ્રાચીન સજ્ઝાય તથા પદ સંગ્રહ.

મહોપાધ્યાય

શ્રીમદ્ યશોવિજયજી વાચક વિરચિત સમકિતના સડસઠ બોલની સજ્ઝાય.

દૂહા

સુકૃતવલ્લિ-કાદંબિની, સમરી સરસ્વતી માત,
સમકિત સડસઠ બોલની, કહીશું મધુરી વાત. ૧
સમકિતદાયક ગુરૂતણો, પચ્ચુવયાર ન થાય,
ભવ કોડાકોડે કરી, કરતા સર્વ ઉપાય ૨
દાનાદિક ક્રિયા ન દિયે, સમકિત વિણ શિવશર્મ,
તે માટે સમકિત વડુ, કહ્યો પ્રવચનમર્મ. ૩
દર્શનમોહવિનાશથી, જે નિર્મલ ગુણઠાણ,
તે નિશ્ચય સમકિત કહ્યુ, તેહનાં એ અભિધાણ ૪

ઢાલ-પહેલી.

[વીરજીનેશ્વર ઉપદિશે-એ દેશી]

ચઉ સદ્દહણા તિ લિંગ છે, દશવિધ વિનય વિચારો રે,
ત્રણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે ૫

હરિગીત છંદ.

પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીએ,
ષટ જયણા ષટ આગાર ભાવના, છવ્વિહા મન આણીએ;
ષટ ઠાણ સમકિતતણા સડસઠ, ભેદ એહ ઉદાર એ,
એહનો તત્ત્વવિચાર કરતાં, લહીજે ભવપાર એ. ૬

ઢાલ.

ચઉવિહ સદ્દહણા તિહાં, જીવાદિક પરમત્થો રે;
પ્રવચનમાંહિ જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે. ૭

હરિગીત છંદ.

તેહનો અર્થ વિચાર કરીએ, પ્રથમ સદ્દહણા ખરી,
બીજી સદ્દહણા તેહના જે, જાણ મુનિ ગુણ જવહરી;
સંવેગ રંગ–તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા,
તેહની સેવા કીજીએ જીમ, પીજીએ સમતાસુધા. ૮

ઢાલ.

સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવ ને અહાછન્દા રે;
પાસત્થા ને કુશીલિયા, વેષવિડંબક મંદા રે. ૯

હરિગીત છંદ.

મંદા અનાણી દૂરે છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી,
પરદર્શનીનો સંગ તજીએ, ચોથી સદ્દહણા કહી;
હીણાતણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
જ્યું જલધિ–જલમાં ભલ્યું ગંગા–નીર લૂણપણું લહે. ૧૦

ઢાલ–બીજી.

[જબુદ્વીપના ભરતમા રે–એ દેશી.]

ત્રણ લિંગ સમકિત તણા રે, પહિલુ શ્રુતઅભિલાષ,
જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર દ્રાખ રે–
પ્રાણી ! ધરીએ સમકિત રંગ,
જિમ લહીએ સુખ અભંગ રે–પ્રાણી ! ૧૧
તરૂણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત,
તેહથી રાગે અતિઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે પ્રાણી ! ૧૨
ભૂખ્યો અટવી ઉતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ,
ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહિજ બીજુ લિંગ રે પ્રાણી ! ૧૩
વૈયાવચ્ચ ગુરૂદેવનુ રે, ત્રીજુ લિંગ ઉદાર,
વિદ્યાસાધક પરે કરે રે, આળસ નવિય લગાર રે. પ્રાણી ! ૧૪

ઢાલ–ત્રીજી.

[સમકિતનુ મૂલ જાણીએ જી–એ દેશી]

અરિહંત તે જિન વિચરતાજી, કર્મ ખપી હુઆ સિદ્ધ,
ચૈત્ય જીનપડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ,
ચતુર નર ! સમજો વિનયપ્રકાર,
જિમ લહીએ સમકિત સાર–ચતુર૦ ૧૫
ધર્મ ક્ષમાદિક ભાખિઓજી, સાધુ તેહના જે ગેહ,
આચારજ આચારનાજી, દાયક નાયક જેહ ચતુર૦ ૧૬
ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણહાર,
પ્રવચન સંઘ વખાણીએજી, દરિસણ સમકિત સાર ચતુર૦ ૧૭
ભગતિ બાહ્ય પ્રતિપત્તિથીજી, હૃદયપ્રેમ બહુમાન,
ગુણથુતિ અવગુણ ઢાકવાજી, આશાતનની હાણ ચતુર૦ ૧૮

ઢાલ–દશમી.

[લલનાની દેશી.]

શુદ્ધ ધર્મથી નવિ ચલે, અતિ દૃઢ ગુણ આધાર લલના;
તો પણ જે નહિ એહવા, તેહને એ આગાર લલના. ૫૧
બોલ્યું તેહવું પાલીએ, દંતીદંત સમ બોલ લલના;
સજ્જન ને દુર્જનતણા, કચ્છપ કોટિને તોલ લલના. બો૦૫૨
રાજા નગરાદિક ધણી, તસ શાસન અભિયોગ લલના;
તેહથી કાર્તિકની પરે, નહિ મિથ્યાત્વસંયોગ લલના. બો૦ ૫૩
મેલો જનનો ગણ કહ્યો, બલ ચોરાદિક જાણ લલના;
ક્ષેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરૂ ઠાણ લલના. બો૦ ૫૪
વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણકાંતાર લલના;
તે હેતે દૂષણ નહિ, કરતાં અન્ય આચાર લલના. બો૦ ૫૫

ઢાલ–અગીયારમી.

[જિન જન્માજી, જિણ વેલા જનની ઘરે–એ દેશી.]

ભાવીજે રે, સમકિત જેહથી ઇમડું,
તે ભાવના રે, ભાવો કરી મન પરવડું;
જો સમકિત રે, તાજું સાજું મૂલ રે,
તો વ્રતતરૂ રે, દીએ શિવફલ અનુકૂલ રે. ૫૬

હરિગીત છંદ.

અનુકૂલ મૂલ રસાલ સમકિત, તેહ વિણ મતિઅંધ રે,
જે કરે કિરિયા ગર્વભરિયા, તેહ જૂઠો ધંધ રે;
એ પ્રથમ ભાવન ગુણો ઇડી, સુણો બીજી ભાવના,
ભારણું સમકિત ધર્મપુરનું, એહવી તે પાવના. ૫૭

ઢાલ

ત્રીજી ભાવના રે, સમકિતપીઠ જો દઢ નહી
તો મોટો રે, ધર્મપ્રાસાદ ડગે નહી,
પાયે ખોટે રે, મોટે મડાણ ન શોભીએ,
તેણે કારણ રે, સમકિતશુ ચિત્ત થોભીએ ૫૮

હરીગીત છંદ

થોભીએ ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવીએ,
સમકિત નિધાન સમસ્ત ગુણનુ, એહવુ મન લાવીએ,
તે વિના છૂટા રત્નસરિખા, મૂલ ઉત્તર ગુણ મવે,
કિમ રહે ? તાકે જેહ હરવા, ચોર જોર ભવો ભવે ૫૯

ઢાલ.

ભાવો પચમી રે, ભાવના ગમ દમ સાર રે,
પૃથ્વી પરે રે, સમકિત તસ આધાર રે,
છઠ્ઠી ભાવના રે, સમકિતભાજન જો મલે,
શ્રુત શીલનો રે, તો રસ તેહમાથી નવિ ઢલે ૬૦

હરિગીત છંદ.

નવિ ઢલે સમકિતભાવના રસ, અમીય સમ સવગતણો,
પટ ભાવના એ કહી એહમા, કરે આદર અતિ ઘણો,
ઇમ ભાવતા પરમાર્થ જલનિધિ, હોય નિત્ય ઝકઝોલ એ,
ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે, ચિદાનદ કલ્લોલ એ ૬૧

ઢાલ–બારમી.

[આતમ ભક્તિ મન્યા કેઇ દેવા–એ દેશી]

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહના પટવિધ કહીએ રે,
તિહાં પહિલુ થાનક 'છે ચેતન–લક્ષણ આતમ' લહીએ રે,

ઢાલ–સાતમી.

[સતીય સુભદ્રાની દેશી.]

સોહે સમકિત જેહથી, સખિ! જિમ આભરણે દેહ;
ભૂષણ પાંચ તે મન વસ્યાં,
સખિ! મન વસ્યાં તેહમાં નહિ સંદેહ.
મુજ સમકિતરંગ અચલ હોજો રે૦ ૩૬
પહિલું કુશલપણું તિહાં, સખિ! વંદન ને પચ્ચકખાણ;
કિરિયાનો વિધિ અતિ ઘણો,
સખિ! અતિ ઘણો આચરે તેહ સુજાણ. મુજ૦ ૩૭
બીજું તીરથસેવના, સખિ! તીરથ તારે જેહ;
તે ગીતારથ મુનિવરા, સખિ! તેહશું કીજે નેહ. મુજ૦ ૩૮
ભગતિ કરે ગુરુદેવની, સખિ! ત્રીજું ભૂષણ હોય;
કિણહિ ચલાવ્યો નવિ ચલે,
સખિ! ચોથું એ ભૂષણ જોય. મુજ૦ ૩૯
જિનશાસનઅનુમોદના, સખિ! જેહથી બહુ જન હુંત;
કીજે તેહ પ્રભાવના, સખિ! પાંચમું ભૂષણ અંત. મુજ૦ ૪૦

ઢાલ–આઠમી.

[ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું–એ દેશી.]

લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં,
ધુર ઉપશમ અનુકૂલ; **સુગુણનર!**
અપરાધીશું પણ નવિ ચિત્તથકી, ચિંતવીએ પ્રતિકૂલ. **સુગુણનર!**
શ્રી જિનભાષિત વચન વિચારીએ૦ ૪૧
સુરનરસુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક; સુ૦
બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગશું ટેક. સુ૦ શ્રી૦ ૪૨

નારક ચારક સમ ભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ, સુ૦
ચાહે નિકલવુ નિર્વેદ તે, ત્રીજુ લક્ષણ મર્મ સુ૦ શ્રી૦ ૪૩
દ્રવ્યથકી દુ ણિયાની જે દયા, ધર્મહીણાની રે ભાવ, સુ૦
ચોથુ લક્ષણ અનુકંપા કહી, નિજ શક્તે મન લાવ સુ૦
શ્રી૦ ૪૪
જે જિનભાખ્યુ તે નહિ અન્યથા, એહવો જે દૃઢ રંગ, સુ૦
તે આસ્તિકતા લક્ષણ પાયમું, કુમતિનો એ ભંગ સુ૦
શ્રી૦ ૪૫

ઢાલ–નવમી.

[ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી–એ દેશી]

પરતીર્થી પરના સુર તેણે, ચૈત્ય ગ્રહ્યા વલી જેહ,
વંદન પ્રમુખ તિહા નવિ કરવુ, તે જયણા પટ ભેય રે
ભવિકા ! સમકિત યતના કીજે૦ ૪૬
વંદન તે કરયોજન કહિએ નમન તે શીશ નમાડયે,
દાન ઇષ્ટ અન્નાદિક દેવુ, ગોરવ ભગતિ દેખાડયે રે ભ૦ ૪૭
અનુપ્રદાન તે તેહને કહીએ, વાર વાર જે દાન,
દોષ કુપાત્રે પાત્રમતિએ, નહિ અનુકંપા માન રે ભ૦ ૪૮
અણબોલાયે જેહ બોલવુ, તે કહિએ આલાપ,
વાર વાર આલાપ જે કરવો, તે કહીએ સલાપ રે. ભ૦ ૪૯
એ જયણાથી સમકિત દીપે, વલી દીપે વ્યવહાર,
એહમાં પણ કારણથી જયણા, તેહના અનેક પ્રકાર રે ભ૦ ૫૦

ઢાલ–દશમી.

[લલનાની દેશી.]

શુદ્ધ ધર્મથી નવિ ચલે, અતિ દૃઢ ગુણ આધાર લલના;
તો પણ જે નહિ એહવા, તેહને એ આગાર લલના. ૫૧
બોલ્યું તેહવું પાલીએ, દંતીદંત સમ બોલ લલના;
સજ્જન ને દુર્જનતણા, કચ્છપ કોટિને તોલ લલના. બો૦૫૨
રાજ નગરાદિક ધણી, તસ શાસન અભિયોગ લલના;
તેહથી કાર્તિકની પરે, નહિ મિથ્યાત્વસંયોગ લલના. બો૦ ૫૩
મેલો જનનો ગણ કહ્યો, બલ ચોરાદિક જાણ લલના;
ક્ષેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરૂ ઠાણ લલના. બો૦ ૫૪
વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણકાંતાર લલના;
તે હેતે દૂષણ નહિ, કરતાં અન્ય આચાર લલના. બો૦ ૫૫

ઢાલ–અગીયારમી.

[જિન જન્માજી, જિણ વેલા જનની ઘરે–એ દેશી.]

ભાવીજે રે, સમકિત જેહથી રૂઅડું,
તે ભાવના રે, ભાવો કરી મન પરવડું;
જો સમકિત રે, તાજું સાજું મૂલ રે,
તો વ્રતતરૂ રે, ફલીએ શિવફલ અનુકૂલ રે.

હરિગીત છંદ.

અનુકૂલ મૂલ રસાલ સમકિત, તેહ વિણ મતિઅંધ
જે કરે કિરિયા ગર્વભરિયા, તેહ જૂઠો ધંધ રે;
એ પ્રથમ ભાવન ગુણો રૂડી, સુણો બીજી ભાવના,
બારણું સમકિત ધર્મપુરનું, એહવી તે પાવના.

ઢાલ

ત્રીજી ભાવના રે, સમકિતપીઠ જો દૃઢ સહી
તો મોટો રે, ધર્મપ્રાસાદ ડગે નહી,
પાયે ખોટે રે, મોટે મંડાણ ન શોભીએ,
તેણે કારણ રે, સમકિતશું ચિત્ત થોભીએ ૫૮

હરીગીત છંદ

થોભીએ ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવીએ,
સમકિત નિધાન સમસ્ત ગુણનુ, એહવુ મન લાવીએ,
તે વિના છૂટા રત્નસરિખા, મૂલ ઉત્તર ગુણ સવે,
કિમ રહે ? તાકે જેહ હરવા, ચોર જોગ ભવો ભવે ૫૯

ઢાલ.

ભાવો પચમી રે, ભાવના શમ દમ સાર રે,
પૃથ્વી પરે રે, સમકિત તસ આધાર રે,
છઠ્ઠી ભાવના રે, સમકિતભાજન જો મલે,
શ્રુત શીલનો રે, તો રત્ન તેહમાથી નવિ ઢલે ૬૦

હરિગીત છંદ.

નવિ ઢલે સમકિતભાવના રત્ન, અમીય સમ સવરતણો,
ષટ ભાવના એ કહી એહમા, કરો આદર અતિ ઘણો,
ધર્મ ભાવતા પરમાર્થ જલનિધિ, હોય નિત્ય ઝકઝોલ એ,
ધન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે, ચિદાનદ કલ્લોલ એ ૬૧

ઢાલ–બારમી.

[આતમ ભક્તિ ભણ્યા કેઇ દેવા–એ દેશી]

ઠરે જિહા સમકિત તે થાનક, તેહના ષટવિધ કહીએ રે,
તિહા પહિલુ થાનક 'છે ચેતન–લક્ષણ આતમ' લહીએ રે,

ખીરનીરપરે પુદ્ગલમિશ્રિત, પણ એહથી છે અલગો રે,
અનુભવ હંસચંચૂ જો લાગે, તો નવિ દીસે વલગો રે. ૬૨

બીજું થાનક 'નિત્ય આતમા', જે અનુભૂત સંભારે રે,
બાલકને સ્તનપાનવાસના, પૂરવભવ અનુસારે રે;
દેવ મનુજ નરકાદિક તેહના, છે અનિત્ય પર્યાય રે,
દ્રવ્યથકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમરાય રે. ૬૩

ત્રીજું સ્થાનક 'ચેતન કર્તા', કર્મતણે છે યોગે રે,
કુંભકાર જિમ કુંભતણો જગ, દંડાદિકસંયોગે રે;
નિશ્ચયથી નિજ ગુણનો કર્તા, અનુપચરિત વ્યવહારે રે,
દ્રવ્યકર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે. ૬૪

ચોથું થાનક 'ચેતન ભોક્તા,' પુણ્ય પાપ ફલકેરો રે,
વ્યવહારે નિશ્ચય નય દૃષ્ટે, ભુજે નિજ ગુણ નેરો રે;
પાંચમું થાનક 'છે પરમ પદ,' અચલ અનંત સુખવાસો રે,
આધિ વ્યાધિ તન મનથી લહીએ,
તસ અભાવે સુખ ખાસો રે. ૬૫

છઠ્ઠું થાનક 'મોક્ષતણો છે, સંજમ જ્ઞાન ઉપાયો' રે,
જો સહેજે લહીએ તો સઘલે, કારણ નિષ્ફલ થાયો રે;
કહે જ્ઞાનનય જ્ઞાનજ સાચું, તે વિણ જૂઠી કિરિયા રે,
ન લહે રૂપું રૂપું જાણી, સીપ ભણી જે ફિરિયા રે. ૬૬

કહે કિરિયાનય કિરિયા વિણ જે, જ્ઞાન તેહ શું કરશે રે ?
જલ પેસી કર પદ ન હલાવે, તાર તે કિમ તરશે રે ?
દૂષણ ભૂષણ છે ઇહાં બહુલાં, નય એકેકને વાદે રે,
સિદ્ધાંતી તે બેહુ નય સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે. ૬૭

ઇણિ પરે અડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહે રે,
રાગદ્વેષ ટાલી મન વાલી, તે શમસુખ અવગાહે રે,
જેહનુ મન સમકિતમા નિશ્ચલ, કાંઇ નહિ તસ તોલે રે,
શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચકજસ ઇમ બોલે રે ૬૮

ઇતિ શ્રી સમકિતના અડસઠ બોલની સજ્ઝાય સંપૂર્ણ.

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી વાચક વિરચિત અઢાર પાપસ્થાનકની સજ્ઝાય.

૧–હિંસા પાપસ્થાનકની સજ્ઝાય.

[કપૂર હોયે અતિ ઉજ્વલ રે–એ દેશી]

પાપસ્થાનક પહિલુ કહ્યુ રે, હિંસા નામે દુરંત,
મારે જે જગ જીવને રે, તે લહે ભવ્ય અનંત રે
પ્રાણી ! જિનવાણી ધરો ચિત્ત૦ ૧
માતપિતાદિ અનંતના રે, પામે વિયોગ તે મંદ,
દારિદ્ર દોહગ નવિ ટલે રે, મિલે ન વલ્લભ વૃંદ રે પ્રાણી ! ૨
હોય વિપાકે દશગણુ રે, એક વાર કિયુ કર્મ,
શત સહસ્ર કોડી ગમે રે, તીવ્ર ભાવના મર્મ રે પ્રાણી ! ૩
મર્મ કહેતા પણ દુઃખ હુએ રે, મારે કિમ નવિ હોય ?
હિંસાભગિની અતિ ભૂરી રે, વૈશ્વાનરની જોય રે પ્રાણી ! ૪
તેહને જોરે જે હુઆ રે, રૌદ્ર ધ્યાન પ્રમત્ત,
નરકઅતિથિ તે નૃપ હુઆ રે,
જિમ સુભૂમ બ્રહ્મદત્ત રે પ્રાણી ! ૫
ન્યાય વિવેક કરુણા ક્ષમા રે, ભગ્નાવે જસ માય,
તેહથકી દૂરે ટલે રે, હિંસા નામ અપાય રે પ્રાણી ! ૬

દાવાનલ ગુણ-વન તણો, કુલ મશીકૂર્ચક એહ;
રાજધાની મોહરાયની, પાતક કાનન મેહ. પાપ૦ ૫
પ્રભુતાએ હરિ સારિખો, રૂપે મયણ અવતાર;
સીતાએ રે રાવણ યથા, છંડો પર નર નાર. પાપ૦ ૬
દશ શિર રણમાંહે રોલવ્યાં, રાવણ વિવશ અણંભ;
રામે ન્યાયે રે આપણો, રોપ્યો જગ જયથંભ. પાપ૦ ૭
પાપ બંધાયે રે અતિ ઘણાં, સુકૃત સકલ ક્ષય જાય;
અબ્રહ્મચારીનું ચિંતવ્યું, કદીય સફલ નવિ થાય. પાપ૦ ૮
મંત્ર ફલે જગ જસ વધે, દેવ કરે રે સાન્નિદ્ધ;
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવનિધ. પાપ૦ ૯
શેઠ **સુદર્શનને** ટલી, શૂલી સિંહાસન હોય;
ગુણ ગાયે, ગગને રે દેવતા, મહિમા શીયલનો જોય. પાપ૦ ૧૦
મૂલ ચારિત્રનું એ ભલું, સમકિત વૃદ્ધિ નિદાન;
શીલ સલીલ ધરે જિકે, તસ હુએ **સુજસ** વખાણ. પાપ૦ ૧૧

૫-પરિગ્રહ પાપસ્થાનકની સજ્ઝાય.

[સુમતિ સદા દિલમાં ધરો-એ દેશી.]

પરિગ્રહ મમતા પરિહરો, પરિગ્રહ દોષનું મૂલ; **સલૂણે૦**
પરિગ્રહ જેહ ધરે ઘણો, તસ તપ જપ પ્રતિકૂલ. સ૦ ૫૦ ૧
નવિ પલટે મૂલ રાશિથી, માગી કદિય ન હોય; સ૦
પરિગ્રહ ગ્રહ છે અભિનવો, સહુને દીએ દુઃખ સોય. સ૦ ૫૦ ૨
પરિગ્રહ મદ ગુરૂઅત્તણે, ભવમાંહી પડે જંત; સ૦
યાનપાત્ર જિમ સાયરે, ભારાક્રાંત અત્યંત. સ૦ ૫૦ ૩
જ્ઞાનધ્યાન હયગયવરે, તપ જપ શ્રુત પરતંત; સ૦
છોડે શમ પ્રભુતા લહે, મુનિ પણ પરિગ્રહવંત. સ૦ ૫૦ ૪

પરિગ્રહ ગ્રહ વશે લિંગિયા, લેઈ કુમતિજ્ઞ ખીસ, સ૦
જિમ તિમ જગ લવતા કિજે, ઉનમત્ત હુઇ નિશદીસ સ૦૫૦૫
તૃપતો ન જીવ પરિગ્રહે, ઈંધણથી જિમ આગ, સ૦
તૃષ્ણાદાહ તે ઉપશમે, જલ સમ જ્ઞાન વૈરાગ સ૦ ૫૦ ૬
તૃપતો સગર સુતિ નહિ, ગોધનથી કુચીકર્ણ, સ૦
તિલકુ શેઠ વલી ધાન્યથી, કનંદ નદ સદર્ણ સ૦ ૫૦ ૭
અસ તુષ્ટ પરિગ્રહભર્યા, સુખીયા ન ઈંદ નરિંદ, સ૦
સુખી એક અપરિગ્રહી, સાધુ સુજસ સમદ સ૦ ૫૦ ૮

૬–ક્રોધ પાપસ્થાનકની સજ્ઝાય.

[ઋષભનો વંશ જગણાયરે–એ દેશી]

ક્રોધ તે બોધનિરોધ છે, ક્રોધ તે સંયમઘાતી રે,
ક્રોધ તે નરકનુ બારણુ, ક્રોધ દુર્ગતિ પક્ષપાતી રે. ૧
પાપસ્થાનકે છઠ્ઠું પરિહરો, મન ધરી ઉત્તમ મતી રે,
ક્રોધભુજંગની જાંગુલી, એહ કહી જયવંતી રે પાપ૦ ૨
પૂરવ કોડિ ચરણ ગુણે, ભાખ્યો છે આતમ જોય રે,
ક્રોધવિવશ હુતા હોય ઘડી, હારે સવિ ફલ તેણ રે પાપ૦ ૩
બાલે આશ્રમ આપણો, બજના અન્યને દાહે રે,
ક્રોધ કૃશાનુ સમાન છે, ટાલે પ્રશમ પ્રવાહે રે પાપ૦ ૪
આક્રોશ તર્જના ઘાતના, ધર્મભ્રંશને ભાવે રે,
અગ્રિમ અગ્રિમ વિરહથી. લાભ તે શુદ્ધ સ્વભાવે રે પાપ૦ ૫
ન હોય ને હોય તો ચિર નહિ, ચિર રહે તો કલ–છેહો રે,
સજ્જનક્રોધ તે એહવો, જેહવો દુર્જન–નેહો રે પાપ૦ ૬

ક્રોધી મુખે કટુ બોલણા, કંટકીયા કુટસાખી રે;
અદિટ્ઠ કલ્યાણકરા કહ્યા, દોષતરૂ-શત સાખી રે. પાપ૦ ૭
દૂરગડુ ચઉ તપ-કરા, ચરિત સુણી શમ આણો રે;
ઉપશમ સાર છે પ્રવચને, સુજશ વચન એ પ્રમાણો રે. પા૦ ૮

૭-માન પાપસ્થાનકની સજ્ઝાય.

[નદી યમુનાકે તીર ઉડે દોય પંખિયાં-એ દેશી]

પાપસ્થાનક કહે સાતમું શ્રી જિનરાજ એ,
માન માનવને હોય દુરિતશિરતાજ એ;
આઠ શિખર ગિરિરાજતણાં આડાં વલે,
નાવે વિમલાલોક તિહાં કિમ તમ ટલે ? ૧
પ્રજ્ઞામદ તપમદ વલી ગોત્રમદે ભર્યા,
આજીવિકા મદવંત ન મુક્તિ અંગીકર્યા;
ક્ષયોપશમ અનુસારે જે એહ ગુણ વહે,
કર્યો મદ કરવો એહમાં ? નિર્મદ સુખ લહે. ૨
ઉચ્ચભાવ દૃગદોષે મદજ્વર આકરો,
હોય તેહનો પ્રતિકાર કહે મુનિવર ખરો;
પૂર્વપુરૂષ સિંધુરથી લઘુતા ભાવવું,
શુદ્ધ ભાવન તે પાવન શિવસાધન નવું. ૩
માને ખોયું રાજ્ય લંકાનું રાવણે,
નરનું માન હરે હરિ આવી ઐરાવણે;
સ્થૂલિભદ્ર શ્રુતમદથી પામ્યા વિકાર એ,
માને જીવને આવે નરક અધિકાર એ. ૪

વિનય શ્રુત તપ શીલ ત્રિવર્ગ હણે સવે,
માન તે જ્ઞાનનો ભંજક હોય ભવોભવે,
લુપક છેક વિવેકનયણનો માન છે,
એહને છાડે તાન ન દુઃખ રહે પછે ૫
માને બાહુબલી વર્ષ લગે કાઉસ્સગ્ગ રહ્યા,
નિર્મદ ચક્રી સેવક હોય મુનિ સમ કહ્યા;
સાવધાન ત્યજી માન જે ધ્યાન ધવલ ધરે,
પદ્મા સુજસ રમા તસ આલિંગન કરે ૬

૮–માયા પાપસ્થાનકની સજ્ઝાય.

[સ્વામી સ્વયપ્રભ માભળો, અરિહંતાજી–એ દેશી.]

પાપસ્થાનક કહું આહમું, સુણો સંતાજી !
છાડો માયા મૂલ, ગુણવંતાજી !
કષ્ટ કરે વ્રત આદરે, સુ૦ માયાયે તે પ્રતિકૂલ ગુ૦ ૧
નગન માસ ઉપવાસિયા, સુ૦ સીથ લીએ કૃશ અન્ન, ગુ૦
ગર્ભ અનંતા પામશે, સુ૦ જો છે માયા મન્ન ગુ૦ ૨
કેશ–લોચ–મલ–ધારણા, સુ૦ ભૂમિશય્યા વ્રત યાગ, ગુ૦
સુકર સકલ છે સાધુને, સુ૦ દુષ્કર માયા ત્યાગ ગુ૦ ૩
નયન વચન આકારનુ, સુ૦ ગોપન માયાવંત, ગુ૦
જેહ કરે અસતી પરે, સુ૦ તે નહિ હિતકર તંત ગુ૦ ૪
કુસુમપુરે વસે શેઠને, સુ૦ હોંશે રહ્યો સવિત્ત, ગુ૦
ઉપરિ તસ બીજો રહ્યો, સુ૦ મુત્કલ પણ સુગુણત્ત ગુ૦ ૫
દેખી એક નિંદા કરે, સુ૦ બીજો ધરે ગુણ રાગ, ગુ૦
પહેલાને ભવ દુરંત કહે, સુ૦ બીજાને કેવલ તાગ ગુ૦ ૬

વિધિ નિષેધ નવિ ઉપદિશે, સુ૦ એકાંતે ભગવંત; ગુ૦
કારણે નિષ્કપટી હવું, સુ૦ એ આણા છે તંત. ગુ૦ ૭
માયાથી અલગા ટલો, સુ૦ જિમ મિલો મુગતિશું રંગ; ગુ૦
સુજસવિલાસ સુખી રહો, સુ૦ લક્ષણ આવે અંગ. ગુ૦ ૮

૯–લોભ પાપસ્થાનકની સજ્ઝાય.

[જરે મારે જાગ્યો કુમર જમ–એ દેશી.]

જરે મ્હારે લોભ તે દોષ અથોભ,
પાપસ્થાનક નવમું કહ્યું જરેજી;
જ૦ સર્વ વિનાશનું મૂલ, એહથી કોણે ન સુખ લહ્યું જરેજી.૧
જ૦ સુણીએ બહુ લોભાંધ, ચક્રવર્તી હરિની કથા જરેજી;
જ૦ પામ્યા કટુક વિપાક, પીવત રક્ત જલો યથા જરેજી. ૨
જ૦ નિર્ધનને શત ચાહ, શત લહે સહસ જોડિએ જરેજી;
જ૦ સહસ લહે લખ લોભ, લખ લાભે મન કોડિએ જરેજી. ૩
જ૦ કોટીશ્વર નૃપઋદ્ધિ, નૃપ ચાહે ચક્રીપણું જરેજી;
જ૦ ચાહે ચક્રી સુરભોગ,
સુર ચાહે સુરપતિસુખ ઘણું જરેજી. ૪
જ૦ મૂલે લઘુપણે લોભ, વાધે સરાવ પરે સહી જરેજી;
જ૦ ઉત્તરાધ્યયને અનંત, ઇચ્છા આકાશ સમી કહી જરેજી.૫
જ૦ સ્વયંભૂરમણ સમુદ્ર, કોઇક અવગાહી શકે જરેજી;
જ૦ તે પણ લોભસમુદ્ર, પાર ન પામે બલ થકે જરેજી. ૬
જ૦ કોઇક લોભને હેત, તપ શ્રુત હારે જે જડા જરેજી;
જ૦ કાગ ઉડાવણ હેત, સુરમણિ નાખે તે ખડા જરેજી. ૭
જ૦ લોભ તજે જે ધીર, તસ સવિ સંપત્તિ કિંકરી જરેજી;
જ૦ **સુજસ** સુપુણ્યવિલાસ, ગાવે તસ સુરસુંદરી જરેજી. ૮

૧૦–રાગ પાપસ્થાનકની સજ્ઝાય.

[લઘુ પણ હું તુમ મન નવિ ભાવું રે–એ દેશી] --

પાપસ્થાનક દશમું કહ્યું રાગ રે,
કુણહિ ન પામ્યો તેહનો ત્યાગ રે,
રાગે વાધ્યા હરિ હર બ્રહ્મા રે,
રાચે નાચે કરેય અધમા રે ૧
રાગ કેશરી છે વડ રાજા રે,
વિષયાભિલાષ તે મંત્રી તાજા રે,
જેહના છોડ્યા ઇંદ્રિય પંચો રે,
તેહનો કીધો એ સકલ પ્રપંચો રે ૨
જેહ સદાગમવશ હુઈ જાશે રે,
અપ્રમત્તતા શિખરે વાસે રે,
ચરણ ધરમ નૃપ શૈલ વિવેકે રે,
તેહશું ન ચલે રાગી ટેકે રે ૩
બીજા તો સવિ રાગે વાધ્યા રે,
એકાદશ ગુણઠાણે ઉમાધ્યા રે,
રાગે પાડ્યા તે નરક ખુત્તા રે,
નરકનિગોદે મહાદુઃખ જુત્તા રે ૪
રાગહરણ તપ જપ શ્રુત ભાખ્યા રે,
તેહથી પણ જિણે ભવફલ ચાખ્યા રે,
તેહનો કોઈ ન છે પ્રતિકારો રે,
અમીય હોય વિષ ત્યા કર્યો ચારો રે ? ૫

તપણલે છૂટ્યા તરણું તાણી રે,
કંચન કોડિ આષાઢભૂતિ નાણી રે;
નંદિષેણ પણ રાગે નડિયા રે,
શ્રુતનિધિ પણ વેશ્યાવશ પડિયા રે. ૬
બાવીશ જિન પણ રહી ઘરવાસે રે,
વરત્યા પૂરવ રાગ અભ્યાસે રે;
વજ્રબંધ પણ જસ બલ તૂટે રે,
નેહતંતુથી તેહ ન છૂટે રે. ૭
દેહઉચ્ચાટન અગ્નિનું દહવું રે,
ઘણ–કુટ્ટન એ સવિ દુઃખ સહવું રે;
અતિ ઘણું રાતી જે હોય મજીઠ રે,
રાગતણો ગુણ એહજ દીઠ રે. ૮
રાગ ન કરજો કોઇ નર કોઇશું રે,
નવિ રહેવાય તો કરજો મુનિશું રે;
મણિ જિમ ફણિ વિષનો તિમ તેહો રે,
રાગનું ભેષજ **સુજસ** સનેહો રે. ૯

૧૧–દ્વેષ પાપસ્થાનકની સજ્ઝાય.

[લાલનની દેશી.]

દ્વેષ ન ધરીએ લાલન દ્વેષ ન ધરીએ,
દ્વેષ તજ્યાથી **લાલન શિવસુખ વરીએ**; લા૦ શિ૦
પાપસ્થાનક અગ્યારમું કૂડું,
દ્વેષરહિત ચિત્ત હોય સવિ રૂડું. લા૦ હો૦ ૧
ચરણ કરણ ગુણ બની ચિત્રશાલી;
દ્વેષધૂમે હોય તે સવિ કાલી. લા૦ તે૦ ૨

દોષ બેતાલીશ શુદ્ધઆહારી,
ધૂમ્રદોષે હોય **મંગલ** વિકારી લા૦ પ્ર૦ ૩
ઉગ્ર વિહાર ને તપ જપ ક્રિયા,
કર્તા દ્વેષ તે **ભવ**માહે ફિરિયા લા૦ ભ૦ ૪
યોગનુ અંગ અદ્વેષ છે પહેલુ,
સાધન સવિ લહે **તેહથી** વહેલુ લા૦ તે૦ ૫
નિર્ગુણ તે ગુણવંત ન જાણે,
ગુણવંત તે ગુણ **દ્વેષ**ના તાણે લા૦ દ્વે૦ ૬
આપ ગુણી ને વળી ગુણરાગી,
જગમાહે તેહની **કીરતિ** જાગી લા૦ કી૦ ૭
રાગ ધરીને જિહા ગુણ લહીએ,
નિર્ગુણ ઉપર **સમ**ચિત્ત રહીએ લા૦ સ૦ ૮
ભવથિતિ ચિંતન **સુજશ**વિલાસે,
ઉત્તમના ગુણ **એમ** પ્રકાશે લા૦ એ૦ ૯

૧૨–કલહ પાપસ્થાનકની સજ્ઝાય.

[કિસકે ચેલે કિસકે પૂત–એ દેશી]

કલહ તે નામ પાપનુ સ્થાન, દુર્ગતિવનનુ મૂલનિદાન,
સાજન! સાભલો મહોટો રોગ કલહ કાચકામલો,
દંતકલહ જે ઘરમાહે હોય,
લક્ષ્મી-નિવાસ તિહા નવિ જોય ભા૦ ૧
શુ સુદની તુ ન કરે સાર? ન કરે આપે કાંઈ ગમાર, ભા૦
ક્રોધમુખી તુ તુજને ધિક્કાર,
તુજથી અધિકો કુણ? કલિકાર ભા૦ ૨

સાહમું બોલે પાપણી નિત્ત, પાપી તુજ પિતા જુઓ ચિત્ત; સા૦
દંતકલહ ઇમ જેહને થાય, તે દંપતીને સુખ કુણ હાય? સા૦ ૩
કાંટે કાંટે થાયે વાડ, બોલે બોલે વાધે રાડ: સા૦
જાણી મૌન ધરે ગુણવંત, તે સુખ પામે અતુલ અનંત. સા૦ ૪
નિત્યે કલહણ ક્રોહણશીલ, ભંડણશીલ વિવાદનશીલ; સા૦
ચિત્ત ઉતાપ ધરે જે એમ, સંયમ કરે નિરર્થક તેમ. સા૦ ૫
કલહ કરીને ખમાવે જેહ, લઘુ ગુરૂ આરાધક હોય તેહ; સા૦
કલહ સમાવે તે ધન્ન ધન્ન, ઉપશમસાર કહિયેા સામન્ન. સા૦ ૬
નારદ નારી નિર્દય ચિત્ત, કલહ ઉદીરે ત્રણે નિત્ત; સા૦
સજ્જન સુજસ સુશીલ મહંત, વારે કલહ સ્વભાવે સંત. સા૦૭

૧૩–અભ્યાખ્યાન પાપસ્થાનકની સજ્ઝાય.

[અરણિક મુનિવર ચાલ્યા ગોચરી–એ દેશી.]

પાપસ્થાનક તે તેરમું છાંડીએ, અભ્યાખ્યાન દુરંતોજી;
અછતાં આળ જે પરનાં ઉચ્ચરે, દુઃખ પામે તે અનંતોજી.
ધન! ધન! તે નર જે જિનમત ધરે૦ ૧
અછતે દોષે રે અભ્યાખ્યાન જે, કરે ન પૂરે હાણોજી;
તે તે દોષેરે તેહને દૂષિયે, ઇમ ભાખે જિનભાણોજી. ધ૦ ૨
જે બહુ મુખરી રે વળી ગુણ–મત્સરી, અભ્યાખ્યાની તે હોયજી;
પાતક લાગેરે અણકીધાં સહી, તે કીધું સવિ ખોયજી. ધ૦ ૩
મિથ્યામતિનીરે દશ સંજ્ઞા જિકે, અભ્યાખ્યાનના ભેદોજી:
ગુણ અવગુણનોરે જે કરે પાલટો, તે પામે બહુ ખેદોજી. ધ૦ ૪
પરને દોષ ન અછતા દીજીએ, પીજીએ જો જિનવાણીજી;
ઉપશમરસશું રે ચિત્તમાં ભીંજીએ, કીજીએ **સુજસ** કમાણીજી.
ધ૦ ૫

૧૪–પૈશુન્ય પાપસ્થાનકની સજ્ઝાય.

[શિરોહીનો માલુ હો કે ઉપર જેમપુરી–એ દેશી]

પાપસ્થાનક હો કે ચૌદમુ આકરૂ,
પિશુનપણાનુ હો કે વ્યસન છે અતિ બુરૂ,
અગન માત્રનો હો કે શુનક કૃતગ્ન છે,
તેહથી ભૂંડો હો કે પિશુન લવે પછે ૧
બહુ ઉપકારીએ હો કે પિશુનને પગે પગે,
કલહનો દાતા હો કે હોય તે ઉપગે,
દૂધે ધોયો હો કે વાયસ ઉજળો;
તિમ હોયે પ્રકૃતે હો કે જે છે ગામળો ૨
તિલહ તિલત્તાપ હો કે નેહ છે ત્યા લગે,
નેહ વિણું હો કે અલ કહીએ જગે;
ઈમ નિ સ્નેહી હો કે નિર્દય હૃદયથી,
પિશુનની વાતો હો કે નવિ જાયે કથી ૩
ચાડી કરતા હો કે વાડી ગુણતણી,
મૂકે ચૂકે હો કે ખ્યાતિ પુણ્યતણી,
કોઈ ન દેખે હો કે વદન પિશુનતણું,
નિર્મલ કુલને હો કે દિએ તે કલક ઘણું ૪
જિમ સજ્જનગુણ હો કે પિશુનને હરિયે,
તિમ તિણે મહેજે હો કે ત્રિભુવન ભરિયે
ભલે માજ્યો હો કે દર્પણ હોય ભલો,
સુજસ સવાઈ હો કે સજ્જન સુકુલ–તિલો ૫

૧૫–રતિ–અરતિ પાપસ્થાનકની સજ્ઝાય.

[પ્રથમ ગોવાલા તણે ભવેજી–એ દેશી.]

જિહાં રતિ કોઇક કારણેજી, અરતિ તિહાં પણ હોય;
પાપસ્થાનક તે પંદરમુંજી, તિણે એ એકજ જોય. ૧

સુગુણ નર ! સમજો ચિત્તમોઝાર૦

ચિત્ત અરતિ રતિ પાંખશુંજી, ઉડે પંખી રે નિત્ત;
પિંજર શુદ્ધ સમાધિમેંજી, રૂંધ્યો રહે તે મિત્ત. સુ૦ ૨
મનપારદ ઉડે નહિજી, પામી અરતિ રતિ આગ;
તો હુએ સિદ્ધિ કલ્યાણનીજી, ભાવઠ જાયે ભાગ. સુ૦ ૩
રતિવશે અરતિ કરીજી, ભૂતારત હોય જેહ;
તસ વિવેક આવે નહિજી, હોય ન દુઃખનો છેહ. સુ૦ ૪
નહિ રતિ અરતિ છે વસ્તુથીજી, તે ઉપજે મનમાંહિ;
અંગજ વલ્લભ સુત હુઓજી, ચૂકાદિક નહિ કાંહિ. સુ૦ ૫
મનકલ્પિત રતિ અરતિ છે જી, નહિ સત્ય પર્યાય;
નહિ તો વેચી વસ્તુમાંજી, કિમ તે સવિ મિટ જાય. સુ૦ ૬
જેહ અરતિ રતિ નવિ ગણેજી, સુખ દુઃખ હોય સમાન;
તે પામે **જસ** સંપદાજી, વાધે જગ તસ વાન. સુ૦ ૭

૧૬–પર–પરિવાદ પાપસ્થાનકની સજ્ઝાય.

[સાહેબ બાહુ જિણેસર વિનવું–એ દેશી.]

સુંદર ! પાપસ્થાનક તજો સોલમું, પરનિંદા અસરાલ હો;
સુંદર ! નિંદક જે મુખરી હુએ, તે ચોથો ચંડાલ હો. સું૦ પા૦ ૧
સું૦ જેહને નિંદાનો ઢાલ છે, તપ કિરિયા તસ ફોક હો;
સું૦ દેવ કિલ્બિષ તે ઉપજે, એ ફલ રોકારોક હો. સુ૦ પા૦ ૨

મુ૦ ક્રોધ અજીરણ તપનાણુ, જ્ઞાનતણુ અહંકાર હો,
મુ૦ પરનિંદા ક્રિયાતણુ, વમન અજીર્ણ આહાર હો મુ૦ પા૦ ૩
મુ૦ નિંદનો જેહ સ્વભાવ છે, તાસ કથન નવિ નિંદ હો,
મુ૦ નામ ધરી જે નિંદા કરે, તેહ મહામતિમંદ હો મુ૦ પા૦ ૪
મુ૦ રૂપ ન કોઇનુ ધારીએ, દાખીએ નિજ નિજ રંગ હો,
મુ૦ તેહમા કાંઈ નિંદા નહિ, બોલે બીજુ અંગ હો. મુ૦ પા૦ ૫
મુ૦ જેહ કુશીલણી જેમ કહે, કોપ હુએ જેહ ભાખે હો,
મુ૦ તેહ વચન નિંદાતણુ, દશવૈકાલિક શાખે હો. મુ૦ પા૦ ૬
મુ૦ દોષનજરથી નિંદા હુએ, ગુણનજરે હુએ રાગ હો
મુ૦ જગ સવિ ચાલે માર્ગ મળ્યો, સર્વગુણી વીતરાગ હો
મુ૦ પા૦ ૭
મુ૦ નિજમુણ કનક કચોલડે, નિંદક પર-મલ લેઇ હો,
મુંo જેહ ઘણા પર-ગુણ ગ્રહે, મત તે વિરલા કોઈ હો મુ૦ પા૦૮
મુ૦ પર પરિવાદ વ્યસન તજો, મ કરો નિજ-ઉત્કર્ષ હો,
મુ૦ પાપ કરમ ઈમ સવિ ટલે, પામે શુભ જસ હર્ષ હો
મુ૦ પા૦ ૯

૧૭-માયા-મૃષાવાદ પાપસ્થાનકની સજ્ઝાય.

[મ્હારા ચૈતર મહિને ચાલ્યા-એ દેશી]

અઢારમુ પાપનુ ઠામ, પરિહરજો મદગુણ ધામ,
જિમ વાધે જગમા માન હો લાલ, માયામોસ ન કીજીયે. ૧
એ તો વિષને વલીય વધાર્યું, એ તો ઝાઝને અવગુ ધાર્યું,
એ તો વાઘનુ બાલ વટાર્યું હો લાલ— માયા૦ ૨

એ તો માયી ને મોસાવાઇ, થઇ મહોટા કરે ઠગાઈ;
તસ હેઠે ગઇ ચતુરાઈ. હો લાલ— માયા૦ ૩
ણગલાં પરે પગલાં ભરતાં, થોડું બોલે જાણે મરતાં;
જગધંધે ઘાલે ફિરતાં. હો લાલ— માયા૦ ૪
જે કપટી બોલે જૂઠું, તસ લાગે પાપ અપૂઠું;
પંડિતમાં હોયે મુખ ભૂંઠું. હો લાલ— માયા૦ ૫
દંભીનું જૂઠું મીઠું, તે નારી ચરિત્રે દીઠું;
પણ તે છે દુર્ગતિ ચીઠું. હો લાલ— માયા૦ ૬
જે જૂઠો દિયે ઉપદેશ, જનરંજનને ધરે વેશ;
તેનો જૂઠો સકલ કલેશ. હો લાલ— માયા૦ ૭
તેણે ત્રીજો મારગ ભાખ્યો, વેશ નિંદે દંભે રાખ્યો;
શુદ્ધ ભાષકે શમસુખ ચાખ્યો. હો લાલ— માયા૦ ૮
જૂઠું બોલી ઉદર જે ભરવું, કપટીને વેશે ફરવું;
તે જમવારે શું કરવું. હો લાલ— માયા૦ ૯
પંડે જાણે તો પણ દંભે, માયામોસને અધિક અચંભે;
સમકિતદૃષ્ટિ મન થંભે. હો લાલ— માયા૦ ૧૦
શ્રુતમર્યાદા નિરધારી, રહ્યા માયામોસ નિવારી;
શુદ્ધભાષકની બલિહારી. હો લાલ— માયા૦ ૧૧
જે માયાએ જૂઠ ન બોલે, જગ નહિ કોઈ તેહને તોલે;
તે રાજે સુજસ અમોલે. હો લાલ— માયા૦ ૧૨

૧૮–મિથ્યાત્વશલ્ય પાપસ્થાનકની સજ્ઝાય.

[વીર જિણંદ જગત ઉપકારી–એ દેશી]

અઢારમું જે પાપનું થાનક, તે મિથ્યાત્વ પરિહરીએજી,
મત્તગ્થી પણ તે એક ભારી, હોએ તુચ્છાએ જો ધરીએજી,
કષ્ટ કરે પરે પરે દમે અપ્પા, ધર્મ અર્થે ધન ખગ્ચેજી,
પણ મિથ્યાત્વ છતે તે જાઠું, તિણે તેહથી તુમે વિગ્ચેજી ૧

કિગ્યિા કરતો ત્યજતો પરિજન, દુખ સહતો મન ગીજેજી,
અધ ન જીપે પગ્ની સેના, નિમ મિથ્યાદૃષ્ટિ ન સીજેજી,
વીરસેન શૂરસેન દૃષ્ટાતે, સમકિતની નિર્યુક્તેજી,
જોઈને ભલી પરે મન ભાવો, એહ ગ્રંથ વગ યુક્તેજી ૨

ધમ્મે અધમ્મ અધમ્મે ધમ્મહ, સન્ના મગ્ગ ઉમગ્ગાજી,
ઉન્માગેં માગ્ગની સન્ના, સાધુ અસાધુ સલગ્ગાજી,
અસાધુમા સાધુની મતિ, જીવે અજીવ અજીવ જીવ વેદો જી,
મુત્ત અમુત્ત અમુત્તે મુત્તહ, સન્ના એ દશ ભેદોજી ૩

અભિગ્રહિક નિજ નિજ મતે અભિગ્રહ,
અનભિગ્રહિક સહુ સરિખાજી,
અભિનિવેશી જાણતો કહે જાઠું, કરે ન તત્ત્વપરિખાજી,
સશય તે જિનવચનની શકા, અવ્યક્તે અનાભોગાજી,
એ પણ પાચ ભેદ છે વિશ્રુત, જાણે સમજુ લોગાજી ૪

લોક લોકોત્તગ ભેદ એ પડવિધ, દેવ ગુરૂ વલી પર્વજી,
શક્તે તિહા લૌકિક ત્રણ આદર, કરતા પ્રથમ નિગર્વજી,
લોકોત્તર દેવ માને નિયાણે, ગુરૂ જે લક્ષણ હીનાજી,
પર્વનિષ્ઠે ઇહ લોકને કાજે, માને ગુરૂપદ વીનાજી. ૫

દ્રવ્ય અભિગ્રહ પાલવા, ઔષધ પ્રમુખને દાને રે;
આદર આગમ આસરી, લિખનાદિક બહુમાને રે. વીર૦ ૯
લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદ્ગ્રાહો રે;
ભાવ વિસ્તાર સજ્ઝાયથી, ચિંતન ભાવન ચાહો રે. વીર૦ ૧૦
બીજ કથા ભલી સાંભલી, રોમાંચિત હુએ દેહ રે;
એહ અવંચક યોગથી, લહિયે ધરમ સનેહ રે. વીર૦ ૧૧
સદ્ગુરૂ યોગે વંદન ક્રિયા, તેહથી ફલ હોએ જેહો રે;
યોગ-ક્રિયા-ફલ ભેદથી, ત્રિવિધ અવંચક એહો રે. વીર૦ ૧૨
ચાહે ચકોર તે ચંદને, મધુકર માલતી ભોગી રે;
તિમ ભવી સહજ ગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે. વીર૦ ૧૩
એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્તે રે;
સાધુને સિદ્ધ દશા સમું, બીજનું ચિત્ત પ્રવર્તે રે. વીર૦ ૧૪
કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે;
મુખ્યપણે તે ઇહાં હોએ, **સુજસ** વિલાસનું ટાણું રે. વીર૦ ૧૫

ઢાલ-બીજી.

બીજી તારા દૃષ્ટિ-વિચાર.

[મન મોહન મેરે-એ દેશી.]

દર્શન **તારા** દૃષ્ટિમાં, મન મોહન મેરે, ગોમય-અગનિ સમાન; મ૦
શૌચ સંતોષ ને તપ ભલા, મ૦ સજ્ઝાય ઇશ્વર ધ્યાન. મ૦ ૧
નિયમ પંચ ઇહાં સંપજે, મ૦ નહિ ક્રિયા-ઉદ્વેગ; મ૦
જિજ્ઞાસા ગુણ તત્ત્વની, મ૦ પણ નહિ નિજ હઠ ટેગ. મ૦ ૨

એહ દૃષ્ટિ હોય વ્રતતા, મ૦ યોગ કથા બહુ પ્રેમ, મ૦
અનુચિત તેહ ન આચરે, મ૦ વાહ્યો વલે જિમ હેમ મ૦ ૩
વિનય અધિક ગુણીનો કરે. મ૦ દેખે નિજ ગુણ-હાણ, મ૦
ત્રાસ ધરે ભવ ભય થકી, મ૦ ભવ માને દુ ખ-ખાણ મ૦ ૪
શાસ્ત્ર ઘણા મતિ થોડલી, મ૦ શિષ્ટ કહે તે પ્રમાણ,
સુજસ લહે એહ ભાવથી, મ૦ ન કરે કદા કદાગ્રહ મ૦ ૫

ઢાલ-ત્રીજી.

ત્રીજી બલાદૃષ્ટિ-વિચાર.

[પ્રથમ ગોવાલા તણે ભવેજી રે-એ દેશી]

ત્રીજી દૃષ્ટિ બલા કહીજી, કાષ્ટ-અગનિ સમ બોધ,
ક્ષેપ નહિ આસન સધેજી, શ્રવણ સમીહા શોધ રે.
જિનજી ! ધન ધન તુજ ઉપદેશ૦ ૧
તરણ સુખી સ્ત્રી પગિયેજી, જિમ ચાહે સુગીત,
સાભલવા તિમ તત્ત્વનેજી, એ દૃષ્ટિ સુવિનીત રે જિ૦ ધ૦ ૨
અગ્નિ એ બોધ-પ્રવાહનીજી, એ વિણ શ્રુત થલ કૂપ,
શ્રવણ સમીહા તે કિમીજી, શયિત સુણે જિમ ભૂપ રે
જિ૦ ધ૦ ૩
મન રીઝે તનુ ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન,
તે ઇચ્છા વિણ ગુણ-કથાજી, બહિરા આગલ ગાન રે જિ૦ ધ૦ ૪
વિઘન ઇહા પ્રાયે નહિજી, ધર્મ-હેતુ માહે હોય,
અનાચાર-પરિહારથીજી, સુજસ મહોદય હોય રે જિ૦ ધ૦ ૫

અભિનિવેશ સઘલો ત્યજીજી, ચાર લહી જેણે દૃષ્ટિ;
તે લહેશ્યે હવે પાંચમીજી, **સુજસ** અમૃત ઘન વૃષ્ટિ. મન૦ ૨૩

ઢાલ-પાંચમી.

પાંચમી થિરા દૃષ્ટિ-વિચાર.

[ધન ધન સંપ્રતિ સાચો રાજા–એ દેશી.]

દૃષ્ટિ **થિરા** માંહે દર્શન નિત્યે, રત્ન-પ્રભા સમ જાણો રે;
ભ્રાંતિ નહિ વલી બોધ તે સૂક્ષમ, પ્રત્યાહાર વખાણો રે. ૧
એ ગુણ વીર તણો ન વિસારૂં, સંભારૂં દિનરાત રે;
પશુ ટાલી સુર રૂંપ કરે જે, સમકિતને અવદાત રે. એ ગુણ૦૨
બાલ ધુલિ ઘર લીલા સરિખી, ભવ-ચેષ્ટા ઇહાં ભાસે રે;
ઋદ્ધિ વૃદ્ધિ ઘટમાં સવિ પ્રગટે, અષ્ટ મહા-સિદ્ધિ પાસે રે.
એ ગુણ૦ ૩

વિષય વિકારે ન ઇંદ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે;
કેવલ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે.
એ ગુણ૦ ૪

શીતલ ચંદનથી પણ ઉપન્યો, અગનિ દહે જિમ વનને રે;
ધર્મ-જનિત પણ ભોગ ઇહાં તિમ, લાગે અનિષ્ટ તે મનને રે.
એ ગુણ૦ ૫

અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે;
ચિદાનંદઘન **સુજસ**વિલાસી, કિમ હોય જગનો આશી રે.
એ ગુણ૦ ૬



ઢાલ–છઠ્ઠી.

છઠ્ઠી કાન્તા દૃષ્ટિ-વિચાર.

[સિદ્ધાર્થના રે નંદન વિનવું–એ દેશી]

અપવંચ યોગ રહિત નિષ્ઠુર નહિ, અલ્પ હોય દોય નીતિ,
ગંધ તે સારો રે કાન્તિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ
ધન ધન શાસન શ્રી જિનવરતણું–એ આંકણી૦ ૧

ધીર પ્રભાવી રે આગલે યોગથી, મિત્રાદિક યુત ચિત્ત,
લાભ ઇષ્ટનો રે દૃઢ અધૃષ્યતા, જન પ્રિયતા હોય નિત્ત ધન૦ ૨

નાશ દોષનો રે તૃપતિ પંચમ લહે, સમતા ઉચિત સંયોગ,
નાશ વયંનો રે બુદ્ધિ શત ભરા, એ નિષ્પન્નહ યોગ ધન૦ ૩

ચિન્હ યોગના રે જે પરંપરામાં, યોગાચાર્ય દિઠું,
પંચમ દૃષ્ટિ થકી અતિ નેડીયે, એહવા તેહ ગરિઠું ધન૦ ૪

છઠ્ઠી દિઠ્ઠિ રે હવે કાન્તા કહું, તિહાં તારાભ–પ્રકાશ,
તત્ત્વમીમાંસા રે દૃઢ હોયે ધારણા, નહિ અન્ય શ્રુત વાસ ધન૦ ૫

મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજા કામ કરંત,
તિમ શ્રુતધર્મે રે એહમાં મન ધરે, નાનાક્ષેપકવંત ધન૦ ૬

એહવે જ્ઞાને રે વિઘન–નિવારણા લોગ નહિ ભવ હેત,
નવિ ગુણ દોષ ન વિષય સ્વરૂપથી, મનગુણ અવગુણ ખેત ધન૦ ૭

માયા પાણી રે જાણી તેહને, લઘી જાએ અડોલ,
આયુ જાણી રે તે બીહતો રહે, ન ચલે ડામાડોલ. ધન૦ ૮

ભોગ તત્ત્વને રે ઈમ ભય નવિ ટલે, જાણ્યા જાણે રે ભોગ,
તે ભોદૂષે રે ભવમાયર તરે, લહે વલી સુજસ સંયોગ ધન૦ ૯

ઢાલ–સાતમી.

સાતમી પ્રભાદૃષ્ટિ–વિચાર.

[ત્રીજે ભવવર. ધાનક તપ કરી–એ દેશી.]

અર્ક–પ્રભાસમ બોધ પ્રભામાં, ધ્યાન–પ્રિયા એ દિટ્ઠિ;
તત્ત્વતણી પ્રતિપત્તિ ઇહાં વલી, રોગ નહિ સુખ–પુટ્ઠિ રે.
ભવિકા! વીર–વચન ચિત્ત ધરીયે–એ આંકણી૦ ૧

સઘલું પરવશ તે દુઃખ લક્ષણ, નિજ વશ તે સુખ લહિએ;
એ દૃષ્ટે આતમગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહિએ રે. ભ૦૨
નાગર સુખ પામર નવિ જાણે, વલ્લભ–સુખ ન કુમારી;
અનુભવ વિણ તિમ ધ્યાનતણું સુખ, કુણ જાણે નરનારી રે.
ભ૦ ૩

એહ દૃષ્ટિમાં નિર્મલ બોધે, ધ્યાન સદા હોએ સાચું;
દૂષણ રહિત નિરંતર જ્યોતિએ, રતન તે દીપે જાચું રે. ભ૦૪
વિસભાગક્ષય શાંતવાહિતા, શિવમારગ ધ્રુવ નામ;
કહે અસંગ ક્રિયા ઇહાં યોગી, વિમલ **સુજસ** પરિણામ રે.
ભ૦ ૫

ઢાલ–આઠમી.

આઠમી પરા દૃષ્ટિ–વિચાર.

[તુજ સાથે નહિ બોલું મારા વ્હાલા! તેં મુજને વિસારીજી–એ દેશી.]

દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ **પરા** તસ જાણુંજી,
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિસમ બોધ વખાણુંજી,
નિરતિચાર પદ એહમાં યોગી, કહિયે નહિ અતિચારીજી,
આરોહે આરૂઢે ગિરિને, તિમ એહની ગતિ ન્યારીજી. ૧

ચંદન ગંધ સમાન ક્ષમા ઈહા, વાસકને ન ગવેષેજી,
આસંગે વર્જિત વલ્લી એહમા, દિગ્યિા નિજ ગુણ લેખેજી,
નિક્ષાર્થી જિમ રત્તનનિગોદન, દૃષ્ટિ ભિન્ન તિમ એહોજી,
તાસ નિયોગે કરણ અપૂર્વે, લહે મુનિ કેવલ-ગેહોજી ૨

ક્ષીણદોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ-ફલ ભોગીજી,
પર ઉપગાર કરી શિવસુખ તે, પામે યોગ અયોગીજી,
સર્વ સંવરમય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહાજી,
સર્વ અન્વય યોગે ગુણ તેહથી, અનંત ગુણનું નિગીહાજી ૩

ઉપસંહાર.

એ અષ્ટ દૃષ્ટિ કહી સંક્ષેપે, યોગશાસ્ત્ર સંકેતેજી,
કુલયોગીને પ્રવૃત્તચક્ર જે, તેહ તણે હિત હેતેજી,
યોગી કુલે સ્થિત તસ ધર્મે, અનુગત તે 'કુલયોગી'જી,
અદ્વેષી ગુરુ-દેવ-દ્વિજ-પ્રિય, કથાવંત ઉપયોગી જી ૪

શુશ્રૂષાદિક અષ્ટ ગુણ સંપૂર્ણ, 'પ્રવૃત્તચક્ર' તે કહિયેજી,
યમદ્વય-લાભી પરદુઃખ અર્થી, આદ્ય અવંચક લહિયેજી,
ચાર અહિંસાદિક યમ ઈચ્છા, પ્રવૃત્તિ થિર સિદ્ધિ નામેજી,
શુદ્ધ ઉચ્ચે પાલ્યે અતિચારહ, ટાલે કલ પરિણામેજી ૫

કુલ-યોગી ને પ્રવૃત્તચક્રને, શ્રવણ શુદ્ધિ પક્ષપાતજી,
યોગદૃષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણે કરી એ વાતજી,
શુદ્ધ ભાવ ને સુની દિગ્યિા, ગોદુમા અંતર કેતાજી ?
ઝાઝલનો મૂરખ ને બહુઓ, તાસ તેજમાં જેતોજી ૬

ગુહ્ય ભાવ એ તેહને કહિયે, જેહશું અંતર ભાંજેજી,
જેહશું ચિત્ત પટંતર હોવે, તેહશું ગુહ્ય ન છાજેજી;
યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કહસ્યે મોટી વાતોજી,
અમસ્યે તે પંડિત-પરષદમાં, મુષ્ટિ-પ્રહાર ને લાતોજી. ૭

સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદી સૂત્રે દીસેજી,
તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશેજી;
લોક પૂર્યો નિજ નિજ ઇચ્છા, યોગ ભાવ ગુણ રયણેજી,
શ્રી **નય**વિજય વિબુધ પય સેવક, વાચક **જસ**ને વયણેજી. ૮

ઇતિ શ્રી આઠદૃષ્ટિની સજ્ઝાય સંપૂર્ણ.

પંડિત શ્રી સકલચંદજી ઉપાધ્યાય વિરચિત

બાર ભાવનાની સજઝાય.

પીઠ બંધની ઢાલ-પહેલી

[રાગ-ગમગ્રી]

વિમલ કુલકમલના હંસ તુ જીવડા,
ભુવનના ભાવ ચિત્ત ને વિચારી,
જેણે નર મનુજગતિ રત્ન નવિ ઠેળવ્યુ,
તેણે નરનારી મણિ કોડિ હારી વિમલ૦ ૧
જેણે સમકિત ધરી સુકૃતમતિ અનુસરી,
તેણે નરનારી નીજ ગતિ સમારી,
વિગતિ નારી વરી કુમતિમતિ પરિહરી,
તેણે નરનારી સહ કુગતિ વારી વિમલ૦ ૨
જૈનશાસન વિના જીવ જતના વિના,
જે જના જગ ભમે ધર્મહીના,
જૈનમુનિદાન-બહુમાનહીના નરા,
પશુ પરે તે ભરે ત્રિજગ દીના વિમલ૦ ૩
જૈનના દેવગુરુ ધર્મગુણ ભાવના,
ભાવ નિતુ જ્ઞાનલોચન વિચારી,
કર્મભગ્નાગિની બાર વર ભાવના,
ભાવ નિત જીવ! તુ આપ તારી વિમલ૦ ૪

સર્વગતિમાંહિ વર નરભવો દુલ્લહો,
સર્વ ગુણરત્નનો શોધિકારી;
સર્વજગજંતુને જેણે હિત કીજીએ,
સોઈ મુનિ વંદીએ શ્રુત વિચારી—
સકલ મુનિ વંદીએ શ્રુત વિચારી. વિમલ૦ ૫

પીઠબંધની ઢાલ-બીજી.

[રાગ-કેદારો.]

ભાવના ભાલતી ચૂસીએ, ભ્રમર પરે જેણે મુનિરાજ રે;
તેણે નિજ આતમા વાસીએ, ભરત પરે મુક્તિનું રાજ રે. ભા૦ ૧
ભાવના કુસુમશું વાસિયા, જે કરે પુન્યના કાજ રે;
તે સવે અમર-તરૂ પરે ફલે, ભાવના દિયે શિવ-રાજ રે. ભા૦ ૨
ભૂમિજનનીથકી ઉપના, સુત પરે જે જગ ભાવ રે;
તે સવિ ભૂભુજંગી ગલે, જિમ ગલે વનતરૂ દાવ રે. ભા૦ ૩
ભૂમિના વર અનંતા ગયા, ભૂમિ નવિ ગઈ કિણ સાથ રે;
ઋદ્ધિ બહુ પાપે જે તસ મિલી, તે ન લીધી કુણે સાથ રે. ભા૦ ૪
ગઇય દ્વારાવતી હરિ ગયા, અથિર સબ લોકની ઋદ્ધિ રે;
સુણીઅ તે પાંડવા મુનિ હવા, તેણે વરી અચલપદ સિદ્ધિ રે. ભા૦૫
રાજના પાપભર શિર થકે, જસ હુવા શુદ્ધ પરિણામ રે;
ભરત ભૂપતિ પરે તેહને, ભાવના પુણ્યના ગ્રામ રે. ભા૦ ૬
રાજના પાપભર શિર થકે, જસ હુવા શુદ્ધ મન ભાવ રે;
ભાવના સિંધુમાં તે ગળે, ઉતરે મોહ મદ તાવ રે. ભા૦ ૭
જે પદારથ નવિ આપણો, તે સવિ પ્રેમ રતિ બંધ રે;
જે ગણે તેહ તું આપણો, જીવ તુંહી મતિ અંધ રે. ભા૦ ૮

કૃષ્ણલેશ્યા વશે કીજીએ, કર્મ જે રૌદ્ર પરિણામ રે,
તે સવે ધર્મ નવિ ભણીએ, શુભ હવે શુદ્ધ પરિણામ રે ભા૦ ૯
જે જગ આશ્રવા જિને ભણ્યા, તે સવે સંવર હોય રે,
ધર્મ જે શુદ્ધ ભાવે કરે, તે તસ સંવર જોય રે ભા૦ ૧૦

ઢાલ-ત્રીજી.

પહેલી અનિત્ય ભાવના

[રાગ-રામગ્રી]

મુંઝ મા મુઝ મા મોહમા મુઝ મા, શબ્દ વર્ણ રૂપ રસ ગંધ દેખી,
અથિર તે અથિર તુ અથિર તનુ જીવિત, સમજ મન ગગન હરિયાપ પેખી મુઝ મા૦ ૧
લખ ચોરાસિ-ગતિ ફરે એક ઘર નવિ ગ્રહે, દેખતા જાય પ્રભુજીવ લેતી,
અથિર નવિ વસ્તુને કાજ મૂઢો કરે, જીવડો પાપની ઠોડી કેતી મુઝ મા૦ ૨
ઉપની વસ્તુ સવિ ફોગ્મી નવિ ગ્રહે, જ્ઞાનશુ ધ્યાનમા જે વિચારી,
ભાવ ઉત્તમ ધર્યા અધમ મણ ઉદ્ધર્યા, સહરે કાલ દિનગતિ વારી મુઝ મા૦ ૩
દેખ બલિ કૃતગ્ન સર્વ જગને ભખે, સહુની ભૂપ જ્યું ઠોટી ઠોટી,
અથિર સમાજને થિરપણે જે ગણે, જાણ તસ મૂઢની બુદ્ધિ ખોટી મુઝ મા૦ ૪

૧-ધર્મ જે અશુદ્ધ ભાવે કરે, તે તસ આશ્રવા જોય રે

રાચ્ય મમ રાજ્યની ઋદ્ધિશું પરિવર્યો,
અંતે સણ ઋદ્ધિ વિસરાલ હોશે;
ઋદ્ધિ સાથે સવિ વસ્તુ મૂકી જતે,
દિવસ દો તીન પરિવાર રોશે. મુંઝ મા૦ ૫
કુસુમ પરે યૌવનં જલબિંદુ સમ જીવિતં,
ચંચલં નરસુખં દેવભોગો;
અવધિ મન કેવલી સુકવિ વિદ્યાધરા,
કલિયુગે તેહનો પણ વિયોગો. મુંઝ મા૦ ૬
ધન્ય અનિકાસુતો ભાવના ભાવતો,
કેવલી સુરનદીમાંહિ સિદ્ધો;
ભાવના સુરલતા જેણે મન રોપવી,
તેણે શિવનારી પરિવાર ઇદ્ધો. મુંઝ મા૦ ૭

ઢાલ-ચોથી.

બીજી અશરણ ભાવના.

[સાંભળજો મુનિ સંયમ રાગે—એ દેશી]

કો નવિ શરણું કો નવિ શરણું, મરતાં કુણને પ્રાણી રે;
બ્રહ્મદત્ત મરતો નવિ રાખ્યો, જસ હય ગય બહુ રાણી રે.
કો નવિ૦ ૧
માત પિતાદિક ટગમગ જોતાં, યમ લે જનને તાણી રે;
મરણ થકી સુરપતિ નવિ છૂટે, નવિ છૂટે ઇન્દ્રાણી રે. કો નવિ૦ ૨
હય ગય પય રથ કોડે વિંટયા, રહે નિત રાણા રાય રે;
બહુ ઉપાય તે જીવન કાજે, કરતાં અશરણ જાય રે. કો નવિ૦ ૩
મરણ ભીતિથી કદાપિ જીવો, જો પેસે પાયાલે રે;
ગિરિદરી વન અંબુધિમાં જાવે, તોભી હરિએ કાલે રે. કો નવિ૦ ૪

અષ્ટાપદ જેણે ગલે ઉપાડ્યો, એ દશમુખ સહરિયો રે,
ડો જગ ધર્મ વિના નવિ તરિયો, પાપે કો નવિ તરિયો રે
કો નવિ૦ ૫

અશરણ અનાથ જીવહ જીવન, શાન્તિનાથ જગ જાણો રે,
પારેવો જેણે શરણે ગણ્યો, મુનિ તમ ચરિત વખાણો રે
ડો નવિ૦ ૬

મેઘકુમાર જીવ ગજગજે, મસલો શરણે ગણ્યો રે,
વીર પાસ જેણે ભવભય કચરો, તપ સયમશુ નાણ્યો રે
ડો નવિ૦ ૭

મત્સ્ય પરે રોગે તડફડતા, કોણે નવિ સુખ કિયો રે,
અશરણ અનાથ ભાવના ભરિયો, અનાથી મુનિ નિરખ્યિો રે
ડો નવિ૦ ૮

ઢાલ-પાચમી

ત્રીજી સસાર ભાવના.

[રાગ-ઈદારો]

સર્વ સસારના ભાવ તુ, સમ ધરી જીવ! સભાર રે,
તે સવે તે પણ અનુભવ્યા, હૃદયમા તેહ ઉતાર રે સર્વ૦ ૧

સર્વતનુમા વસી નિરખ્યો, તે લીયા સર્વ અધિકાર રે,
જાતિ ને યોનિ સણ અનુભવ્યા, અનુભવ્યા સર્વ આહાર રે
સર્વ૦ ૨

સર્વસયોગ તે અનુભવ્યા, અનુભવ્યા રોગ ને શોગ રે,
અનુભવ્યો સુખદુ ખકાલ તે, પણ લીયો નવિ જિન-યોગ રે
સર્વ૦ ૩

સર્વ જન નાતરા અનુભવ્યા, પહેરિયા સર્વ શણગાર રે;
પુદ્ગલા તેં પરાવતીંયા, નવિ નમ્યા જિન અણગાર રે. સર્વ૦ ૪
પાપના શ્રુત પણ તેં ભણ્યા, તેં કર્યો મોહના ધ્યાન રે;
પાપના દાન પણ તેં દિયા, નવિ દિયા પાત્રમેં દાન રે. સર્વ૦ ૫
વેદ પણ તીન તેં અનુભવ્યા, તેં ભણ્યા પરતણા વેદ રે;
સર્વ પાખંડ તેં અનુભવ્યા, તિહાં ન સંવેગ નિર્વેદ રે. સર્વ૦ ૬
આપણું પારકું મમ કરે, મૂક મમતા પરિવાર રે;
ચિત્ત સમતારસે ભાવજે, મ કર બહુ બાહ્ય વિસ્તાર રે. શાં૦ ૧૧
લોક સત્કારે પૂજે સ્તવે, મુજ મલી લોકના વૃંદ રે;
મુજ યશ નામ જગ વિસ્તર્યું, ઈસ્યેા અભિમાન મુણિંદ રે. શાં૦ ૧૨
પૂરવ મુનિ સારિખી નહિ કિસી, આપણી લબ્ધિ ને સિદ્ધિ રે;
અતિશય ગુણ કિસ્યેા તુજ નહિ, તોહિ તુજ માનની બુદ્ધિ રે.શાં૦૧૩
પૂર્વે પ્રભાવક મુનિ હુઆ, તેહને તું નહિ તોલ રે;
આપ હીણું ઘણું ભાવજે, મુખ વાહ્યું ઘણું અ મ બોલ રે. શાં૦ ૧૪
નિયડી કરી જે જન રંજીયા, વશ કર્યા જેહ બહુ લોક રે;
પૂંઠ દીધે ન તે તાહરા, ગૃહિ મુનિના તરૂ ફોક રે. શાં૦ ૧૫

ગુરુપ્રસાદે ગુણહીનને, હુઇ અછે તુજગુણ ઋદ્ધિ રે,
તુ ગુણ મત્સરી મત હોવે, કર નિજ જીવની શુદ્ધિ રે શા૦ ૧૬
સયમ યોગ મૂકી કરી, વશ કર્યા જેહ બહુ લોક રે,
શિષ્ય ગુરુ ભક્ત પુસ્તક ભર્યા, અંતે દીયે શમવિણ શોક રે
શા૦ ૧૭

પ્રશમ સમતા સુખજલધિમા, સુનય સુખ એક બુદ રે,
તેણે તું સિંચ શમવેલડી, મૂરી દે અવર મત છદ રે શા૦ ૧૮
એક ક્ષણ વિશ્વજંતુ પર, તુ વસે જીવ સમભાવે રે,
સર્વ મૈત્રી સુધાપાનપે, સકલ સુખ સન્મુખ લાવે રે શા૦ ૧૯
આપ ગુણવંત ગુણ રંજીઓ, દીન દુઃખ દેખી દુઃખ ચૂર રે,
નિર્ગુણી દેગવિગતિ રહી, સકલમુનિ સુખ ગુપ્તિ પૂર રે. શા૦ ૨૦

શ્રી અમૃતવેલિની સજ્ઝાય.

[સ્વામી સીમધર વિનતિ–એ દેશી]

ચેતન જ્ઞાન અજુવાળીએ, ટાળીએ મોહ સંતાપ રે,
ચિત્ત ડમડોળતુ વાળીએ, પાળીએ સહજ ગુણ આપ રે ચે૦ ૧
ઉપશમ અમૃતરસ પીજીએ, કીજીએ સાધુ ગુણગાન રે,
અવસર વયણે નવિ બીજીએ, દીજીએ સજ્જનને માન રે ચે૦ ૨
ક્રોધ અનુબંધ નવિ ગમીએ, ભાખીએ વયણ મુખ સાચ રે,
સમકિત–રત્ન–રુચિ જોડીએ, છોડીએ કુમતિમતિ કાચ રે ચે૦ ૩
શુદ્ધપરિણામને કારણે, ચારના ગણ ધરે ચિત્ત રે,
પ્રથમ તિહા ગણ અરિહંતનુ, જેહ જગદીશ જગમિત્ત રે ચે૦ ૪
જે સમોસરણમા ગાજતા, ભાજતા ભવિક સંદેહ રે,
ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત્ત જિમ મેહ રે ચે૦ ૫

શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ્ય શિવનગરનું, જ્ઞાન–આનંદ ભરપૂર રે. ચે૦ ૬
સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવપંથ રે;
મૂલઉત્તરગુણે જે વર્યા, ભવ તર્યા ભાવ નિર્ગ્રંથ રે. ચે૦ ૭
શરણ ચોથું કરે ધર્મનું, જેહમાં વર દયા–ભાવ રે;
જેહ સુખહેતુ જિનવર કહ્યું, પાપ જલ તારવા નાવ રે. ચે૦ ૮
ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણા નિંદિયે, જેમ હોયે સંવર વૃદ્ધ રે. ચે૦ ૯
ઇહ ભવ પર ભવ આચર્યા, પાપ અધિકરણ મિથ્યાત રે;
જે જિનાશાતનાદિક ઘણાં, નિંદિયે તેહ ગુણ–ઘાત રે. ચે૦ ૧૦
ગુરૂતણાં વચન તે અવગણી, ગુંથીઆ આપમત જાલ રે;
બહુપરે લોકને ભોળવ્યા, નિંદિયે તેહ જંજાલ રે. ચે૦ ૧૧
જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરણિયા, કીધલો કામ ઉન્માદ રે. ચે૦ ૧૨
જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવિયાં ચાર કષાય રે;
રાગને દ્વેષને વશ હુવા, જે કિયો કલહ ઉપાય રે. ચે૦ ૧૩
જૂઠ જે આળ પરને દિયાં, જે કર્યા પિશુનતા પાપ રે;
રતિ-અરતિ નિંદ માયા-મૃષા, વળિય મિથ્યાત્વ સંતાપ રે. ચે૦ ૧૪
પાપ જે એહવાં સેવિયાં, તેહ નિંદિયે ત્રિહું કાલ રે;
સુકૃત અનુમોદના કીજીએ, જિમ હોયે કર્મ વિસરાલ રે. ચે૦ ૧૫
વિશ્વઉપગાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે;
તે ગુણ તાસ અનુમોદીયે, પુણ્ય–અનુબંધ શુભ યોગ રે. ચે૦ ૧૬
સિદ્ધની સિદ્ધતા કર્મના–ક્ષયથકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણ–વન સિંચવા મેહ રે. ચે૦ ૧૭

જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સૂત્ર અજ્ઝાય પજ્જિવામ રે,
સાધુની જે વણી સાધુતા, મૂલ ઉત્તર ગુણ-ધામ રે ચે૦ ૧૮
જેહ વિરતિ દેનશ્રાવકતણી, જેહ સમકિત સદાચાર રે,
સમકિતદ્રષ્ટિ સુર નરતણો, તેહ અનુમોદિયે સાર રે ચે૦ ૧૯
અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે,
સર્વ તે ચિત્ત અનુમોદિયે, સમકિત-બીજ નિરધાર રે ચે૦ ૨૦
પાપ નવિ તીવ્રભાવે કરે, જેહને નવિ ભવ-રાગ રે,
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે ચે૦ ૨૧
થોડલો પણ ગુણ પરતણો, સાભલી હર્ષ મન આણ રે,
દોષ લવ પણ નિજ દેખતા, નિર્ગુણ નિજતમા જાણ રે ચે૦ ૨૨
ઉચિત વ્યવહાર અવલંબને, ક્રમિ કરી સ્થિર પજ્જિવામ રે,
ભાવિયે શુદ્ધ નય ભાવના, પાવનાશયતણુ હામ રે ચે૦ ૨૩
દેહ મન વચન પુદ્ગલથકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે,
અક્ષય અકલંક છે જીવનુ, જ્ઞાન આનંદ સરૂપ રે ચે૦ ૨૪
કર્મથી કલ્પના ઉપજે, પવનથી જિમ જલધિ-વેલ રે,
રૂપ પ્રગટે સહજ આપણુ, દેખતા દ્રષ્ટિ સ્થિર મેલ રે ચે૦ ૨૫
ધારતા ધર્મની ધારણા, મારતા મોહ વડચોર રે,
જ્ઞાનરૂચિ વેલ વિસ્તારતા, વારતા કર્મનુ જોર રે ચે૦ ૨૬
રાગ વિષ દોષ ઉતારતા, જાગતા હેય ગ્રહ શેય રે,
પૂર્વ મુનિ વચન સંભારતા, સારતા કર્મ નિ શેષ રે ચે૦ ૨૭
દેખિએ માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પજ્જિવામ રે,
તેહ અણછોડતા ચાલિએ, પામિયે જિમ પરમ ધામ રે ચે૦ ૨૮
શ્રી નયવિજય ગુરૂ શિષ્યની, શિખડી અમૃત-વેલ રે,
એહ જે અતુર નર આદરે, તે લહે સુજસ રંગરેલ રે ચે૦ ૨૯

વણઝારાની સજ્ઝાય.

નરભવ નગર સોહામણું, **વણઝારા રે,**
પામીને કરજે વ્યાપાર, **અહો મોરા નાયક રે;**
સત્તાવન સંવર તણી, વ૦ પોડી ભરજે ઉદાર. અ૦ ૧
શુભ પરિણામ વિચિત્રતા, વ૦ કરિયાણાં બહુ મૂલ; અ૦
મોક્ષનગર જાવા ભણી, વ૦ કરજે ચિત્ત અનુકૂલ. અ૦ ૨
ક્રોધદાવાનલ ઓલવે, વ૦ માન વિષમ ગિરિરાજ; અ૦
ઓલંગજે હળવે કરી, વ૦ સાવધાન કરે કાજ. અ૦ ૩
વંશજાળ માયાતણી, વ૦ નવિ કરજે વિશરામ; અ૦
બાડી મનોરથ ભટતણી, વ૦ પૂરણનું નહિ કામ. અ૦ ૪
રાગ દ્વેષ દોય ચોરટા, વ૦ વાટમાં કરશે હેરાન; અ૦
વિવિધ વીર્યઉલ્લાસથી, વ૦ તે હણજે શિર હાણ. અ૦ ૫
એમ સવિ વિઘન વિદારીને, વ૦ પહોંચજે શિવપુર વાસ; અ૦
ક્ષય ઉપશમ જે ભાવના, વ૦ પોઠે ભર્યા ગુણરાશ. અ૦ ૬
બાયક ભાવે તે થશે, વ૦ લાભ હોશે તે અપાર; અ૦
ઉત્તમ વણજ જે એમ કરે, વ૦ **પદ્મ** નમે વારંવાર. અ૦ ૭

કર્મની સજ્ઝાય.

સુખ દુઃખ સરજ્યાં પામીએ રે, આપદ સંપદ હોય;
લીલા દેખી પરતણી રે, રોષ મ ધરને કોય રે.
પ્રાણી મન નાણો વિષવાદ, એ તો કર્મ તણો પરસાદ રે.
પ્રા૦ મ૦ ૧
ફળને આહારે જીવીઆ રે, બાર વરષ વન **રામ;**
સીતા રાવણ લેઇ ગયો રે, કર્મ તણાં એ કામ રે પ્રા૦ મ૦ ૨

નીર પાએ વન એકલો રે, મૃગ પામ્યો મુકુંદ,
નીચતણે ઘર જળ વહ્યો રે, શીશ ધુની હરિયંદ રે પ્રા૦ મ૦૩
નલે દમયંતી પરિહરી રે, રાત્રિ સમય વન બાલ,
નામ ઠામ કુલ ગોપવી રે નલે નિર્વાહ્યો કાલ રે પ્રા૦ મ૦ ૪
રૂપ અધિક જગ જાણીએ રે, ચક્રી સનત કુમાર,
વરસ સાતશે ભોગવી રે, વેદના સાત પ્રકાર રે પ્રા૦ મ૦ ૫
રૂપે વલી સુર સારિખા રે, પાંડવ પાંચ વિચાર,
તે વનવાસે રડવડ્યા રે, પામ્યા દુઃખ સમાર રે પ્રા૦ મ૦ ૬
સુરનર જસ સેવા કરે રે, ત્રિભુવનપતિ વિખ્યાત,
તે પણ કર્મ વિટંબીયા રે, તો માણસ કેઈ માત રે પ્રા૦ મ૦૭
દોષ ન દીજે કેહને રે, કર્મ વિટંબણહાર,
દાન મુનિ કહે જીવને રે, ધર્મ સદા સુખકાર રે પ્રા૦ મ૦ ૮

તપની સજ્ઝાય.

કીધા કર્મ નિકંદવા રે, લેવા મુગતિનુ દાન,
હત્યા પાતિક છૂટવા રે, નહિ કોઈ તપ સમાન
ભવિકજન ! તપ કરેજો મન શુદ્ધ૦ ૧
ઉત્તમ તપના યોગથી રે, સુરનર સેવે પાય,
લબ્ધિ અઠ્ઠાવીશ ઉપજે રે, મનવંછિત ફલ થાય ભવિક૦ ૨
તીર્થંકર પદ પામીએ રે, નાશે સઘળા રોગ,
રૂપ લીલા સુખ સાહિબી રે, લહીએ તપ સંજોગ ભવિક૦ ૩
તે શુ છે સંસારમા રે, તપથી ન હોવે જેહ,
જે જે મનમા કામીએ રે, સકલ ફલે સહી તેહ ભવિક૦ ૪

અષ્ટ કર્મના ઓઘને રે, તપ ટાલે તતકાલ;
અવસર લહીને એહનો રે, અપ કરજો ઉજમાલ. ભવિક૦ ૫
બાહ્ય અભ્યંતર જે કહ્યા રે, તપના બાર પ્રકાર;
હોજો તેહની ચાલમાં રે, જિમ ધન્નો અણગાર. ભવિક૦ ૬
ઉદયરત્ન કહે તપ થકી રે, વાધે સુજસ સનૂર;
સ્વર્ગ હોય ઘર આંગણું રે દુર્ગતિ જાયે દૂર. ભવિક૦ ૭

ભાવની સજ્ઝાય.

રે ભવી ભાવ હૃદય ધરો, જે છે ધર્મનો ધોરી;
એકલમલ્લ અખંડ જે, કાપે કર્મની દોરી. રે ભવી૦ ૧
દાન શીયલ તપ ત્રણ એ, પાતિક મલ ધોવે;
ભાવ જો ચોથો નવિ ભળે, તો તે નિષ્ફલ હોવે. રે ભવી૦ ૨
વેદ પુરાણ સિદ્ધાંતમાં, ષટ દર્શન ભાખે;
ભાવ વિના ભવ સંતતિ, કુણ પડતાં રાખે. રે ભવી૦ ૩
તારક રૂપ એ વિશ્વમાં, જંપે જગભાણુ;
ભરતાદિક શુભ ભાવથી, પામ્યા પદ નિર્વાણ. રે ભવી૦ ૪
ઔષધ અન્ય ઉપાય જે, મંત્ર યંત્ર ને મૂળ;
ભાવે સિદ્ધિ હોવે સદા, ભાવ વિના સર્વ ધૂળ. રે ભવી૦ ૫
ઉદયરત્ન કહે ભાવથી, કુણ કુણ નર તરીયા;
શોધી લેજો સૂત્રમાં, સજ્જન ગુણ દરીયા. રે ભવી૦ ૬



માર્દવની સજ્ઝાય.

[દુહા]

વિનય તણો એ હેતુ છે, ક્ષમા પ્રથમ ગુણ જાણ,
વિનયાધિષ્ઠિત ગુણ સવે, તે મૃદુતા અનુમાન ૧

જેમ પડસૂદી કેળવી, અધિક હોય આસ્વાદ,
તેમ માર્દવ ગુણથી લહે, સમ્યગ્ જ્ઞાન સવાદ. ૨

ઢાલ.

[મહજીનદી રે આતમા-એ દેશી.]

બીજો ધર્મ એ મુનિ તણો, મદ્દવ નામે તે જાણ રે,
મૃદુતા માન નિગસથી, વિનયાદિક ગુણ ખાણ રે,
વિનયે શ્રુત સુપ્રમાણ રે, શ્રુત તે વિગતિનુ હાણ રે,
અનુક્રમે કર્મ નિર્વાણ રે, **અનુભવ રંગી રે આતમા**
મૂક તુ માનનો સગ રે, નિર્મલ ગગ-તરગ રે,
જેમ લહે જ્ઞાન પ્રસગ રે, હોય અક્ષય અભગ રે,
સુજસ મહોદય ચગ રે, સમકિત જ્ઞાન એકગ રે,
સહજ ગુણે સુખ સગ રે- અનુ૦ ૧

માન મહા વિષધર ડસ્યા, ન ગ્રહે ચેતના તામ રે,
આઠે મદ કેણા ટોપશુ, અહનિશ કગતા અભ્યાસ રે,
ધ્યાન અશુભ જીહ જાસ રે, નયન અરૂણ રાગ વાસ રે,
અમગ્મિ કચુક પાસ રે, નિજ ઉત્કર્ષ વિલાસ રે અનુ૦ ૨

ગુણલવ દેખીને આપણો, શુ મતિમૂઢો તુ થાય રે,
દોષ અનતનો ગેહ છે, પર દોષે મન જાય રે,
તે વામી ખટકાય રે, ભાગે અનત વેચાય રે,
કાલ અનત વહાય રે, નહિ કોઈ શરણ સહાય રે.
કગ હવે ધર્મ ઉપાય રે, જિમ લહે શિવપુગ હાય રે-અનુ૦ ૩

જ્ઞાનાદિક મદ વારિયે, જઇવિહુ ત્રિભુવનરાય રે,
તો શી વાત પરમદ તણી, માને લઘુપણું થાય રે;
બલનું બિરદ કહાય રે, નહિ તસ વિવેક સહાય રે,
ક્રોધ મતંગજ ધાય રે, ઢાહે ગુણ વણરાય રે. અનુ૦ ૪
જાતિમદે જિમ દ્વિજ લહ્યો, કુંબપણું અતિનિંદ રે,
કુલમદથી જુઓ ઉપના, દ્વિજઘર **વીર**જીણંદ રે;
લાભમદે **હરિચંદ** રે, તપમદે **સિંહ** નરિંદ રે,
રૂપે **સ**નતનરિંદ રે, શ્રુતમદે **સિંહ** સૂરિંદ રે. અનુ૦ ૫
જ્ઞાન ભલું તસ જાણીએ, જસ મદવિષ ઉપસંત રે,
તેહથી જો મદ વાધીયે, તો જલથી અનલ ઉહંત રે;
તરણિથી તિમિર મહંત રે, ચંદ્રથી તાપ ઝરંત રે,
અમૃતથી ગદ હુંત રે, મદ ન કરે તેહ સંત રે. અનુ૦ ૬
સ્તબ્ધ હોયે પર્વત પરે, ઉર્ધ્વમુખી અભિમાની રે,
ગુરૂજનને પણ અવગણે, આપે નવિ બહુમાન રે;
નવિ પામે ગુરૂ માન રે, ધર્માદિક વરધ્યાન રે,
ન લહે તેહ અજ્ઞાની રે, દુર્લભ બોધિ નિદાન રે.
તે લહે દુઃખ અસમાન રે— અનુ૦ ૭
એમ જાણીને રે આતમા, છંડીજે અભિમાન રે,
માર્દવ ગુણ જેમ ઉપજે, વાધે જગ જશ માન રે;
થાઓ સંયમ સાવધાન રે, નહિ તસ કોઈ ઉપમાન રે,
જ્ઞાનવિમલ ધરો ધ્યાન રે. અનુ૦ ૮

શ્રી ઇરિયાવહિની સજ્ઝાય.

ઢાલ–પહેલી.

[ભવિકા, સિદ્ધચક્ર પદ વંદો–એ દેશી]

શ્રુતદેવીના ચરણ નમીને, પામી સુગુરુ પસાય,
ઇરિયાવહિનો અરથ ભાવિયે, સુણજો એહ સજ્ઝાય રે
ભવિકા ! ઇરિયાવહિ પડિક્કમિયે૦
સમતા રસ પરિણમિયે રે, આતમ ગમે રમીયે રે– ભ૦ ૧
એકસો અધિક નવાણું અક્ષર, ઇરિયાવહિના ભણજો,
તેમાહિ ચોવીશ ભારે અક્ષર, જીત હશુઆ સુણજો રે ભ૦ ૨
પદ ઓગણત્રીશ ને આઠ સંપદા, પહેલા પદ હોઇ તમ,
ઇચ્છા ઇરિ ગમ પાણ જેમે, એગિંદિ અભિ તસ્સ રે ભ૦ ૩
અભિહયાદિક દશ પ્રકારે, જે મે જીવ વિરાધ્યા,
માર્ગ ગમણાગમણ તેહના, મિચ્છામિ દુક્કડ માધ્યા રે ભ૦ ૪
સાત નરકના જેહ નારકી, પજ્જત્તા અપજ્જત્તા,
ચઉદે ભેદે નારકી એમા, પાતક કરીને પહુત્તા રે ભ૦ ૫
પાચે થાવર સૂક્ષમ બાદર પજ્જ અપજ્જત વીશ,
વણ પત્તેય પજ્જ અપજ્જત, એમ એગિંદિ બાવીશ રે ભ૦ ૬
જલ થલ નહચર ઉપ્પગ્મિપ્પા, ભુજપરિસ્પ્પા જેહ,
સંમૂર્ચ્છિમ ગર્ભજ પજ્જ અપજ્જત, વીશ ભેદે ઇમ તેહ રે ભ૦ ૭
તિરિ ચઉરિંદિ પજ્જ અપજ્જત, વિગલેંદ્રિ ચટલીસ,
અડતાલીશ ભેદ તિર્યંચના, ઇમ ભાખે જગદીશ રે ભ૦ ૮
પનર કર્મભૂમિ વલી અકર્મ-ભૂમિ ત્રીશ મન આણો,
છપ્પન અંતરદ્વીપે નર ઇમ, ઇકાણુઓ જાણો રે ભ૦ ૯

ગર્ભજ પજ્જ અપજ્જા દોવિધ, સંમૂર્ચ્છિમ હોય અપજ્જત;
ત્રણશો ત્રણ ભેદે ઇમ માનવ, જાણો અજ્જ અણુજ્જત રે. ભ૦ ૧૦
દશ ભવણાહિવ દશવિધ જૃંભક, પન્નર પરમાધામી;
વ્યંતર સોલ ને દશવિધ જ્યોતિષ, ચરથિર કહે જિનસ્વામી રે.ભ૦૧૧
નવ લોકાંતિક ત્રણ કીલ્બિષિયા, દેવલોક વલી બાર;
નવ ગ્રૈવેયક પંચાણુત્તર, દેવ ભેદ ઇમ ધાર રે. ભ૦ ૧૨
એહ નવાણું પજ્જ અપજ્જત, એકસો અધિક અઠ્ઠાણું;
ચાર ગતિના જીવ ભેદ ઇમ, પાંચસેં ત્રેસઠ જાણું રે. ભ૦ ૧૩

ઢાલ–બીજી.

[સુત સિદ્ધારથ ભૂપનો રે–એ દેશી.]

અભિહયાદિક દશવિધે રે, દુહવ્યા જીવ જ જેહ;
પંચસહસ ઉપર છસેં રે, ત્રીશ અધિક હુઆ તેહ રે.
મિચ્છામિ દુક્કડં, મુજ હોજો નિતમેવ રે, પુન્ય પરવડું૦ ૧
રાગ ને દ્વેષે કરી રે, એ સવિ ભિમણા કીધ;
સહસ અગીઆર ઉપર બસેં રે, સાહ અધિક ઇમ સિદ્ધો રે. મિ૦૨
કાયા મન વચને કરી રે, ત્રિગુણા સહસ તેત્રીશ;
સાતસેં એંશી હુઆ રે, તે બામું નિશદિશ રે. મિ૦ ૩
કરણ કરાવણ અનુમતિ રે, તે વલી ત્રિગુણા જોય;
એક લાખને તેરસેં રે, અધિકા ચાલીશ હોય રે. મિ૦ ૪
ત્રણ કાલના જે હુઆ રે, ચાર સહસ ત્રણ લાખ;
વીશ અધિક વલી તે હુઆ રે, છ ગુણા કરી છ સાખ રે. મિ૦ ૫
સાખ કરું અરિહંતની રે, સિદ્ધ સાધુ ગુરૂ દેવ;
આતમ સાખે દીજીયે રે, મિચ્છામિ દુક્કડં હેવ રે. મિ૦ ૬

ઇણિ પરે લાખ અઢાર એ રે, ઉપર સહુમ ચોવીશ,
મિચ્છામિ દુક્કડ ધારીયે રે, એકમેં ઉપર વીશ રે. મિ૦ ૭
વિણ ઇરિયાવહિ પડિક્કમ્યે રે, ક્રિયા ન સૂઝે કેવિ,
મહાનિશીથ સિદ્ધાંતમાં રે, ભાખે જિનવર દેવ રે મિ૦ ૮
પડિક્કમતા ઇરિયાવહિ રે, અઇમત્તો અણુગાર,
લહે પણગ દગ ભાવતા રે, કેવલ જ્ઞાન ઉદાર રે મિ૦ ૯
પડિક્કમતા ઇરિયાવહિ રે, દુરિય પલાયે દૂર,
અંધકાર દૂરે ટલે રે, જિમ ઉગમતે સૂર રે મિ૦ ૧૦
તપગચ્છ નાયક ગુણનીલો રે, શ્રી વિજયપ્રભ સૂરિંદ,
વિજયરત્ન સૂરિ જયો રે, તપ ગણ ગયણ દિણિંદ રે મિ૦ ૧૧
કીર્તિવિજય ઉવજ્ઝાયનો રે, શિષ્ય કહે એ સજ્ઝાય,
સવત સત્તર તેત્રીશે રે, વિનયવિજય ઉવજ્ઝાય રે મિ૦ ૧૨

ઇરિયાવહિની સજ્ઝાય.

[જિન જન્માઉ, જિણવેના જનની વરે-એ દેશી]

ઢાલ.

મન શુદ્ધે રે, ઇરિયાવહિ ભવી પડિક્કમો,
ચોરાશી લખ રે, જીવયોનિ માંયે ભમો,
કરો મૈત્રી રે સમતા રસમાંહિ રમો,
ચઉ ગતિમા રે, જિમ ભવિયા તુમે નવિ ભમો ૧

ત્રુટક.

નવિ ભમો જિમ સમાધ માંહિ, સકલ સુખને અનુસરો,
મિચ્છામિ દુક્કડ દિયે ઇણિપરે, સુગુરુ વયણા ચિત્તધરો,
ભૂ જલ જલણ ને વાયુ સુહુમવણ, એહ પાંચે ધાવના,
બીજ ભેદ પજ્જા અપજ્જા કહીયે, સુહુમ તિમ વલી બાદરા ૨

ઢાલ.

વણ પ્રત્યેક રે, પજ્જ અપજ્જ દુવીશ એ,
ણિતિ ચઉ પજ્જ રે, અપજ્જત્ત છક્ક અઠવીશ એ;
જલ થલ ખગ રે, ઉરપરિ ભુજપરિ સપ્પ એ,
પજ્જા–પજ્જ રે, સન્નિયર વીસ થપ્પ એ. ૩

ત્રુટક.

થપ્પીઆ એમ પંચેંદ્રિ તિરિશું, મલી થયા અડયાલ એ,
સગ નારકીના ચૌદ પજ્જાપજ્જ–દુસટ્ઠી એમ સંભાલ એ;
તીસ અકરમ ભૂમિ પન્નર, કર્મભૂમિ વિવેક એ,
છપ્પન અંતરદ્વીવ નરના, ણિત્ત એકશત એક એ. ૪

ઢાલ.

પજ્જા–પજ્જ રે, સન્નિ ણિસત ણિહું આગલા,
અસન્ની નર રે, અપજ્જ એકશત એક ભલ્યા;
એમ ત્રણશેં રે, ત્રણ અધિક નરના હુવા,
હવે દેવના રે, કહીયે છે તે જુજુવા. ૫

ત્રુટક.

જુજુવા પરમાધામી પનરહ, ભવણ દશ સોલ વ્યંતરા,
ચર અચર જ્યોતિષી પંચ પંચહુ, કીલ્બિષિયા ત્રણ ગોબરા;
લોકાંતિકા નવ તિરિજૃંભક દશ, વૈમાનિકના બાર એ,
ગ્રૈવેયકા નવ પણ અનુત્તર, ભેદ નવાણું સાર એ. ૬

ઢાલ

પજ્જત્તા રે, અપજ્જત્તા ભેદે કરી,
અઠ્ઠાણુ રે, અધિકા એ શત ઉપજે,
સવિ મળીને રે, પચસયા ત્રેસઠ થયા,
જીવ ભેદા રે, એગિદિયાદિ પદે લહ્યા ૭

ચુટક

લહ્યા એહના ભેદથી જે, મિચ્છા દુક્કડ અછે,
અભિહયાદિક પદે દશ ગુણા, કરો જિમ ભવી મન રૂચે,
પચસહસ્સ પટ શતક ઉપજે, ત્રીશ અધિક સોહામણા,
અગ્યાર સહસ ગમે સાઠ હોવે, રાગ દ્વેષે તે ગણ્યા ૮

ઢાલ

વલી ત્રિગુણા રે, મન વચ કાયથકી ગુણો,
તેત્રીસ સહસ રે, સાત સયા એસી ભણો,
કરણાદિકે રે, ત્રિગુણા એક લખ જાણીયે,
સહસ એકજ રે, તીનસે ચાલીશ જાણીયે ૯

ચુટક

જાણીયે સપ્રતિ અતીત અનાગત, કાલે ત્રિગુણા કીજીયે,
લખ તીન ઉપર ચાર સહસા, વીશ અધિકા લીજીયે,
અરિહંત સિદ્ધ સુસાહુ આતમ, દેવગુરૂ સાખે કરી,
પટગુણા કરતા જેહ હોયે, તે સુણો હૃદયે ધરી ૧૦

ઢાલ.

લખ અડદશ રે, ચોવીશ સહસા ઉપરિ,
વીશ અધિકા રે, એકશત સવિ મલી કરી;
મિચ્છાદુક્કડં રે, એતા ભાવ ધરી દિએ.
બહુ વિધ વલી રે, ભેદ થાયે છે તે જુએ. ૧૧

ત્રુટક.

જુએાને વલી અવર ગ્રંથે, કર્યા પટ ગુણ તે છતાં,
દ્રવ્ય ક્ષેત્ર કાલ ને ભાવ ભેલી, જાણતાં અજાણતાં;
એક કોડિ નવલખ સહસ ચૌંઆલીસ, સાત સય ને વીશ એ,
ઇરિયાવહિનો અર્થ ભાવે, લહે તે સુજગીશ એ. ૧૨

ઢાલ.

નવાણું રે, એકશત અક્ષર એહના,
આઠ સંપદા રે, ચોવીશ ગુરૂ છે જેહના;
ઇચ્છામિ રે, પડિક્કમિઉં ધુરિ જાણીયે,
ઠામિ કાઉસ્સગ્ગં રે, અંતિમ પદ એ આણીયે. ૧૩

ત્રુટક.

જાણીયે વિણ શુદ્ધ કિરિયા, વિધિ સઘલો સફલો નહિ,
અયમત્ત મુનિ **મૃગાવતી** સાધવી, પ્રમુખ બહુ શિવગતિ લહી;
તે જાણી યતના કરો સૂધી, સયલ સંપત્તિ જિમ લહે,
કવિરાજ શ્રી **ધીરવિમલ** સેવક, **નયવિમલ** કવિ ઇમ કહે. ૧૪

ઇરિયાવહિના મિચ્છામિ દુક્કડંની સજ્ઝાય.

[ભવિજન બનિએ જી–એ દેશી]

ગુરુ સન્મુખ ગ્રહી વિનય વિવેકે, ઇરિયાવહિ પડિક્કમીયે જી,
આભવ પરભવ પાતક હણિયે, ગુણ શ્રેણિએ ચઢિયે,
શ્રુત અનુસરીએ જી,
તરીએ આ સંસાર, પાતિક હરિયે જી,
સદ્ગુરુને આધાર પાર ઉતરીયે જી ૧

બટ્ટ અક્ષરનો અર્થ સુણીને, જાણુનુ મસ્તક ડોલે જી,
મિચ્છામિ દુક્કડ નિર્યુક્તિ, ભદ્રબાહુ ગુરુ બોલે શ્રુત૦ ૨
પુઢવી અપ તેઉ વાઉ આધારણ, તરુ બાદર સુહુમીમ જી,
પ્રત્યેકતરુ વિગલેન્દ્રિ પજ્જત્તા, અપજ્જત્તા અડવીશ શ્રુત૦ ૩
હવે પચેંદ્રિય જલ થલ ખેચર, ઉરપરિ ભુજપરિ દીસે જી,
ગર્ભ સંમૂર્ચ્છિમ દુગ પજ્જત્તા, અપજ્જત્તા એ વીસે શ્રુત૦ ૪
નારકી સાતે પજ્જ અપજ્જત, ચૌદ ભેદ મન ધારો જી,
કર્મભૂમિ અકર્મભૂમિના, પદર ત્રીશ વિચારો શ્રુત૦ ૫
છપ્પન અંતરદ્વીપના માણુસ, ગર્ભ સંમૂર્ચ્છિમ ભેદે જી,
તે અપજ્જત્તા પજ્જત્તા ગર્ભજ, ત્રણશો ત્રણ વિભેદે શ્રુત૦ ૬
ભુવનપતિ દુગ દશ દશ તિરિજૃભક, પદર પરમાધામી જી,
વ્યંતર જોતિષી દશ ત્રણ–કીલ્બિષિયા સુર પામી શ્રુત૦ ૭
બાર સ્વર્ગ નવલોકાંતિક નવ–ગ્રૈવેક પાંચ [1]ઉપરના જી,
એ નવાણુ પજ્જ અપજ્જત્તા, એકમો અહાણું સુરના શ્રુત૦ ૮
અભિહયા આદિ દશપદ માથે, પાચમે ત્રેસઠ ગુણતા જી,
છપ્પનમે ને ત્રીમ થયા એ, રાગ ને દ્વેષે હણતા શ્રુત૦ ૯

૧–પાંચ–અનુત્તરના જી

ઇરિયાવહિની સજ્ઝાય.

[સિદ્ધારથના રે નંદન વિનવું-એ દેશી.]

શ્રી જિનપતિનાં રે પદ પંકજ નમી, સમરી નિજ ગુરૂ નામ:
મિચ્છા દુક્કડ ભેદ ભાખું ભલા, જતણી આગમ ઠામ. ૧
દિયે મન શુદ્ધ રે મિચ્છા દુક્કડં, ઉપશમ આણી અપાર;
વૈર મ કરજ્જે સવિ જગ જીવશું, તજજે ક્રોધ વિકાર. દિયે૦ ૨
સાતે નરકે રે અપજ્જત્ત પજ્જત્તા, નારક ચઉદશ હોય:
પુઢવી પાણી અગનિ પવન વલી, સાધારણ પણ જેય. દિયે૦ ૩
સૂક્ષમ થૂલ બે ભેદે દશ થયા, એક પ્રત્યેકજ થાપ;
ગિતિ ચઉરિંદિ જલચર થલચર, અચર ને ઉરપરિ સાપ. દિયે૦ ૪
ભુજપરિ પણ એ સંમૂર્ચ્છિમ ગર્ભજ, ઇમ દશ ભેદ ભણંતિ;
એ ચોવીશે અપજ્જત્ત પજ્જત્તા, અડયાલીસ મિલંતિ. દિયે૦ ૫
પનરસ પ્રીછો રે કરમતણી ભૂમિ, અકરમ ભૂમિ રે ત્રીશ;
છપ્પન અંતરદ્વીવા નર મલી, એકશો એક જગીશ. દિયે૦ ૬
ગરભજ ગણીયે રે અપજ્જત્ત પજ્જત્તા, સંમૂર્ચ્છિમ અપજ્જત્ત જાણ;
ત્રણસેં ત્રણ સવિ નર હુવા હવે, દશ ભવણિંદ વખાણ. દિયે૦ ૭
પરમાધામી રે પનર જૂંભકા, દસહ વ્યંતર સોલ;
ચરથિર ભેદે રે ગણી દશ જ્યોતિષી, કીલવિષ તીન અડોલ. દિયે૦ ૮
નવ લોકાંતિક બારસ કલ્પના, ગ્રૈવેયક નવ જોય;
પંચ અનુત્તર અપજ્જત્ત પજ્જ સવે, બિહું ઊણા સય દોય. દિયે૦ ૯
ચિહુંગતિ ભેદા રે પણસય તેસઠા, અભિહુય આદિ કરેય;
દશપદશું તે ગણી જિમ પણસહસ, ષટસય તીસ મિલેય. દિયે૦ ૧૦
રાગે દ્વેષે રે ગમણા દશ સહસ, બાર સયાં ત્રણ વીશ:
મન વચ કાયે ત્રિગુણ તેત્રીસ સહસ, સગસય અસીય જગીશ. દિયે૦ ૧૧

તે વલી કીજે રે ત્રિગુણા કરણશુ, કારણ અનુમતિ તેમ,
કોગલખ કોગમહસ ત્રેણુએ ઉપરે, ચાલીસ સવિ હોયે એમ દિયે૦ ૧૨
સપર્ક તીય અણુાગય કાલશુ, વલી ત્રિગુણા કરી જાણ,
અણુ લખ ઉપર ચાર સહસ થયા, ઉપર વીશ પ્રમાણ દિયે૦ ૧૩
અરિહંત સિદ્ધ આયુ ને દેવશુ, ગુરૂ અપ્પ સાખે ગુણેહ,
ચોવીસ સહસા લાખ અઢારશુ, એકસો વીશ લહેહ દિયે૦ ૧૪
ઈમ સવિ જીવશુ રે મિચ્છાદુક્કડે, હોય કરિયાવહિ સાર,
શિષ્ય શ્રી **નયવિજય** વાચકનો કહે, **વિદ્યા** અર્થ વિચાર દિયે૦૧૫

ઇરિયાવહિની સજ્ઝાય

નાગી મે દીઠી એક આવતી રે, જતી ન દીઠી કોય રે,
જે નર તેહને આદરે રે, તેહને સદ્ગતિ હોય રે ના૦ ૧
એકશો નવાણુ કરા બેટડા રે, મોટા તે ચોવીશ જીણ રે,
નાનડીયા તમે સાભળો રે, શત પચોતેર જીણ રે ના૦ ૨
નૈનતણે મુખે રહે રે, પગ બત્રીશ કહેવાય રે,
ધર્મીનર પાસે વસે રે, પાપી સગ ન જાય રે ના૦ ૩
આઠ સપદાયે પરવરી રે, નાગી છે દેવ સરૂપ રે,
મુગતિ જમણી ઘણા મેળવ્યા રે, વડા વડેગ ભૂપ રે ના૦ ૪
ગૌતમ સ્વામી પૂછીયુ રે, ઉપદેશ્યુ શ્રી વર્દ્ધમાન રે,
અમિતો ઋષિ પામીયેા રે, ક્ષણમા કેવલ જ્ઞાન રે ના૦ ૫
અઢાર લાખ જૂદા બેટડા રે, ઉપર ચોવીશ જાન્ત રે,
એકશો ને વીશ મૂકીયે રે, પામીજે સ્વર્ગ દુવાર રે ના૦ ૬
સાધુ શ્રાવક સહુ આદરે રે, આદરે અરિહંત દેવ રે,
મેઘવિજય ગણિ શિષ્ય કહે રે, એહની કરેા ઘણી સેવ રે ના૦ ૭

શ્રી ઉત્તરાધ્યયનના દશમા અધ્યયનની સજ્ઝાય.

સમવસરણ સિંહાસનેજી રે, વીરજી કરે રે વખાણ;
દશમા ઉત્તરાધ્યયનમાંજી રે, દીએ ઉપદેશ સુજાણ.

સમયમેં રે ગોયમ મ કર પ્રમાદ૦

વીર જિનેસર ઉપદિશેજી, પરિહર મદ વિખવાદ–સમય૦ ૧

જિમ તરૂ પંડુર પાંદડુંજી રે, પડતાં ન લાગે રે વાર;
તિમ એ માણસ જીવડોજી રે, ન રહે થિર સંસાર. સ૦ ૨

ડાભ અણી જલ ઓસનોજી રે, ક્ષણ એક રહે જલબિંદ;
તિમ એ ચંચલ જીવડોજી રે, ન રહે ઇંદ્ર નરિંદ. સ૦ ૩

સૂક્ષ્મ નિગોદ ભમી કરીજી રે, રાશિ ચઢ્યો વ્યવહાર;
લાખ ચોરાશી જીવાયોનિમાંજી રે, લાધ્યો નરભવ સાર. સ૦ ૪

શરીર જરાએ જર્જર્યું જી રે, શિરપર પણીયા રે કેશ;
ઇંદ્રિય બલ હીણા પડ્યાજી રે, પગે પગે પેખે કલેશ. સ૦ ૫

ભવસાયર તરવા ભણીજી રે, સંયમ પ્રવહણ પૂર;
તપ જપ ક્રિયા આકરાજી રે, મોક્ષનગર છે દૂર. સ૦ ૬

ઇમ નિસુણી પ્રભુ દેશનાજી રે, ગણધર થયા સાવધાન;
પાપ પડલ પાછાં પડ્યાંજી રે, પામ્યા કેવલજ્ઞાન. સ૦ ૭

ગૌતમના ગુણ ગાવતાંજી રે, ઘર સંપત્તિની રે કોડ;
વાચક **શ્રીકરણ** ઇમ ભણેજી રે, વંદુ બે કરજોડ. સ૦ ૮



श्री खरतर गच्छीय ज्ञान मन्दिर, जयपुर

ઉત્તરાધ્યયનના દશમા અધ્યયનની સજ્ઝાય.

[પ્રભુજી મુખકજ નમાકિત દીજે–એ દેશી]

પડુજ પાન થયે પખિપાડે તરૂથી પડે કોઇ કાલે રે,
તિમ ધન યૌવન જીવિત પણ તુ, ગૌતમ જાને નિહાલે રે ૧
ગૌતમને શ્રી વીર પયંપે, મ કર સમય પ્રમાદ રે
જેમ ઇહપરભવ સુખ પામીજે, ટાલીજે વિષવાદ રે ગૌ૦ ૨
ડાભતણી અણિયે જલબિંદુકા, જિમ હુવે અથિર સ્વભાવ રે,
તિમ નરના આઉખા જાણો, ધર્મ સદા થિર ભાવ રે ગૌ૦ ૩
ષટકાયામાહિ કાલ અનતો, ભમીયો દુખ સહત રે,
વલિ જરા પલિ કેશ પડુગ, ઇદ્રિય શક્તિ ન હુત રે ગૌ૦ ૪
તેહવામા જિનવર નવિ દીસે, પચમ કાલે ભગ્તે રે,
મતમત નવી નવી વાણી દીસે, ધર્મ તે કહો કિહા વર્ત્તે રે ગૌ૦ ૫
જિન વાણી નિસુણી ઇમ ગૌતમ, અનુક્રમે કેવલનાણી રે,
દશમે અધ્યયને એમ ભાખે, વીર જિનેશ્વર વાણી રે ગૌ૦ ૬
વિજયદેવ ગુરૂ પટ્પ્રભાવક, વિજય સિંહ ગુરૂ શિષ્યો રે,
વાચક ઉદયવિજય એમ બોલે, પુણ્યે પહોચે જગીશો રે ગૌ૦ ૭

—❀—

અભક્ષ્ય અનંતકાયની સજ્ઝાય.

ઢાલ

જિનશાસન રે, મૂધી શ્રદ્ધણા ધરે,
સુણી ગુરૂ મુખ રે, નવે તત્ત્વ નિરતા કરે,
મિથ્યામતિ રે, કપટ કદાગ્રહ પરિહરે,
સદ્ધી પાલે રે, તે નર સમકિત પાન ધરે

ત્રુટક.

મન ધરે સમકિત શુદ્ધ પાલે, ટાલે દોષ દયાપરો,
ધુર પંચ અણુવ્રત ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત ધરો;
ઈમ દેશવિરતિ ક્રિયાનિરતિ, કરો ભવિયણ મન રૂલી,
દાખવી નિજગુણ પરહ કેરા, દોષ મમ કાઢો વલી. ૧

ઢાલ.

મમ કાઢો રે, લોભી નર કૂડો કરો,
જાણી સાવદ્ય રે, અભક્ષ્ય ખાવીશે પરિહરો;
વડ પીંપળ રે, પીપરીને કચુંબરો,
ઉંબર ફળ રે, રખે તુમે ભક્ષણ કરો.

ત્રુટક.

રખે ભક્ષણ કરો માખણ; મદ્ય મધુ આમિષતણું,
વિષ હિમ કરહા છાંડી પરહા, દોષમૂલ માટી ઘણું;
પરિહરો સજ્જન રયણીભોજન, પ્રથમ દુર્ગતિ બારણું,
મમ કરો વાળુ અતિ અસૂરું, રવિ ઉદય વિણ પારણું. ૨

ઢાલ.

અથાણું રે, અનંતકાય સવિ નિમીયે,
કાચું ગોરસ રે, માંહે કઠોલ નવિ જિમીયે;
વલી વેંગણ રે, તુચ્છ ફલ સવિ છંડીયે,
આપણપું રે, વ્રત લીધું નવિ ખંડીયે.

ત્રુટક

નવિ ખડીયે સવિ નીમ લેઈ, વેઇ ફળ વ્રતભગનુ,
અજ્ઞાત ફલ બહુ બીજ ભક્ષણ, ચલિતરસ હુયે જેહનુ,
સવર આણી અભક્ષ્ય જતિ, તજે એ બાવીશ એ,
ગુરુ વયણ વિગતે વલિય પ્રીછો, અનંતકાય બત્રીશ એ ૩

ઢાલ.

અનંતી રે, કંદ જાતિ જાણો બહુ,
જમ ભક્ષણ રે, પાતિક બોટયા છે બહુ,
ડચૂરો રે, હલદર નીલી આદુ વલી,
વજ્રસૂરણ રે, કંદ બેહુ કુમલી કલી

ત્રુટક.

જે કલીઅ કુમલી બીજ પાખે, ચાખે ચતુર ન આણવી,
આલૂ પિંડાલૂ થેગ થુહર, શતાવરી લસણકલી,
ગાજર મૂલા ગલો ગિરણી, વિરહાલી ટંક વત્થૂલો,
પલ્યંક સૂરણ બોલ બીલી, મોથ નીલી સાભલો ૪

ઢાલ

વંશકરેલા રે, કુપળ કુંઅલા તરુતણા,
અકુરા રે, લોઢા તે જલપોયણ,
કુંઆરી રે ભમર વૃક્ષની છાલડી,
જે કહીએ રે, લોકે અમૃતવેલડી

ઢાલ.

જુઓ મુનિવર રે, અપ કરતો નવિ જાણીયે,
આધાકર્મી રે, આહાર અસૂજતો આણીયે;
તેહ કેવલી રે, આહાર આણ્યો તે જમે,
મુનિ આગળ રે, દોષ પ્રકાશે નવિ કિમે.

ત્રુટક.

નવિ દોષ ભાખે સાધુ આગલ, સૂત્ર ઉપર મતિ ટલે,
વ્યવહાર રાખે આગમ પાખે, સાધુ મારગથી ચલે;
અટમાસ કુર્માપુત્ર રહીયા, ગૃહસ્થવેશે કેવલી,
યતિવેશ પામી અવનીમાંહે, નમે સુરરાજા વલી. ૨

ઢાલ.

ભરતેશર રે, આરીસામાંહે જોવતાં,
નિજ કાયા રે, અનિત્ય ભાવના ભાવતાં;
ક્ષપકશ્રેણે રે, ચાર કર્મ ચૂરણ કરી,
શુભ ધ્યાને રે, કેવલ લચ્છી તવ વરી.

ત્રુટક.

તવ વરી કેવલ લચ્છી રાજા, ઇંદ્ર ચોશઠ આવ એ,
મનમાં આણંદે કોય ન વંદે, જમે વેશ ન પાવ એ;
મુનિવેશ પહેરી જમ વિચરે, તામ વંદે સુરવરા,
ઉપદેશમાલા વૃત્તિમાંહે, ઇસ્યા દીસે અક્ષરા. ૩

ઢાલ.

તપ કરતો રે, મેમન્નચદ્ર ઋષિ ગય રે,
વેષ દેખી રે, આધ્યા ઉત્તમ કાજ રે,
મોની વર રે, મેતારજ વહોરણ ગયા,
ઋષિ દેખી રે, મોનાર મન આનદ ભયા

ત્રુટક.

મોનાર મન આનદ ભઇલા, સાર આહાર વહોરાવ એ,
તવ જવ ન પામે મન વિમાસે, સાધુને પરિતાપ એ,
પરલોક પહોતો સાધુ દેખી, તામ વેષ અંગીકરે,
ઋષિઘાતકાગી અનાચારી, વેષથી જીવિત ધરે ૪

ઢાલ.

વેષ વદો રે, નિંદો મા મૂરખપણે,
વેષ ગખે રે, ધર્મ યતિનો જિન ભણે,
ગૃહી હુતો રે, સાધુ સમાન ક્રિયા કરે,
વ્યવહારે રે, સાધુપણું જો નવિ કહે

ત્રુટક.

નવિ કહે સાધુપણુ ગૃહીને, પ્રવચનની માખે કરી,
રાજર્ષિ મેલગ થયો ઉસન્નો, શિષ્ય ગયા મવિ પરિહરી,
સાધુ પંચગ કરે વૈયાવચ્ચ, ચોમાસી ખામણ કરે,
શિષ્ય વચને મેલગ વલીયો, ગતુ જાયે અણશન ઉચ્ચરે ૫

ઢાલ.

પ્રતિમામાંહે રે, તીર્થંકરના ગુણ નથી,
જિન પ્રતિમા રે, સદ્દહિયે ધર્મસારથી;
તેમ મુનિના રે, પૂરા ગુણ નવિ પામીયે,
પ્રતિમા પરે રે, વેષ દેખી શિર નામીયે.

ત્રુટક.

પ્રતિમા પેરે વેષ દેખી, હૈયે હરખી વાંદવા,
શ્રાવક સમકિત સ્થિરીકારણ, ગુણ સાધુ તિહાં ભાવવા;
સાધુ સેવ કરતો રાગ ધરતો, કર્મની કરે નિર્જરા,
શ્રી ભદ્રબાહુ ગુરૂ પયંપે, આવશ્યકમાંહે અક્ષરા. ૬

ઢાલ.

ગુરૂ પાંખે રે, દીક્ષા દીધી નવિ હુવે,
ગુરૂ સેવા રે, કરતા સૂત્ર પૂરા લહે;
મુનિ આગલ રે, વીર પ્રકાશે મન રૂલી,
સુણી ગૌતમ રે, સંબંધ અસુચ્ચા કેવલી.

ત્રુટક.

સંબંધ અસુચ્ચા કેવલિનો, વીર ભાંખે એણિપેરે,
અણ સાંભલી જે કેવલ પામ્યો, તેણે દેશના નવિ કરે;
શિષ્યને તે દીક્ષ ન દિયે, કમલ ન રચે સુરવરા,
વ્યવહારે તેહને કાંઈ ન હુવે, ભગવતીમાંહે અક્ષરા. ૭

ઢાલ.

મુક્તાફલ રે, ગુણે ઢગી શોભા લહે
સયમ સ્થાનક રે, સખ્યાતીતા જિન કહે;
જ્ઞાને પૂરો રે, આચારે પૂરો નહિ,
એવા મુનિને રે, પડિત કો નિંદે નહિ

ત્રુટક.

નિંદે નહિ ઋષિ વેષ દેખી, મુનિ વિના શાસન નથી;
એકવીશ સહસ્ર વર્ષ સીમા, ચાલ્યો ધર્મ અકુશથી,
સિદ્ધાતના એ ભાવ દોહિલા, કેવલી વિણ નવિ લહે,
શ્રી હંસભુવન સૂરિંદ બોલે, વીતરાગ એણિ પરે કહે. ૮

મધુબિન્દુની સજ્ઝાય.

ઢાલ.

સરસ્વતી મુજ રે, માતા દ્યો વરદાન રે,
પૂછે ગૌતમ રે, ભાખે શ્રી વર્ધમાન રે,
છાડો ગિરૂઆ રે, વીરૂઆ વિષયનુ ધ્યાન રે,
વિષયારસ રે, છે મધુબિન્દુ સમાન રે ૧

ત્રુટક

મધુબિન્દુ સરિખો વિષય નિરખો, જોઈ પરખો ચિત્તશુ,
નર જન્મ હારો મોહ ધારો, પિંડ ભારો પાપશુ,
કાતર પડીયો નાગ નડીયો, કોઈ દેવાણુપ્પિયો,
વડ વૃક્ષ જડીયો વેગે ચડીયો, રડ રડીયો છપ્પિયો ૨

ઢાલ.

વડ હેઠલ રે, કૂપ અછે અસરાલ રે,
દોય અજગર રે, મગર જિસ્યા વિકરાલ રે;
ચિહું પાસે રે, ચાર ભુજંગમ કાલ રે,
તેહ ઉપર રે, મોટો છે મહુયાલ રે. ૩

ત્રુટક.

મહુયાલ માંખી રગત ચાખી, ચંચુ રાખીને રહી,
ઢંઢોળતો ગજરાજ ધાઇ, પડત વડવાઇ ગ્રહી;
વડવાઈ કાપે ઉંદર આપે, તાપ સંતાપે ગ્રહ્યો,
મધથકી ગલીયો બિન્દુ ઢળીયો, તેણે સુખલીણો રહ્યો. ૪

ઢાલ.

એહ સંકટ રે, છોડણ દેવ દયાલ રે,
દુઃખ હરવા રે, વિદ્યાધર, તતકાલ રે;
ઉદ્ધરવા રે, ધરિયું તાસ વિમાન રે,
એ આવે રે, મધુબિન્દુ કરે સાન રે. ૫

ત્રુટક.

મધુબિન્દુ ચાખે વચન ભાખે, કરે લાલચ લખ વલી,
વાર વાર રાખે સાન પાખે, રહો ક્ષણ એક ઘર રલી;
તસ ખેચર મલીયો વેગ વલીયો, રંક ફલીયો તે નરૂ,
મધુબિન્દુ ચાટે વિષય સાટે, કહ્યો ઉપનય જગગુરૂ. ૬

ઢાલ.

ચોગશી લખ રે, ગતિવાસી કાતા રે,
મિથ્યામતિ રે, ભૂલો ભમે સંસાર રે,
જરા મરણા રે, અવતરણા એ કૂપ રે,
આઠ ખાણી રે, પાણી પગઈ સ્વરૂપ રે ૭

ત્રુટક

આઠ કર્મ ખાણી દોય જણી, તિરિય નિરય અજગરા,
ચારે કષાયા મોહ પાયા, લખકાયા વિષહરા,
દોય પક્ષ ઉંદર મરણ ગયવર, આયુ વડવાઈ વટા,
ચટકા વિયોગા રોગ સોગા, ભોગ ચોગા આમટા ૮

ઢાલ.

વિદ્યાધર રે, સદગુરૂ કરે સંભાલ રે,
તેણે ધરિયુ રે, ધર્મ વિમાન વિશાલ રે,
વિષયારસ રે, ગ્રહોટો છે મહુયાલ રે,
પડખાવે રે, બાલ જોબન વયકાલ રે. ૯

ત્રુટક

બાલ જોબન કાલ તરણી, ચિત્તહરણી નિરખતો,
ધરભાર જુત્તો પકખુત્તો, મદવિગુત્તો પોષતો,
એ નૈન વાણી ચિત્ત આણી, હૃદય જતી જગીયે,
ચરણ પ્રમોદ સુશિષ્ય જ પે, અચલ સુખ ક્રમ માગીયે ૧૦

—*—

મધુબિંદુની સજ્ઝાય.

[દુહા.]

નરક તિરિ નર સુરગતિ, સંસારે નહિ સુખ;
જરામરણને જનમથી, દુઃખીયાને નિત દુઃખ. ૧
રાગદ્વેષ રોગે કરી, વેદન વિષય વિષાદ;
સુખ તો નહિ તસ સુપનમાં, પામે દુઃખ પ્રમાદ. ૨
તે ઉપર દૃષ્ટાંત છે, સાંભળો ચતુરસુજાણ;
મધુબિંદુ માનવતણો, વીરે કીધ વખાણ. ૩

ઢાલ.

[જિન જન્માજી, જિણવેલા જનની ધરે—એ દેશી.]

એક નર કોઈ રે, દારિદ્ર દુઃખ સંતાપીયો,
મુકી દેશને રે, પરદેશે ગયો પાપીયો;
ગામ આગર રે, પાટણ બહુ ભમતો હવે,
ભૂલો પંથથી રે, એક અટવીમાં એહવે. ૧

ચુદકૂ.

શાલ તાલ તમાલ નિંબહ, કૂટજ ન્યગ્રોધ ખેર એ,
સલ્લકી અર્જુન બકુલ અંકોલ, અંબ જંબૂ કેર એ;
વંજૂલ તિલક કદંબ રાયણ, તિણીશે ધવ ને પલાશ એ;
જિહાં સિંહ ચિત્તા ફાળ દેતા; જીવવા શી આશ એ. ૨

ઢાલ.

વાઘ જંબૂક રે, રોઝ શરભ બહુ ભય કરે,
વન લેંસા રે, જુદ્ધ કરે તે પરપરે;
જલચર જીવ રે, પાણી ઉચ્છાળે વેગશું,
તેહ નરને રે, ચિંતા ન માય ઉદ્વેગશું. ૩

ત્રુટક

ભૂખ્યો તરસ્યો ખમે વેદન, શ્વાપદના સુણે નાદ એ,
ઉત્ત્રસ્ત લોચન સ્વેદ ગળતો, કરે બહુ વિખવાદ એ,
દીર્ઘ પથે થાક પામ્યો, વિષમ માર્ગ ખલાય એ,
ઈણિમે ગજવર એક દીઠો, પુઠે આવે ધાય એ ૪

ઢાલ.

મહા દુરત રે, પથી લોકને માગ્તો,
ગાજતો વલી રે, સૂઢથકી કુકાગ્તો,
સુડા દડ રે, ઉચ્ચો કરીને ચાલતો,
ચાલતો નગ રે, દીસે મેઘ જ્યુ મ્હાલતો ૫

ત્રુટક.

તિમહીજ એક રાક્ષસી દેખે, મહા દુષ્ટ કરાલ એ,
મહાકાય વિકરાલ વયણે, નિશિત કર કગ્વાલ એ,
ભીમ અટ્ટહાસ્ય મૂકે, વર્ણ અતિ તમ શ્યામ એ,
દેખી બીનો મરણ ભયથી, જુએ દશ દિશિ ઠામ એ ૬

ઢાલ.

પૂરવ દિશ રે, દેખે વડ એક તામ રે,
ઉદયાચલે રે, શિખર ઉપર અભિરામ રે,
સિદ્ધ ગાધર્વ રે, માગ્ગ રોકયા તાસ રે,
મન ચિંતે રે, કિમહિક જાઉં એ પાસ રે. ૭

ત્રુટક.

ઉગરૂં તો એહ ભયથી, ચડું વડ ઉપરે જઈ,
ઇમ ચિંતવીને શીઘ્ર ચાલ્યેા, પદ ભેદાયે કુશ સુઈ;
પેાહતેા વડને પાસ તવ તે, દેખી મનમાં ચિંતવે,
ગગન ગેાચર નવિ લંઘાયે, કિમ કરૂં એહને હવે. ૮

ઢાલ.

આરેાહી રે, ન શકે હવે તે કેાઇ પરે,
ગજ દેખી રે, તેહનું તન બહુ થરહરે;
ઇમ કરતાં રે, દીઠેા જીરણ એક રે,
કુપક તિહાં રે, ઉંડા તે અતિ છેક રે. ૯

ત્રુટક.

જીવવાની ક્ષણેક આશા, ધરી મરણનેા ભય મને,
નિરાલંબન આત્મ મૂકયેા, નવિ આધાર કેા તિહાં કને;
ભીંતે ઉગ્યેા સરનેા થંભેા, વલગેા તેહને ઉલ્લસી,
પડણાલિયા તે હેઠે ફણિધર, ચાર કેાપ્યા ધસમસી. ૧૦

ઢાલ.

ચાર કાંઠે રે, તેહ રહે કેાપાકુલા,
ફણાટેાપે રે, કરડવાને થયા વ્યાકુલા;
એક અજગર રે, દિગ્ગજ સમ દીસે બરેા,
આંખ રાતી રે, કૃષ્ણ કાય મુખ મેાકરેા. ૧૧

ત્રુટક

ચિતે મનમા એહ થયો, તિહા લગે જીવિત વહુ,
ઉંચે મુખે જવ જોઇયુ તવ, દીહુ તે સુણ્યો સહુ,
એક ધવલ ને એક કૃષ્ણ એ બે, ઉંદર મોટા હવે,
દાઢ તીખી મૂલ છેદે, હસ્તી પણ જુઓ તેહવે ૧૨

ઢાલ

નવિ પહોચે રે, તે નરને હવે હાથીઓ,
ઢઢોલે રે, ડોપે વડ ઉન્માથીઓ,
તિણે હાલ્યો રે, મધપૂડો એક ઉપરે,
મધુ ભમરી રે, ઉડી તે ચિહુ દિશિ સચરે ૧૩

ત્રુટક.

ભમરી સમુહા તાસ ગાત્રે, દીયે ચટકા અતિ ઘણા,
મધુબિન્દુ પડીયો કૂપમા તેણે, ગણુગણાટની નહિ મણા,
એક બિંદુ મધુનો તિહા પડીયો, શીશ ઉપર તાસ એ,
આળોટતો તે ડિમ્ભ આવ્યો, તાસ મુખ આવાસ એ. ૧૪

ઢાલ.

ક્ષણ ઇચ્છે રે, વળી એક બિંદુ આવતો,
પણ ન ગણે રે, દુખ જે એવડા પાવતો,
કરી મુસા રે, અજગર ને વલી સાપ રે,
કુઓ ભમરી રે, એવા ન ગણે સંતાપ રે ૧૫

ત્રુટક.

મધુબિંદુ રસ આસ્વાદ ગિરધર, હરખ પામે બહુ તદા,
સુણો ઉપસંહાર એહનો, મોહઘુમ જાયે કદા;
પુરુષ તે એ જીવ જાણો, ચારગતિ અટવી કહી,
વન વારણ તે કીનાશ જાણો, જરા રાક્ષસણી લહી. ૧૬

ઢાલ.

વડવૃક્ષ તે રે, મોક્ષ અપૂરવ જાણીએ,
મૃત્યુ ગજવર રે, ભય જે થાનક નાણીએ;
વિષયાતુર રે, નર આરોહી નવિ શક્યા,
પાપ થાનક રે, પરિગ્રહમાંહિ જે છક્યા. ૧૭

ત્રુટક.

સર્પ ચાર કષાય સમજો, કુઓ નરભવ જાણીએ,
જે મનુજને એ નાગ કરડ્યા, ઘોર દુઃખ વિષખાણ એ;
કાર્યાકાર્ય ન લહે તે નર, જીવિત સરથ ભો ગણો,
દોય પખ જે બહુલ અજુઁન, તેહ ઉદર સમ ભણો. ૧૮

ઢાલ.

કરડે ભમરી રે, વ્યાધિ વિવિધ બહુ સત્ત રે,
ક્ષણ માત્ર રે, સુખ નવિ લહે કોઈ વત્ત રે;
ઘોર અજગર રે, નરક તે અતિ દુઃખદાય રે;
વિષે મોહિત રે, નરકે ગયાં દુઃખ પાય રે. ૧૯

ગુરુજી.

મધુબિંદુ સમ એ ભોગ જાણો, તુચ્છ ને દારુણ કહે,
એહ વ્યસનમાં કહો કોણ પ્રાણી, ભોગવવાને ઉમહે,
તિણે કારણે કરો ધર્મ માનવ, ભવ તે દુર્લભ નિદુમનો,
ચંચલ વિજલી સમ સમાગમ, સજ્જનમાં જાણો તમો ૨૦

ઢાલ

મધ્યા રાગ રે, સરીખુ જોવન જાણીએ,
કરો આદર રે, ધર્મ સદા સુખ ખાણ એ,
બીજે ખંડ રે, સોલમી ઢાલ સોહામણી,
માનવ ભવ રે, જાણજો જેમ ચિંતામણિ ૨૧

ગુરુજી

ચિંતામણિ સમ ધર્મ કીજે, એહ ઉપનય ભાખલી,
કહે પદ્મ એ દૃષ્ટાંત ભાખ્યો, બીજે પાઠાંતર વલી,
યથાતથ્યથી તેહ જાણો, ઇંદ્રા ચક્રિ પ્રકાર એ,
સિંહ પૂછે હવે ગુરુને, ધર્મ વાત ઉદાર એ ૨૨

સામાયિકના બત્રીશ દોષની સજ્ઝાય.

[ચોપાઇ.]

શુભ ગુરૂ ચરણે નામિ શીશ, સામાયિકના દોષ બત્રીશ;
કહિશું તિહાં મનના દશ દોષ, દુશમન દેખી ધરતો રોષ. ૧
સામાયિક અવિવેકે કરે, અર્થ વિચાર ન હૈડે ધરે;
ભય આણે ચિંતે વ્યાપાર, ફલ સંશય નિયાણા સાર. ૨
ઉદ્વેગ મન વંછે જસ ઘણો, ન ધરે વિનય વડેરાતણો;
હવે વચનના દોષ વિચાર, કુવચન બોલે કરે ટુંકાર. ૩
લે કુંચી જા ઘર ઉઘાડ, મુખ લવરી કરતો વઢવાડ;
કહે આવો જાવો બોલે ગાળ, મોહ કરી હુલરાવે બાળ. ૪
કરે વિકથા ને હસે અપાર, એ દશ દોષ વચનના વાર;
કાયાના હવે દુષણ બાર, ચપલાસન જોવે દિશિ ચાર. ૫
સાવદ્ય કામ કરે સંઘાત, આળસ મોડે ઉંચે હાથ;
પગ લંબે બેસે અવિનીત, ઓહિંગણ લે થાંભો ભીંત. ૬
મેલ ઉતારે બરજ બણાય, પગ ઉપર ચઢાવે પાય;
અતિ ઉઘાડું મેલે અંગ, ઢાંકે તિમ વલી અંગ ઉપાંગ. ૭
નિદ્રાયે રસ ફલ નિગમે, કરહા કંટક તરૂએ ભમે;
એ બત્રીશે દોષ નિવાર, સામાયિક કરજો નરનાર. ૮
સમતા ધ્યાન ઘટા ઉજલી, કેસરી ચોર હુઓ કેવલી;
શ્રી **શુભવીર** વચન પાલતી, સ્વરગે ગઇ **સુલસા** રેવતી. ૯

બીજની સજ્ઝાય.

[પ્રાણી ધરીયે સમકિત રંગ–એ દેશી]

બીજ તણે દિન દાખવુ રે, દુવિધ ધર્મ પ્રકાર,
પંચ મહાવ્રત સાધુને રે, શ્રાવકના વ્રત બાર રે
પ્રાણી ધર્મ કરો સહુ કોય૦ ૧
પ્રાણાતિપાત જેહ કહ્યુ રે, જીવજીવ તે જાણ,
બીજુ મૃષાવાદ જાણીયે રે, મોટુ તેહ વખાણ રે પ્રાણી૦ ૨
જીવજીવ ત્રીજુ વલી રે, નામે અદત્તાદાન,
ચોથુ વ્રત ઘણુ પાલતા રે, જગમા વાધે માન રે પ્રાણી૦ ૩
નવવિધ પરિગ્રહ છાડતા રે, પંચમી ગતિ શુભ ઠામ,
એ વ્રત સુધા પાલતા રે, અણગારી કહ્યો નામ રે પ્રાણી૦ ૪
પાચે વ્રત પાળે સદા રે, સાધુનો એહ આચાર,
પડિક્કમણા બે ટકના રે, રાખે ધર્મશુ પ્યાર રે પ્રાણી૦ ૫
એહવા વ્રત પાળે સદા રે, શ્રધતણે અનુસાર,
આરાધક એહને કહ્યો રે, તે પામે ભવપાર રે પ્રાણી૦ ૬
મિથ્યાત્વે ભૂલેા ભમ્યેા રે, એહ અનાદિનેા જીવ,
સાર ધર્મ નવિ ઓળખ્યેા રે, જેહથી મોક્ષ સદીવ રે પ્રાણી૦ ૭
આરંભ છાડી આતમા રે, સમિતિ ગુપ્તિશુ કર પ્રીત,
આઠે મદ દૂરે ત્યજી રે, કરેા ધર્મ સુવિનીત રે પ્રાણી૦ ૮
પાળેા જિનવર આણને રે, જો ચાહેા શિવરાજ,
શ્રી વિજયરત્ન સૂરીંદના રે, દેવના સર્યા સવિ કાજ રે
પ્રાણી૦ ૯

પાંચમની સજ્ઝાય.

ઢાલ–પહેલી.

શ્રી વાસુપૂજ્ય જિનેસર વયણથી રે, રૂપકુંભ કંચનકુંભ મુનિ દોય;
રોહિણી મંદિર સુંદર આવીયા રે, નમી ભવ પૂછે દંપતી સોય.
ચઉનાણી વયણે દંપતી મોહિયા રે૦ ૧

રાજા રાણી નિજ સુત આઠનો રે, તપફળ નિજ ભવધારી સંબંધ;
વિનય કરી પૂછે મહારાજને રે, ચાર સુતાના ભવ પરબંધ.
ચઉ૦ ૨

રૂપવતી, **શી**યલવતી ને **ગુણ**વતી રે, સરસ્વતી જ્ઞાન કલા ભંડાર;
જનમથી રોગ સોગ દીઠો નહિ રે, કુણ પુન્યે લીધો એ અવતાર.
ચઉ૦ ૩

ઢાલ–બીજી.

[વ્હાલો વસે વિમલાચલે રે–એ દેશી.]

ગુરૂ કહે **વૈતાઢય** ગિરિવરે રે, પુત્રી વિદ્યાધર ચાર;
નિજ આયુ જ્ઞાનીને પૂછીયું રે, કરવા સફલ અવતાર.
અવધારો અમ વિનતિ રે૦ ૧

ગુરૂ મુખથી એક દિવસનું રે, સાંભલીને નિજ આય;
અલ્પ કાલ જાણી કરી રે, ચિંતાતુર મન થાય. અવ૦ ૨
થોડામાં કાર્ય ધર્મનાં રે, કેમ કરીયે મુનિરાજ;
ગુરૂ કહે યોગ અસંખ્ય છે રે, **જ્ઞાન પંચમી** તુમકાજ. અવ૦ ૩
ક્ષણ અરધે સવિ અઘ ટળે રે, શુભ પરિણામે સાધ;
કલ્યાણક નેવું જિનતણા રે, પંચમી દિવસે આરાધ. અવ૦ ૪

ઢાલ-ત્રીજી

[જાહને કહેન્યો માગ બ્હાવાજી રે–એ દેશી]

ચૈત્ર વદિ પાચમ દિને, સુણો પ્રાણીજી રે,
ચવીયા ચંદ્રમભુ શ્વામ, લહી સુખધામ, સુ૦
અજિત સંભવ અનંતજી, સુ૦
સુદિ પચમી શિવધામ, શુભ પરિણામ સુ૦ ૧
વૈશાખ વદિ પચમી દિને, સુ૦
અવ્યમ લીયે કુંથુનાથ, બહુ નર સાથ, સુ૦
જેઠ સુદિ પચમી વાસરે, સુ૦
મુક્તિ પામ્યા ધરમનાથ, શિવપુર સાથ સુ૦ ૨
શ્રાવણ સુદિ પચમી દિને, સુ૦
જન્મ્યા નેમિ સુરગ, અતિ ઉચ્છરગ; સુ૦
માગશર વદિ પચમી દિને, સુ૦
સુવિધિ જન્મ સુખ સગ, પુણ્ય અભગ સુ૦ ૩
કારતિક વદિ પચમી દિને, સુ૦
સંભવ કેવલનાણ, કરે બહુમાન, સુ૦
દશ ક્ષેત્રે નેવું જિનતણા, સુ૦
પચમી દિનના કલ્યાણ, સુખના નિધાન સુ૦ ૪

ઢાલ–ચોથી.

[હાંરે મારે ધર્મ જિણંદશું લાગી પૂરણ પ્રીત જો–એ દેશી.]

હાંરે મારે જ્ઞાની ગુરૂના વયણ સુણી હિતકાર જો,
ચાર વિદ્યાધરી પંચમી વિધિ તે આચરે રે લોલ;
હાંરે મારે શાસન દેવને પંચ જ્ઞાન મનોહાર જો,
ટાળી રે આશાતન દેવવંદન કરે રે લોલ. ૧
હાંરે મારે તપ પૂરણથી ઉજમણાનો ભાવ જો,
એહવે વિદ્યુત યોગે સુરપદવી વર્યા રે લોલ;
હાંરે મારે ધર્મ મનોરથ આળસ તજતાં હોય જો,
ધન્ય તે આતમ અવિલંબે કારજ કર્યાં રે લોલ. ૨
હાંરે મારે દેવથકી તુમ કુખે લિયેા અવતાર જો,
સાંભળ **રોહિણી** જ્ઞાન આરાધન ફલ ઘણાં રે લોલ;
હાંરે મારે ચારે ચતુરા વિનય વિવેક વિચાર જો,
ગુણ કેટલા લખાયે તુમ પુત્રીતણાં રે લોલ. ૩

ઢાલ–પાંચમી.

[એમ કેઈ સિદ્ધિ વર્યા મુનિરાયા–એ દેશી.]

જ્ઞાનીના વયણથી ચારે બેની, જાતિસ્મરણ પામી રે;
જ્ઞાની ગુણવંતા૦
ત્રીજા ભવમાંહે ધારણા કીધી, સિધ્યાં મનનાં કામેા રે. જ્ઞા૦ ૧
શ્રી જિનમંદિર પંચ મનોહર, પંચવરણી જિન પડિમા રે; જ્ઞા૦
જિનવર આગમને અનુસારે, કરે ઉજમણાનો મહિમા રે. જ્ઞા૦ ૨
પંચમી તિથિ આરાધતાં પંચમ, કેવલનાણ તે થાય રે; જ્ઞા૦
વિજયલક્ષ્મીસૂરિ અનુભવ નાણે, સંઘ સકલ સુખદાય રે. જ્ઞા૦ ૩

એકાદશીની સજ્ઝાય.

આજ મારે એકાદશી રે, નણદલ મૌન કરી મુખ રહીયે;
પૂછ્યાનો પડુત્તર પાછો, કેહને કાઈ ન કહીયે આજ૦ ૧
માહરો નણદોઈ તુજને વહાલો, મુજને તારો વીરો,
ધુમાડાના ણાચક ભરતા, હાથ ન આવે હીરો આજ૦ ૨
ઘરનો ધ ધો ઘણો કર્યો પણ, એકે ન આવ્યો આડો,
પરભવ જાતા પાલવ ઝાલે, તે મુજને દેખાડો આજ૦ ૩
માગશર સુદિ અગીઆરશ મોટી, નેવુ જિનના નિરખો,
દોઢસો કલ્યાણક મોહોટા, પોથી જોઇ જોઇ હરખો આજ૦ ૪
સુવ્રત શેઠ થયો શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહીયો,
પાવક પૂર સવળો પરજાલ્યો, તેહનો કાઇ ન દહીયો આજ૦ ૫
આઠ પહોર પોસહ તે કરીયે, ધ્યાન પ્રભુનુ ધરીયે,
મન વચ કાયા ને વશ કરીયે, તો ભવસાયર તરીયે આજ૦ ૬
ઇર્યાસમિતિ ભાષા ન બોલે, આડુ અવળુ પેખે,
પડિક્કમણાશુ પ્રેમ ન રાખે, કહો કેમ લાગે લેખે આજ૦ ૭
કર ઉપર તો માળા ફરતી, જીવ ફરે વનમાંહિ,
ચિત્તડુ તો ચિહુદિશિ ડોલે, ધણે ભજને સુખ નાહિ આજ૦ ૮
પોષધશાળે ભેગા થઇને, ચાર કથા વલી સાધે,
કાઇક પાપ મિટાવણ આવે, ણારગણુ વલી ણાધે આજ૦ ૯
એક ઉઠતી આણમ મોડે, બીજી ઉઘે બેડી,
નદીયોમાથી કાઇક નિસરતી, જઈ દરિયામા પેઠી આજ૦ ૧૦
આઈ ણાઇ નણદ ભોજાઈ, ન્હાની મોહોટી વહૂને,
સાસુ સહિયર મા ને માશી, શિખામણ છે સહુને આજ૦ ૧૧
ઉદયરતન વાચક ઉપદેશે, જે નરનારી ગ્રહેશે,
પોસહમાહે પ્રેમ ધરીને, અવિચલ લીલા લહેશે આજ૦ ૧૨

સોદાગરની સજ્ઝાય.

[લાવો લાવોને રાજ મોંઘા મૂલા મોતી–એ દેશી.]

સુણ સોદાગર બે, દિલકી બાત હમેરી૦

તેં સોદાગર દૂર વિદેશી, સોદા કરનકું આયા;
મોસમ આયે માલ સવાયા, રતનપુરીમાં ઠાયા. સુ૦ ૧
તિનું દલાલકું હર સમઝાયા, જિનસેં બહોત ન ફાયા;
પાંચું દીવાનું પાઉં જડાયા, એકકું ચોકી બિઠાયા. સુ૦ ૨
નફા દેખકર માલ બિહરણાં, ચૂઆ કટે ન યું ધરના;
દોનું દગાણાજી દૂર કરના, દીયકી જ્યોતિ ફિરના. સુ૦ ૩
ઓર દિન વલી મહેલમાં રહના, બંદરકું ન હિલાના;
દશ સહેરસે દોસ્તિહિં કરના, ઉનસે ચિત્ત મિલાના. સુ૦ ૪
જનહર તજના જિનવર ભજના, ભજના જિનકું દલાઈ;
નવસર હાર ગલેમેં રખનાં, જખના લખકી કટાઈ. સુ૦ ૫
શિરપર મુગટ ચમર ઢોળાઈ, ચમ ઘર રંગ વધાઈ;
શ્રી **શુભ વીર** વિજય ઘર જાઈ, હોત સતાણી સગાઈ. સુ૦ ૬

કઠીયારાની સજ્ઝાય.

[ભાવીજે રે, સમકિત જેહથી રૂઅડું–એ દેશી.]

ઢાલ.

વીર જિનવર રે, ગૌતમ ગણધરને કહે,
ગુરૂ વાણી રે, પુણ્યવંત પ્રાણી સદ્દહે;
કઠીયારો રે, પરદેશી દુર બોધ એ,
તે તો નિશ્ચય રે, નવિ પામે પ્રતિબોધ એ.

ઉથલો

પ્રતિબોધ નિશ્ચય નવિ પામે, જીવ તે દુર્બોધ એ,
ઘન કર્મ ભર્મ જોગે જડને, ધર્મ માથે વિરોધ એ,
તવ કહે **ગૌતમસ્વામી** કર સ-પુટ કરી મનોહાર એ,
દૃષ્ટાંત કઠિયારા તણો મુજ, કહો જગદાધાર એ ૧

ઢાલ

તવ જપે રે, ચરમ જિનેસર તેહ ભણી,
સુણ ઉત્તમ રે, ગૌતમ ગોત્ર તણા ધણી,
કઠીયારો રે, કોઈ એક પૂર રહે,
તે તો અનુદિન રે મૂલી લેવા વન વહે

ઉથલો.

વન વહે ઈંધણ કાજ એક દિન, ગિરિ ગહવરમા ગયો,
અતિ સરલ મુદ્ર તરુ નિહાલી, હૈડામા હરખિત થયો,
તે તુરત છેદ્યો મૂલ અણુતા, નીકળી એક માટલી,
વર પાચ રત્ન જડિત અદ્‌ભુત, જાતિ રૂપ તણી ભલી ૨

ઢાલ.

શિર મૂલી રે, વામે તે માટલી ધરી,
ઘરે આવતા રે, વૃષ્ટિ થઇ અતિ આકરી,
મૂલી વેચી રે, ન શકયો તે ઘરમા ઠવી,
ખોળ ખાવા રે, આવ્યો દીનપણું ચવી

ઉથલો.

ચવી દીનપણું મૂરખ વિપણુથી, ઉછીનો ખોળ આણીયે,
કનક માટલી માંહે ઘાલી, રાંધે મૂરખ પ્રાણીયે;
મૂલી કેરા ખંડ કાપી, અગ્નિમાં ક્ષણ ક્ષણ ધરે,
તેહતણા પરિમલ અતિ અનર્ગલ, સઘળ સઘળે વિસ્તરે. ૩

ઢાલ.

એહવે એક રે, ધનદ સમ અવતારીયે,
ઈણ વખતે રે, તેહ પંથે વ્યવહારીયે;
જાતાં થકાં રે, ગંધ ઘણો તસ આવીયે,
મન ભીંતર રે, ભારે વિસ્મય પામીયે.

ઉથલો.

પામીયે તે ગંધ કયાંથી, ભાવના ચંદનતણો,
એહવો ઉદાર છે કવણ ભોગી, દ્રવ્ય એમ કેહને ઘણો;
તે ગંધને અનુસાર આવે, ગેહ કઠીયારા તણે,
વગર વિચાર્યું કાર્ય દેખી, શેઠ શિખામણ ભણે. ૪

ઢાલ.

અરે મૂરખ રે, મમ કર તું અકાજ રે,
કાંઈ બાળે રે, ભાવના ચંદન આજ રે;
તુને આપું રે, તોલી કનક બરોબરે,
સુખ ભોગવ રે, ભામિની સુંદર મંદિરે.

ઉથલો.

મદિર સુદર જ્યુ પુરદર, કરે વિનોદ વિલાસ રે,
એ રયણ ફુડા જાળવે તો, પૂરવુ તુજ આશ રે,
મૂર્ખ સમજે નહિ અકિંચન, રયણ વિણુસાડે જડો,
મન ખેદ ધરતો ઘર સિધાવે, શેઠ એહ ઉપનય વડો ૫

ઢાલ

ભવ પાટણ રે, વિસ્તર ભૂમિ વખાણીયે,
મતિ જાડી રે, જીવ કખાડી જાણીયે,
ફડી કાયા રે, કનકતણી એ માટલી,
પાચ ઇદ્રિય રે, જ્યોતિ રત્ન ઉપર વલી.

ઉથલો.

ઉપર વલી રૂચિ રત્ન ઢેરી, વિષય ખોળ અસાર એ,
તેહતણે કાજે આયુ ચદન, દહે મૂઢ ગમાર એ,
નિજ કાય ઇદ્રિય કનક રયણ, કાન્તિ સકલ કરે વૃથા,
એ વાત જગ વિસ્તાર પામી, તેલ જલમાહે યથા ૬

ઢાલ

શેઠ સદ્‌ગુરૂ રે, પ્રીતિ ધરે પ્રતિબોધવા,
ઉપગારી રે, દિયે ઉપદેશ તે નવનવા,
નવિ બુઝે રે, ભારેકર્મી જીવડો,
જાતિ અધા રે, શુ કરે તસ દીવડો

ઉથલો.

દીવડો શું કરે સદ્‌ગુરૂ, વિષય અંધા જે જના,
એ કળા સારી ગુરૂ કેરી, વૃથા નિર્મલ દલ વિના;
એહ સુણી ઉપનય વિષય વિષસમ, વિષય ખોળ સવિ વામીયે,
ગુણવિજય અધિપતિ વીર જંપે, પરમ પદવી પામીયે. ૭

મનુષ્યભવની દુર્લભતા વિષે સજ્ઝાય.

પૂરવ પુન્ય ઉદય કરી ચેતન, નીકા નરભવ પાયા રે—

એ આંકણી૦

દીનાનાથ દયાળ દયાનિધિ, દુર્લભ અધિક બતાયા રે;
દશ દ્રષ્ટાંતે દોહિલા જાકું, ઉત્તરાધ્યયને ગાયા રે. પૂ૦ ૧
અવસર પાય વિષય રસ રાચત, તે તો મૂઢ કહાયા રે;
કાગ ઉડાવણ કાજ વિપ્ર જિમ, ડાર મણિ પસ્તાયા રે. પૂ૦ ૨
નદી ઘોળ પાષાણ ન્યાય કર, અર્ધ વાટ તું આયા રે;
અર્ધ સુગમ આગલ રહી તિનકું, જિન કછુ મોહ ઘટાયા રે. પૂ૦ ૩
ચેતન ! ચાર ગતિમાં નિશ્ચે, મોક્ષ દ્વાર એ કાયા રે;
કરત કામના સુરપતિ યાકી, જિનકું અનર્ગલ માયા રે. પૂ૦ ૪
રોહણગિરિ જિમ રતન ખાણ તિમ, ગુણ સહુ યામેં સમાયા રે;
મહિમા મુખથી વર્ણંત જાકી, સુરપતિ મન શંકાયા રે. પૂ૦ ૫
કલ્પવૃક્ષસમ સંયમ કેરી, અતિ શીતલ જિહાં છાયા રે;
ચરણ કરણ ગુણધાર મહામુનિ, મધુકર મન લોભાયા રે. પૂ૦ ૬
યા તન ણિન તિહું કાલ કહો કિણે, સાચા સુખ નિપજાયા રે;
અવસર પાય ન ચૂક **ચિદાનંદ**, સદ્‌ગુરૂ યોં દરસાયા રે. પૂ૦ ૭

વિષયવાસના ત્યાગ કરવા વિષે સજ્ઝાય

વિષયવાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાગો રે—

એ આકણી૦

તપ જપ સંયમ દાનાદિક બહુ, ગિનતિ એક ન આવે રે,
ઇંદ્રિય સુખમા જ્યા લગે એ મન, વક્ર તુરંગ સમ ધાવે રે વિ૦ ૧
એક એકકે કારણ ચેતન, બહુત બહુત દુઃખ પાવે રે,
તે તો પ્રગટપણે જગદીશ્વર, ઈણવિધ ભાવ લખાવે રે. વિ૦ ૨
મન્મથ વશ માતંગ જગતમે, પરવશતા દુઃખ પાવે રે,
રસના લુબ્ધ હોય ઝષ મૂરખ; જાળ પડ્યો પસ્તાવે રે વિ૦ ૩
ઘ્રાણ સુવાસ કાજ સુન ભમંગ, સપુટ માહે બંધાવે રે,
તે એકાજ સપુટ સયુત કુન, કરીકે મુખ જાવે રે વિ૦ ૪
રૂપ મનોહર દેખી પતંગા, પડત દીપમા જાઇ રે,
દેખો યાકો દુઃખ કારનમે, નયન ભયે હે મહાઠ રે વિ૦ ૫
શ્રોત્રેંદ્રિય આસક્ત મિરગલા, જિનમે શિર કટાવે રે,
એક એક આસક્ત જીવ ઈમ, નાના વિધ દુઃખ પાવે રે વિ૦ ૬
પંચ પ્રબલ વર્તે નિત જાકુ, તાકી ગતિ કયા કહીયે રે,
ચિદાનંદ એ વચન સુણીને, નિજ સ્વભાવમા રહીયે રે વિ૦ ૭

વિષય નિવારક સજ્ઝાય.

મયગલ માતો રે વનમાહિ વસે, કરતો કેલિ કલ્લોલ,
કૃત્રિમ કરિણી રે રાગે મોહિયો, બંધ પડ્યો કરે રોલ ૧
લોલીડા હંસા રે વિષય ન રાચીયે, વિષય વિકાર વિણાસ,
વિષય વિડંબ્યા રે ભવે ભવે દુઃખ બહુ,
વિષય વિના સુખવાસ લો૦ ૨

દીપક દેખી રે સોવન સારીખો, રૂપે મોહ્યો પતંગ;
અગનિની જ્વાલા મનમાંહિ ન ચિંતવે,
હોમે આપણું અંગ. ભો૦ ૩

ભમર વિલુબ્ધો રે વિકસિત કમલિની, લેવા પરિમલ ભોગ;
કમલ મિલંતે રે ભીતર ભીડીયો,
ન લહે નીકસન યોગ. ભો૦ ૪

હરણી સરિસો હરખ્યો હરિણલો, વેધ્યો નાદે રે પ્રાણ;
ઠાણ વિહુણો રે તૃણ જલ ચૂકવ્યો,
હણીયો પારધી બાણ. ભો૦ ૫

જલચર જલમાં જીવન ભોગવે, જુઓ જુઓ વિષય જંજાલ;
રસના વશ તે રે પડીયો માછલો,
બાંધ્યો ધીવર જાલ. ભો૦ ૬

પંચ વિષય સુખ જે નર જીપશે, જે વલી જીપશે રાગ;
તે નર થોડા દિનમાંહિ સહી, તે થાશે વીતરાગ. ભો૦ ૭

મોહ નિવારક સજ્ઝાય.

[પુષ્પશેખરની વિનયે જ્યો રે–એ દેશી.]

મોહ તણે જોરે કરી રે, મતિ મુંઝાઈ જાય;
ધર્માધર્મ ન ઓળખે રે, જ્ઞાનનો ઉદય ન થાય.
આતમજી મેલોને મોહનો પાસ,
જિમ લહો મુગતિનો વાસ. આ૦ ૧

પરને પરવેશે કરી રે, વિણસે જિમ ઘરવાસ;
મોહને ઘટમાં રાખતાં રે, તિમ કરે ધર્મનો નાશ. આ૦ ૨

નીચ માણસની સંગતે રે, ગુણવંતના ગુણ જાય,
મોહશું મનડું મેલતા રે, તિમ નિજ ગુણ ઢંકાય આ૦ ૩
મોહ વિલુદ્ધા માનવી રે, શાસ્ત્રે કહ્યા તે અંધ,
જગમાંહે જોતા વલી રે, મોટો મોહનો બંધ આ૦ ૪
ગૌતમ સરિખા મહાયતિ રે, ભવભવંત સુજાણ,
મોહની કર્મ વિપાકથી રે, ન લહ્યા કેવલ નાણ આ૦ ૫
મોહે દેવગુરૂ ધર્મનો રે, સૂઝે નિર્ણય ન થાય,
ખોટે મન ખુચી રહે રે, સાચે ન રાચે પ્રાય આ૦ ૬
જેમ મદીરા પાને કરી રે, ન રહે મનની શુદ્ધિ,
તેમ મહામોહના યોગથી રે, ન રહે ધર્મની બુદ્ધિ આ૦ ૭
ઘટતા ઘટતું જાણે નહિ રે, મિથ્યાત્વનું એ મૂલ,
દુઃખદાયક દોષી પરે રે, સુખમાં ઉપાવે શૂલ આ૦ ૮
ધર્મભણી જાતા વલી રે, વચમાં પાડે વાટ,
રોકી રાખે જીવને રે, જાતા મુગતિને ઘાટ આ૦ ૯
ધન ધન શ્રી જિનરાજને રે, જેહ થયા વીતરાગ,
મોહની કર્મને જીતીને રે, પામ્યા શિવ સોભાગ આ૦ ૧૦
ઉદયરતન ઉપદેશથી રે, બુઝો આતમરામ,
શ્રી જિનધર્મ પસાયથી રે, પામો ઉત્તમ ઠામ આ૦ ૧૧

સાત વ્યસન નિવારક સજ્ઝાય.

[કડખાની દેશી.]

વાર તું વાર તું વ્યસન સમકમિદં,
જીવ તું જોય મનમાં વિચારી;
દ્યૂત માંસં સુરા વારવનિતા વલી,
ચોરી મૃગયા પરકીય નારી. વાર૦ ૧
રૂપવંતી બહુ ગુણયુતા કુલવતી,
સુતવતી નિજ પતિ પ્રેમે લીધી;
એહવા દ્યૂતના વ્યસનથી નિજવશા,
પરવશા તોય સા **નલે** કીધી. વાર૦ ૨
માંસના વ્યસનથી વનમાંહિ હરિણલી,
બાણે વેધી પરાક્રમ વખાણે;
શ્રેણિક નરપતિ શ્રમણપતિ ભક્તિ યુત,
નરકે ગયો તે સહુ લોક જાણે. વાર૦ ૩
દ્વારિકા દ્વારિકા સ્વર્ગ નગરીતણી,
વાસિતા યાદવપતિ **મુરારિ**;
વિસ્તૃતા બાર યોજન ઘને પૂરિતા,
ચૂરિતા તેહ દ્વૈપાયનારિ.
એ સુરાપાનનો જુઓ વિકાર–વાર૦ ૪
નયર **વસંત** વસંત બંધવ સમો,
વસતિ **ધમ્મિલ** જસ દ્રવિણ કોડી;
સકલ નિજગેહ સુખ છોડી વેશ્યાતણી,
સંગતે પામીયો દુઃખ કોડી. વાર૦ ૫

ચોગ્ગિકા વ્યસનથી દુઃખ દુર્ગતિતણા,
ભાજના તે જના ભવનમાહિ,
ચોગ્ગ મહુક હરિચિત્તક પ્રમુખને,
રાજદંડાદિ દુખ નરક પ્રાહિ વા૦ ૬
દુખનુ ધર થયો જેહ મૃગયાથકી,
રાઘવો વનમાહિ મેલી સીતા,
હરણને મારવા નિજબળા હારવા,
રાવણે તેહ નિજ નયરી નીતા
લપટી રાવણે લીધી સીતા—વા૦ ૭
વાસુદેવાર્દ્ધ સમ ઋદ્ધિ જેના યુતો,
જસ મહીમાહિ મહિમા વિગજે,
પ્રબલ લંકાધિનાથો પરસ્ત્રીથકી,
નાસ્કી તત્ર અદ્યાપિ ગાજે વા૦ ૮
એમ અનેકે થયા એક વ્યસનથકી,
દુખ સંતતિતણા તત નિકેત,
જેહને સાત વ્યસન હોય મોકળા,
તે લહે દુખ કહેવાય કેતુ.
તે લહે દુખ વલી મેરૂ જેતુ—વા૦ ૯
એમ જાણી કરી વ્યસનને વારીયે,
ધારીયે ધર્મ વર ધન્ય નેહા,
સમયે ધીર ગુરૂ ચરણ આરાહિયે,
નય કહે જિમ લહો સુખ સમુહા વા૦ ૧૦

—❀—

હિત શિખામણની સજ્ઝાય.

[સંભવ જિનવર વિનંતિ–એ દેશી.]

જોય જતન કરી જીવડા, આયુ ઉજાણું જાય રે;
લે લાહો લખમીતણો, પછે કાંઈ નવિ થાય રે. જો૦ ૧
દુલ્લહો ભવ માણસતણો, દુલ્લહો દેહ નિરોગો રે;
દુલ્લહી દયા ધર્મ વાસના, દુલ્લહો સુગુરૂ સંયોગો રે. જો૦ ૨
દિન ઉગે દિન આથમે, ન વલે કોઈ દિન પાછો રે;
અવસર કાજ ન કીધલું, તો મનમાંહિ પસ્તાશો રે. જો૦ ૩
લોભ લગે લખ વંચીયા, તેં પરધન હરી લીધા રે;
કેડે ન આવે કોઇને, કેડે કરમ રહ્યાં કીધાં રે. જો૦ ૪
માતા ઉદર ઉંધો રહ્યો, કોડિ ગમે દુઃખ દીઠાં રે;
યોનિ જનમ દુઃખ જે હુવે, તે તુઝ લાગે છે મીઠાં રે. જો૦ ૫
હૈ હૈ ભવ એળે ગયો, એકે અરથ ન સાધ્યો રે;
સદ્‌ગુરૂ શિખ સુણી ઘણી, તો પણ સંવેગ ન વાધ્યો રે. જો૦ ૬
માન મને કોઇ મત કરો, જમ જીત્યો નહિ કેણે રે;
સુકૃત કાજ ન કીધલું, એ ભવ હાર્યો છે તેણે રે. જો૦ ૭
જપ જગદીશના નામને, કાંઈ નચિંતો તું સૂવે રે;
કાજ કરે અવસર લહી, સવિ દિન સરખા ન હોવે રે. જો૦ ૮
જગ જાતો જાણી કરી, તિમ એક દિન તુઝ જાવો રે;
કર કરવો જે તુઝ હવે, પછી હોશે પસ્તાવો રે. જો૦ ૯
તિથિ પરવે તપ નવિ કર્યો, કેવલ કાયા તેં પોષી રે;
પરભવ જાતાં જીવને, સંબલ વિણ કેમ હોશી રે. જો૦ ૧૦
સુણ પ્રાણી ! પ્રેમે કહી, લબ્ધિ લહી જિનવાણી રે;
સંબલ સાથે સંગ્રહો, ઈમ કહે કેવલનાણી રે. જો૦ ૧૧

વૈરાગ્યની સજ્ઝાય.

ઉંચા મંદિર માળીયા, સોડ વાળીને સૂતો,
કાહડો કાહડો એને સહુ કહે, જાણે જનમ્યોજ નહોતો ૧
એક રે દિવસ એવો આવશે, મન સળગોજી સાલે,
મંત્રી મલ્યા મંવિ કારમા, તેનુ કાંઈ ન ચાલે એક રે૦ ૨
માવ સોનાના રે માકલા, પહેરણ નવ નવા વાધા,
ધોળુ રે વસ્ત્ર એના કર્મનુ, તે તો શોધવા લાગા એક રે૦ ૩
ચડ ચઢાઈઆ અતિ ઘણા, બીજાનુ નહિ લેખુ,
ખોખરી હાડી એના કર્મની, તે તો આગલ દેખુ એક રે૦ ૪
કેના છોરૂ ને કેના વાછરૂ, કેના માય ને બાપ,
અંત કાલે જાવુ જીવને એકલુ, સાથે પુણ્ય ને પાપ એક રે૦ ૫
સગી રે નારી એની કામિની, ઉભી ટગમગ જુવે,
તેનુ પણ કાંઇ ચાલે નહિ, બેઠી ઝૂસડે રૂવે એક રે૦ ૬
વાહલા તે વાહલા શુ કરો, વાહલા વેળાવી વળશે,
વાહલા તે વનના લાકડા, તે તો સાથેજી બળશે એક રે૦ ૭
નહિ ત્રાપો નહિ તુળડી, નથી તગવાનો આરો,
ઉદયરતન પ્રભુ ધંમ ભણે, મને પાર ઉતારો. એક રે૦ ૮

વૈરાગ્યની સજ્ઝાય.

[પાપ સ્થાનક કહે સાતમું શ્રી જિનરાજ એ–એ દેશી.]

એ સંસાર અસાર, સ્વરૂપ દીસે ઇસ્યો,
ખિણ પલટાયે રંગ, પતંગ તણો જિસ્યો;
બાજીગરની બાજી, જિમ જૂઠી સહી,
તિમ સંસારની માયા, એ સાચી નહિ. ૧
જિમ ગગને હરિચાપ, પલક એક પેખિયે,
ક્ષણમાંહિ વિસરાલ, પછે નવિ દેખિયે;
તિમ એ જોબન રૂપ, સકલ ચંચલ અછે,
ચટકો છે દિનં ચાર, વિરંગ હોવે પછે. ૨
દેખંતાં કિંપાક–તણા ફલ ફુટરાં,
ખાતાં સરસ સવાદ, અંતે જીવિતહરાં;
તિમ યુવતિ તનુ ભોગ, તરત સુખ ઉપજે,
આખર તાસ વિપાક, કટુક રસ નીપજે. ૩
જિમ કોઇક નર રાજ, લિયે સુપના વશે,
હય હાથી ગઢ મંદિર, દેખી ઉલ્લસે;
જબ જાગે તબ આપ, રહે તિહાં એકલો,
એહવો ગરથનો ગારવ, તિલ પણ નહિ ભલો. ૪
એ સંસાર અસાર, **શિવા સુત** ઓલખી,
રાજ રમણી ઋદ્ધિ છોડી, થયા પોતે ઋષિ;
કર્મ ખપાવી આપ, ગયા શિવમંદિરે,
દાનવિજય પ્રભુ નામથી, ભવસાયર તરે. ૫

કારમી કાયાની સજ્ઝાય.

[મન મોહન મેરે–એ દેશી]

કાયા ધની છે કારમી રે, પ્રભુ દિલમાં ધરીયે,
કાઈ અમર નહિ અવતાર રે, પ્ર૦
ગયેા અવસર આવે નહિ રે, પ્ર૦
ણાધેા પાણી પેલી પાળ રે પ્રભુ૦ ૧
સાયર શ્રોતાવરતમા રે, પ્ર૦
માહે પડિયેા છે મૂઢ ગમાર રે, પ્ર૦ ,
ખેાટા મલ્યા છે ણાડુઆ રે, પ્ર૦
કેમ ઉતારે ભવ પાર રે પ્ર૦ ૨
કાળા ફિટી ધેાળા થયા રે, પ્ર૦
તેાહે મેાહના મેાજ ણાય રે, પ્ર૦
બુઢાપણુ ણાલાપણુ રે, પ્ર૦
કેણવતા ગુણ વિઘટાય રે પ્ર૦ ૩
કેના છેાડ કેની દામિની રે, પ્ર૦
કહેા કેના માય ને ણાપ રે, પ્ર૦
અતે જવુ જીવ એકલા રે, પ્ર૦
સાથે આવશે પુન્ય ને પાપ રે પ્ર૦ ૪
ધ્યાન ધરેા ણણીયાતણુ રે, પ્ર૦
કાંઈ ણણીયા તે અન્હા દેવ રે, પ્ર૦
આગીમા ભુવનમા કેવલી રે, પ્ર૦
રૂડા ભગ્ત ભૂપતિ તતખેવ રે પ્ર૦ ૫
દેવ પરીક્ષાએ વ્રત ધરે રે, પ્ર૦
ચક્રવર્તી સનતકુમાર રે, પ્ર૦
[1]ભૂનદન કેવલ લહે રે, પ્ર૦
શુભવીર જિણુદ દયાલ રે પ્ર૦ ૬

૧–ગૌતમસ્વામી

આઠમદની સજ્ઝાય.

મદ આઠ મહામુનિ વારીયે, જે દુર્ગતિના દાતારો રે;
શ્રી **વીર** જિનેસર ઉપદિશે, ભાંખે **સોહમ** ગણધારો રે. મદ૦ ૧
હાંજી જાતિનો મદ પહેલો કહ્યો, પૂરવે **હરિકેશી**એ કીધો રે;
ચંડાલતણે કુલ ઉપન્યો, તપથી સવિ કારજ સીધો રે. મદ૦ ૨
હાંજી કુલમદ બીજે દાખીયે, **મરિચિ** ભવે કીધો પ્રાણી રે;
કોડાકોડી સાગર ભવમાં ભમ્યો, મદ મ કરો ઇમ મન જાણી રે. મદ૦ ૩
હાંજી બલ મદથી દુઃખ પામીયા, **શ્રેણિક વસુભૂતિ** જીવો રે;
જઇ ભોગવે દુઃખ નરકતણાં, મુખ પાડંતા નિત રીવો રે. મદ૦ ૪
હાંજી **સનતકુમાર** નરેસરૂ, સુર આગળ રૂપ વખાણ્યું રે;
રોમ રોમ કાયા બિગડી ગઈ, મદ ચોથાનું એ ટાણું રે. મદ૦ ૫
હાંજી મુનિવર સંજમ પાળતાં, તપનો મદ મનમાં આયો રે;
થયા **કૂરગડુ** ઋષિ રાજીયા, પામ્યા તપનો અંતરાયો રે. મદ૦ ૬
હાંજી દેશ **દશારણનો** ધણી, રાય **દશાર્ણભદ્ર** અભિમાની રે;
ઇંદ્રની ઋદ્ધિ દેખી ભૂલીયો, સંસાર તજી થયો જ્ઞાની રે. મદ૦ ૭
હાંજી **સ્થૂલભદ્રે** વિદ્યાનો કીધો, મદ સાતમો જે દુઃખદાયી રે;
શ્રુત પૂરણ અર્થ ન પામીયા, જુઓ માનતણી અધિકાઇ રે. મદ૦ ૮
રાય **સુભૂમ** ષટખંડનો ધણી, લાભનો મદ કીધો અપાર રે;
હય ગય રથ સવિ સાયર ગયું, ગયો સાતમી નરક મોઝાર રે. મદ૦ ૯
ઇમ તન ધન જોબન રાજનો, મ ધરો મનમાં અહંકારો રે;
એ અથિર અસત્ય સવિ કારમું, ક્ષણમાં વિણસે બહુ વારો રે. મદ૦ ૧૦
મદ આઠ નિવારો વ્રતધારી, પાળો સંયમ સુખકારી રે;
કહે **માનવિજય** તે પામશે, અવિચલ પદવી નરનારી રે. મદ૦ ૧૧

ક્રોધની સજ્ઝાય.

[આભણજો મુનિ સજ્જન ગમે–એ દેશી]

ક્રોધ ન કરીયે ભોળા પ્રાણી ! ક્રોધે દુરગતિ જાણી રે,
ક્રોધે તપ જપ હોવે હાણી, એમ વદે જિન વાણી રે ક્રો૦ ૧
ક્રોધે દૂર શિવ પટરાણી, જાયે જેમ રીસાણી રે,
ક્રોધ ચંડાલતણી નીશાણી, કાયાલતા કુમલાણી રે ક્રો૦ ૨
ક્રોધે નવલા વેર બંધાયે, પ્રેમ પૂરવલો જાયે રે,
ક્રોધે નવલી પ્રીતિ ન થાયે, ક્રોધે આપ મરાયે રે ક્રો૦ ૩
આપ તપે પરને સંતાપે, જે નર ક્રોધે વ્યાપે રે,
ક્રોધે નર નારીને સતાપે, પિંડ ભરાયે પાપે રે ક્રો૦ ૪
ક્રોધે લજ્જાતત્વને તોડે, પુન્ય તરૂ સાખ મરોડે રે,
સદ્‌ગતિકેરા સુખ સકોડે, દુર્ગતિસામો દોડે રે ક્રો૦ ૫
માતપિતા સુત બાંધવ છોડે, ક્રોધે મુછ મરોડે રે,
ગાત્ર દંડે દૈવ વખોડે, અપજસના ફલ જોડે રે ક્રો૦ ૬
ક્રોધે અવલા કાજ વિણસે, પરના મરમ પ્રકાશે રે,
સજ્જન તે પણ અલગા નાસે, કોઈ ન રાખે પાસે રે ક્રો૦ ૭
આતમ ગિણ સુખડલી આ છે, જો તુ શિવપુર વાછે રે,
પરની નિંદા ટાળુમે કા છે, મિચ્છામિ દુક્કડ તો છે રે. ક્રો૦ ૮
શ્રી જિન આગમને અભ્યાસે, ભાવસાગર ઇમ ભાસે રે,
ધર્મ કરો મનને ઉલ્લાસે, ઉપશમ આણી પાસે રે ક્રો૦ ૯



માનની સજ્ઝાય.

[બીજી અશરણ ભાવના–એ દેશી.]

માન ન કરશો રે માનવી, કાચી કાયાનો શો ગર્વ રે;
સુરનર કિન્નર રાજીયા, અંતે મરી ગયા સર્વ રે. માન૦
માને જ્ઞાન વિનાશ રે, માને અપયશ વાસ રે;
માને કેવલ નાશ રે. માન૦ ૧
સોના વર્ણી રે ચહે બળે, રૂપા વર્ણી ધુંવાસ રે;
કુમકુમ વર્ણી રે દેહડી, અગ્નિ પ્રજાળી કરે છાર રે. માન૦ ૨
જે નર શિર કસી બાંધતાં, સાલુ કસણીના પાધ રે;
તે નર પોઢ્યા રે પાધરા, ચાંચ મારે શિર કાગ રે. માન૦ ૩
કેઇ ચાલ્યા કેઇ ચાલશે, કેતા ચાલણહાર રે;
મારગ વહે રે ઉતાવળો, ભૂલ જરા ન લગાર રે. માન૦ ૪
અંત રે પ્રાણુનો આવશે, ન જુએ વાર કુવાર રે;
ભદ્રા ભરણી ને યોગણી, શનિ સોમ વળી કાળ રે. માન૦ ૫
જે વ્હાલાં વિણ એક ઘડી, સોહતો નહિ લગાર રે;
તે વિના જનમારા વહી ગયાં, નહિ શુદ્ધિ સમાચાર રે. માન૦ ૬
જે નર ગાજી રે બોલતાં, વાવરતા મુખ પાન રે;
તે નર અગ્નિમાં પોઢીયા, કાયા કાજલ વાન રે. માન૦ ૭
ચીર પીતાંબર પહેરતાં, કંઠે કનકનો હાર રે;
તે નર કાલે માટી થયા, જો જો અથિર સંસાર રે. માન૦ ૮
જે શિર છત્ર ઢળાવતા, ચઢતા હાથીને બંધ રે;
તે નર અંતે રે લઈ ગયા, દેઇ દોરડાના બંધ રે. માન૦ ૯
કોડિ મણુની શિલા કર ગ્રહી, ગિરધર કહાવે નામ રે;
તરસે તરફડે **ઋષભો**, નહિ કોઈ પાણી પાનાર રે. માન૦ ૧૦

ચોસઠ મહમ અતેઉરી, પાયક છન્નુ કરોડ રે,
તે નર અતે રે એકલો, સૂતો ચીવર ઓઢ રે માન૦ ૧૧
જે જિહા તે તિહા રહ્યો, પાપ ને પુન્ય બે સાથ રે,
એહ સ્વરૂપને દેખીને, પુન્ય કરો નિજ હાથ રે માન૦ ૧૨
જે નર હસી હસી બોલતા, કરતા ભોજન સાર રે,
તે નર અતે માટી થયા, ઘડતા પાત્ર કુભાર રે માન૦ ૧૩
ચપા વરણી રે દેહડી, કદલી કોમલ જાઘ રે,
તે નર સૂતા રે કાષ્ટમા, પડે ધડોધડ ડાગ રે માન૦ ૧૪
દેહ વિટબણા નર સુણો, ન કરો તરણાનો લોભ રે,
જરાસંધ સરખા રે રાજવી, અતે ન રહ્યા તે થોભ રે માન૦ ૧૫
અસ્થિર સસાર જાણી કરી, મમતા ન કરો કોઇ રે,
કવિ **ઋષભ**ની રે શિખડી, સાભળજો સહુ કોઇ રે માન૦ ૧૬

મમતા ત્યાગની સજ્ઝાય.

ચતુર સનેહી ચેતન ચેતીયે રે, મૂક તુ માયા જાલ,
સુંદર એ તનુશોભા કારમી રે, મરવાલે વિસરાલ ૧
અકલ અરૂપી અવિગત આતમા રે, શાન્ત સુધારસ ચાખ,
વિષયતણે સુરગે ફૂલડે રે, અટતો મન અલિ રાખ. અ૦ ૨
સ્વારથને વશ સહુ આવી મિલે રે, સ્વારથ સુધી પ્રીત,
વિણ સ્વાર્થ જન બ્હાલુ ટો નહિ રે, એ સ સારની રીત અ૦ ૩
આઠ મમતા મમતા મેલીને રે, ધર જિનધર્મશુ રગ,
ચચલ વીજતણી પરે જાણજ્યો રે, કૃત્રિમ સવિ હુ સ ગ અ૦ ૪

વ્હાલું વૈરી કો નહિ તાહરે રે, જૂઠો રાગ ને રોષ;
પંચદિવસનો તું છે પ્રાહુણો રે, તો શ્યો એવડો શોષ. અ૦ ૫
રાવણ સરિખો જે જે રાજવી રે, લંકા સરિખો કોટ;
તે પણ રૂઠે કરમે રોળવ્યો રે, શ્રી રામચન્દ્રની ચોટ. અ૦ ૬
જેહ નર મુછે વળ ઘાલતાં રે, કરતાં મોડા મોડ;
તે ઉઠી સ્મશાને સંચર્યા રે, કાજ અધુરાં છોડ. અ૦ ૭
મુંજ સરિખે માંગી ભીખડી રે, રામ રહ્યા વનવાસ;
એણે સંસારે એ સુખ સંપદા રે, સંધ્યા રાગ વિલાસ. અ૦ ૮
રાજલીલા સંસારની સાહિબી રે, એ યૌવન રંગરોલ;
ધનસંપદ પણ દીસે કારમી રે, જેહવા જલધિ કલ્લોલ. અ૦ ૯
કિહાંથી આવ્યો કિહાં જાવું અછે રે, કિહાં તારી ઉતપત્તિ;
ભ્રમ ભૂલ્યો તું અથિર પદારથે રે, ચતુર વિચારી જો ચિત્ત. અ૦ ૧૦
મોહતણે વશે દુઃખ દીઠાં ઘણાં રે, સંગ ન કર હવે તાસ;
ઉદયરતન કહે ચતુર તું આતમા રે, ભજ ભગવંત ઉલ્લાસ. અ૦૧૧

લોભની સજ્ઝાય.

લોભ ન કરીયે પ્રાણીયા રે, લોભ બૂરો સંસાર;
લોભ સમો જગ કો નહિ રે, દુર્ગતિનો દાતાર.
ભવિક જન! લોભ બૂરો રે સંસાર૦
કરજો તુમે નિરધાર, ભ૦ જિમ પામો ભવપાર; ભ૦
લોભ બૂરો રે સંસાર૦ એ આંકણી૦ ૧
અતિ લોભે લખમીપતિ રે, સાગર નામે શેઠ;
પૂર પયોનિધિમાં પડ્યો રે, જઈ બેઠો તસ હેઠ રે. ભ૦ લો૦ ૨

ગોવન મૃગના લોભથી રે, દશરથ સુત શ્રી રામ,
સીતા નારી ગમાવીને રે, ભમીયો ઠામો ઠામ રે ભ૦ લો૦ ૩
દશમા ગુણઠાણા લગે રે, લોભતણું છે જોર,
શિવપુર જતા જીવને રે, એહજ મોટો ચોર રે. ભ૦ લો૦ ૪
ક્રોધ માન માયા લોભથી રે, દુર્ગતિ પામે જીવ,
પરવશ પડીયો બાપડો રે અહોનિશ પાડે રીવ રે ભ૦ લો૦ ૫
પરિગ્રહના પરિહારથી રે, લહિયે શિવસુખ સાર,
દેવ દાનવ નરપતિ થઇ રે, જાશે મુગતિ મોઝાર રે ભ૦ લો૦ ૬
ભાવસાગર પંડિત ભણે રે, **વીર**સાગર બુધ શિષ્ય,
લોભતણે ત્યાગે કરી રે, પહોચે મયલ જગીશ રે ભ૦ લો૦ ૭

લોભની સજ્ઝાય.

[દુહા]

આશા દાસી વશ પડ્યા, જડ્યા કર્મ જંજીર,
પરિગ્રહ ભાર ભરે નડ્યા, સહે નરકની પીર ૧

[ચેતન ચતુર થઈ ચૂકયો–એ દેશી]

પરિગ્રહ ભાર ભર્યા પ્રાણી, પામે અધોગતિ દુઃખ ખાણી,
જન્મ મરણ લોભે લલચાણી રે, **ચેતન ચતુર સુણો ભાઇ.**
લોભ દશા તને દુઃખદાઇ રે–ચેતન૦ ૧
લોભે લાલચ જાસ ઘણી, પરિણતિ નીચી તેહતણી,
લટપટ કરે બહુ લોક ભણી રે ચેતન૦ ૨
લોભી દેશ વિદેશ ભમે, ધનકારણ નિજ દેહ દમે,
તડકા ટાઢના દુઃખ ખમે રે ચેતન૦ ૩

લોભે પુત્ર પિતા ઝગડે, લોભે નરપતિ રહે વગડે;
લોભે બાંધવ જોર લડે રે. ચેતન૦ ૪
હાર હાથી લોભે લીનો, કોણીકે સંગર બહુ કીનો;
માતામહને દુઃખ દીનો રે. ચેતન૦ ૫
લોભારંભે બહુ નડીયા, કાલાદિક નરકે પડીયા;
નિરયાવલી પાઠે ચડીયા રે. ચેતન૦ ૬
લોભ તજી સંવર કરજો, ગુરૂ પદ પદ્મને અનુસરજો;
રૂપવિજય પદને વરજો રે. ચેતન૦ ૭

લોભની સજ્ઝાય.

તુમે લોભના લક્ષણ સાંભલો રે,
જે લોભ કરે તે નહિ ભલો રે;
લોભે જીવ ઘણા દુઃખીયા હુઆ રે,
અતિ લોભે અણમૂટે મુઆ રે. તુ૦ ૧
દ્રષ્ટાંત તે ઉપર સાંભળો રે, સાંભળી મૂકો મન આંમળો રે;
બે ભાઈ સગા શુભ લક્ષણા રે,
ઘરમાં ધનની તસ નહિ મણા રે. તુ૦ ૨
પણ લોભ ઘણો મનમાં ધરે રે, તે માટે પરદેશે સંચરે રે;
મારગે કંચન પુરિસો જડ્યો રે,
નહિ છેદ સુધાટે તે ઘડ્યો રે. તુ૦ ૩
ભૂમાંહિ ઠવ્યો તસ જઇ તિણે રે,
મનમાં ચિંતે લોભીપણે રે;
હવે આહારની ચિંતા ચિંતવે રે,
સીધો લેવા એક સંચરે રે. તુ૦ ૪

ગીયેા વિષ યાદીને લાવીયેા રે,
આપ્યેા બાઇને મન ભાવીયેા
રૂપે નીરની પલ્લ અપ છે ભરી રે,
તિને કૂપયની લાવેા ભરી રે તુ૦
નયેા વસ્ત્ર દેવા તે તતખિણે રે,
અપવ આપ્યેા ગુનાપની
તન કેરી નાખ્યેા કૂપમા રે,
પાછેા વળીયેા ગુજ રૂપમા રે તુ૦
નાથી વળીયેા આનદમા રે,
વમી પેાઢયેા તે આકાદમા
જે પાપ્યેા તે કૂરી નવિ ઉઠીયેા રે,
બીજે કૂપમાંથી પડી મૂઓ રે તુ૦
સમ આણી પુરિયેા દેઈ નયા રે,
ભુઓ વિષ મૂકે નરી નયા
ઇમ ક્રુર અનેક દેાસે ભરી રે,
અષ મૂકે અતે નયા ભરી રે તુ૦
ઇન વસ્તી દેાસ નવિ દીઠયે રે,
દેાસ વસ્તુને ગિર ગુણ દીઠયે
ઉત્તમ પદ પદ્મની આશરી રે,
વદીને ભરી ઘાડમે ગિરપુરી રે તુ૦

શ્રી સમકિત સુખડલીની સજ્ઝાય.

ચાખો નર સમકિત સુખડલી, દુઃખ ભુખડલી ભાજે રે;
ચાર સદ્દહણા લાડુ સેવઇયા, ત્રિણ લિંગ કેણી છાજે રે. ચાખો૦ ૧
દશ વિનયના દહુઠા મીઠા, ત્રણ શુદ્ધિ સખર સુંહાળી રે;
આઠ પ્રભાવક જતને રાખી, પણ દૂષણ તે ગાળી રે. ચાખો૦ ૨
ભૂષણ પાંચ જલેબી કુંમળી, છહ વિધ જયણા ખાજા રે;
લક્ષણ પાંચ મનોહર ઘેબર, છ ઠાણ ગુંદવડા તાજા રે. ચાખો૦ ૩
છ આગાર નાગોરી પેંડા, છ ભાવના પણ પૂરી રે;
સડસઠ ભેદે નવ નવ વાની, સમકિત સુખડી રૂડી રે. ચાખો૦ ૪
શ્રી જિનશાસન ચહુટે દીઠી, સિદ્ધાંત થાલે સારી રે;
એ ચાખે અજરામર હોવે, મુનિ દરશમે પ્યારી રે. ચાખો૦ ૫
એ નિશ્ચે જીવ અણાહારી, સંતુષ્ટ પુદ્ગલ વિવહારી રે;
વાચક જસ કહે આગમ માને, વાત પ્રમાણે પ્રકાશી રે. ચાખો૦ ૬

શ્રી સમકિતની સજ્ઝાય.

[મેરે સાહિબ તુમહિ હો—એ દેશી.]

જબ લગે સમકિત રત્નકું, પાયા નહિ પ્રાણી;
તબ લગે નિજ ગુણ નવિ વધે, તરૂ વિણ જિમ પાણી. જબ૦ ૧
તપ સંયમ કિરિયા કરો, ચિત્ત રાખો ઠામ;
દર્શન વિણ નિષ્ફલ હોયે. જિમ ધ્યોમે ચિત્રામ. જબ૦ ૨
સમકિત વિરહિત જીવને, શિવ સુખ હોયે કેમ ?
વિણ હેતુ કાર્ય ન નીપજે, મૃદ વિણ ઘટ જેમ. જબ૦ ૩
પરંપર કારણ મોક્ષકો. એ છે સમકિત મૂલ;
શ્રેણિક પ્રમુખ તણી પરે, હોય સિદ્ધિ અનુકૂલ જબ૦ ૪
ચાર અનંતાનુબંધિયા, ત્રિક દર્શન મોહ;
જ્ઞાન કહે જે ક્ષય કરે, વંદુ તે જિત કોહ. જબ૦ ૫

શ્રી સમકિતની સજ્ઝાય.

સમકિતના પચ ભેદ એ, સુણજો સજ્જન લોક રે,
સુખીયા સમકિત દર્શને, જેમ રવિ ઉદયે ડોક રે
સેવો આગમ સેવધિ૦ ૧

કરણ અપૂરવ બોધરે, હણીયા ચોર મહ ત રે,
આનદિત ધર આતમા, પામે સમકિત મત રે સેવો૦ ૨
જ્ઞાનાદિક રૂચિ તત્ત્વની, નિશ્ચય સમકિત સાર રે,
શમ સ વેગાદિક ગુણા, લક્ષણથી વ્યવહાર રે સેવો૦ ૩
કાલ અનાદિ પ્રાણિયો, **ક્ષય ઉપશમ** ધુર ભાવ રે,
નિર્મલ પુજ ઉદય કરી, શીતલ જલ છ ટકાવ રે સેવો૦ ૪
અ તરકરણ પ્રથમ સમે, **ઉપશમ** સમકિત ભાવ રે,
ધુર પામે **કર્મપયડીએ**, ઉભર ક્ષેત્ર ને દાવ રે સેવો૦ ૫
અથવા ઉપશમ શ્રેણિએો, ભવચક્રે કરે ચાર રે,
સમકિત ઉપશમ સાર એ, પામે તેટલી વાર રે સેવો૦ ૬
મધુર વમન આસ્વાદન, **સાસ્વાદન** ગુણઠાણ રે,
પડતો પામીયે શ્રેણિથી, આવલી ષટ પ્રમાણ રે સેવો૦ ૭
ત્રીજ પુજ ચરમ સમે, જે પરમાણુ શેષ રે,
એક સમય થિતિ વેદતા, **વેદક** સમકિત લેશ રે. સેવો૦ ૮
બદ્ધાયુ મલ સાતમે, ક્ષયથી **ક્ષાયકવત** રે,
ત્રણ ચાર ભવ અ તરે, પામે સુખ અનત રે સેવો૦ ૯
ક્ષયોપશમ સાગર છાસઠી, વાર અસ ખ્ય વિચાર રે,
અ તર મુહૂરત ઉપશમે, સાસ્વાદન પચ વાર રે. સેવો૦ ૧૦
એકવાર વેદક ક્ષાયકો, અબધક ભવપાર રે,
શ્રી **શુભવીર** આલિગવા, શિવસુદરી હુશિયાર રે સેવો૦ ૧૧

શ્રી ચૌદ ગુણ સ્થાનકની સજ્ઝાય.

ઢાલ–પહેલી.

[સિદ્ધારથના રે નંદન વિનવું–એ દેશી.]

ભવિયણ જાણો રે ગુણઠાણાં ભલાં, જિમ હુએ આતમ શુદ્ધિ;
જેહથી જાગે રે ઇચ્છિ પ્રવચન તણી, તેહજ સાચી રે બુદ્ધિ. ભ૦ ૧
ઇચ્છિ નહિ હોવે રે જે નવ તત્ત્વની, તે પહેલું ગુણઠાણ;
નામ **મિથ્યાત** અગનિ વિષ સારીખું, ઉન્મારગ અપ્રમાણ. ભ૦ ૨
ખીર ખાંડ ઘૃત બહુ ભોજન કરી. વમતાં જેહવો રે સ્વાદ;
સમકિત વમતાં રે તેહવો જાણીયે, **સાસ્વાદન** અવિવાદ. ભ૦ ૩
ઉદાસીનતા રે જે જિનશાસને, અંતર મુહૂર્ત પ્રમાણ;
મિશ્ર કહીજે રે તે દધિ ગુડ પરે, જાતિ વિશેષ વિન્નાણ. ભ૦ ૪
વિરતિ ન આવે રે તસ **અવિરતિ** બલે, જાણે સાચો રે ભાવ;
તસ ગુણઠાણું રે ચોથું જાણીએ, સમકિત સહજ સ્વભાવ. ભ૦ ૫
ભેદ વિચારી રે દ્વાદશ વ્રતતણા, જે એકાદિક ભંગ;
સદ્‌ગુરૂ પાસે રે લેઈ નિરવહે, **દેશવિરતિ** તેહ ચંગ. ભ૦ ૬
પંચ મહાવ્રત દુદ્ધર જે ધરે, ધર્મ ક્ષમાદિક સાર;
તેહને છઠ્ઠું રે ગુણઠાણું કહ્યું, નામ **પ્રમત્ત** ઉદાર. ભ૦ ૭
હોય અસંગી રે રંગી નિજગુણે, લીણો જે સુહઝાણ;
તેહને ભાખ્યું રે સૂત્રે સાતમું, **અપ્રમત્ત** ગુણઠાણ. ભ૦ ૮
સ્થિતિ રસ ઘાત ને ગુણસેઢી જિહાં, ગુણસંક્રમ થિતિબંધ;
તેહ **અપૂર્વકરણ** છે આઠમું, ગુણઠાણું શુભ સંધ. ભ૦ ૯
જેહમાં વરત્યા રે નાના જીવને, અધ્યવસાય સમાન;
તે **અનિયટ્ટિકરણ** નવમું ભલું, ગુણઠાણું અનિદાન. ભ૦ ૧૦
ચરમ કિટ્ટિગત લોભતણા અણુ, વેદત શુભ વ્યવસાય;
કહિયે દશમે ગુણઠાણે રહ્યો, મુનિ **સુક્ષ્મ સંપરાય.** ભ૦ ૧૧

પ્રકૃતિ મોહની રે જિહાં સવિ ઉપશમે, ભસ્મ પિહિત જેમ આગ,
તે **ઉવસંતમોહ** અગ્યારમુ, ગુણઠાણુ શિવમાગ ભ૦ ૧૨
જિમ ઓલ્હવીયે રે અગ્નિ જલે કરી, તિમ ખપીએ જેહ મોહ,
તે ગુણઠાણુ રે જાણો બારમુ, **ખીણમોહ** થિર મોહ ભ૦૧૩
કેવલનાણી રે જાણી જગથિતિ, દીયે ઉપદેશ રસાલ,
તેહ **સયોગી કેવલી** તેરમુ, ગુણઠાણુ સુવિશાલ ભ૦ ૧૪
તિમ **અયોગી** ગુણઠાણુ ચૌદમુ, હ્રસ્વાક્ષર પણ માન,
જે આરોહી રે શિવપદ પામીયે, સુખ **જસ** કુશલ નિદાન ભ૦ ૧૫

ઢાલ-બીજી.

[અગ્રિહત પદ ધ્યાતો થકો–એ દેશી]

હોય મિથ્યાત અભવ્યને, મલ અનાદિ અનંતો રે,
તેહ અનાદિ ભાત છે, પ્રાણી ભવ્યને તંતો રે
શ્રી જિનવચન વિચારીયે૦ ૧
આવલી પટ આમાયણા, ચોથુ અયર તેત્રીશો રે,
મનુજ ભવાધિક સુગ્ભવે, ઈમ ભાખે જગદીશો રે શ્રી જિન૦ ૨
પૂરવ કોડી છે પંચમુ, તેરમુ દેશથી ઊનો રે,
કાલ અવર ગુણઠાણુનો, અંતર્મુહૂર્ત મહુનો રે શ્રી જિન૦ ૩
આધુ છટ્ઠું અને સાતમે, મિલિ રહે પૂરવ કોડિ રે,
અધિક વધ્યે હોય કેવલી, કઠિન કરમ દલ મોડિ રે શ્રી જિન૦ ૪
જે જેહના વ્યવહારમા, તેહને તેહ કહેવાય રે,
નિશ્ચયથી ગુણઠાણુ એ, અંતર ગતિ પલટાય રે શ્રી જિન૦ ૫
ઉચિત ક્રિયા અધિગમથકી, અછતો પણ ગુણ આવે રે,
છતો હોયે તે થિર રહે, જો જિન વચન સુહાવે રે શ્રી જિન૦૬
જે ગુરૂ ચરણ ઉપાસતે, ઈમ ગુણઠાણુ વિચારે રે,
તેહથી લહે **જસ** સંપદા, નિશ્ચય ને વ્યવહારે રે શ્રી જિન૦ ૭

મુહપત્તિના પચ્યાશ બોલની સજ્ઝાય.

ઢાલ.

સિરિ **જંબૂ** રે, વિનય ભક્તિ શિર નામીને,
કરજોડી રે, પૂછે **સોહમ સ્વામી**ને;
ભગવંતા રે, કહો શિવકાંતા કિમ મલે,
કહે સોહમ રે, મિથ્યા ભ્રમ દૂરે ટલે. ૧

ત્રુટક.

દૂરે ટળે વિષ ગરલ ઈહા, ઉભય મારગ અનુસરી,
એક જ્ઞાન દૂજી કરત કિરિયા, અભેદારોપણ કરી;
જેમ પંગુ દર્શિત ચરણ કર્ષિત, અંધ બેહુ નિજ પુર ગયા,
તેમ સત્ત્વ સજતા તત્ત્વ ભજતા, ભવિક કેઈ સુખિયા થયા. ૨

ઢાલ.

વૈકલ્ય જ્યું રે, કષ્ટ તે કરવું સોહિલું,
પણ **જંબૂ** રે, જાણપણું જગ દોહિલું;
તેણે જાણી રે, આવશ્યક કિરિયા કરો,
ઉપગરણે રે, રજોહરણો મુહપત્તિ ધરો. ૩

ત્રુટક.

મુહપત્તિ **શ્વેતે** માનોપેતે, સોળ નિજ અંગૂલ ભરી,
દોય હાથ ઝાલી દગ નિહાલી, દૃષ્ટિ પડિલેહણ કરી;
ત્યાં સૂત્ર અરથ સુતત્ત્વ કરીને, સદ્દહું એમ ભાવિયે,
નવ્વા વવ્વા રૂપ તિગ તિગ, પક્ખોડા ષટ લાવિયે. ૪

ઢાલ.

સમકિત મોહની રે, મિશ્ર મિથ્યાત્વને પરિહરૂ,
કામગજ રે, સ્નેહ દૃષ્ટિરાગ સહુ રૂ,
એ ભાતે રે, બોલ દયા હવે આગલે,
અગ્રણી વચ્ચે રે, ગુરુ વચ્ચરૂ ઉગતલે ૫

ચુટકે

ઉગતલે વામે અંજલિ ધરી, અરબોટા નવ દીજીયે,
પ્રમાર્જન નવ તિમજ કરીયે, નિગ નિગતર દીજીયે,
સુદેવ સુગુરુ સુધર્મ આદરૂ, પ્રતિપક્ષી પરિહરૂ,
વલી જ્ઞાન દર્શન ચરણ આદરૂ, વિરાધન ત્રિર અપહરૂ ૬

ઢાલ.

મનો ગુપ્તિ રે, વચન કાય ગુપ્તિ બજુ.
મનો દંડ રે, વચન કાય દંડને તજુ,
પચવીશ રે, બોલ એ મુહપત્તિના લહ્યા,
હવે અંગના રે, પરિહરૂં એમ મયણા કહ્યા ૭

ચુટકે.

કહ્યા વધૂટક કરી પરવર, વામ હાથે ત્રિર વળે,
હાથ જોડિને અંજલિ કરી, ઇરિય કર ત્રિર અનુસરે,
બયણોટક દુગટા તજીને, પયાહિણે આવશે,
દુષ્ટ લેશ્યા નીલ રાગોને, લલાટે ત્રિર પરિહરે ૮

ઢાલ.

રસ ગારવ રે, ઋદ્ધિ શાતા ગારવા,
મુખ હૈડે રે, ત્રણ ત્રણ એમ ધારવા;
માયા શલ્ય રે, નિયાણ મિથ્યાત્વ ટાલીયે,
વામ ખંધે રે, ક્રોધ માન દોય ગાલીયે. ૯

ત્રુટક.

ગાલીયે માયા લોભ દક્ષિણ, ખંધ ઊર્ધ્વ અધો મલી,
ત્રિક વામ પાદે પુઢવી અપ વલી, તેઉની રક્ષા કરી;
જમણે પગે ત્રણ વાઉ વણસઈ, ત્રસકાયની રક્ષા કરૂં,
પચાસ બોલે પડિલેહણ, કરત જ્ઞાની ભવહરૂ. ૧૦

ઢાલ.

એહ માંહેથી રે, ચાલીશ બોલ તે નારીને,
શિશ હૃદયના રે, ખંધ બોલ દશ વારીને;
ઇણ વિધિશું રે, પડિલેહણથી શિવ લહ્યો,
અવિધે કરી રે, છકાયનો વિરાધક કહ્યો. ૧૧

ત્રુટક.

કહ્યો કિંચિત **આવશ્યક**થી, તથા **પ્રવચનસાર**થી,
ભાવના ચેતન પાવના કહી, ગુરૂ વચન અનુસારથી;
શિવલહે **જંબૂ** જો રહે **શુભ-વીરવિજયની** વાણીયે,
મન માંકડું વનવાસ ભમતું, વશ કરી ઘર આણીયે. ૧૨



ઋતુવંતી અસજ્ઝાય નિવારક સજ્ઝાય.

[હે સુખકારી, આ સમાચરી જો મુજને ઉદ્ધરે–એ દેશી]

સુણ સોભાગી, સુખકારી જિનવાણી મનમાં આણી.

ઓ આકણી૦

ગિત્ત સાધક જિનવરની વાણી, કેઇ તરીયા તરશે ભવી પ્રાણી,
પીસ્તાલીશ આગમ શુભ જાણી સુણ૦ ૧

તે પવિત્ર થઇને સાભલીયે, અપવિત્રતાઇ દૂરે કરીયે,
સમવસરણમાહે જિમ સચરીયે. સુણ૦ ૨

અપવિત્રતાઈ અલગી કરજો, ઋતુવતી સગતિ પરિહરજો,
અસજ્ઝાઇથી દૂરે સચરજો સુણ૦ ૩

દર્શન દેહરે કરે ચોથે દિવસે, પડિક્કમણુ પોસહ પરિહરશે,
સામાયિક ભણવુ નવિ કરશે સુણ૦ ૪

ઓધિબીજ તે દીધે જાશે, જ્ઞાનાવરણીય કર્મ તે બધાશે,
સમકિત તેહનુ મૂળથી નાશે સુણ૦ ૫

દિનસાતે જિનવર પૂજીજે, નાત જાતમા જમવા નવિ જઇએ,
વલી હાથે દાન નવિ દીજે સુણ૦ ૬

ઋતુવતી તુમે અળગી રખો, ઘર કારજ કાઈ મત ભાખો,
અન્નપાણી શય્યા દૂર રખો સુણ૦ ૭

ઋતુવતી સાધુને વહોરાવે, તસ પાતકથી નરડે જાવે,
પાચે મહાવ્રત અળગા થાવે સુણ૦ ૮

ઋતુવતી જો વહાણમા બેસે, તે પ્રવહણ સમુદ્રમા પેસે,
તોફાન ઘણેરા તે લેશે સુણ૦ ૯

મજીઠ હીગલો થાયે કાલો, એકેંદ્રિય દલને દુખ ભાલો,
તો પચેંદ્રિય વિશેષે ટાલો સુણ૦ ૧૦

ઢાલ.

રસ ગારવ રે, ઋદ્ધિ શાતા ગારવા,
મુખ હુંડે રે, ત્રણ ત્રણ એમ ધારવા;
માયા શલ્ય રે, નિયાણુ મિથ્યાત્વ ટાલીયે,
વામ ખંધે રે, ક્રોધ માન દોય ગાલીયે. ૯

ત્રુટક.

ગાલીયે માયા લોભ દક્ષિણ, બંધ ઊર્ધ્વ અધો મલી,
ત્રિક વામ પાદે પુઢવી અપ વલી, તેઉની રક્ષા કરી;
જમણે પગે ત્રણ વાઉ વણસઈ, ત્રસકાયની રક્ષા કરૂં,
પચાસ બોલે પડિલેહણ, કરત જ્ઞાની ભવહરૂ. ૧૦

ઢાલ.

એહ માંહેથી રે, ચાલીશ બોલ તે નારીને,
શિશ હૃદયના રે, બંધ બોલ દશ વારીને;
ઇણ વિધિશું રે, પડિલેહણથી શિવ લહ્યો,
અવિધે કરી રે, છકાયનો વિરાધક કહ્યો. ૧૧

ત્રુટક.

કહ્યો કિંચિત **આવશ્યક**થી, તથા **પ્રવચનસાર**થી,
ભાવના ચેતન પાવના કહી, ગુરૂ વચન અનુસારથી;
શિવલહે **જંબૂ** જો રહે **શુભ-વીરવિજયની** વાણીયે,
મન માંકડું વનવાસ ભમતું, વશ કરી ઘર આણીયે. ૧૨



ઋતુવંતી અસજ્ઝાય નિવારક સજ્ઝાય.

[હે સુખકારી, આ મમાચ્યકી ને મુજને ઉદ્ધરે–એ દેશી]

સુણ સોભાગી, સુખકારી જિનવાણી મનમાં આણી.

એ આકણી૦

શિવ સાધક જિનવરની વાણી, કેઇ તરીયા તરશે ભવી પ્રાણી,
પીસ્તાલીસ આગમ શુભ જાણી સુણ૦ ૧
તે પવિત્ર થઇને સાભલીયે, અપવિત્રતાઇ દૂરે કરીયે,
સમવસરણમાહે જિમ સચરીયે. સુણ૦ ૨
અપવિત્રતાઈ અલગી કરજો, ઋતુવતી સગતિ પરિહરજો,
અસજ્ઝાઇથી દૂરે સચરજો સુણ૦ ૩
દર્શન દેહરે કરો ચોથે દિવસે, પડિક્કમણુ પોસહ પરિહરશે,
સામાયિક ભણવુ નવિ કરશે સુણ૦ ૪
બોધિબીજ તે કીધે જાશે, જ્ઞાનાવરણીય કર્મ તે બધાશે,
અમકિત તેહનુ મૂળથી નાશે સુણ૦ ૫
દિનમાતે જિનવર પૂજીજે, નાત જાતમા જમવા નવિ જઇએ,
વલી હાથે દાન નવિ દીજે સુણ૦ ૬
ઋતુવતી તુમે અળગી રહેો, ઘર કારજ કાઈ મત ભાહેો,
અન્નપાણી શય્યા દૂર રહેો સુણ૦ ૭
ઋતુવતી સાધુને વહોરાવે, તસ પાતકથી નરકે જાવે,
પાચે મહાવ્રત અળગા થાવે સુણ૦ ૮
ઋતુવતી જે વહાણમા બેસે, તે પ્રવહણ સમુદ્રમા પેસે,
તોફાન વણેગ તે લેશે સુણ૦ ૯
મજીઠ હીગલો થાયે કાલો, એકેદ્રિય દલને દુખ ભાલો,
તો પચેદ્રિય વિશેષે ટાલો સુણ૦ ૧૦

શિવાદિક શાસ્ત્રે એમ વાણી, ઋતુવંતી રાખો દૂર જાણી;
વલી અસુર કુરાણે ઇમ વાણી. સુણ૦ ૧૧
પહેલે દિન ચાંડાલણી સરખી, બીજે દિન બ્રહ્મઘાતણી નિરખી;
ત્રીજે દિન ધોબણડી પરખી. સુણ૦ ૧૨
આંડણ પીસણ રાંધણ પાણી, તસ ફરસે દુઃખ લહે ખાણી;
જ્ઞાનીને હોય જ્ઞાનની હાણી. સુણ૦ ૧૩
સૂત્ર સિદ્ધાંત મંત્રજ નાંહિ ફલે, અસજ્ઝાયે આશાતના સબલે;
પહોર ચોવીશ પછી ના એહવી મલે. સુણ૦ ૧૪
આશાતના અસજ્ઝાયની રાખી, જિન મુનિ **રત્નવિજય** ગુરૂ સાખી;
એ ધર્મકરણી સાચી ભાખી. સુણ૦ ૧૫

ઋતુવંતી અસજ્ઝાય નિવારક સજ્ઝાય.

પવયણ દેવી સમરી માત, કહિશું મધુરી શાસન વાત;
ધર્મ આશાતન વર્જી કરો, પુણ્ય ખજાનો પોતે ભરો. ૧
આશાતન કહિયે મિથ્યાત્વ, તસ વર્જન સમકિત અવદાત;
આશાતન કરવા મન ધરે, દીર્ઘ ભવ દુઃખ પોતે વરે. ૨
અપવિત્રતા આશાતન મૂલ, તેહનું ઘર ઋતુવંતી પ્રતિકૂલ;
તે ઋતુવંતી રાખો દૂર, જો તુમે વાંછો સુખ ભરપૂર. ૩
દર્શન પૂજા અનુક્રમે ઘટે, ચારે સાતે દિવસે મટે;
પરશાસન પણ એમ સદ્દહે, ચારે શુદ્ધ હોયે તે કહે. ૪
પહેલે દિન ચંડાલણી કહી, બીજે દિન બ્રહ્મઘાતિની સહી;
ત્રીજે દિન ધોબણ સમ જાણ, ચોથે શુદ્ધ હોયે ગુણ ખાણ. ૫
ઋતુવંતી કરે ઘરનું કામ, આંડણ પીસણ રાંધણ ઠામ;
તે અન્ને પ્રતિલાભ્યા મુણિ, સદ્ગતિ સબલી પોતે હણી. ૬

તેહજ અન્ન ભતોદિક જમે, તેણે પાપે ધન દૂરે ગમે,
અન્નસ્વાદ ન હોય લવલેશ, શુભ કરણી જાયે પરદેશ ૭
પાપડ વડી ખેગદિક સ્વાદ, ઋતુવતી સગતિથી લાદ,
લુડણુ ભુડણુ ને સાપિણી, પરભવે તે થાયે પાપિણી ૮
ઋતુવતી ઘરે પાણી ભરે, તે પાણી દેવસમ ચડે,
બોધિબીજ નવિ પામે ડિમે, આશાતનથી બહુભવ ભમે ૯
અસજ્ઝાઇમા જમવા ધમે, વચ્ચે બેમીને મનમા હસે,
પોતે સવિ અભડાવી જિમે, તેણે પાપે દુગ્ગતિ દુખ બમે ૧૦
સામાયિક પડિક્કમણું ધ્યાન, અસજ્ઝાઇએ નવિ સૂઝે દાન,
અસજ્ઝાઇએ જે પુરૂષ આભડે, તેણે કરમે રોગાદિક નડે ૧૧
ઋતુવતી એક જિનવર નમી, તેણે કર્મે તે બહુ ભવ ભમી,
ચડાલણી થઈ તે વલી, જિન આશાતન તેહને ફલી ૧૨
એમ જાણી ચોકખાઈ ભજે, અવિધિ આશાતન દૂરે તજે;
જિનશાસન ડિગ્યિા અનુસરે, જિમ ભવસાયર હેલા તરે ૧૩
શ્રદ્ધાલુ જેવા વિધિ સાર, અનુષ્ઠાન નિજ શક્તિ અપાર,
દ્રવ્યાદિક દૂષણ પરિહરે, પક્ષપાત પણ તેહનો કરે ૧૪
ધન્ય પુરૂષને હોય વિધિ જોગ, વિધિ પક્ષાગધક સવિ ભોગ,
વિધિ બહુમાની ધન્ય જે નરા, તેમ વિધિપક્ષ અદૂષક બરા ૧૫
આસન્નસિદ્ધિ તે હોવે જીવ, વિધિ પરિણામી હોયે તસ પીવ,
અવિધિ આશાતન જે પરિહરે, ન્યાયે શિવલચ્છી તસ વરે ૧૬

ઋતુવંતી અસજ્ઝાય નિવારક સજ્ઝાય.

[અડશો માંજે–એ દેશી.]

સરસતી માતા આદિ નમીને, સરસ વચન દેનારી;
અસજ્ઝાયનું સ્થાનક બોલું, ઋતુવંતી જે નારી.
અલગી રહેજે, ઠાણાંગ સૂત્રની વાણી, કાને સુણજે૦ ૧

મોટી આશાતના ઋતુવંતીની, જિનજીએ પ્રકાશી;
મલિનપણું જે મન નવિ ધારે, તે મિથ્યામતિ વાસી. અલગી૦ ૨

પહેલે દિન ચંડાલણી સરિખી, બ્રહ્મઘાતિની વલી બીજે;
પરશાસન કહે ધોબણ ત્રીજે, ચોથે શૂદ્રી વદીજે. અલગી૦ ૩

ખાંડી પીસી રાંધી પીએને, પરને ભોજન પીરસે;
સ્વાદ ન હોવે ષટરસ દોષે, ઘરની લક્ષ્મી શોષે. અલગી૦ ૪

ચોથે દિવસે દરિસણ સૂઝે, સાતે પૂજા ભણીયે;
ઋતુવંતી મુનિને પડિલાભે, સદ્ગતિ સહેજે હણીયે. અલગી૦ ૫

ઋતુવંતી પાણી ભરી લાવે, જિનમંદિર જલ લાવે;
બોધિ બીજ નવિ પામે ચેતન, બહુલ સંસારી થાવે. અલગી૦ ૬

અસજ્ઝાઈમાં જમવા બેસે, પાંત વિચે મન હિંસે;
નાત સર્વે અભડાવી જમતી, દુર્ગતિમાં બહુ ભમશે. અલગી૦ ૭

સામાયિક પડિક્કમણે ધ્યાને, સૂત્ર અક્ષર નવિ જોગી;
કોઈ પુરૂષને નવિ આભડીયે, તસ ફરસે તન રોગી. અલગી૦ ૮

જિન મુખ જોતાં ભવમાં ભમીયે, ચંડાલણી અવતાર;
ભુંડણ લુંડણ સાપિણી હોવે, પરભવે ઘણીવાર. અલગી૦ ૯

પાપડ વડી બોરાદિક ફરસી, તેહનો સ્વાદ વિણાસે;
આતમનો આતમ છે સાખી, હૈડે જોને તપાસી. અલગી૦ ૧૦

જાણી ઇમ ચોકખાઈ ભજીયે, સમકિત કિરિયા શુદ્ધિ;
ઋષભવિજય કહે જિનઆણાથી,
વહેલાં વરશો સિદ્ધિ. અલગી૦ ૧૧

શ્રી નવકાર મંત્રની સજ્ઝાય.

[આજ જિનગાજ મુજ કાજ સિધ્યા સવે–એ દેશી]

સમર જીવ એક નવકાર નિજહેજશું,
અવર કાઇ આળપ પાળ દાખે,
વર્ણ અડસઠ નવકારના નવપદ, સપદા આઠ અરિહ ત ભાખે
સમ૦ ૧

આદિ અક્ષર નવકારના સ્મરણથી, સાત સાગર ટળી જાય દૂરા,
એક પદ ઉચ્ચરે દુરિત દુ ખડા હરે, સાગર આયુ પચાસ પૂરા
સમર૦ ૨

સર્વ પદ ઉચ્ચરતા પાચમે સાગર, સહસ ચોપન નવકારવાલી,
સ્નેહે મનમ વરી હર્ષભર હેજધરી,
લાખ નવ જાપથી કુગતિ ટાલી સમ૦ ૩

લાખ એક જાપ જન પૂન્યે પૂરા જપે, પદવી પામે અરિહ ત કેરી,
અશોકવૃક્ષ તલે બાર પર્ષદ મલે, ગડગડે દુદુભિ નાદ ભેરી
સમર૦ ૪

અષ્ટવલી અષ્ટમય અષ્ટમહસા વલી, અષ્ટ લાખા જપે અષ્ટકોડી,
કીર્તિવિમલ કહે મુક્તિ લીલા લહે, આપણા કર્મ આઠે વિછોડી
સમ૦ ૫

卐

સંસારના ખોટા સગપણ વિષે સજ્ઝાય.

[ચેત તો ચેતાવું તને રે, પામર પ્રાણી–એ દેશી.]

સગું તારૂં કોણ સાચું રે, **સંસારીયામાં**–સગું૦
પાપનો તો નાખ્યો પાયો, ધરમમાં તું નહિ ધાયો;
ડાહ્યો થઈને તું દબાયો રે. સંસારીયામાં૦ ૧
કૂડું કૂડું હેત કીધું, તેને સાચું માની લીધું;
અંતકાલે દુઃખ દીધું રે. સંસારીયામાં૦ ૨
વિશવાસે વ્હાલા કીધા, પીયાલા ઝેરના પીધા;
પ્રભુને વિસારી દીધા રે. સંસારીયામાં૦ ૩
મન ગમતામાં મહાલ્યો, ચોરને મારગ ચાલ્યો;
પાપીઓનો સંગ ઝાલ્યો રે. સંસારીયામાં૦ ૪
ઘરને ધંધે ઘેરી લીધો, કામિનીયે વશ કીધો;
ઋષભદાસ કહે દગો દીધો રે. સંસારીયામાં૦ ૫

શ્રી આત્મ શિખામણ સજ્ઝાય.

[મન મંદિર આવો રે–એ દેશી.]

અનુભવિયાંના ભવિયાં રે, જાગીને જો જો;
આગલ સુખ છે કેવાં રે, જીવો તે જો જો. ૧
બાળપણે ધર્મ ન જાણ્યો રે, તે રમતાં ખોયો;
જોવનમેં મદ માતો રે, વિષયમાં મોહ્યો. ૨
ધર્મની વાત ન જાણી રે, ખોટી લાગી માયા;
જોવન જશે જરા આવશે રે, ત્યારે કંપશે કાયા. ૩
મોહ માયામાં માચ્યો રે, સમકિત કિમ વરશ્યે;
ક્રોધ વ્યાપ્યો છે સણલો રે, બોલતો નવિ બલશે. ૪

ધનને કાજે ધમમમતો રે, હિંડે હલફલતો,
પાસે પૈસો પૂર છે રે, પુન્ય નથી કરતો ૫
નેત્ર ને નાસિકા ગલશે રે, વલી વળશ્યો વાકા,
બોલ્યુ કોઈ ન માનશે રે, ત્યારે પડશો ઝાંખા ૬
દાંત પડ્યા મુખ ખાલી રે, ત્યારે કેહને કહેશો,
ધર્મની વાત ન જાણી રે. પ્રભુજીને કિમ મલશ્યો ૭
ઉંણર ડુંગર થાશે રે, ગોલી થાશે ગંગા,
પ્રભુજીનુ નામ સંભારો રે, હોવે જિમ રંગા ૮
શેરી પરશેરી થાશે રે, ત્યારે બેસી રહેશો,
લોભને લલુતા વધશે રે, બેઠા કચ કચ કરશો ૯
દીકરડાની વહૂઓ રે, રીસડીએ બળશે,
એ ઘરડા ઘરમાથી રે, કે દાડે ટળશે ૧૦
પીપલ પાન ખરતા રે, હસતી કુંપલીયા,
અમ વીતી તમ વીતશે રે, ધીરી બાપડીયા ૧૧
રાવણ સરીખા રાજવી રે, ગયા જનમારો ખોતા,
પાપી હાથ ઘસતા રે, જાણે જન્મ્યા નોતા ૧૨
ધન તે જિહા તિહા રહેશે રે, એકાકી જાવો,
લોભને લલુતા મૂકી રે, અરિહંતને ધ્યાવો ૧૩
શિવરમણી સુખ ચાખો રે, અનુભવનો એવો,
ચેતવુ હોય તો ચેતજો રે, સંસાર છે એવો ૧૪
કવિ **ઋષભની** શિખડી રે, હૃદયામા ધારો,
જીતી બાજી હાથથી રે, તુમે કિમ વિસારો ૧૫

મન મરે નહિ જિહાં લગે, ધૂમે મદ ઘેર્યો;
તણ લગે જગ ભૂલ્યું ભમે, ન મિટે ભવ ફેરો. આ૦ ૧૨
ઉંઘ તણે જોરે કરી, શું મોહ્યો સુહણે;
અલગી મેલી ઉધને, ખોલી જોને ખૂણે. આ૦ ૧૩
ત્યારે જગમાં તુજ વિના, બીજો નવિ દીસે;
ભિન્નભાવ મટશે તદા, સહેજે સુજગીશે. આ૦ ૧૪
મારૂં તારૂં નવિ કરે, સહુથી રહે ન્યારો;
એણે અહિનાણે ઓળખ્યો, પ્રભુ તેહને પ્યારો. આ૦ ૧૫
સિદ્ધ દશાયે સિદ્ધને, મલીયે એકાંત;
ઉદયરત્ન કહે આતમા, તો ભાંગે ભ્રાંત. આ૦ ૧૬

ચેતનને ઉપદેશની સજ્ઝાય.

ચેતન ચેતજો રે, એ કાળ ન મેલે કેડો;
સંબલ શીઘ્ર સાથે લેજો, કીનાશ વસે છે નેડો. ચેતન૦ ૧
છાયા મિષ કરી એ નિત્યે, છળ ગવેષે છાનો;
અચિંત્યો આવી પકડી જાશે, કાંઈકિ ચડાવી બાનો. ચેતન૦ ૨
તનુ રૂપ જે જીવ વટેરો, ઇચ્છારામે રમતો;
ક્રૂર કીનાશ એ સમલી પેરે, લેઇ જાશે ભમતો. ચેતન૦ ૩
બાલા બૂઢા ગરભે હુંતા, યૌવન વય લેઇ જાવે;
કાચા પાકાં સઘલાં બેડાં, એહને દયા ન આવે. ચેતન૦ ૪
તું જાણે પરવારી જઇશું, લોચા સઘલા ઘોઇ;
હાહો કરતાં લેઇ જાશે, સહુકો રહે એમ જોઈ. ચેતન૦ ૫

તુ અમર પરે થિર થઇ બેઠો, લોચા વાળે મૂઢ,
લખપતિ નરપતિ શેઠ સત્થવાહ, તુજ આગળ કેઈ બૂઢ ચેતન૦ ૬
આજ કાલ ને ચોર પગરે, ધર્મે વિલંબજ કરતો,
ક્ષણ ક્ષણ આયુ ઓછો થાયે, અંજલિ જલ જિમ ખરતો ચેતન૦ ૭
તારે તો રોહણુભા ગાજે, બહેરો થઇને બેઠો,
તુજ આગળ કેઈ નર ચાલ્યા, તુ એ પથે પેઠો ચેતન૦ ૮
વાર કવાર સુખી દુખી એ, ન ગણે એહ એ ટાણુ,
અવર ઉઠા તે દામે પાચે, ન વળે એહનુ આણુ ચેતન૦ ૯
નિશ્ચિંતા નવિ સુઇયે પ્રાણી, જમનો ઝાઝો જોરો,
માત પિતાદિક જોતા લેશે, દેહનો ન ચાલે તોરો ચેતન૦ ૧૦
સમય થયે ચેત્યો નહિ પ્રાણી, આવે આઉ બહુ ઝૂરે,
બૂડતા વાર કેહવી લાગે, સાયરને જિમ પૂરે ચેતન૦ ૧૧
રાત દિવસ ચાલે એ પથે, કિણે ન જાયે કલિયો,
થાવચ્ચાદિક જે મુનિ ચેત્યા, તેહને ભય એ ટલિયો ચેતન૦ ૧૨
પાણી પહેલી પાળ જે બાંધે, તે જગમાહિ બલીયા,
ઘર લાગે કુવો જે ખોદે, તે પૂરણમા ભલીયા ચેતન૦ ૧૩
જરા કુત્તી જોવન એ સસલો, આહેડી જમ જાણે,
જિહા જાશે તિહા એ માર, ચિત્તમા કા નવિ આણે ચેતન૦ ૧૪
એહવુ જાણી ધર્મ આરાધો, શુ કરે તે જમ બલિયો,
વીરવિમલ ગુરુ શિષ્ય વિશુદ્ધ કહે,
જઈ શિવપુરમા ભલિયો ચેતન૦ ૧૫



કાયાપુર પાટણની સજ્ઝાય.

કાયાપુર પાટણ રૂઅડું, પેખો પેખો નવ પોલ માન રે;
હંસ રાજા રંગે રમે રાજીયો, મલીયો મલીયો મન પરધાન રે.
મમ કરો માયા કાયા કારમી૦ ૧
જીવ જાણે જે સર્વ માહરૂં, કૂડો કૂડો કુટુંબ સંઘાત રે;
રાતે રે જિમ પંખી બેસે એકઠા, ઉડી ઉડી જાય પરભાત રે. મમ૦ ૨
[1]એક જીવી રે તણી વેલડી, કરહલા દોય ચરંત રે;
એક કાળો રે બીજો ઉજલો, દિનદિન વેલી ઘટંત રે. મમ૦ ૩
એક તરૂઅર ઘન રસ ચડે, એક પડે પીંપલ પાન રે;
ચતુરપણે રે જોજો પારખું, હૈડે ધરજો અરિહંત ધ્યાન રે. મમ૦ ૪
એણે વાટે જાતાં નથી વાણીયા, નહિ વલી હાટનો હામ રે;
એહવું જાણી સાથે લેજો સંબલો,
વેગલડું છે મુગતિનું ગામ રે. મમ૦ ૫
આપણો આતમા બાલુડો, સરસ જોબન લહે વેશ રે;
મુગતિ નારી રે પરણાવજો, **સહજસુંદર** ઉપદેશ રે. મમ૦ ૬

કાયાવાડીની સજ્ઝાય.

કાયા રે વાડી કારમી, સિંચંતાં સૂકે;
ઉંઠ કોડ રોમાવલી, ફૂલ ફૂલ ન મૂકે. કા૦ ૧
કાયા માયા કારમી, જોવંતા જાશે;
મારગ લેજો મોક્ષનો, જીવડો સુખ પાશે. કા૦ ૨

૧—આયુ રૂપી એક વેલડી તેને કૃષ્ણપક્ષ અને શુકલ પક્ષ રૂપ કાળો ને ધોળો બે ઉંટ ચરી રહેલ છે.

અરિહંત આણો મોરીયો, સામાયિક થાણે,
મંત્ર નવકાર સંભારજો, સમકિત શુદ્ધ ઠાણે કા૦ ૩
વાડ કરો વિરતિતણી, મવિ લોભ નિવારો,
શીલ સંયમ દોનુ એકઠા, ભલી પેરે પારો કા૦ ૪
પાંચ પુરૂષ દેશાવરી, બેઠા એણી ડાલી,
ફલ ચુંટીને ચોરીયા, ન કરી રખવાલી કા૦ ૫
ઇણ વાડી એક સૂડલો, સુખ પિંજર બેઠો,
બહુ જતન કરી રાખીઓ, જાતો કિણહી ન દીઠો કા૦ ૬
કા ભોળપણે ભવ હારીયો, મતિ મોડી સંભાલી,
રત્નચિંતામણિ સારિખી, કાઇ ગાંઠ ન વાલી કા૦ ૭
રત્નતિલક સેવક ભણે, સુણજો વનમાલી,
વાડ ભલી પેરે પાળજો કરજો ઢંગ વાલી કા૦ ૮

મનસ્થિર કરણ સજ્ઝાય.

મન સ્થિર કરજો રે, સમકિત વાસીને,
ચપળ મ કરજો રે, કુગુરૂ ઉપાસીને
સમજણ કરીને ચિત્તમા ગણે શંકા કંખા વારી,
વિતિગિચ્છા ને ફલનો સંશય, પરદરશણ સંગ છાંડી
દીપક સરીખો રે, જ્ઞાન અભ્યાસીને—મન૦ ૧
ધનુષ તીર ગદા ચક્ર ધરે જે, વૈરી મારણ કાજ,
અરધાંગે જે રમણી ગણે, તેહને નહિ કાંઇ લાજ
દેવ ન કહીયે રે, નારી ઉપાસીને,
પગે નવિ પડિયે રે, ક્રોધ નિવાસીને
તસ પય નમતા રે, પામશો હાસીને—મન૦ ૨

ધન કણ કંચન કામિની રાતા, પાપ તણા ભંડાર;
મારગ લોપી કોપીન પહેરી, કિમ લહેશે ભવપાર.
પરિગ્રહસંગી રે, રહ્યા ઘર માંડીને;
વિષય પ્રસંગી રે, લજ્જા છાંડીને.
મત ગુરૂ કરજો રે, ભોગવિલાસીને—મન૦ ૩

ગો મહિષી અજી અવી પય માણણ, ઘરી કરભી સુની દુધ;
રોઝી અરક થુઅર ખુરસાણી, પય માણણ નહિ શુદ્ધ.
દુર્ગતિ પડતાં રે, રહેજો સાઇને;
ધર્મ તે કહીયે રે, નિશ્ચય લાઇને.
નામે મ ભૂલો રે, જુઓ તપાસીને—મન૦ ૪

ચોરી જારી દૂર નિવારો, મત કરો લોભ અપાર;
ક્ષમા દયા મનમાં નિત ધારો, જિમ નિસ્તરીયે સંસાર.
પાપ મ કરજો રે, જીવવિનાશીને;
જૂઠ ન કહેશો રે, છળ મનવાસીને.
સુખ જસ લહીએ રે, ધર્મ ઉપાસીને—મન૦ ૫

પંચ સમિતિ ત્રણ ગુપ્તિના ધોરી, ધર્મ ધ્યાન ધરનારા;
શુકલ ધ્યાનમાં જસ મન વરતે, તે ગુરૂ તારણહારા.
તસ પદ પૂજો રે, સરધા ધારીને;
સેવના કરજો રે, કુમતિ નિવારીને.
સેવો ધ્યાવો રે, પરમ નિરાશીને—મન૦ ૬

જિન ઉત્તમ પદ **પદ્મ**ની સેવા, કરજો સાચે ચિત્ત;
રૂપવિજય કહે અનુભવ લીલા, ઘટમાં પ્રગટે નિત.
તિમ નિત્ય કરજો રે, જ્ઞાનઅભ્યાસીને;
શમ દમ ધરજો રે, ધ્યાન ઉપાસીને.
શિવ સુખ વરજો રે, ચિદઘન રાશિને—મન૦ ૭

સર્વાર્થસિદ્ધ વિમાન વર્ણન ગર્ભિત પુન્યની સજ્ઝાય.

[સુત સિદ્ધારથ ભૂપનો રે-એ દેશી]

જગદાનદન ગુણનીલો રે, ત્રિશલાનદન વીર,
નિજ વિનેયને ઉપદિશે રે, ધર્મ કરો તુમે ધીરો રે

પુન્ય ન મૂકીયે—

પુન્યે શિવસુખ હોય રે, તે કિમ ચૂકીયે ૧
પુન્યે સર્વારથ સાધીયે રે, સુરનુ સુખ અતીવ,
તે વિવરીને હુ કહુ રે, સાભળજો ભવિજીવો રે. પુન્ય૦ ૨
સરવારથ નિદ્ધે અછે રે, ચદ્રોદય ચઉસાલ,
મોતી ઝૂબક તિહા ભલો રે, દીસે ઝાકઝમાલો રે પુન્ય૦ ૩
એક વિચે મોતી વડો રે, ચઉસઠ મણુને માન,
ચાર મોતી તસુ પાણતી રે, બત્રીસ મણુના પ્રધાન રે પુન્ય૦ ૪
સોલ મણુના વલી જાણીયે રે, અડ મુગતાફલ ચગ,
આઠ મણુના સોલ સુહામણા રે, આણી અતિ ઘણુ રગ રે
પુન્ય૦ ૫
ચાર મણા વલી જાણીયે રે, મુગતાફલ બત્રીશ,
દોયમણુના પણ મનોહરૂ રે, ચોસઠ કહે જગદીશ રે પુન્ય૦ ૬
અદભુત એક મણા વલી રે, એકશોને અડવીશ,
તેહનો વરણુન સાભલી રે, કવણુ ન ધૂણે શિષ રે પુ ય૦ ૭
સરવાલે સઘળા મલી રે, હોયશે ત્રેપન હોય,
વલયાકારે જાણુજો રે, તે મોતી સહુ હોય રે પુન્ય૦ ૮
પવન લહેરશુ પ્રેરીયા રે, સમકાલે તે જામ,
મુખ્ય મોતીશુ આફળે રે, ઝમઝમ ઝમઝમ તામ રે પુન્ય૦ ૯

મધુર નાદમેં સુંદરૂ રે, થાયે તેહ વિમાન;
સુરરાજા તેહશું ઘણો રે, કુણ કહે બુદ્ધિ નિધાન રે. પુન્ય૦ ૧૦
તે માટે તે દેવતા રે, અતિ સુખીયા પુણ્યવંત;
તિણે નાટક લીણા રહે રે, માણે સુખ અનંત રે. પુન્ય૦ ૧૧
તેત્રીશ સાગર આઉખું રે, જાણે ન જાતું તેહ;
સિદ્ધ પાહુડે વીરજી રે, અવિતથ ભાખે તેહ રે. પુન્ય૦ ૧૨
તેત્રીશ સહસ વરસે વલી રે, ભુંજતણી ઇચ્છિ હોય;
તુરત અમૃતમય પરિણમે રે, લવસત્તમ સુર જોય રે. પુન્ય૦ ૧૩
છઠ્ઠ તણો જો તપ હુવે રે, તો પહોંચે નિરવાણ;
સિદ્ધશિલા તિહાંથી અછે રે, યોજન બાર પ્રમાણ રે. પુન્ય૦ ૧૪
એકવાર ઈહાં અવતરી રે, દીક્ષા લેઈ ગુરૂ પાસ;
કેવલજ્ઞાન લહી કરી રે, લેશે શિવપુર વાસ રે. પુન્ય૦ ૧૫
પુન્યે શિવસુખ સંપદા રે, પુન્યે લીલ વિલાસ;
ગુણવિજય પ્રભુજી કહે રે, પુન્યથકી ફલે આશ રે. પુન્ય૦ ૧૬



શ્રી ઉત્તરાધ્યયનના બત્રીશમા પ્રમાદસ્થાન અધ્યયનની સજ્ઝાય.

[પ્રાણી ધરીએ સમકિત રંગ–એ દેશી]

વીર કહે બત્રીશમે રે, અધ્યયને સુવિચાર,
પાપ હેતુ તે પરિહરો રે, જિમ લહો ભવજલ પાર રે
ભવિયણ! ભાવે ધરો ગુણરાશ,
જિમ ન પડો દુઃખ પાશ રે ભ૦ ૧
નાણ ધરો મોહ પરિહરો રે, જીતો રાગ ને રોષ,
પાંચે ઇંદ્રિય વશ કરો રે, મ ધરો વિષય સદોષ રે ભ૦ ૨
તૃણચારી વનતો વને રે, હરિણ સુણ્યો વેધાય,
નાદતણે રસે વાહિયો રે, જે લયલીણો થાય રે ભ૦ ૩
કરિણી કરસે મોહિયો રે, હાથીયો ચૂકે ઠામ,
દરણારે આવી રહી રે, પરવશ્યો જેવે ગામ રે ભ૦ ૪
રૂપે લુબ્ધ પતંગીયો રે, દીવે હોમે અંગ,
ગંધ તણે રસે પકડે રે, ભ્રમર ન પામે ભંગ રે. ભ૦ ૫
આમિષ રસ વશે માછલો રે, એક–મનો જે હોય,
પેખો તતક્ષણ ભાંપડો રે, વેદન પામે જોય રે ભ૦ ૬
એકેકાને પરવશ્યો રે, જે એ દુઃખીયા થાય,
તો પાંચે પરવશતણી રે, કહો ગતિ કેણ કહાય રે ભ૦ ૭
ધર્મ જતણી એ જીપતા રે, પામો નિત્ય આનંદ,
વિજયસિંહ ગુરુની પરે રે, ઉદય સદા સુખકંદ રે. ભ૦ ૮

શ્રી મુનિવંદન સજ્ઝાય.

[વીરકુંવરની વાતડી કેને કહીયે–એ દેશી.]

શ્રી મુનિરાજને વંદના નિત કરીયે,

હાંરે તપસી મુનિવર અનુસરીયે;

હાંરે ભવસાગર સહેજે તરીયે, હાંરે જેનો ધન્ય અવતાર.

શ્રી મુનિ૦ ૧

નિંદક પૂજક ઉપરે સમભાવે, હાંરે પૂજક પર રાગ ન આવે;

હાંરે નિંદક પર દ્વેષ ન લાવે, હાંરે તેહથી વીતરાગ.

શ્રી મુનિ૦ ૨

સંજમધર ઋષિરાજજી મહાભાગી,

હાંરે જેની સંજમે શુભમતિ જાગી;

હાંરે થયા કંચન કામિની ત્યાગી,

હાંરે કરવા ભવ તાગ. શ્રી મુનિ૦ ૩

તીને ચોકડી ટાળીને વ્રત ધરીયા,

હાંરે જાણું સંજમ રસના દરીયા;

હાંરે અજુઆળ્યા છે આયણા પરીયા,

હાંરે ધન્ય ધન્ય ઋષિરાજ. શ્રી મુનિ૦ ૪

ચરણ કરણની સિત્તરી દોય પાલે,

હાંરે વલી જિનશાસન અજુઆલે;

હાંરે મુનિ દોષ બેંતાલીશ ટાલે,

હાંરે લેતા શુદ્ધ આહાર. શ્રી મુનિ૦ ૫

ચિત્ર સંભૂતિ ને વલી હરિકેશી,
હારે **અનાથી** મુનિ શુભલેશી,
હારે **ગૌતમ** ગણધર વલી કેશી,
હારે બેહુના અણગાર શ્રી મુનિ૦ ૬
દશચક્રી પ્રત્યેક બુદ્ધને જગ જાણે,
હારે **નમિરાજને** ઈદ્ર સમાણે,
હારે **ઉત્તરાધ્યયને** તે વખાણે,
હારે શ્રી **દશારણભદ્ર** શ્રી મુનિ૦ ૭
છવ્વીશ કોટી ઝાઝેરા અઢી દ્વીપે
હારે તપ સજમ ગુણથી દીપે,
હારે ચાર બોલ પચીશને જીપે,
હારે કીજે ગુણ ગ્રામ શ્રી મુનિ૦ ૮
દીપવિજય કવિરાજના ગુણગાવો,
હારે ગુણ ગાઇને ભાવના ભાવો,
હારે ગાતા પદ્મમહોદય પાવો,
હારે માનવ ભવ સાર શ્રી મુનિ૦ ૯

શ્રી દશદૃષ્ટાંતની સજ્ઝાય.

[પ્રભુ તુજ શાસન અતિ ભલુ–એ દેશી]

દશ દૃષ્ટાંતે દોહિલેા, માનવતણેા અવતાર રે,
પચ પ્રમાદને પરિહરી, ભરીયે સુકૃત ભડાર રે દશ૦ ૧
ભોજન પાસા ધાન જુઆ, રયણ સુપન વિચાર રે,
ચક્ર કચ્છપ વલી યુગડ, તિમ પરમાણુએા સાર રે દશ૦ ૨
એ દશ સખેપે કહુ, સુણુને સહુ નરનાર રે,
ચક્રવર્ત્તી તેહેા વિપ્રને, ઘર ઘર એક આહાર રે દશ૦ ૩

પહેલો જમ્યો ચક્રી ઘરે, દોહિલો બીજી વાર રે;
દેવી પાસા આલીયા, કુણ જીતે ઉદાર રે. દશ૦ ૪
ધાન તે સઘલાં ભેલીયાં, દગ મેરૂ સમાન રે;
ડોકરી કેમ કરે જૂજૂઆં, હોયે ચતુર સુજાણ રે. દશ૦ ૫
એક શત આઠ હાંસ થાંભલે, એક શત આઠ થંભો રે;
તેહ નિરંતર જીપતાં, હોયે અતિહિ અચંભો રે. દશ૦ ૬
રયણ ઘણાં ઘર શેહને, કરતો કોડિ જતન રે;
બેટે તે વેચ્યાં જૂજૂઆં, કેમ ભેળાં રતન રે. દશ૦ ૭
સુપન બેહુ સરખું લહે, મુખમાં પેઠો ચંદ રે;
રાજ લહે એક રોટલો, સમરે સોમ ગોવિંદ રે. દશ૦ ૮
ચક્ર તે અવલ સવલ ફરે, ઉપર પૂતલી જોઈ રે;
નીચી દૃષ્ટે વિંધે બાણશું, કિમ એણી પેરે હોઈ રે. દશ૦ ૯
અંધ કૂપમાંહિ કાચબો, ઉપર સેવાલવૃંદ રે;
અવકાશ લહી દીઠો ચંદલો, ફરી કિમ દેખે ચંદ રે. દશ૦ ૧૦
પૂર્વ સમુદ્રે ધુંસરૂં, સમિલા પશ્ચિમે પેણ રે;
દોય સંયોગ મલે દોહિલો, તિમ માનવભવ દેણ રે. દશ૦ ૧૧
રયણતણા પરમાણુઆ, દેવે કીધા ભૂર રે;
મેરૂ ચઢી વાયુ વંશીયે, ગયા દહદિશિ દૂર રે. દશ૦ ૧૨
તે સઘલા પરમાણુઆ, કિમ એકઠા થાય રે;
તિમ માનવ જન્મ દુલ્લહો, ફરી ફરી કેમ અવાય રે. દશ૦ ૧૩
સદ્‌ગુરૂ વચન સેવા કરી, પામો ભવતણો પારો રે;
રત્નવિજય સત્યવિજયતણો, **વૃદ્ધિવિજય** જયકારો રે. દશ૦ ૧૪

શ્રી સુદર્શનશેઠની સજ્ઝાય.

ઢાલ-પહેલી.

સયમી ધીર સુગરૂ પય વદી, અનુભવ જ્ઞાન મદા આનદી,
લલના લોચનબાણે ન વિધ્યો, શેઠ સુદર્શન જેહ પ્રસિધ્યો ૧
તેહ તણી ભાખુ સજ્ઝાય, શીલવ્રત જેહથી દૃઢ થાય,
મગલ કમલા જિમ ઘર આવે, ત્રિભુવન તિલક સમાન કહાવે ૨
ઇતિ ઉપદ્રવે જેહ અકપા, જબૂ ભગતમાહે પુરી ચપા,
દધિવાહન નૃપ અભયા ગણી, માનુ લલિતાદિગુણે ઇન્દ્રાણી ૩
રૂપભદ્રમ નૃપ અભિમત શેઠ, લચ્છી કરે નિત જેહની વેઠ,
ઘરણીનામ તમ અરિહાદાસી, જેહુની નૈનમતે મતિ વાસી ૪
સુભગનામ અનુચર સુકુમાલ, તેહ તણે ઘર મહિપીપાલ,
માઘ માસે એક દિન વન જાવે, સુવિહિત મુનિ દેખી સુખ પાવે ૫
નિરાવરણ સહે શીત અપાર, મુખે કહે ધન્ય તેહનો અવતાર,
વદી વિનય થકી આણદ, એહવે તેજ તપ્યો દિણદ ૬
નમોઅરિહ તાણુ મુખે ભાખી, તિહા મુનિ જિમ ગગને પખી,
આકાશગામિની વિદ્યા એહ, સુભગે નિશ્ચય કીધો તેહ. ૭
સુવે જાગે ઉઠે બેસે, એહજ પદ કહેતો હૃદિ ચિસે,
શેઠ કહે વિદ્યા કિમ પામી, મુનિ સબધ કહ્યો શિરનામી ૮
રે મહાભાગ! સુભગ વલી જેહથી, કૂરે કર્મ ટલે ભવભયથી,
એહ વિદ્યાગુણ પાર ન લહિએ, ધન પ્રાણી જિણે હિયડે વહિએ ૯
એમ કહી આપ્યો મત્ર શિખાવ્યો, સાધર્મિકનો સબધ ભાવ્યો,
એકદિન ઘન વૃષ્ટિ નદી પૂરે, ઘરે નવિ આવ્યો થયુ અસૂરે ૧૦
મહિપી મવિ પહેલા ઘરે આવી, સુભગે મનમા વિદ્યા ભાવી,
નદી ઉપડી પર તટે જાવે, લોહ કીલકે હિયડે વિધાવે ૧૧
તોહે પણ તમ ધ્યાન ન ચૂકે ચિત્ત સમાધિ તેહ ભવ મૂકે,
શેઠ તણે ઉપકારે ભરિયો, અરિહાશ્રી-ગર્ભે અવતરિયો ૧૨

૧-પાઠાતર-ધ્યાન

ઢાલ-બીજી.

[તુજ મુજ રીઝની રીઝ અટપટ એહ ખરીરી–એ દેશી.]

અનુક્રમે ગર્ભ પ્રભાવ, શ્રી જિનણિમ્ણ જુહારૂં,
સંઘ ભક્તિ કરૂં ખાસ, શાસન શોભા વધારૂં;
ઉત્તમ દોહલા તેહ, પૂરે જન્મ થયેારી,
નામ **સુદર્શન** દીધ, ઘરઘર હર્ષ ભયેારી. ૧

સકલ કલા આવાસ, યૌવન વય પ્રસયેારી,
નામ **મનોરમા** નારી, પરણી હેજે વયેારી;
એહજ નયર મઝાર, **કપિલ** પુરોહિત છેરી,
રાજમાન્ય ધનવંત, **કપિલા** ઘરણી અછેરી. ૨

શેઠ **સુદર્શન** સાથ, **કપિલ** તે પ્રેમ વહેરી,
અહનિશ સેવે પાય, **કપિલા** તામ કહેરી;
ષટકર્માદિ આચાર, મૂકીએ દૂર ઘણુંરી,
એહવું શું છે સ્વામી, દાખેા તેહ સુણુંરી. ૩

કપિલ કહે સુણ નાર, શેઠ સુદર્શન છેરી,
જસ ગુણ સંખ્ય ન પાર, કહેવા કવણ હવેરી;
રૂપે મદન રવિ તેય, જલધિ ગંભીર પણેરી,
સૌમ્ય ઈન્દુ સુર વૃક્ષ, અધિક તસ દાન ગુણેરી. ૪

કિં બહુના ગુણરાશિ, વાસિત દેહ અછેરી,
ઈમ નિસુણી તે નારી, તેહશું કામ રૂચેરી;
એકદિન રાય આદેશ, **કપિલ** તે ગામ ગયેારી,
કુટિલા **કપિલા** દેહ, મન્મથ પ્રગટ થયેારી. ૫

શેઠ તણે ઘર જાઇ, કહે તુમ મિત્ર તણેરી,
દેહે છે અસમાધિ, દેખણ આવો ભણેરી,
આવ્યો તતખીણ તેહ, કહે તે મિત્ર કિહારી,
સુતા છે ઘરમાહિ, શય્યા સાજ જિહારી ૬
દેઇ ઘરના બાર, વિલગી નારી તીસેરી,
દેખાવે નિજ ભાવ, હાવ વિલાસ હસેરી,
જાણી કપટ પ્રપચ, શીલ સન્નાહ ધરેરી,
હુ છુ પઢ પુરૂષ, મુધા નરવેષ કરેરી ૭
વિલખી થઇને તેહ, કાઢ્યો ગેહ થકીરી,
આજ પછી પર ગેહ, જાવા નિયમ નકીગે,
શેઠ સુદર્શન એમ, રહે નિત શીલ વહેરી,
અવનીતલે ઉપમાન, એહનુ કવણ લહેરી ૮

ઢાલ–ત્રીજી.

[લલનાની–દેશી.]

એક દિન ઈન્દ્ર મહોચ્છવે, રાજાદિક સવિ લોક; લલના૦
ક્રીડા કારણ આવીયા, સજ્જ કરી સઘળા થોક. લલના૦
શીલ ભલી પેરે પાલીએ૦ ૧
શેઠ **સુદર્શન**ની પ્રિયા, નામે **મનોરમા** જેહ; લલના૦
દેખે દેવકુમર સમા, ષટસુત સુગુણ સનેહ. લલના૦ શીલ૦ ૨
અભયા રાણીને કહે, **કપિલા** દેખી તામ; લલના૦
પ્રિયા પુત્ર એ કુણ તણા, તે દાખો મુજ નામ. લલના૦ શીલ૦ ૩
અભયા કપિલાને કહે, લખમી અધિક અવતાર; લલના૦
શેઠ **સુદર્શન**ની પ્રિયા, પુત્ર તણે પરિવાર. લલના૦ શીલ૦ ૪
કહે **કપિલા** એ કિહાં થકી, એહને પુત્ર અચંભ; લલના૦
અભયા કહે અચરિજ કિશ્યું, શચીપતિ પતિએ રંભ. લલના૦શીલ૦૫
કહે **કપિલા** તે કલીબ છે, જૂઠ ધરે નરવેશ; લલના૦
કિમ જાણ્યું રાણી કહે, કહે વૃત્તાન્ત અશેષ. લલના૦ શીલ૦ ૬
મુગ્ધે! વંચી ઈમ કહી, તુજને ઈણે નિરધાર; લલના૦
પરસ્ત્રી સાથે ષંઢ છે, નિજ તરૂણી ભરતાર. લલના૦ શીલ૦ ૭
સુણ **અભયા** જો નર હોવે, તો ભજે કામ પ્રચંડ; લલના૦
લોહ પુરૂષ સરિખો ગળે, પણ નિશ્ચય એ ષંઢ. લલના૦ શીલ૦ ૮
કહે **કપિલા** મદ મત કરે, એ નિશ્ચે અવિકાર; લલના૦
કહે **અભયા** મુજ ફંદમાં, કવણ ન પડે નિરધાર. લલના૦ શીલ૦ ૯
કપિલા કહે હવે જાણશું, એ તુજ વચન વિલાસ; લલના૦
કોઈ પ્રપંચે એહને, પાડો મન્મથ પાસ. લલના૦ શીલ૦ ૧૦
કીધી પ્રતિજ્ઞા આકરી, જલજલણાદિ પ્રવેશ; લલના૦
અનુક્રમે ક્રીડાવનથકી, પહોત્યા નિજ નિજ નિવેશ. લલના૦શીલ૦૧૧

ઢાલ–ચોથી.

[એક દિન પુંડરીક ગણધર રે લાલ–એ રાગ]

હવે **અભયા** થઇ આકળી રે લાલ,
ચૂકવવા તસ શીલ, રાયનદી૦
ધાવમાતા તસ **પંડિતા** રે લાલ,
કહે સવિ વાત સલીલ રાયનદી૦
અલ સંગતિ નવિ કીજીયે રે લાલ૦ ૧
સુણ પુત્રી કહે **પંડિતા** રે લાલ,
તુજ હઠ ખોટો અત્યંત, રાયનદી૦
નિજ વ્રત એ ભંજે નહિ રે લાલ,
જો હોવે પ્રાણાન્ત રાયનદી૦ અલ૦ ૨
કહે **અભયા** સુણ માવડી રે લાલ,
મુજ ઉપરોધે એ કામ, રાયનદી૦
કપટું છલબલથી ખરૂ હો લાલ,
ન રહે માહરી મામ રાયનદી૦ અલ૦ ૩
માની વયણ ઇમ **પંડિતા** રે લાલ,
રાખી મનમા ચૂપ, રાયનદી૦
કૌમુદી મહોત્સવ આવીયો રે લાલ,
પડહ વજાવે ભૂપ રાયનદી૦ અલ૦ ૪
કાર્તિકી મહોત્સવ દેખવા રે લાલ,
પુર બાહિર સવિ લોક, કહે રાજા૦
જોવા કારણ આવજો રે લાલ,
આપ આપણી મલી ચોક કહે રાજા૦ અલ૦ ૫

ઇમ નિસુણી શેઠ ચિંતવે રે લાલ,
પર્વ દિવસનું કાજ; કિમ થાશે૦
રાય આદેશ માંગી કરી રે લાલ,
ઘરે રહ્યો ધર્મને સાજ. દુઃખ જાશે૦ ખલ૦ ૬

સર્વ મિળ પૂજા કરી રે લાલ,
ચૈત્ય પ્રવાડી કીધ; મનોહારી રે૦
પોસહ નિશિ પ્રતિમા રહ્યો રે લાલ,
એકાંતે ચિત્તવૃદ્ધિ. સુખકારી રે૦ ખલ૦ ૭

અભયા શિરદુઃખણ મિષે રે લાલ,
ન ગઈ રાજા સાથ; રાયજાદી૦
કપટે પંડિતા **પંડિતા** રે લાલ,
મૂરતિ કામની હાથ. રાયજાદી૦ ખલ૦ ૮

ઢાંકી પ્રતિમા વસ્ત્રશું રે લાલ,
પેસાડે નૃપ ગેહ; રાયજાદી૦
પૂછી તિહાં કણે પોલીયે રે લાલ,
કહે **અભયા** પૂજન એહ. રાયજાદી૦ ખલ૦ ૯

એક દોય ત્રણ ઇમ કામની રે લાલ,
મૂરતિ આણી તામ; રાયજાદી૦
પ્રતિમાઘર ઇમ શેઠને રે લાલ,
કપટે આણ્યો ધામ. રાયજાદી૦ ખલ૦ ૧૦



ઢાલ–પાંચમી.

[ત્રિભુવન તારણ તીરથ પાસ ચિંતામણિ રે કે પાસ–એ દેશી]

અભયા કામ વિકાર, કરી આલિંગતી, હો લાલ–કરી આલિંગતી૦
કોમલ કમલ મૃણાલ, ભુજદંડ્યુ વિટતી હો લાલ–ભુજ૦ ૧
નિજ થણુભ ડલ પીડે, તમ કરશુ ગૃહી, હો લાલ–તમ૦
અંગોપાંગે સર્વ, કે કરસે તે સહી હો લાલ–કે૦ ૨
અનુકૂલ ને પ્રતિકૂલ, કર્યા પરિસહ ઘણુ, હો લાલ–કર્યા૦
કોપ્યા પોહરી લોક, પોકાર્યા તે સહુ હો લાલ–પોકા૦ ૩
ગજ આવ્યો તામ, કહે અભયા જિહા, હો લાલ–કહે૦
મુજ એકલડી જાણી, કે એ આવ્યો ઈહા હો લાલ–કે એ૦ ૪
ધર્મ પિશાચી એણે, કદર્થી હુ ઘણું, હો લાલ–કદર્થી૦
એણે દીધો અન્યાય, મુખે કેતો ભણુ હો લાલ–મુખે૦ ૫
નિસુણી રાજા વાત કે, સશય મન ધરે, હો લાલ–સશય૦
એહથી ઈમ નવિ થાય, પ્રગટ દીસે પરે હો લાલ–પ્રગટ૦ ૬
કહે રાજા અન્યાય, ઇણે મોટો દીયો, હો લાલ૦ઇણે૦
પુરમા કરીય વિડંબન, શૂલીએ દીયો હો લાલ–શૂલી૦ ૭
કિંતા ઈમ પુરમાહિ, **ઋષભદાસ** મંદિરે, હો લાલ–રૂષભ૦
નિસરીયો વિરૂપ, પ્રિયા દેખી દુખ ધરે હો લાલ–પ્રિયા૦ ૮
મેરૂ ડગે પણ, કંત ન ક્ષોભે શીલથી, હો લાલ–કંત૦
કોઈક અશુભ વિપાક, ઉદયના લીલથી હો લાલ–ઉદય૦ ૯
એ ઉપસર્ગ ટળે તો, મુજને પારણુ, હો લાલ–મુજને૦
નહિતર અણુસણ મુજ, દેઈ ઘર જાણું હો લાલ–દેઈ૦ ૧૦
કરી કાઉસ્સગ્ગ રહી ધ્યાન, ધરી શાસન સુરી, હો લાલ–ધરી૦
શૂલીએ દીધો શેહ, આરક્ષકે કર ધરી હો લાલ–આરક્ષકે૦ ૧૧

કનક સિંહાસન તે, થયું દેખે તીસે; હો લાલ–થયું૦
તવ મૂક્યું કરવાલ, કુસુમ પરે ગલે. હો લાલ–કુસુમ૦ ૧૨
તેહ ચરિત્ર પવિત્ર, કહે રાજા પ્રતે; હો લાલ–કહે૦
ગજ ચડી આવ્યો ભૂપ, અમાવે માનતે. હો લાલ–અમાવે૦ ૧૩
નારી વયણથી કાજ, કર્યું અવિચાર ને; હો લાલ–કર્યું૦
એહ અમજો અપરાધ, કરી મનોહાર ને. હો લાલ–કરી૦ ૧૪

ઢાલ–છઠ્ઠી.

[એ એ મુનિવર વિહરણ પાંગર્યા રે–એ દેશી.]

શેઠ **સુદર્શન** ગજ ઉપર ચઢ્યાજી,
વીંજે તિહાં ચામર છત્ર પવિત્ર રે;
જિત નિશાણ અજાવે નયરમાંજી, નાટક અત્રિસ અદ્ધ વિચિત્ર રે.
મોટો મહિમા છે મહીયલે શીયલનો રે૦ ૧
દાન અવારિત દેતા બહુ પરે રે, આવે નિજ મંદિર કેરે બાર રે;
શોભા જિનશાસનની થઈ ઉજલી રે, ધનધન **મનોરમા** જસ નાર રે.
કાઉસ્સગ્ગ પાર્યો તેણી વાર રે— મો૦ ૨
અભયા ગળે ફાંસો બાંધને મુઈ રે,
નાશી **પાડલીપુર** ધાવ તે જાય રે;
દેવદત્તા ગણિકાના ઘરમાં રહી રે,
ચરિત્ર સુણીને અચરિજ થાય રે. મો૦ ૩
શેઠે સંવેગે સંયમ આદરી રે, શિક્ષા ગ્રહી ગીતારથ થાય રે;
તપ દુર્બલ તનુ એકાકી પ્રતિમા ધરે રે,
વિચરંતા **પાડલીપુર** તે જાય રે. મો૦ ૪
શેઠ **સુદર્શન** રૂપ વખાણથી રે, ગણિકા થઈ ઉત્સુક મુનિને દેખી રે;
ભિક્ષા ભમતા ઘરમાં રાખીયો રે,
કીધાં **કપિલા** પરે ઉપસર્ગ અશેષ રે. મો૦ ૫

એમ કદથીં સાજે મૂકીયેા રે, આવી વનમાહે ધ્યાન ધર ત રે,
અભયા મરીને હુઇ વ્યતરી રે,
દીઠેા તેણે તિહા મુનિ મહ ત રે ભેા૦ ૬
ઉપસર્ગ તેણે અનેકવિધે કર્યા રે,
ચઢિયેા તવ ક્ષપકશ્રેણિ મુણિદ રે,
ઘાતિકર્મ ક્ષયે કેવલ પામીયેા રે,
આવ્યા તિહા સુરનર કેરા વૃન્દ રે ભેા૦ ૭
દેશના આપે જન પ્રતિબેાધવા રે, કાપે સવિ પાતક કેગ વૃન્દ રે,
ગણિકા **પંડિતા** ને **અભયા** વ્યતરી રે,
પામે તિહા સમકિત અમદ રે. ભેા૦ ૮
પહેલા કેતા ઇક ભવને અતરે રે હુતેા સ્ત્રીમ ણધે **અભયાજીવ** રે,
શૂલા ગાલીથી કર્મજ બાધિયુ રે,
આવ્યુ તેહનુ ફલ ઉદય અતિવ રે ભેા૦ ૯
અનુક્રમે વિચરતા **ચંપાએ** ગયા રે,
પ્રતિબેાધ્યા રાજાદિ બહુ પરિવાર રે,
ધનધન **મનેારમા** તસ સુદરી રે,
સયમગ્રહી પહેાતી મુક્તિ મેાઝાર રે ભેા૦ ૧૦
પરમપદ પામે **સુદર્શન** કેવલી રે,
જયવતેા જેહનેા જગમા છે જસવાસ રે,
નીત નીત હેાને તેહને વન્દના રે,
પહેાચે સવિ વછિત મનની આશ રે ભેા૦ ૧૧
સહજ સેાભાગે સમકિત ઉજણુ રે,
ગુણિના ગુણ ગાતા આનદ થાય રે,
જ્ઞાનવિમલ ગુણ વાધે અતિ ઘણા રે,
અધિક ઉદય હુએ સુજસ સવાય રે ભેા૦ ૧૨

શ્રીમતી મનોરમા સતીની સજ્ઝાય.

મોહનગારી મનોરમા, શેઠ **સુદર્શન** નારી રે;
શીલ પ્રભાવે શાસનસુરી, થઇ જસ સાન્નિધ્યકારી રે. મો૦ ૧

દધિવાહન નૃપની પ્રિયા, **અભયા** દીએ કલંક રે;
કોપ્યો **ચંપા**પતિ કહે, શૂલીરોપણ વંક રે. મો૦ ૨

તે નિસુણીને **મનોરમા**, કરે કાઉસ્સગ્ગ ધરી ધ્યાન રે;
દંપતી શીલ જો નિર્મલુ, તો વધો શાસન માન રે. મો૦ ૩

શૂલી સિંહાસન થઇ, શાસનદેવી હજૂર રે;
સંજમ ગ્રહી થયાં કેવલી, દંપતી દોય સનૂર રે. મો૦ ૪

જ્ઞાનવિમલ ગુણ-શીલથી, શાસન શોભ ચઢાવે રે;
સુર નર સવિ તસ કિંકરા, શિવસુંદરી તે પાવે રે. મો૦ ૫

શ્રી સ્થૂલભદ્રજીની શીયલવેલિની સજ્ઝાય.

[૧] ઢાલ-પાંચમી

[મનમંદિર આવો રે, કહું એક વાતડલી-એ દેશી.]

કર કોલ કરીને રે, ચાલ્યા ગુણ ભરીયા;
ધરી વિનય વિવેકે રે, જઇ નૃપને મળીયા. ૧

ભૂપાલના મુખથી રે, વાત સકલ નિસુણી;
સંસાર સ્વરૂપને રે, ચિંતે શિર ધુણી. ૨

મેં વાત ન જાણી રે, વેશ્યા ઘર રમતાં;
આતમ ગુણ હાણી રે, ભુલા ભવમાં ભમતાં. ૩

કહે અવનીસ્વામી રે, શી ચિંતા કીજે;
શકડાલને પાટે રે, મંત્રીપણું લીજે. ૪

સ્થૂલિભદ્ર કહે તવ રે, આલોચી આવું;
આલોયે આગળ રે, સુખ સંપદ પાવું. ૫

પ્રણામ કરીને રે, અશોક વને આવે,
શમ તત્ત્વ વિચારી રે, લોચ કર્યો ભાવે ૬
રત્ન કંબલનો રે, તિહાં ઓઘો કીધો,
જઇ રાજસભાએ રે, ધર્મલાભ દીધો ૭
આ-લોચ્યુ ગત્ત રે, મસ્તક મે ઇંહા,
મહાવ્રત ઉચ્ચરવા રે, જઇશું ગુરૂ જીહા. ૮
કોશ્યા ઘર બુદ્ધે રે, નૃપ જોવા ઉઠ્યો,
કણ ગધ મુનિ સમ રે, દેખી દીલ તુષ્યો ૯
સ્થૂલિભદ્ર મુનિવર રે, પથ શિરે ચલીયા,
સંભતિવિજયજી રે, મારગમા મલીયા ૧૦
ગુરૂ પ્રણમી બોલે રે, મુજ દીક્ષા દીજે,
વદે સૂરિ સગાની રે, તો અનુમતિ લીજે. ૧૧
સીરિયા કેરી રે, તિહાં આણા માગી,
આચારજ પાસે રે, લીયે વ્રત વૈરાગી ૧૨
સૂત્રિ સાથ વિહારી રે, શ્રુત નિત અભ્યાસી,
આતમ સુવિલાસી રે, રહે ગુરૂકુલ વાસી ૧૩
મનમથ રમતા રે, નિશદિન મુનિગયા,
નહિ મોહ ને મમતા રે, રંક સમા રાયા ૧૪
ઇચ્છાદિક દશવિધ રે, વણી સમાચારી,
ચોમાસા ઉપર રે, ગુરૂ અભિગ્રહ ધારી ૧૫
કૂપાતર જાવે રે, એક હસ્તિક દરીયે,
અહિણિલ સ્થૂલિભદ્રો રે, વેશ્યા મંદિરીયે ૧૬
ગુરૂઆણ વિહારી રે, પાતકડા ધુએ,
શુભવીર વિવેકી રે, વેશ્યા વાટ જુએ ૧૭

જુગટીઆના અલંકાર રે, નાટકીયાના શણગાર રે;
ધનવંત હુઓ નિરભાગ્ય રે, જેહવો સંધ્યાએ રાગ રે. ૩
કુંપલ પીપલનું પાન રે, કપટી નરનું જિમ ધ્યાન રે;
ભૂપાલતણું ઘણું માન રે, ચલ કુંજર કેરો કાન રે. ૪
ચંચલ નારીનાં નયણાં રે, દુરજનના મીઠા વયણાં રે;
ઘડી ચાર તણી ચાંદરણી રે, પછી ઘોર અંધારી રયણી રે. ૫
સંસાર સ્વરૂપને દેખી રે, મેં મેલી તુજને ઉવેખી રે;
કોઈ વાયુને તાજુવે તોલે રે, પવને કનકાચલ ડોલે રે. ૬
રવિ ચંદા ચારને ચૂકે રે, જલધિ મર્યાદા મૂકે રે;
અલોકમાંહે હોય જાવું રે, પણ હું તુજ હાથ ન આવું રે. ૭
પૂરવે રમીયા રંગરોલે રે, આજ તું પગ મોજડી તોલે રે;
પેહેલાં તો કાંઇ ન દીહું રે, હવે સંજમ લાગ્યું મીહું રે. ૮
માય બાપને મેં પરિહરીયા રે, માત તાત નવા મેં કરીયા રે;
તજી બાંધવ કેરી સગાઇ રે, મેં કીધા નવા દશ ભાઇ રે. ૯
દોય નામે છે ચિત્રશાળી રે, પરણી ઘરણી લટકાળી રે;
વિણ તેલ દીપક અજુઆળે રે, ચ્યાર સન્યા તે નિત ઢાળે રે. ૧૦
નિત અમૃત ભોજન જમીયે રે, રસ રંગભર ઘેર રમીએ રે;
શુચિ ધૂપઘટી પ્રગટાવે રે, તિહાં તાહરૂં કાંઇ ન ફાવે રે. ૧૧
નવ કોટ વચે એક ગામ રે, નિતુ રહીએ છીએ તીણે ઠામ રે;
સ્વામી ભણીયા શિર તાજ રે, **શુભવીર** પ્રભુજી રાજ રે. ૧૨



[૫] ઢાલ-ચાંદમી

[સ્વાદ.]

[આવો આવો જગીઆના કંત અમ ઘર આવો રે-એ દેશી]

ધ્રુ૦—મુનિગજ કહે સુણ વેગ, હાવ ન ભાવ્યા રે,
દેવા તુજને ઉપદેશ, અમો ઇહાં આવ્યા રે ૧
ઢો૦—ગયો એટલો કાળ વિશેષ, કદા નવિ કરીયો રે,
માહેબીયાનો ઉપદેશ, સદા અનુસરીયો રે ૨
ધ્રુ૦—જિન ધર્મ વશે શિવ-નારીના સુખ ચાખે રે,
કાંઇ એ સંસાર અસાર, ગયો વ્રત પાખે રે ૩
ઢો૦—સંસાર માહે એક સાર, વલ્લભ નારી રે,
છાંડે તેહને ધિક્કાર, ગયા ભવ હારી રે ૪
ધ્રુ૦—મે ધ્યાનની તાલી લગાઇ, નિશાન ચઢાયા રે,
શીલ સાથે કીધી સગાઈ, તજી ભવ માયા રે ૫
ઢો૦—વહાલા એક દિવસ રીસાણી, હતી તુમ સાથે રે,
કિમ બોલાવી ચીજ તાણી, તદા દોય હાથે રે ૬
ધ્રુ૦—સુગપાને ભવી ભવલોક, રૂડુ ન્યુ ન કરતા રે,
કિપાકફલાગી લોક, પછે દુઃખ ધરતા રે ૭
ઢો૦—મને વિરહતણી દાઝ વ્રત્ય, વરસ સમાણી રે,
ઘણી મોહનણી લૂ વાય, વલોશો પાણી રે ૮
ધ્રુ૦—તાહરે મોહજનક રસ બોલે, જોગ ન ફૂટે રે,
મનની તલપની તોલે, તે નીકુ ન તૂટે રે ૯
ઢો૦—નાગરની નિંદય વ્રત, બોલે મીઠુ રે,
કાળાંતરમા કપટની ધાત, મે પ્રત્યક્ષ દીઠુ રે ૧૦

સ્થૂ૦—શું કહીએ અનાણી લોક–ને દુઃખ લાગે રે;
ગૃહી સાધુના તરૂ ફોક, કહ્યું વીતરાગે રે. ૧૧
કો૦—વીતરાગ શું જાણે રાગ–રંગની વાતે રે;
આવો દેખાડું રાગનો લાગ પૂનમની રાતે રે. ૧૨
સ્થૂ૦—શણગાર તજી અણગાર, અમે નિરલોભી રે;
નવ કલ્પી કરશું વિહાર, મેલી તને ઉભી રે. ૧૩
કો૦—વ્હાલા બાર વરસ લગે ઠેઠ, લાડ લડાવી રે;
કિમ નાઓ ધરણી હેઠ, મેરૂએ ચઢાવી રે. ૧૪
સ્થૂ૦—કાકતાલીને દૃષ્ટાંત, નરભવ લાધો રે;
થઈ પંચ મહાવ્રતવંત, મેરૂપરે વાધો રે. ૧૫
કો૦—વ્હાલા નાટક જુઓ એક વાર, નયણ વિકાસી રે;
પછે સંજમ લેજો સાર, વિચારી વિમાસી રે. ૧૬
શુભવીર સાહેલી બહુતર, નાટિક નયણાં રે;
એક એકજ ગાથા અંતર, બેહુનાં વયણાં રે. ૧૭

[૬] ઢાલ–સોલમી.

[સંસાર નાટક.]

[પ્રભુ પડિમા પૂજીને પોસહ કરીએ રે–એ દેશી.]

મેઘ રાગ ઓર ભૈરવ રાત્રે કરીયો રે,
ઉદયની વેળા માલવકોશિકા,
પહોર સમે મધ્યાન્હે હીંડોલો દીપક રે;
પાછલે પહોરે શ્રી ઉપદેશિકા,
નાટિકમેં ન દીઠું એ તો લેશિકા.

સંસારે વસીયો રાગે તાણીયો,
વ્યવહારે રસીઓ જાતે વાણીયો,
વગડાનો વાસી આશી માણીયો,
અવિનાશી નિરાશી ધર્મ ન જાણીયો. આકણી૦ ૧
ચઉદરાજ ચોટામા વેષ બનાવે રે,
મિથ્યાત્વે પૂરી રાત અંધારીઓ,
સૂક્ષમ બાદર પજ્જ અપજ્જ નિગોદે રે,
નાટકમા ન ભૂલ્યો મોહે મારીઓ,
નાઠાની ન દીઠી એકે બારીઓ મ૦ વ્ય૦ વ૦ અ૦ ૨
વિગલેંદ્રી પચેંદ્રી થયો અનુક્રમે રે,
રૂપ ધની દોભાગી વલી ગોભાગીઓ,
બાલ કદા વિકરાલ કદા ભૂપાલો રે,
અવિવેકી પંડિત ગમનો રાગીઓ,
રમણીને રંગે કોઇ દિન લાગીઓ મ૦ વ્ય૦ વ૦ અ૦ ૩
જનરંજન ઉપદેશ ઉદરને ભરવા રે,
ભોગી ને જોગી વેશ બનાવીઓ,
નાગર ને ચંડાલ ચક્યો વગોવે રે,
દોડે રે આગે દાસ કહાવીયો,
સિદ્ધિનો વેગ કદા નવિ લાવીયો મ૦ વ્ય૦ વ૦ અ૦ ૪
માત ને બેન થયા નારી તિમ માતો રે,
ભ્રાત ને તાત હુઆ સંતાનમા,
ભૂમંડળ ઠાકુરિયો થઇને જોઇ રે,
ચુલ્લુન્યો રે સાને કોશ્યા કાનમા,
એકલડો જાયો કોઇ દિન ગનમા મ૦ વ્ય૦ વ૦ અ૦ ૫

ચઉદ પૂરવધર પોહતા જે સુરલોકે રે,
પૂરવ શ્રુત દેશ થકી સંભારતા,
ચરણ ધરમ ધરવાની તાસ ન શક્તિ રે;
વિષયાકુલ ચિત્તે સુખને સેવતા,
અનુગામી અવધિનાણી દેવતા. સં૦ વ્ય૦ વ૦ અ૦ ૬
લિંગ અનંતા ધરિયા કામ ન સરિયા રે,
હોળીનો રાજા ગુણવિણ સંયમી,
નવવિધ જીવની હિંસા નિર્દય કીધી રે;
વાસુદેવ ચક્રી ચઉદ રતન વમી,
નારકીમાં પોહતા ગુણિજનને દમી. સં૦ વ્ય૦ વ૦ અ૦ ૭
જાતિસમરણ નાણે નારકી જાણે રે,
પૂરવ ભવકેરી સુખની વારતા,
દશવિધ વેદન છેદન ભેદન પામી રે;
આયુને પાળી તિર્યંચે જતા,
માતા ને પુત્ર વિવેક ન ધારતા. સં૦ વ્ય૦ વ૦ અ૦ ૮
શ્રી **શુભવીર** ગુરૂના વયણ રસાળાં રે,
સાંભળતાં વેશ્યા ચિત ઉપશામીયું,
ત્રણ કરણશું ગંઠીભેદ કરંતી રે;
મિથ્યાત્વ અનાદિ કેરૂં વામીયું,
કોશ્યાએ સૂધું સમકિત પામીયું. સં૦ વ્ય૦ વ૦ અ૦ ૯



[૭] ઢાલ-સત્તરમી.

[૩૩ા ગામ વસંત કળી વનરાઈ રે-એ દેશી]

મિથ્યાત્વ વામીને કોશ્યા સમકિત પામી રે,
હરખ થયો અતિરેક વાલા,
પારસ લોહ વિવેક વાલા, વચન કહે સા છેક વાલા,
આશ્રવ તે સંવર થયો રે, મહારે સુણો મુનિરાય વાલા,
લાછલદે ધન માય વાલા,
ધન ધન તુમ ગુરૂરાય વાલા ૧

ધન ધન એ ચિત્રશાલી રસાલજ માગી રે,
સમકિત મૂલ વ્રત બાર વાલા,
સાધુજી પાસે સાર વાલા, ઉચ્ચરીયા ધરી પ્યાર વાલા,
કરે સામાયિક નિત પ્રતે રે, ચોમાસુ વહી જાય વાલા,
સાધુ વિહાર કરાય વાલા,
કોશ્યાને દુખ થાય વાલા ૨

જુએ ગુરૂજી વાટ અમે હવે જઈશું રે,
પૂજજો જિન જયકાર વાલા,
પાળજો વ્રત બાર વાલા, ટાળજો અતિચાર વાલા,
એમ શિખામણ દેઈ કરી રે, ચાલતા અણગાર વાલા,
કોશ્યા આંસુ ધાર વાલા,
ધરમ સ્નેહનો પ્યાર વાલા ૩

દુઃકર દુઃકરકાર કહે ગુરૂ રાયા રે,
સિંહગુફામુનિ ખેદ વાલા,
દુઃકરકાર ઉમેદ વાલા, ચાલ્યા ગુરૂ વચ છેદ વાલા;
કામણગારી વિલોકતાં રે, ચલીયા કામ નિવેશ વાલા,
કોશ્યાને ઉપદેશ વાલા,
થિર કીધો મુનિ વેશ વાલા. ૪

રથકારક પ્રતિબોધ લહ્યો કોશ્યાથી રે,
પંચમહાવ્રતધાર વાલા,
પામ્યો સુર અવતાર વાલા, કોશ્યાને ઉપગાર વાલા;
કોશ્યા ધરમ કરીને ગઇ રે, શુદ્ધ ગતિ અવતાર વાલા,
અલ્પ કર્યો સંસાર વાલા,
ધન ધન એ જગ નાર વાલા. ૫

આઠ વરસમાં આઠ પૂરવ મુનિ ભણીયા રે,
એમ નિત નિત અભ્યાસ વાલા,
ભદ્રબાહુ ગુરૂ પાસ વાલા, રહેતા ગુરૂકુલવાસ વાલા;
અરથથકી ચઉદ પૂરવ ભણ્યા રે, કેઈ કહે દશ સાર વાલા,
સૂત્રે અંતિમ ચાર વાલા,
શ્રુતકેવલી નિરધાર વાલા. ૬

ત્રીશ વરસ ઘરવાસ વિલાસે વસીયા રે,
વરસ વ્રતે ચોવીસ વાલા,
યુગપદે પીસ્તાલીશ વાલા, આયુ નવાણું વરીસ વાલા;
શ્રીશુભવીર પ્રભુથકી રે, વરસ પંદર શતદોય વાલા,
સુરલોકે સુર હોય વાલા,
એ મુનિ સમ નહિ કોય વાલા. ૭

[૮] શ્રી સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

લાલ સનેહી રે થૂલિભદ્ર દેખીયે રે,જે મુઝ પ્રાણ આધાર,
આ ચિત્રશાલી રે ન ગમે તે વિના રે,
સાભરે વાર હજાર લાલ૦ ૧

મુઝને કહ્યુ તું રે હુ આવીશ વળી રે, વળતા તે લાગી રે વાર,
પ્રીત ન કીજે રે સજ્જની પરથીયા રે,
જે ઘરઘરના ભમનાર લાલ૦ ૨

નાની તે મુતારી રે જગમા બહુ હતી રે, પણ તુઝને શાબાશ,
મનડુ મેલીને રે રમ કમ લેઇ ગયો રે,
વળતો તે ન પડ્યો પાસ લાલ૦ ૩

એહવા વાલેસર વળી વળી ટોહિલા રે, બહુ ગુણ રયણ ભડાર,
લાજ ન કીજે રે તેહશુ બોલતા રે,
જિહા મન માન્યુ મો વાર લાલ૦ ૪

ચોગાગી ચોવીગી રે નામ નિજ રાખીયુ રે, કોગ્યાને ચમકિત કીધ,
ઉપવિજય કહે થૂલિભદ્ર તું જ્યો રે,
નામે નવ નિધ સિદ્ધ લાલ૦ ૫

[૯] શ્રી સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

[માર્‌ મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે—એ દેશી.]

પ્રીતડી ન કીજે રે નારી પરદેશિયા રે,
ખિણ ખિણ દાઝે રે દેહ;
વિછડીયેા વાલેસર હેા મળવેા દોહિલેા રે,
સાલે સાલે અધિક સનેહ. પ્રી૦ ૧
આજે આવ્યા કાલે ઉઠી ચાલશે રે, ભમર ભમંતા જોય;
સાચાં સાજન વેલાવી ચાલતાં રે,
ધરતી ભાર ન હેાય. પ્રી૦ ૨
મનના મનેારથ તે મનમાં રહ્યાં રે, કહીયે કેહને જાય;
કાગલ લખતાં ભીંજે આંસુંએ રે,
આવે આવે દુર્જન હાથ. પ્રી૦ ૩
મુઝને તુઝ વિણ વ્હાલેા કેા નહિ રે, એણે જગ તુઝશું નેહ;
સયણ સલુણા સાંભળ વિનતિ રે,
જીવ એક દેાય દેહ. પ્રી૦ ૪
સુગુણ સયણ તુઝ વયણ કહું કિસ્યા રે, પાલે પ્રીત અભંગ;
રખે વિસારેા દુર્જનને કહ્યે રે,
રાખેા રાખેા અવિચલ રંગ. પ્રી૦ ૫
ઇણિપરે થૂલિભદ્રે કેાશ્યાને બૂઝવી રે, પાલ્યેા પૂરવ પ્રેમ;
શીલ સુરંગી દીધી ચૂનડી રે,
કવિજન બેાલે રે એમ. પ્રી૦ ૬



[૧૦] શ્રી સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

આંબો મોર્યો હે આંગણે, પગ્મિલ પુહવી ન માય,
પાગે કુલી હે કેતકી, ભ્રમર ર્હ્યો હે લોભાય આંબો૦ ૧
આવો સ્થૂલિભદ્ર વાલહા, લાછલદેના હો નદ,
તુમશુ મુજ મન મોહીયુ, જિમ સાયર ને હો ચદ આંબો૦ ૨
સુગુણા માથે હો પ્રીતડી, દિન દિન અધિકી હો થાય,
બેઠો રગ મજીઠનો, કદીયે ચટકી ન જાય આંબો૦ ૩
નેહ વિહૂણા રે માણસા, જેહવા આવલ ફૂલ,
દીસતા ગણીયામણા, પણ નવિ પામે હો મૂલ. આંબો૦ ૪
કોયલડી ટહુકા કરે, આંબે લહેકે રે લુણ,
સ્થૂલિભદ્ર સુગતરૂ માન્યિા, કોશ્યા કણયર કણ. આંબો૦ ૫
સ્થૂલિભદ્રે કોશ્યાને બૂઝવી, દીધુ સમકિત સાર,
ઉપવિજય કહે શીલથી, લહીયે સુખ અપાર આંબો૦ ૬

[૧૫] શ્રી સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

[શ્રી સુપાસ જિનગર–એ દેશી]

બોલી ગયો મુખ બોલ, ચાર ઘડીનો ટોલ,
આજે લાલ, હજીએ ન આવ્યો વાલહોજી ૧
દેઈ ગયો દુખ દાહ, પાછો નાવ્યો નાહ,
આજે લાલ, કે મહી કેણે ભોળવ્યોજી ૨
રહે તો નહિ ક્ષણ એક, રે દાસી સુવિવેક,
આજે લાલ, જઈ જુઓ દિશા દશેજી ૩

એમ બોલંતી બાલ, એની ઉત્તમ ચાલ;
આછે લાલ, છેલ ગયો મુજ છેતરીજી. ૪
ઉલસ વાલસ થાય, અંગ ઉઘામા ધાય;
આછે લાલ, નયણે નાવે નિદ્રડીજી. ૫
ચોખા ચંપક શરીર, નણદલના હો વીર;
આછે લાલ, નયણે દીઠાં નવિજી. ૬
જેમ બપૈયા મેહ, મચ્છને જળશું નેહ;
આછે લાલ, ભમરાને મન કેતકીજી. ૭
ચકવો ચાહે ચંદ્ર, ઈન્દ્રાણી મન ઇંદ્ર;
આછે લાલ, અહનિશ તમને ઓળગું જી. ૮
તુજ વિણ ઘડીય છ માસ, તેં મુજ નાખી પાસ;
આછે લાલ, નિષ્ઠુરપણું નર તેં કર્યું જી. ૯
ભાંખો કોઇકિ દોષ, મૂકી મનનો રોષ;
આછે લાલ, કાંઇક તો કરૂણા કરોજી. ૧૦
હું નિરાધાર નાર, મેલી ગયો ભરથાર;
આછે લાલ, ઉભી કરૂં આલોચનાજી. ૧૧
ઈમ વલવલતી **કોશા**, દેતી કરમને દોષ;
આછે લાલ, દાસી આવી દોડતીજી. ૧૨
સાંભળ સ્વામીની વાત, **લાછલદે**નો જાત;
આછે લાલ, **સ્થૂલિભદ્ર** આવ્યો આંગણેજી. ૧૩
વનિતા સાંભળી વાત, હિયડે હરખ ન માત;
આછે લાલ, પ્રીતિ પાવન પ્રભુ તેં કરીજી. ૧૪
પધારો ઘર મુઝ, મુનિ ભાખ્યો સવિ ગુજ્ઝ;
આછે લાલ, ઊંઠ હાથ અલગી રહેજી. ૧૫

માતા આગે મોમાલ, તિમ મુજ આગળ જ્યાલ,
આછે લાલ, એહુ પ્રપચ દિહા ભણ્યાજી ૧૬
ચિત્રશાળી ચોમાસ, નિહાલી મુખ તામ,
આછે લાલ, વનિતા વિધિશુ આલોચ્યવેજી ૧૭
માદલ તાલ કસાલ, ભૂગલ ભેરી જ્યાલ,
આછે લાલ, ગાવે નવ નવ ગગશુજી ૧૮
વાળે વિધિશુ અગ, કરતી કુદડી ચગ,
આછે લાલ, હાવભાવ બહુ હેતશુજી ૧૯
સાભળ સ્વામીની વાત, સિંહને ધાલે ગાત,
આછે લાલ, રાઇનો પાડ ગતે ગયોજી ૨૦
મો બાળક માથે રોય, પાવૈયાને પાનો ન હોય,
આછે લાલ, પત્થર કાટ્યો તે કિમ ગળેજી ૨૧
સમુદ્ર મીઠો ન થાય, પૃથ્વી જ્સાતલ જાય,
આછે લાલ, સૂર્ય ઉગે પશ્ચિમ દિશેજી ૨૨
પ્રતિબોધી એમ કોશ, છોડી રાગ ને રોગ,
આછે લાલ, દાદશ વ્રત ઉચ્ચરેજી ૨૩
પૂર્ણ કીધો ચોમાસ, આવ્યા શ્રી ગુરુપાસ,
આછે લાલ, દુષ્કર દુષ્કર તું મહીજી ૨૪
ત્રીજ વ્રજ ધરવાસ, પૂરી બહુની આશ,
આછે લાલ, પચમહાવ્રત પાળતાજી ૨૫
ધન્ય માત ધન્ય તાત, નાગર જ્યાતિ કુલાત,
આછે લાલ, વાડ વશ દીપાવીયોજી ૨૬
જે નર નારી ગાય, તસ ઘર લચ્છી સવાય,
આછે લાલ, પબને શાન્તિ સદા થકીજી ૨૭

[૧૨] શ્રી સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

[મહાવીર પ્રભુ ઘર આવે–એ દેશી.]

એક દિન કોશ્યા ચિત્ત રંગે, બેઠી છે મનને ઉમંગે;
પાંચ સાત સાહેલી સંગે રે.
સ્થૂલિભદ્ર મુનિ ઘર આવે,
આવે આવે **લાછલદેનો** નંદ રે. સ્થૂલિ૦ ૧

આજ મારે મોતીડે મેહ વૃહ્યા, દેવ દેવી સર્વે મુજ તૃહ્યા;
મેં તો જીવન નયણે દીહા રે. સ્થૂલિ૦ ૨

આવી ઉતર્યા ચિત્રશાલી, રૂડી રતને જડીત રઢીઆલી;
માંહે મગીયા મોતીની જલી રે. સ્થૂલિ૦ ૩

પકવાન જમ્યા બહુ ભાત, ઉપર ચોસહ શાકની જાત;
તોય ન ગમે વિષયની વાત રે. સ્થૂલિ૦ ૪

કોશ્યા સજતી સોલ શણગાર, કાજલ કુંકુમ હિંગુલ હાર;
પગવટ અંગૂઠી વીંછુવા સાર રે. સ્થૂલિ૦ ૫

દ્વાદશ ધપમપ માદલ વાજે, ભેરી ભૂંગલ વીણા ગાજે;
તેમ રૂપે અપચ્છરા છાજે રે. સ્થૂલિ૦ ૬

કોશ્યાએ વિષયની વાત વખાણી, સ્થૂલિભદ્રે હૃદય નવિ આણી;
હું તો પરણ્યેા સંયમ પટરાણી રે. સ્થૂલિ૦ ૭

એમ બહુવિધ નાટક કરીયા, સ્થૂલિભદ્રે હૃદય નવિ ધરીયા;
સાધુ સમતા રસના દરીયા રે. સ્થૂલિ૦ ૮

સુખ એણે જીવે અનુભવ્યેા, કાલ અનંતો એમ ગમાવ્યેા;
તોએ તૃપ્તિ જીવ ન પામ્યેા રે. સ્થૂલિ૦ ૯

વેશ્યાને કીધી સમકિતધારી, વિષય સુખરસને નિવારી;
એહવા સાધુની જઉં બલિહારી રે. સ્થૂલિ૦ ૧૦

એહવે પુરૂ થયુ ચોમાસ, સ્થૂલિભદ્ર આવ્યા ગુરૂ પાસ,
દુષ્કર દુષ્કર વ્રત ઉલ્લાસ રે સ્થૂલિ૦ ૧૧
નામ રાખ્યુ છે જગમાહિ, ચોરાશી ચોવીશી નહિ,
સાધુ પહોત્યા છે દેવલોકમાહિ રે સ્થૂલિ૦ ૧૨
પંડિત હસ્તિવિજય કવિરાય, એવા સુગુરૂ તણે સુપસાય,
શિષ્ય ખુશાલવિજય ગુણગાય રે સ્થૂલિ૦ ૧૩

[૧૩] શ્રી સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

[સવાદ.]

શ્રી સ્થૂલિભદ્ર મુનિગણમા શિરદાર જો,
ચોમાસુ આવ્યા કોશ્યા આગાર જો,
ચિત્રામણ શાળાએ તપ જપ આદર્યા જો ૧
કો૦—આદરીયા વ્રત આવ્યા છો અમ ગેહ જો,
સુદરી સુદર ચપક વરણી દેહ જો,
અમ તુમ સરિખો મેળો આ સસારમા જો ૨
સ્થૂ૦—સસારે મે જોયુ સકલ સ્વરૂપ જો,
દર્પણની છાયામા જેવુ રૂપ જો,
સુપનાની સુખડલી ભુખ ભાગે નહિ જો ૩
કો૦—ના કહેશો તો નાટક કરશુ આજ જો,
બાર વરસની માયા છે મુનિરાજ જો,
તે છોડી કેમ જાઉ હુ આશાભરી જો ૪
સ્થૂ૦—આશા ભગીયેા ચેતન કાલ અનાદિ જો,
ભમ્યેા ધર્મને હીણ થયેા પ્રમાદી જો,
ન જાણી મે સુખની કરણી જોગની જો ૫

કો૦— જોગી તો જંગલમાં વાસો વસીયા જો,
વેશ્યાને મંદિરીએ ભોજન રસીયા જો;
તુમને દીહા એવા સંયમ સાધતા જો. ૬
સ્થૂ૦—સાધશું સંજમ ઇચ્છારોધ વિચારી જો,
કુર્માપુત્ર થયા નાણી ઘરબારી જો;
પાણીમાંહિ પંકજ કોરૂં જાણીએ જો. ૭
કો૦—જાણીએ તો સઘળી તુમારી વાત જો,
મેવા મીઠા રસવંતા ખાડુ જાત જો;
અંબર ભૂષણ નવનવલી ભાતે લાવતા જો. ૮
સ્થૂ૦—લાવતા તો તું દેતી આદરમાન જો,
કાયા જાણી સંધ્યા રંગ સમાન જો;
હાલી તે શી કરવી એહવી પ્રીતડી જો. ૯
કો૦—પ્રીતલડી કરતા ને રંગભર સેજ જો,
રમતાં ને દેખાડંતા ઘણું હેજ જો;
રીસાણી મનાવી મુજને સાંભરે જો. ૧૦
સ્થૂ૦—સાંભરે તો મુનિવર મનડું વાળે જો,
ઢાંક્યો અગ્નિ ઉઘાડ્યો પરજાળે જો;
સંયમમાંહિ એ છે દૂષણ મોટકું જો. ૧૧
કો૦—મોટકું આવ્યું તું નંદનું તેડું જો,
જાતાં ન વહે કાંઇ તુમારૂં મનડું જો;
મેં તુમને તિહાં કોલ કરીને મોકલ્યા જો. ૧૨
સ્થૂ૦—મોકલ્યા તો મારગમાંહિ મળીયા જો,
સંભૂતિ આચારજ જ્ઞાને ગળીયા જો;
સંયમ દીધું સમકિત તેણે શિણવ્યું જો. ૧૩

કોઠ—શિખવ્યુ તો કહી દેખાડો અમને જો,
ધર્મ કરતા પુન્ય વડેરૂ તમને જો,
સમતાને ઘેર આવી વેરયા ઈમ વદે જો ૧૪
વદે મુનીશ્વર શકાને પગ્હિાર જો,
સમકિત મૂલે શ્રાવકના વ્રત બાર જો,
પ્રાણાતિપાતાદિક સ્થૂલથી ઉચ્ચરે જો. ૧૫
ઉચ્ચરે તો વિત્યુ છે ચોમાસુ જો,
આણા લહીને આવ્યા ગુરૂની પાસે જો,
શ્રુતનાણી કહેવાણા ચૌદે પૂરવી જો ૧૬
પૂરવી થઇને તાર્યા પ્રાણી કોડ જો,
ઉજ્વલ ધ્યાને તેહ ગયા દેવલોક જો,
ઋષભ કહે નિત્ય તેહને કરીએ વદના જો. ૧૭

[૧૪] શ્રી સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

[પ્રભુ! જગજીવન જગબંધુ રે—એ દેશી]

ાને કર છે ચાળા રે, હું નવિ ચૂકું રે,
હાલી લાગે છે માળા રે, ધ્યાન ન મૂકું રે.
ર સાથે મે કીધી સગાઈ, મે તો મેલી બીજી માયા;
ન મયણને જેર કરીને, જીત નિશાન બજાયા રે હું૦ ૧
કછોટો મે વાળ્યો સૂધો, તારો છોડ્યો નવિ છૂટે,
ંતરી ઘણુ અડગાયે, તોયે ત્રાચે શીકુ ન ચૂટે રે હું૦ ૨
જો અગારા વરસે, સમુદ્ર મર્યાદા મૂકે,
જો કનકાચલ ડોલે, નક્ષત્ર માર્ગ ચૂકે રે હું૦ ૩

તો પણ તાહરે હું વશ નાવું, સુંદરી માનજે સાચું;
રાઇનો પાડ તો વહી ગયો રાતે, હવે નથી મનડું કાચું રે. હું૦ ૪
સો બાળક જો સામટા ફએ, પાવૈયે ન ચડે પાનો;
ફોગટ એ શા પાખંડ કરે છે, લાગે નહિ મને તાનો રે. હું૦ ૫
જેણે મુનિવરે ત્રેવડી કોશ્યાને, પગની મોજડી તોલે;
તેહને માહરી વંદના હોજો, **ઉદયરતન** એમ બોલે રે. હું૦ ૬

[૧૫] શ્રી સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

[બીજી ચંદન પૂજના રે—એ દેશી.]

ઉઠ સખી ઉતાવળી રે, સહેર પરોવી આપ; **મોતીનાં ઝુંમખડાં**૦
સ્થૂલિભદ્ર આવ્યા આંગણે રે, જપતી જેહનો જાપ. મો૦ ૧
ઘણઘણ મુઝ નવરાવીયે રે, શિર સેંથો શિણગાર; મો૦
આલ આભૂષણ ડાણડો રે, કર મુઝને શણગાર. મો૦ ૨
માને પાડવા માનિની રે, આવી **સ્થૂલિભદ્ર** પાસ; મો૦
રમઝમ આગલ નાચતી રે, બોલતી વચન વિલાસ. મો૦ ૩
શું થઈ આજ આવ્યા નવા રે, જાણ્યો તુમારો યોગ; મો૦
શૂરા અમ પાયે પડે રે, ખિણ ખિણ જાચે ભોગ. મો૦ ૪
મુનિ કહે વ્રતથી હું ન ચલું રે, જે જાણે તે ઉદેર; મો૦
પડે નહિ ગઢ પૂણીયે રે, સલીયે ન હાલે મેર. મો૦ ૫
પંચ વિષય ફલ રસ થકી રે, કૂડી કાયા ન પોષ; મો૦
શીયલ રતન સુંદર ધરો રે, જેમ જાયે સવિ દોષ. મો૦ ૬
ઇમ કોશ્યાને બૂઝવી રે, શીયલ ધરાવ્યું ચંગ; મો૦
શ્રી **ભાવપ્રભસૂરિ** કહે રે, મુનિશું લાગ્યો રંગ. મો૦ ૭

[૧૬] શ્રી સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

ચતુર ચોમાસુ પડિક્કમી, ગુરુ વાદવા જાય,
કોશ્યા ઉભી આગણે, જલ નયણે ભરાય ૧
વાલમ વહેલા આવજો, હું છું તુમતણી દાસી,
પ્રીત પનોતા પાલજો, હૃદયે સુગુણ વિમાસી વા૦ ૨
ઇણે રે શીયાલે મીગલે, મુઝ કવણ આધાર,
એકલી ઉદ્વસ ઓરડે, અણલા નિરધાર વા૦ ૩
ખટકે પૂરવ પ્રીતડી, વલી નવલેા સનેહ,
વાતડી કેહશુ કીજીયે, દીધેા અમને છેહ વા૦ ૪
તુમને શુ કહીયે ઘણુ, સ્થૂલિભદ્ર ઋષિરાય;
અવિહડ પ્રીત સભાલજો, નામે લીબેા પાય વા૦ ૫

[૧૭] શ્રી સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

[જ્યોતિ ઝગમગે રે, અઢી દ્વીપ પ્રમાણ–એ દેશી]

આજ સખી જાણુ આવશે રે, નિશ્ચે થૂલિભદ્ર મારેા નાથ,
આજ નિશા મે સુપન લહ્યુ રે, મદિર પધારેા માહરે સાથ
આજ મારે આવશે રે, નિશ્ચે થૂલિભદ્ર મારેા નાથ૦ ૧
હરખે મુઝ હિયડુ ભર્યું રે, રેામ રેામ વિકસ્યેા માહરેા ગાત,
રમિયેા મારેા રગથી રે, પ્રેમે મલશે મુઝને પ્રાત આજ૦ ૨
એહવે ગુરુ આણા લહી રે, થૂલિભદ્ર મુનિવર ચતુર ચોમાસ,
કોશ્યા મદિર આવીયા રે, આદરી પૂરણ જોગ અભ્યાસ
આજ૦ ૩

કોશ્યા કર જોડી રહી રે, ઘળી ઘળી કરતી લાગે પાય;
પ્રભુજી ભલે પધારીયા રે, મુઝ દાસી પર કરીય પસાય.
આજ૦ ૪

આજ મારે આંગણે રે, મીહા દુધડે વૂહા મેહ;
ઘર આંગણ ગંગા વહી રે, પ્રગટ્યો પૂરણ સુકૃત સનેહ.
આજ૦ ૫

કરૂણાનિધિ કરૂણા કરી રે, મંદિર પાવન માહરેા કીધ;
દુઃખડાં સહુ દૂરે ગયાં રે, મેં આજ સંપૂરણ અમૃત પીધ.
આજ૦ ૬

ચિત્રશાલીમાં ચેાંપશું રે, રંગે નિતપ્રતિ રહીએ સ્વામ;
ભગતિ યુગતિ સહુ સાચવું રે, પ્રેમ ધરી હું કરીય પ્રણામ.
આજ૦ ૭

સ્થૂલિભદ્ર કહે કોશ્યા સુણેા રે, નહિ હવે નવલેા તેહજ નેહ;
હું સાધુ થયેા સંજમી રે, રંગભર રાગ ન રાખું રેહ.
આજ૦ ૮

અલગી રહેજે મુઝથી રે, ઉઠ હાથ મૂકી [1]ઇલિ એહ;
ચાળા કરજે ચેાંપશું રે, જિમ જાણે તિમ મનથી જેહ.
આજ૦ ૯

હવે વ્રત ચૂકાવવા રે, કોશ્યા રંગે રચિયેા રાસ;
નાટક માંડ્યા નવનવા રે, ઉલટે જેહથી મદન ઉલ્લાસ.
આજ૦ ૧૦

ઘુઘરીના ઘમકારમાં રે, ઝાંઝરના તિમ ઝણુઝણુકાર;
પાયતલના પડછંદમાં રે, ઠમકે વિંછીયાના ઠણુકાર. આજ૦ ૧૧

૧–જમીન.

ધપમપ માદલ વાજતા રે, વીણા શબ્દતણા ણુકાર,
તાલ તાન તૂટે નહિ રે, ઈણિ પેરે નાચે નૃત્ય અપાર
આજ૦ ૧૨

કુદડીની પરે ફરહરે રે, લટકે નમતી અંગ નમાય,
મુખડાના મટકા કરે રે, ખલકે ચૂડીના ખલકાર આજ૦ ૧૩
નેત્ર કટાક્ષ નિહાળતા રે, પડે પતંગ નજ પ્રેમને પાશ,
થૂલિભદ્ર ચિત્ત ચૂકે નહિ રે, કોશ્યા મનથી થાય નિરાશ
આજ૦ ૧૪

કોશ્યા પદ પ્રણમી કરી રે, ધનધન મુનિવર તુજ અવતાર,
શીયલ શિરોમણિ મુદ્દઢ રે, જીત્યો જાલિમ મદન વિકાર.
આજ૦ ૧૫

હવે તારો મુજ સ્વામીજી રે, દાખો મુઝને ધર્મ દયાલ,
શ્રાવકવ્રત સમજાવીને રે, શ્રાદ્ધી સમકિતી કીધ કૃપાલ
આજ૦ ૧૬

ચોથુ વ્રત ચોકખુ કરી રે, મુનિવર ત્યાંથી શ્રીધ વિહાર,
આર્યસંભૂતિ ગુરુ ઉચ્ચરે રે, આવો દુષ્કર દુષ્કરકાર
આજ૦ ૧૭

ઇમ કોશ્યા પ્રતિબૂઝવી રે, સ્થૂલિભદ્ર નામ રહ્યો નિરધાર,
સંપ્રતિ સુરપદ ભોગવે રે, આગે લહેશે ભવનો પાર.
આજ૦ ૧૮

એહવા ગુણી ગુણ ગાવતા રે, લહીયે લીલા લાભ અપાર,
ત્રિહુ ગતિ ચૂરીને રે, મુક્તિ મહાનંદ પદ મનધાર
આજ૦ ૧૯

[૧૮] શ્રી સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

[શ્રી સુપાસ જિનરાજ–એ દેશી.]

લાછલદે માત મલ્હાર, બહુગુણ રયણ ભંડાર;
આજ હો, ભોગી રે રમે રંગે રૂડી નારીશું જી. ૧
ભર જોબન વનમાંહ, માતા મયગલ જ્યાંહ;
આજ હો, ઝીલે રે સરોવરે **કોશ્યા** કેરડે જી. ૨
અહનિશ કરે રે ટંકોલ, કોશ્યાશું રંગ રોલ;
આજ હો, ખેલે રે કલ્લોલે મોહન માલીયે જી. ૩
સ્થૂલિભદ્રશું બહુ નેહ, એક જીવ બે દેહ;
આજ હો, જાતી રે ન જાણી રમતાં રાતડી જી. ૪
ઇણ અવસર નિજ તાત–મરણતણી સુણી વાત;
આજ હો, એવું રે જાણીને સંયમ આદર્યું જી. ૫
કોશ્યા લેઇ આદેશ, વિચરે દેશ વિદેશ;
આજ હો, ઝૂરે રે વાલિમ વિણ વિરહિણી એકલી જી. ૬
કુણ દેશે અંગોલ, કુણ પ્રીસશે ઘૃતગોલ;
આજ હો, વાધે રે કેસરીયે કસ કુણ બાંધશે જી. ૭
સહજ સુંહાળી સેજ, મૂકી મારા મનડાની હેજ;
આજ હો, માહરો રે પ્રીતમ પોઢ્યો સાથરે જી. ૮
જે વિણ દિન નવિ જાય, ખિણ વરસાં સો થાય;
આજ હો, વ્હાલો રે વિછોહ્યો કહો કુણ મેળવે જી. ૯
ઇમ જપતાં બહુ માસ, **સ્થૂલિભદ્ર** ચતુર ચોમાસ;
આજ હો, આવ્યા રે ઉલટ ધરી કોશ્યા આંગણે જી. ૧૦

હર્ષ હુઓ તિણે દિમ, તે જાણે જગદીશ,
આજ હો, નયણે રે રગીલે કોશ્યા પાયે પડે જી ૧૧
પટરસ સરસ આહાર, પડિલાભ્યા તેણિવાર,
આજ હો, કોશ્યા રે હૈયે હરખે નવા નેહથી જી ૧૨
પહેરી સોલ શણગાર, ચતુર છયલ તવ નાર,
આજ હો, બોલે રે અમીરસ વયણ સોહામણા જી ૧૩
જે આગલ શી રભ, દેખી રૂપ અચભ,
આજ હો, થભ્યા રે આકાશે સૂરજ દેવતા જી ૧૪
નવિ લેધો મુનિ સિહ, શીલવતમાહિ લીહ,
આજ હો, ચોરાશી ચોવીશીએ નામ લખાવીયો જી ૧૫
એ સ્થૂલિભદ્ર નિર્દોષ, જેણે પ્રતિબોધી કોશ,
આજ હો, દીધી રે સનેહી સમકિત સુખડી જી ૧૬
એ સ્થૂલિભદ્ર ચરિત્ર, ભણતા જન્મ પવિત્ર,
આજ હો, પામી રે લબ્ધિ લીલા લખમી ઘણી જી ૧૭

[૧૯] શ્રી સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

[હે સુખકારી, આ ભસાગ્યકી ને મુજને ઉદ્ધરે–એ દેશી]

અહો મુનિવરજી, માહરી ઉપર મહેર કરી ભલે આવ્યા૦
હુ વાટ તુમારી જોતીથી, તુમ વિરહે નયણા ભરતીથી,
વલી દૈવને ઓલભા દેતીથી. અહો મુનિવરજી૦ ૧
તુમે ચતુર ચોમાસુ કહી ચાલ્યા, તે ઉપર મે દિન એ ગાજ્યા,
હવે ભલુ થયુ નયણે ભાજ્યા અહો મુનિવરજી૦ ૨

હવે દુઃખડાં મારા ગયાં દૂરે, આનંદ નદી હરખે પૂરે;
હવે ચિત્ત ચિંતા સઘલી ચૂરે. અહો મુનિવરજી૦ ૩
મારા તાપ ટલ્યા સઘલા તનના,
મારા વિલય ગયા વિકલ્પ મનના;
વલી વૂઠા નીર અમૃત ઘનના. અહો મુનિવરજી૦ ૪
એક ચોમાસું ને ચિત્રશાલી, એ નાટક ગીતતણી તાલી;
મુઝ સાથે રમીયે મન વાલી. અહો મુનિવરજી૦ ૫
તવ બોલ્યા **થૂલિભદ્ર** સુણ બાળા,
તું મ કરીશ ચિત્ત ચરિત્ર ચાળા;
એ વાતતણા હવે ઘો તાળા.
અહો મનહરણી, તુમે મુઝ ઉપર રાગ સરાગ ન રાખો;
અહો સુખકરણી, સંજમરસથી રાગ હૈયામાં રાખો. ૬
હવે રસભરી વાત તિહાં રાખી, મેં સંયમ લીધું ગુરૂ સાખી;
ચિત્ત ચોંપે ચારિત્ર રસ ચાખી. અહો મનહરણી૦ ૭
હવે વિષય તૃષ્ણાથી મન વારો, હવે ધરમ દયાથી દિલ ધારો;
એ ભવોદધિથી આતમ તારો. અહો મનહરણી૦ ૮
કોશ્યા મુનિ વંચને પ્રતિબોધી, આશ્રવ કરણી તે સવિ રોધી;
તે વ્રત ચોથું લઇ થઈ સુધી. અહો મનહરણી૦ ૯
જે નર પ્રીત એહવી પાલે, જે વિષમ વિષયથી મન વાલે;
તે તો આતમ પરિણતિ અજુઆલે. અહો મનહરણી૦ ૧૦
જે એહવા ગુણીના ગુણ ગાવે, જે ધરમ રંગ અંતર ધ્યાવે;
તે તો **મહાનંદ** પદ નિશ્ચલ પાવે. અહો મનહરણી૦ ૧૧

[૨૦] શ્રી સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

[સુખના હો સિંધુ રે નખી મારે ઉલગ્યા રે-એ દેશી]

પિઉડા આવો હો મંદિર આપણે રે,
ઉભી જોઉ થાહરી હો વાટ,
તુઝ વિણ સૂના હો મંદિર માલીયા રે,
તુઝ વિણ મનમા ઉચ્ચાટ પિ૦ ૧

વિણ અવગુણ હો કાઈ પરિહરી રે, વાલમ ચતુર સુજાણ,
મે તો થારા પગરી હો મોજડી રે,
થે છો મારા જીવન પ્રાણ. પિ૦ ૨

તુઝ વિણ જાયે હો નિશદિન દોહિલા રે, થાયે વરસ સમાન,
નયણે આવે નહિ હો નિદડી રે,
ન રૂચે દીઠા જલ ધાન પિ૦ ૩

નેહ લગાઈ હો પ્રીતમ તુ ગયો રે, તેણે દહે મુઝ ગાત,
ઝૂરી ઝૂરીને પંજર હુ થઇ રે,
તુજ વિણ દુ ખણી દિનગત પિ૦ ૪

એવા નિમનેહી હો વ્હાલા કા થયા રે, કા થયા કઠિન કઠોર,
એટલા દિન હો સુખ બહુ ભોગવ્યા રે,
તો હિ ન ભીજી ડોર પિ૦ ૫

પ્રીતમ પ્રીતિ હો એમ ન તોડીયે રે, લાગી નેહ અમૂલ,
સુગુણા કેરી હો સુદ્ધ પ્રીતડી રે,
જાણે સુગધા હો ફૂલ પિ૦ ૬

દરિસણ દીજે હો મુઝપર કરી મયા રે, લ્યો જોવન તન લાહ;
એ અવસર છે પિયુજી દોહિલો રે,
હું નારી તુમે નાહ. પિ૦ ૭
નાગર નાતિ સાગર ગુણતણા રે, **થૂલિભદ્ર** આવ્યા ચોમાસ;
કોશ્યા હરખીત થઈ મનમાં ઘણું રે,
સફલ થઇ મુઝ આશ. પિ૦ ૮
પ્રતિબોધી હો કોશ્યાને તિહાં રે, કરી ચાલ્યો ચોમાસ;
ધન્ય ધન્ય શ્રી **થૂલિભદ્ર** મુનિપતિ રે,
ગુણ **જિનહર્ષ** પ્રકાશ. પિ૦ ૯



[૧] શ્રી રહનેમિ રાજીમતીની સજ્ઝાય.

[સ્વાદ]

[વાયા વાયા ઉત્તર દિશિના વાય ને–એ દેશી]

રહનેમિ અણ વિણ રાજુલ દેખી ને,
મદનોદય મોહ્યા મુનિ ચિત્ત ગવેષી ને,
કહે સુદની સુદર મેળો સમાગ્મા ને ૧

ગ૦—સમાગે મેળા આવે શે કાજ ને,
ચીર ધરી કહે રાજુલ તુમે મુનિરાજ ને,
આજ કિશુ સભાગે મેળા વિસર્યા ને ૨

૨૦—વિસરે નહિ સગીને પૂર્વ પ્રીત ને,
પ્રીત કરી ગ્રહે દૂર એ મૂર્ખની રીત ને,
ચતુરશુ ચિત્ત મેળો ચતુરને સાભરે ને. ૩

ગ૦—સાભરે પણ હમશુ તુમ શો મેળાપ ને,
દિયર ભોજાઈપણાની જગમા છાપ ને,
તેમા શો ચિત્તમેળો ફોગટ રાગનો ને ૪

૨૦—ફોગટ ગગે જાતા તુમે ઘરમાહી ને,
ત્યજી તુમને મુજ ભાઇ ગયા વનમાહી ને,
અમે તુમ ઘર નિત વાત વિસામે આવતા ને. ૫

ગ૦—આવતા તો હુ દેતી આદરમાન ને,
પ્રિતમ લઘુણધવ મુજ ભાઇ સમાન ને,
કત વિયોગે તુમશુ વાત વિસામતી ને ૬

૨૦—વિસામા વનિતાને વલ્લભ જોગ ને,
અણપરણી કન્યાને કત ધણોગ ને,
એક પખો જે રાગ તે ધરવો નવિ ઘટે ને ૭

રા૦—નવિ ઘટે સતીયેા જે નામ ધરાવે જો,
બીજો વર વરવા ઇચ્છા નવિ ભાવે જો;
ન ફરે પંચની શાખે જે તિલકે ધર્યો જો. ૮

૨૦—તિલક ધરે તે તેા સામાન્ય ઠરાય જો,
મંગલ વરત્યે કર મેલાપક થાય જો;
માય પછી વેાળાવે કન્યા સાસરે જો. ૯

રા૦—સાસરિયે કુમારી જમવા જાય જો,
વસ્તુ સામાન્ય વિશેષ લઇ સમવાય જો;
કર મેળાવા પહેલાં મન મેળા કરે જો. ૧૦

૨૦—મેળા કરવા અમે તુમ ઘેર આવંતા જો,
ભૂષણ ચીવર મેવા ફળ લાવંતા જો;
તુમ લેતાં અમને થઇ આશા મેાટકી જો. ૧૧

રા૦—મેાટકી આશા શી થઈ તુમ દિલમાંહી જો,
દેવર જાણી હું લેતી ઉચ્છાંહી જો;
સસરાનું ઘર લહી ન ધરી શંકા અમે જો. ૧૨

૨૦—અમે જાણ્યું પતિવિણ રાજુલ ઓશિયાણી જો,
એહને પરણી સુખભર પ્રીતડી પાણી જો;
દંપતી દીક્ષા લેશું જોવનમાં નહિ જો. ૧૩

રા૦—નહિ ઓશિયાણી હું જગમાં કહેવાણી જો,
ત્રણ જગતના રાજની હું રાણી જો;
ભૂતલ સ્વર્ગ ગવાણી પ્રભુ ચરણે રહી જો. ૧૪

૨૦—રહી ચરણે તેાં સુખ સંસાર ઠગાણી જો,
ચંપક વરણી તુજ કાયા શેાષાણી જો;
તપ જપ કષ્ટ જે કરવું તે વૃદ્ધાપણે જો. ૧૫

૧૦—વૃદ્ધાપણે મુનિને નવિ થાય વિહાર જો,
સ્થિરવાસે એક ઠામે રહે અણગાર જો,
જે જે કારજ સાધવુ તે જોવન વયે જો ૧૬

૨૦—જોવન વય ઝગમગ હમ તુમશું ભોગ જો,
ચાલો ઘેર જઇ વિલસિયે સુખ ભોગ જો,
વાત ભની એકાંતે ગુફામા પુણ્યથી જો ૧૭

૨૦—પુણ્યે દીક્ષા લીધી પ્રભુની પાસ જો,
સંયમથી સુર મુક્તિતણા સુખવાસ જો,
વિરૂઆ વિષ ફલ ખાવા ઈચ્છા શી કરો જો. ૧૮

૨૦—શી કરો તો પામ પ્રભુ અણગાર જો,
ઉપદેશે ઘર છડી થશે મુનિ ચાર જો,
તે ભવ મોક્ષ સુણીને કિમ જઇ ઘરે વસ્યા જો ૧૯

૨૦—ઘરે વસ્યા પણ મુનિ દીઠા તપ કરતા જો,
પશ્ચાતાપ કરી કરી સંયમ ધરતા જો,
પગિશાટન કરી પરમાતમ પદવી વર્યા જો ૨૦

૨૦—વર્યા પદવી પણ ભુક્તભોગી થઇ તેહ જો,
તુમ ઉપર અમને પૂરવનો નેહ જો,
અધુરાને દુષ્કર સંયમસાધનવિધિ જો ૨૧

૨૦—વિધિયે વ્રત ધરી થાવચ્ચાકુમાર જો,
સિદ્ધગિરિ સિધ્યા સાથે સાધુ હજાર જો,
વીરને વારે અઇમુત્તો મુગતે જશે જો ૨૨

૨૦—જશે બગ પણ બાળપણામા જોગી જો,
વાત ન બનશે મા સમાધિ ભોગી જો,
ભુક્તભોગી થઇ અતે સંયમ સાધશુ જો ૨૩

૨૦—સાધશુ અતે સંયમ તે નવિ બોઢુ જો,
જગપણાનુ દુખ સમારે મોહુ જો,
વ્રત ભાગીને છુટ્યા તે નરકે ગયા જો ૨૪

૨૦—ગયા નરકે તે જેણે ફરી વ્રત નવિ ધરિયાં જો,
ભાગ્યોદય પરિણામે સંયમ આચરિયાં જો;
ચારિત્રે ચિત્ત ઠરશે ઇચ્છા પૂરણે જો. ૨૫

રા૦—ઇચ્છા પૂરણ કોઈ કાલે નવિ થાવે જો,
સ્વર્ગતણા સુખ વાર અનંતી પાવે જો;
ભવ ભય પામી પંડિત દીક્ષા નવિ તજે જો. ૨૬

૨૦—નવિ તજે તો પૂરવધર કિમ ચૂકચા જો,
રહી ઘરવાસે તપ જપ વેયજ મૂકચા જો;
અરિહા વાત એકાંતે શાસન નવિ કહે જો. ૨૭

રા૦—કહે એકાંતે બ્રહ્મચર્ય જિનવરિયા જો,
વ્રત ત્યજી પૂરવધર નિગોદે પડિયા જો;
વિષ આતાં સંસારે કુણ સુખિયા થયા જો. ૨૮

૨૦—થયા જિનેશ્વર સુખ વિલસી સંસારે જો,
કેવલ પામી પછી જગતને તારે જો;
દંપતી દીક્ષા લેશું સુખલીલા કરી જો. ૨૯

રા૦—કરી આ સંયમ જિન આણા શિર ધારો જો,
ચલચિત્ત કરીને ચરણતણું ફલ હારો જો;
વમન ભખંતા શ્વાનપરે વાંચ્છા કરો જો. ૩૦

૨૦—કર્યો અમને તુમે શ્વાન બરોબર સાચો જો,
તો તુમશું હવે રાગ તે ધરવો કાચો જો;
લાગ્યો તમાચો શિક્ષાનો મુજને ઘણો જો. ૩૧

રા૦—મુજને ઘણો છે દિયરીયાનો રાગ જો,
તેણે કહું છું અગંધન કુલના નાગ જો;
અગ્નિ પડે પણ વિષ વમિયું ચૂસે નહિ જો. ૩૨

૨૦—ચૂકે નહિ તિર્યંચ પશુ વિખ્યાત જો,
તેથી ભુંડો હું નર ક્ષત્રી જાત જો,
તું ગુરૂ માતા વાત કિહાં કરશો નહિ જો ૩૩
૨૦—નહિ કરશું પણ જાણે જિનવર જ્ઞાની જો,
જ્ઞાની આગલ વાત ન જગમાં છાની જો,
પ્રભુ પાસે આલોયણ લઇ નિર્મલ થવું જો ૩૪
૨૦—નિર્મળ થાવા જઈશું પ્રભુની પાસે જો,
મિચ્છામિ દુક્કડ તુમશું શુભ વાસે જો,
કૂપ પડતા તુમે કર ઝાલી રાખિયો જો ૩૫
૨૦—ગણે આતમ પોતાનો મુનિરાયા જો,
સ્વામી સહોદર માત શિવાના જાયા જો,
રહનેમિ સયમે દૃઢ્યિા ઇમ સાભલી જો ૩૬
સાભલી જઇ પ્રભુ ચરણે શિશ નમાવી જો,
આલોયણ લેઈ ઉજ્વલ ભાવના ભાવી જો,
કેવલ પામી શિવપદવી વર્યિા સુખે જો ૩૭
સુખે રહી ઘણા શત વર્સ તે ચાર જો,
એક વર્સ છદ્મસ્થા **રાજુલ** નાર જો,
એક વિહુણા પાચશે વરસજ કેવલી જો ૩૮
કેવલી થઇને વિચર્યા દેશ વિદેશ જો,
બહુ જન તાર્યા દેઈ વર ઉપદેશ જો,
શિવસુખ મજ્જતયે પોહત્યા અગુરૂલઘુ ગુણે જો ૩૯
ગુણે કરી દોઇ ગાયા સુણજ્યો સયણા જો,
એક એક ગાથા અતર બેહુના વયણા જો,
શ્રી **શુભવીર** વિવેકી નિત્ય વદન કરે જો ૪૦

[૨] શ્રી રહનેમિ રાજીમતીની સજ્ઝાય.

કાઉસગ્ગ ધ્યાને મુનિ રહનેમિ નામે,
રહ્યા છે ગુફામાં શુભ પરિણામ રે.
દેવરીયા મુનિવર ધ્યાનમાં રહેજો,
ધ્યાનથકી હોય ભવનો પાર રે; દેવ૦
વરસાદે ભીનાં ચીવર મોકળાં કરવાં,
રાજુલ આવ્યા છે તેણે ઠામ રે. દેવ૦ ૧
રૂપે રતિ રે વસ્ત્રે વર્જિત ણાણા,
દેખી ખોભાણો તિણે કામ રે; દેવ૦
દીલડું ક્ષોભાણું જાણી રાજુલ ભાખે,
રાખો સ્થિર મન ગુણના ધામ રે. દેવ૦ ૨
જાદવ કુલમાં જિનજી નેમ નગીનો,
વમન કરી છે મુજને તેણ રે; દેવ૦
ણંધવ તેહના તુમે શિવાદેવી જાયા,
એવડો પટંતર કારણ કેણ રે. દેવ૦ ૩
પરદારાસેવી પ્રાણી નરકમાં જાય,
દુર્લભબોધિ હોય પ્રાય રે; દેવ૦
સાધવી સાથે ચૂકી પાપ જે ણાંધે,
તેહનો છુટકારો કદીય ન થાય રે. દેવ૦ ૪
અશુચિ કાયા રે મળમૂત્રની કચારી,
તમને કેમ લાગી એવડી પ્યારી રે; દેવ૦
હું રે સંયમી તુમે મહાવ્રતધારી,
કામે મહાવ્રત જાશો હારી રે. દેવ૦ ૫

ભોગ વમ્યા રે મુનિ મનથી ન ઈચ્છે,
નાગ અગંધનકુલના જેમ રે, દેવ૦
ધિક્ કુલ નીચા થઈ નેહથી નિહાલે,
ન રહે સંયમ શોભા એમ રે. દેવ૦ ૬
એહવા રસીલા ગલુલ વયણ સુણીને,
બૂઝયા રહનેમિ પ્રભુજી પાસ રે, દેવ૦
પાપ આલોઈ કરી સંયમ લીધું,
અનુક્રમે પામ્યા શિવ આવાસ રે દેવ૦ ૭
ધન્ય ધન્ય જે નર નારી શીયલને પાલે,
સમુદ્ર તર્યા સમ વ્રત છે એહ રે, દેવ૦
રૂપ કહે રે તેહના નામથી હોવે,
અમ મન નિર્મલ સુદર દેહ રે દેવ૦ ૮

[૩] શ્રી રહનેમિ રાજીમતીની સજ્ઝાય.

યાદવ કુલના હો તુઝને શું કહું,
પણ તું એહના બોલ મ બોલ રે, દેવરીયા લાલ૦
સંયમ રમણીશું નિત નિત રંગે,
આપણો તું હૃદય એમ બોલ રે દે૦ યાદ૦ ૧
જો તુજ મન નારી રૂપે રંજીયો,
તો કિમ સંયમ પાલેશ રે, દે૦
શીયલ સરોવર ઉપશમ જલ ભર્યો,
તે માહી ઝીલીયે મુનીશ રે દે૦ યાદ૦ ૨
ગજતણું સુખ ભૂંડી તુ યતિ થયો,
હવે મ ચલાવે તુ ચિત્ત રે, દે૦
દીક્ષા લેઇ તપ કરીએ ઘણો,
એ તો તુઝ મુગતિનો હેત રે દે૦ યાદ૦ ૩

સિંહતણી પરે સંયમ લીયેા,
સિંહતણી પરે પાલ રે; દે૦
એહ તુજને જુગતું નહિ,
વિષય વિકાર પરેા ટાલ રે. દે૦ યાદ૦ ૪
તું મુઝ દેવર હું તુઝ ભેાજાઈ,
માહરી શિખ તું માન રે; દે૦
હું તુઝને હિત વાતડલી કહું,
તે તેા તું ચિત્તમાંહિ આણ રે. દે૦ યાદ૦ ૫
એહવી વાત કરંતા લાજીયે,
આપણા કુલની નહિ એહ ચાલ રે; દે૦
હરિ વંશે વાસુદેવ હુએા,
તેહના કુલની ચાલે તું ચાલ રે. દે૦ યાદ૦ ૬
સમુદ્રવિજય કુલે અવતર્યો,
શિવાદેવી કુંએ રતન્ન રે; દે૦
પંચમહાવ્રત ભાર વહે ભલેા,
તેહના કરેા તુમે જતન્ન રે. દે૦ યાદ૦ ૭
રાજીમતી–વચન સુણીને હરખીયેા,
સતીય શિરેામણિ તું નાર રે; દે૦
તેં મુઝ ઉવટ પડતેા રાખીયેા,
પહેાંચાડ્યો ભવજલ પાર રે. દે૦ યાદ૦ ૮
શ્રી **વિજયદેવસૂરિ** ગુરૂ ભલેા,
શ્રી **વિજયસિંહસૂરિ** જાણ રે; દે૦
શ્રી રતનહરખ શિષ્ય **તેજહરખ** કહે,
મુનિને નિત ચિત્તમાંહિ આણ રે. દે૦ યાદ૦ ૯

[૪] શ્રી રહનેમિ રાજીમતીની સજ્ઝાય.

કાઉસ્સગ્ગ વ્રત રહનેમિ રહ્યા તવ, રાજુલ રૂપ નિહાળી રે,
ચિત્ત ચલીયેા મુનિવરનેા જાણી, બુઝવે જ્ઞાન સભાળી રે
મહાવ્રત ભાંગશે રે૦ ૧

મુનિ થારેા ચિત્ત ડગતેા દેઢ રાખ, જદુકુલ લાજશે રે,
જતિધરમ તે દશ પ્રકારે, સાધુજી દુષણ લાગશે રે. મહા૦ ૨

દુષણથી દુરગતિ અવતરશેા, સદગતિના ફલ હારી રે,
પરભાધામી તણે વશ પડશેા, આલ ન કરશેા અમારી રે
મહા૦ ૩

સાતે નરકતણા દુ ખ દેાહીલા, કાલ ઘણેરે ખૂટે રે,
દેવરીયા દિલ જાણી ન લીજે, વિણ ભેાગવીયા ન છૂટે રે
મહા૦ ૪

છેદન ભેદન તાડન તર્જન, ઇત્યાદિક કિમ સહીયે રે,
પ્રવચનસાર શિખામણ લહીને, મુનિ સમધારણ ગ્રહીયે રે
મહા૦ ૫

લેાહની પુતલી અગનિ ધખતી, ચાપે હૃદય મેાઝારી રે,
અસુર પ્રચારે સુખ ભેાગવતા, "ભ્હાલી હુતી પરનારી" રે
મહા૦ ૬

એહવી રે ૩ડી મુઝને **નેમે**, ભરજોવનમા છાડી રે,
તેા તે મુજ સાથે એવડલી, મૂરખ ! પ્રીત શુ માડી રે
મહા૦ ૭

તે નિજ કુલની લજ્જા રે લેાપી, સજમ શરમ ન આણી રે,
નાગી દુરગતિની રે નિસાણી, તે શુ મનમેં ન જાણી રે
મહા૦ ૮

[૬] શ્રી રહનેમિ રાજીમતીની સજ્ઝાય.

[દુહા.]

રાજુલ સતી અણુન્હાતા, પેઠા તે દરીમાંહિ;
અંધારે દેખે નહિ, તેહ ઋષિને ત્યાંહિ. ૧
કાઢી વસ્ત્ર નિજ અંગથી, કરે ભેકળાં તેહ;
નીચોવે નહિ વસ્ત્રને, મુનિવર મારગ એહ. ૨
નગ્ન દેખી નારી પ્રત્યે, કામાતુર ઋષિ તેહ;
રહનેમિ ભાખે ઈસ્યું, આણી અધિક સનેહ. ૩
ભોગ ભોગવીયે આપણે, કરીયે સફલ સંસાર;
યૌવન ફરી ફરી દોહિલું, દોહિલો એ અવતાર. ૪

ઢાલ.

[અડશો માંજો–એ દેશી.]

રાજીમતી ગુણવંતી બોલે, ધૈર્ય કછોટો વાળી;
કુલવંતા નર એમ ન ભાખે, આવે ટીલી કાળી.
અલગા રહેજો, ત્રણલોકપતિ દુહવાશે—અલગા૦ ૧
જગઅંધવના બંધવ થાઓ, વલી જગશરણુના શિષ્ય;
હજીય લગી દુર્બુદ્ધિ શી તુજને, જિહું લોકે અજગીશ. અ૦ ૨
સર્વજ્ઞ શિષ્ય થઈ આતમહિત, જો નવિ કરશો કાંઈ;
તો ભમશો ભવસાયરમાંહિ, સુલભ નહિ એ છાંય. અ૦ ૩
દેવદ્રવ્ય હરવો સંયતી વ્રત–ખંડન ને ઋષિઘાત;
શાસન ઉડ્ડાહક બોધિતરૂ–મૂલે અગ્નિ વરસાત. અ૦ ૪

જેહ અગંધન કુલના જાયા, નાગ વમ્યુ નવિ ઇચ્છે,
જ્વળતી અગ્નિમા તે પેસે, તે પણ કેમ નવિ પ્રીછે અ૦ ૫
એહ અસયમી જીવિત કાજે, વમીયા વાછે ભોગ,
ધીગ અપજશકામી તુજ કરો, મરણતણો સંજોગ. અ૦ ૬
હુ ભોગરાયના કુલમા ઉપની, તું અંધકકુલ જાયો,
આપણનો કુલ એક એકથી, દીસે સર્વ સવાયો અ૦ ૭
ગંધનકુલ સરખા રંગે થઇએ, તેણે સયમમા ઝીલો,
ઉન્માર્ગ ચાલીને આતમ, કા દુરગતિમા ઘાલો અ૦ ૮
જ્યા જ્યા કામિની દેખીશ ત્યા ત્યા, મન જો તાહરુ જાશે,
તો વાતાહત વૃક્ષપરે તુજ, સહિ મનડુ ડોલાશે અ૦ ૯
એહ સતીના વચન સુણીને, જાગ્યો તે મહાભાગ,
ઉન્મારગે જાતો તેમ વાળ્યો, જેમ અકુશે નાગ અ૦ ૧૦
ભોગતણી ઇચ્છા છાડીને, પ્રભુજી પાસ આલોવે;
પશ્ચાત્તાપ કરતો મુનિવર, કર્મ કલંકને ધોવે અ૦ ૧૧
એક વરસ છદ્મસ્થ રહીને, મુનિવર શુભ પરિણામે,
ઘાતિકર્મનો ઘાત કરીને, કેવલજ્ઞાન તે પામે અ૦ ૧૨
ધન્ય રાજીમતી ધન્ય એ ઋષિજી, જિણે સાર્યા નિજ કાજ,
ક્ષમાવિજય જિન ઉત્તમ ગુરુપદ, પદ્મ નમે મુનિરાજ અ૦ ૧૩

[૭] શ્રી રહનેમિ રાજીમતીની સજ્ઝાય.

[આજી આજી આજી ભૂલ્યો આજી–એ દેશી.]

નાંજી નાંજી નાંજી, **છેડો નાંજી**, દેવરીયા મુનિવર છેડો નાંજી;
સંયમ વ્રત ભાંગે, છેડો૦ યાદવકુલને અંયણ લાગે. છેડો૦
અગ્નિકુંડમાં જો તનુ હોમે, પણ વમ્યું વિષ નવિ લેવે;
જે અગંધન કુલના ભોગી, તે કેમ ફરી વિષ સેવે. છેડો૦ ૧
લોક હસે ને ગુણ સવિ નિકસે, વિકસે દુર્ગતિ બારી;
એમ જાણીને કહો કોણ સેવે, પાપપંક પરનારી. છેડો૦ ૨
વલી વિશેષે સંયતીની સંગે, બોધિબીજ બળી જાવે;
સાહિબ બંધવ નામ ધરાવો, તો કિમ લાજ ન આવે. છેડો૦ ૩
મૂરખ કોઈ દહી કરી ચંદન, છાર કોયલો લેવે;
વિષય હલાહલ પાન નિકંદન, કુણ જીવવાને સેવે. છેડો૦ ૪
રાજુલ બાલા વચન રસાલા, જેમ અંકુશે સુંઢાલા;
ઇમ થિર કરી રહનેમિ પ્રગટ્યા, **જ્ઞાનવિમલ** ગુણ માલા. છેડો૦ ૫



[૮] શ્રી રહનેમિ રાજીમતીની સજ્ઝાય.

રહનેમિ રાજુલ દિયર ભોજાઈ, એક ગુફામેં ભેગાં મલ્યાં રે;
વસ્ત્ર વિના **રાજીમતી** દેખીને, ચરણે ચતુરનાં ચિત્ત ચલ્યાં રે. ૧
કહે સાંભળ રંગીલી **રાજુલ**, પ્રીત પૂરવ હમ તુમ સમી રે;
પ્રીતમે પરિહરી ચરણ ધરી કિમ, કાયા સોસે કારમી રે. ૨
નેમ ગયા જબ વરસ લગે તવ, હું તુમ ઘર નિત આવતો રે;
ભોજન ભૂષણ ચીર તિલક ફલ, તુમ ચિત્તરંજન લાવતો રે. ૩

ગભા રૂપ કુમારી મે લહી, પિયુ વિના આમણદુમણી રે,
ઇચ્છા મુજ તુજ પરણીને કરશુ, સંસારે લીલા ઘણી રે ૪
તુ રે પ્રભુ વશ હુ રે તેરે ગમ, તપ કરી યૌવનવન દહેા રે,
ચાલેા ઘર જઈ ભુક્તભેાગી થઈ, અંતે સંયમશ્રી લહેા રે ૫
બેાલે મહાસતી **રાજીમતી** તવ, ચીંગ ધીરજ અંગે ધરી રે,
ભાતા **શિવાસુત** સ્વામિસહેાદર, પ્રભુ હાથે દીક્ષા વરી રે ૬
કુલ લજ્જા તજી બેાલત ડેાલત, મહાવ્રત મેરૂ માડણી રે,
ભૂષણ ચીવર ઘર ગ્રહી લીધા તે, દેવર ણાધવ સમ ગણી રે ૭
અગનિ પ્રવેશ ભલું વિષભક્ષણ, નહિ જીવવુ વ્રત ભંજઇ રે,
કેવલીનાથ નિહાલત હમ તુમ, નિરલજ લાજ કિહા ગઈ રે ૮
સંસાર ભેાગ રેાગ સમ વામીને, ઉત્તમ કરી વછે નહી રે,
ઉપના નાગ અગંધન કુલના, વિષ ચૂસે ન મરણ સહી રે ૯
રાજુલ વયણ અમીરસ ધારા, કામ ઉત્તાપ સવિ ટલ્યા રે,
થિર થઇ સંજમ શ્રેણિ સમારૂહ, **રહનેમિ** પ્રભુને મલ્યા રે ૧૦
ધ્યાન હુતાશન આતમ કંચન, કેવલ લહી મુગતે ગયા રે,
અગુરૂલઘુ અવગાહન ધરતા, સાદિ અનંત સુખી થયા રે ૧૧
ચારશે વરસ ઘરે રહી રાજુલ, પાચસે વરસ જ કેવળી રે,
સહજાનંદ સુખી શિવમંદિર, કર્મને પરિશાટન કરી રે ૧૨
ધ્યેય સ્વરૂપી ને ધ્યાને ધ્યાયક, લેાકેાત્તર સુખ પાવશે રે,
શ્રી **શુભવીર**ના શાસનમાહે, ગુણીજન દેાયને ગાવશે રે ૧૩



[૯] શ્રી રહનેમિ રાજીમતીની સજ્ઝાય.

[આવો આવો જસોદાના કંત–એ દેશી.]

સમવસર્યા જિનરાય, શ્રી ગિરનારે રે;
તવ વંદે હરિ પ્રભુ પ્રાય, દુઃખડાં હારે રે. ૧
સાંભળી દેશના સાર, કેઇ પ્રતિબૂઝ્યા રે;
લહી એ સંસાર અસાર, કરમશું ઝૂઝ્યા રે. ૨
રાજુલ સતી બહુ સાથ, સંજમ લીધું રે;
કાંઇ **રાજુલ** નેમિ હાથ, બોલ્યું કીધું રે. ૩
રહનેમિએ પણ ત્યાંહ, ચારિત્ર લીધું રે;
પણ એકદિન કંદરમાંહિ, ચલચિત્ત કીધું રે. ૪
રાજીમતી પરતાપ, ધૈર્યજ ધારી રે;
પ્રભુ પાસે આલોઇ પાપ, વરી શિવનારી રે. ૫
ઘરમાંહે સયચાર–વરસ રહાણી રે;
વલી પાંચસેં **રાજુલ** નાર, કેવલ નાણી રે. ૬
સંયમધારી સાર, શિવસુખ ધરતી રે;
કહે **વીર** ધરી બહુ પ્યાર, બ્હેનને મલતી રે. ૭

શ્રી રાજીમતીની સજ્ઝાય.

કપૂર હોવે અતિ ઉજલો રે, પરિમલ બરો રે સુગંધ;
તોહી મન માન્યા ભણી રે, મરીયાં શું સંબંધ રે.
બહેની, જેને જેહશું નેહ રંગ,
તેને ન ગમે બીજાનો સંગ રે. બહેની૦ ૧
આંખડી હોવે અતિ નિરમલી રે, દેખાડે સવિ વાટ;
કાજલવિણ ઓપે નહિ રે, ન ચડે સોવન ઘાટ રે. બહેની૦ ૨

ચપક મહજે ઉઅડો રે, પગ્મિલ ઘણો મોહ ત,
તોહિ મન માન્યા ભણી રે, ભ્રમર માલતી મોહ ત રે બહેની૦ ૩
મોલ કલા સ પૂરણો રે અમીયતણો ભડાર,
તોહી ચદ લાજે નહિ રે, ગ્યણીતણો ભરતાર રે બહેની૦ ૪
ગુણ અવગુણ જાણે નહિ રે, જે મન માન્યુ રે આપ,
ઇશ્વર દેવે આદર્યો રે, છાડી હાર ને માપ રે બહેની૦ ૫
રાજુલ સખીને એમ કહે રે, જો કાળો નેમિનાથ,
તોહી એ મે આદર્યો રે, નવ ભવ કેરો માથ રે બહેની૦ ૬
રાજુલ ઉજ્વલગિરિ ચઢ્યા રે, પહોતા મનના કોડ,
સોમવિમલસૂરિ ઇમ ભણે રે, હુઇ અવિચલ જોડ રે બહેની૦ ૭

શ્રી રાજીમતીના બારમાસની સજ્ઝાય.

[સખિ ! પરભવ પાપ અથોર કરી હુ અવતરી–એ દેશી]

સખિ ! તોરણ આઇ કત, ગયા નિજ મદિરે,
જે નજર મેલાવો કીધ, તે મુજ માભરે,
ધર લાવત ઝાલી હાથ, હુ કેડી ઉતરી,
પણ કરી વગ્યોડો આય, છબીલે છેતરી
મધુબિંદુ સમો સંસાર, મુંઝાણા મહાલતા,
સંસારે સુખી અણગાર, જિનેસર બોલતા આકણી૦ ૧
સખિ ! સ્યાજે કહું અવદાત, વિયોગી દુ ખીતણા,
દુનિયામે દુર્જન લોક, હાસી કરે ઘણા,
મીઠી લાગે પરની વાત, અગન પગ ના લહે,
કેના બોલ ચુએ કેના નેત્ર, તે મુખ ના દહે મધુ૦ ૨

સખિ ! શ્રાવણે છઠે મેહલી, મહીયરિયા તલે;
છઠે છટકી વારંવિવેલ, વાલી ના વલે;
કામ વરતી તરતી ફરતી, ઝરતી વાદલી,
ગયેા શ્રાવણ માસ નિરાશ, રાજુલ એકલી. મધુ૦ ૩
સખિ ! ભાદરવે ભરતાર, વિના કિમ રીઝીએ,
વિરહાનલ ઉઠી ઝાલ, ધુંઆં વિણ દાઝીએ;
ફલ પાકયાં કરસણ શાલ, ન આઈએ ખેલીએ,
હેાત દુઃખના દાડા બે ચાર, આધેરા ઠેલીએ. મધુ૦ ૪
વણે આસેા માસે સેવ, સુંઆળી સુખડી,
ગયા દશરે દશેરાના દિન્ન, દીવાલી ટુંકડી;
સખિ ! લાંઘણ કરીએ લાખ, સરસ નવિ ભેાજના,
રંગતાનને નાટકશાલ, પિઉ વિના પેખણા. મધુ૦ ૫
માસ કારતક કેલ કરે, નરનારી બાગમાં,
જેણે માસે ટબુકે ટાઢ, કુમારી રાગમાં;
જેહના વાલિમ ગયા વિદેશ, સંદેશા મેાકલે,
માહરે ગામધણી ઘરવટ્ટ, વસે પિઉ વેગલે. મધુ૦ ૬
સખિ ! માગશરે માગણના, મનેારથ પૂરતા,
મને મેહેલી બાલે વેશ, ચતુર ગુણ ચૂરતા;
સખિ ! કેાઇ રે સંદેશા લેઇ, આવે જાય મુઝ કને,
તેહને દેઉ રે મેાતનકેા હાર, અમૂલક ભૂષણે. મધુ૦ ૭
પેાષ માસે પેાતાની છંડી, શીઆળે ચાલિયા,
વાલ્હેસર વિના વેરણ રાત, સુના મહેલ માલિયા;
જાય જેવનિયું ભરપૂર, અરણ જિમ માલતી,
જેહના પિયુ રે ગયા પરદેશ, દુઃખે દિન કાઢતી. મધુ૦ ૮

પિઉ માહમાંને મત જાઓ, હિમાળો હાલને,
રયણી એક વરસ સમાન, વિયોગી બાલને,
લંકાથી સીતા ઘટ માંને, રામ ઘર લાવિયા,
એહવા વહિ ગયા સાત માસ, પ્રીતમ ઘેર નાવિયા મધુ૦ ૯
હલકાયો હેમંત વસંત, આકાશથી ઉતર્યો,
માનુ ફાગણ સુરનર રાય, મલીને નુતર્યો,
હોરી ખેલે ગોપી ગોવિંદ, હમુ ઘર આવતી,
અલિ કેશુડા ઝપાપાત, વિયોગે બાલતી મધુ૦ ૧૦
સખિ ! ચૈતરે ચિત્ત થકી, વિછોહી વાલમે,
આવા દુઃખના દાડા કિમ જાય, ઉગે રવિ આથમે,
આખ મીંચાણે મલિ જાય, ઉઘાડચે વેગલો,
શામળીયો સિદ્ધ સ્વરૂપ, સુપનમા આગલો મધુ૦ ૧૧
રમે હંસયુગલ શુક મોર, ચકોર મંગાવશે,
નિજ નાથ સહિયરને સાથ, સુખી રમે વનઘશે,
મુખ મરડી આણા ડાલે, કોયલ ટહૂકતી,
સખિ ! વાતમા વિત્યો વસંત, ઉએ રાજીમતી મધુ૦ ૧૨
સખિ ! વૈશાખે વનમાહે, હીચોલે હીંચતા,
કદલીઘર ફૂલ બિછાય, ખુશીથી નાચતા,
મંગાવર જલ કમલે કેલ, કરંતા ગજવી,
મુજ મરણી દખીલી નાર, લગન લેઇ લાજવી. મધુ૦ ૧૩
જેઠ માંને જુલમના તાપ, તપતી ભૂતલા,
આઠ જામનો મેઘ વિયોગ, બલે તન કુતલા,
પશુ પખી વિસ્રામા બાય શીતલ છાયા તન,
માહરે પિઉ વિના નહિ વિસરામ, નાતિને નુતન મધુ૦ ૧૪

સખિ ! આવ્યેા માસ **અષાઢ**, ભરે જલ વાદલી,
ગરજારવે ટહૂકે મેાર, ઝબૂકે વીજલી;
વરસાતે વસુધા નવપલ્લવ, હરિયાં ધરે,
નદી નાલે ભરિયાં નીર, ણપૈયેા પિઉ પિઉ કરે. મધુ૦ ૧૫
ચેામાસે કરી તરૂ માલા, રમંતા પંખીયા,
ઇમ વિત્યા બારે માસ, પ્રીતમ ઘર નાવિયા;
શ્રાવણ સુદિ છઠે સ્વામી, ગયા સહસાવને,
લેઈ સંજમ કેવલી થાય, દિન પંચાવને. મધુ૦ ૧૬
નેમ મુખથી **રાજુલ** નવ ભવ, નેહ નિહાળતી,
વૈરાગ સુધારસ લીન, સદા મન વાલતી;
કાલાંતરે **નેમ** દયાલ, તિહાં દેશના દીએ,
પ્રભુ હાથ સાહેલી સાથ, **રાજુલ** દીક્ષા લીએ. મધુ૦ ૧૭
લહી કેવલ કરી પરિશાટન, બેહુ મુગતે ગયા,
ણની પ્રીત તે સાદિ અનંત, ભાંગે ભેળા થયા;
શુભવીરવિજય સુખ લીલ, મગન્ન વિશેષતા,
લેાકનાલની નાટકશાલ, સમયમાં દેખતા. મધુ૦ ૧૮



શ્રી પૃથ્વીચંદ્ર ગુણસાગરની સજ્ઝાય.

[દુહા]

શાસન નાયક સુખકરૂ, વદી **વીર** જિણુંદ,
પૃથ્વીચંદ્ર મુનિ ગાયશુ, **ગુણસાગર** સુખકંદ ૧
ઉત્તમના ગુણ ગાવતા, ગુણ આવે નિજ અંગ,
વાત ઘણી વૈરાગ્યની, સાભળને મન રંગ ૨
શંખ કલાવતી ભવથકી, ભવ એકવીશ સંબંધ,
ઉત્તરોત્તર સુખ ભોગવી, એકવીશમે ભવે સિદ્ધ ૩
પણ એકવીશમા ભવતણો, અલ્પ કહુ અધિકાર,
સાભળજો સન્મુખ થઈ, આતમને હિતકાર. ૪

ઢાલ–પહેલી.

[નાણ નમો પદ માતમે–એ દેશી]

નયરી **અયોધ્યા** અતિ ભલી, રાજ્ય કરે હરિસિંહ, મેરે લાલ૦
પ્રિયા **પદ્માવતી** તેહને, સુખ વિલસે ગુણ ગેહ **મેરેલાલ૦**
ચતુર સનેહી સાંભળો૦ એ આકણી૦ ૧
સર્વારથથી સુર ચવી, તસ કૂખે અવતાર, મે૦
રૂપ કળા ગુણ આગળો, **પૃથ્વીચંદ્ર** કુમાર મે૦ ચ૦ ૨
સમપરિણામી મુનિ સમો, નિરાગી નિરધાર, મે૦
પિતા પરણાવે આગ્રહે, કન્યા આઠ ઉદાર મે૦ ચ૦ ૩
ગીત વિલાપને સમ ગણે, નાટક કાય–કલેશ, મે૦
આભૂષણ તનુ ભાર છે, ભોગને રોગ ગણેશ મે૦ ચ૦ ૪

હું નિજ તાતને આગ્રહે, સંકટ પડિયો જેમ; મે૦
પણ પ્રતિબોધું એ પ્રિયા, માત પિતા પણ એમ. મે૦ ચ૦ ૫
જો સવિ સંયમ આદરે, તો થાયે ઉપકાર; મે૦
એમ શુભ ધ્યાને ગુણનીલો, પહોત્યો ભવન મોઝાર.મે૦ ચ૦ ૬
નારી આઠને ઇમ કહે, સાંભળો ગુણની આણ; મે૦
ભોગવતાં સુખભોગ છે, વિપાક કડુવા જાણ. મે૦ ચ૦ ૭
કિંપાકફળ અતિ મધુર છે, આપે છંડે પ્રાણ; મે૦
તેમ વિષયસુખ જાણજો, એહની જિનની વાણ. મે૦ ચ૦ ૮
અગ્નિ જો તૃસિ ઇંધણે, નદીઓ જલધિ પુરાય; મે૦
તો વિષયસુખ ભોગથી, જીવ એ તૃપ્તો થાય. મે૦ ચ૦ ૯
ભવ ભવ ભમતાં જીવડે, જેહ આરોગ્યાં ધાન; મે૦
તે સવિ એકઠાં જો કરે, તો સવિ ગિરિવર માન. મે૦ ચ૦ ૧૦
વિષય સુખ સુરલોકમેં, ભોગવિયાં છંણ જીવ; મે૦
તો પણ તૃપ્તજ નવિ થયો, કાલ અસંખ્ય અતીવ. મે૦ ચ૦ ૧૧
ચતુરા સમજો સુંદરી, મુંઝો મત વિષયને કાજ; મે૦
સંસાર અટવી ઉતરી, લહિયે શિવપુર રાજ. મે૦ ચ૦ ૧૨
કુમરની વાણી સાંભળી, બૂઝી ચતુર સુજાણ; મે૦
લઘુકર્મી કહે સાહિબા, ઉપાય કહો ગુણખાણ. મે૦ ચ૦ ૧૩
કુમર કહે સંયમ ગ્રહો, અદ્‌ભુત એહ ઉપાય; મે૦
નારી કહે શ્રમ વિસરજો, સંયમે વાર ન થાય. મે૦ ચ૦ ૧૪
કુમર કહે પડખો તુમે, હમણાં નહિ ગુરૂ જોગ; મે૦
સદ્‌ગુરૂ જોગે સાધશું, સંયમ છાંડી ભોગ. મે૦ ચ૦ ૧૫
માત પિતા મન ચિંતવે, નારીને વશ નવિ થાય; મે૦
ઉલટી નારી વશ કરી, કુમરનું ગાયું ગાય. મે૦ ચ૦ ૧૬

ને હવે રાજા કીજીએ, તો ભળશે રાજ્યને કાજ, મે૦
નરપતિ ઈમ મન ચિંતવી, થાપે કુમરને રાજ મે૦ ચ૦ ૧૭
પિતા ઉપરોધે આદરે, ચિંતે મોહના ઘાટ, મે૦
પાળે રાજ્ય વૈરાગિયો, જેતો ગુરૂની વાટ મે૦ ચ૦ ૧૮
રાજ્યસભાયે અન્યદા, **પૃથ્વીચંદ્ર** મોહ ત, મે૦
ઈણ અવસર વ્યવહારિયો, સુધન નામે આવ ત મે૦ ચ૦ ૧૯
રાજા પૂછે તેહને, કુણ કુણ જોયા દેશ, મે૦
આશ્ચર્ય દીઠું જે તુમે, ભાખો તેહ વિશેષ મે૦ ચ૦ ૨૦
શેઠ કહે સુણ સાહિબા, એક વિનોદની વાત, મે૦
સાભળતા સુખ ઉપજે ભાખુ તે અવદાત મે૦ ચ૦ ૨૧

[દુહા.]

કૌતુક જોતા જહુ ગયો, કાલ અનાદિ અન ત,
પણ તે કૌતુક જગ વહુ, સુણતા આતમ શાંત ૧
કૌતુક સુણતા જે હુવે, આતમનો ઉપકાર,
વક્તા શ્રોતા મન ગહગહે, કૌતુક તેહ ઉદાર ૨

ઢાલ–બીજી

[ગિરિ વૈતાઢયની ઉપરે–એ દેશી]

આવ્યા **ગજપુર** નયરથી, તિહા વસે વ્યવહારી રે લો,
અહો તિહા વસે વ્યવહારી રે લો,
રત્નસંચય તસ નામ છે, **સુમંગલા** તસ નારી રે લો,
અહો સુમગલા તસ નારી રે લો ૧
ગુણસાગર તસ નદનો, વિદ્યાગુણનો દરિયો રે લો, અ૦ વિ૦
જોખે બેઠો અન્યદા, જુએ તે સુખ ભરિયો રે લો અ૦ જુ૦ ૨

રાજપથે મુનિ મલપતો, દીઠો શમ ભરિયો રે લો; અ૦ દી૦
તે દેખી શુભ ચિંતને, પૂરવ ચરણ સાંભરિયો રે લો. અ૦ પૂ૦ ૩
માત પિતાને એમ કહે, સુણિયો મુજ દીજે રે લો; અ૦ સુ૦
સંયમ લેશું હું સહી, આજ્ઞા મુજ દીજે રે લો. અ૦ આ૦ ૪
માત પિતા કહે નાનડા, સંયમે ઉમાહો રે લો; અ૦ સં૦
તો પણ પરણો પદમણી, અમ મન હરખાવો રે લો. અ૦ અ૦ ૫
સંયમ લેને તે પછી, અંતરાય ન કરશું રે લો; અ૦ અં૦
વિનયી વાત અંગીકરી, પછે સંયમ વરશું રે લો. અ૦ ૫૦ ૬
આઠ કન્યાના તાતને, ઇમ ભાખે વ્યવહારી રે લો; અ૦ ઇ૦
અમ સુત પરણુવા માત્રથી, થાશે સંયમ ધારી રે લો. અ૦ થા૦ ૭
ઇભ્ય સુણી મન ચમકીયા, વર બીજો કરશું રે લો; અ૦ વ૦
કન્યા કહે નિજ તાતને, આભવ અવર ન વરશું રે લો. અ૦ આ ૮
જે કરશે એ ગુણનિધિ, અમો તેહ આદરશું રે લો; અ૦ અ૦
રાગ વૈરાગી દોયમેં, તસ આણા શિર ધરશું રે લો. અ૦ ત૦ ૯
કન્યા આઠના વચનથી, હરખ્યા તે વ્યવહારી રે લો; અ૦ હ૦
વિવાહ મહોત્સવ માંડીયા, ધવલ મંગલ ગાવે નારી રે લો.
અ૦ ધ૦ ૧૦

ગુણસાગર ગિરુઓ હવે, વરઘોડે વર સોહે રે લો; અ૦ વ૦
ચોરીમાંહે આવીયા, કન્યાના મન મોહે રે લો. અ૦ ક૦ ૧૧
હાથ મેલાવો હર્ષશું, સાજન જન સહુ મળિયા રે લો; અ૦ સા૦
હવે કુમર શુભ ચિત્તમેં, ધર્મધ્યાન સાંભળિયા રે લો. અ૦ ધ૦ ૧૨
સંયમ લેઇ સુગુરૂ કને, શ્રુત ભણશું સુખકારી રે લો; અ૦ શ્રુ૦
સમતારસમાં ઝીલશું, કામ કષાયને વારી રે લો. અ૦ કા૦ ૧૩
ગુરૂ વિનય નિત્ય સેવશું, તપ તપશું મનોહારી રે લો; અ૦ ત૦
દોષ બેંતાલીશ ટાળશું, માયા લોભ નિવારી રે લો. અ૦ મા૦ ૧૪

જીવિત મન્યે સમપણું, સમ તૃણમણિ ગણશુ રે લો, અ૦સ૦
સયમ યોગે થિર થઇ, મોહ-જિપુને હણશુ રે લો અ૦ મો૦ ૧૫
ગુણસાગર ગુણશ્રેણિયે, થયા કેવલનાણી રે લો, અ૦ થ૦
નારી પણ મન ચિંતવે, વન્દિયે અમે ગુણખાણી રે લો અ૦ વ૦૧૬
અમે પણ સયમ સાધશુ, નાથ નગીનાની સાથે રે લો, અ૦ ના૦
એમ આઠે થઇ કેવલી, ૮૨ પિયુડા હાથે રે લો અ૦ ૫૦ ૧૭
અબર ગાજે દુદુભિ, જયજય રવ કરતા રે લો, અ૦ જ૦
સાધુ વેષ તે સુરવરા, સેવાને અનુસરતા રે લો અ૦ સે૦ ૧૮
ગુણસાગર મુનિગજના, માત પિતા તે દેખી રે લો અ૦ મા૦
શુભ સવેગે કેવલી, ઘાતી ચાર ઉવેખી રે લો અ૦ ઘાતી૦ ૧૯
નરપતિ આવે વાદવા, મન આશ્ચર્ય આણી રે લો, અ૦ મ૦
શંખ કલાવતી ભવથકી, નિજ ચરિત્ર વખાણી રે લો અ૦નિ૦૨૦
ભવ એકવીશ તે સાભળી, બૂઝયા કેઇ પ્રાણી રે લો, અ૦ બૂ૦
સુધન કહે સુણ સાહિબા, અત્ર આવ્યો ઉમાહી રે લો અ૦અ૦ ૨૧
પણ તે કૌતુક દેખવા, મનડો મુજ હરખાયો રે લો, અ૦ મ૦
કેવલનાની મુજ કહે, શુ કૌતુક ઉલ્લાસે રે લો અ૦ શુ૦ ૨૨
એહથી અધિકુ દેખશો, અયોધ્યા નામા ગ્રામે રે લો, અ૦ અ૦
તે નિસુણી મુનિ પય નમી, આવ્યો ઇણ ઠામે રે લો અ૦ આ૦ ૨૩
કૌતુક તુમ પ્રમાદથી, જોશુ સુખકામી રે લો, અ૦ જો૦
એમ કહીને સુધન તિહા, ઉભો શિર નામી રે લો અ૦ ઉ૦ ૨૪

[દુહા.]

પૃથ્વીચંદ્ર તે સાભળી, વાધ્યો મન વૈરાગ,
ધન ધન તે ગુણસાગરૂ, પામ્યો ભવજલ તાગ ૧
હુ નિજ તાતને દાક્ષિણે, પડિયો ગજ્ય મઝાર,
પણ હવે નિસરશુ કદા, થાશુ કણ અણગાર ૨

ઢાલ-ત્રીજી.

[ધર્મ જિનેસર ગાઉં રંગશું-એ દેશી.]

ધન ધન જે મુનિવર ધ્યાને રમે,

કરતા આતમ શુદ્ધ; મુનીસર૦

રાજ ચિંતે સદગુરૂ સેવના,

કરશું નિર્મલ બુદ્ધ. મુ૦ ધન૦ ૧

કબ હું શમ દમ સમિતિ સેવશું, ધરશું આતમ ધ્યાન; મુ૦

ઇમ ચિંતવતાં અપૂરવ ગુણ ચઢે,

શ્રેણિએ શુકલ ધ્યાન. મુ૦ ધન૦ ૨

ધ્યાન બલે સવિ આવરણ ક્ષય કરી, પામ્યા કેવલ જ્ઞાન; મુ૦

હર્ષ ધરી સોહમપતિ આવિયા,

વેશ વંદે બહુમાન. મુ૦ ધન૦ ૩

સાંભળી માત પિતા મન સંભ્રમે, આવ્યા પુત્રની પાસ; મુ૦

એ શું એ શું એણિપેરે બોલતાં,

હરિસિંહ હર્ષ ઉલ્લાસ. મુ૦ ધન૦ ૪

દયિતા આઠ સુણી મન હર્ષથી, ઉલટ અંગ ન માય; મુ૦

સંવેગરંગ તરંગમેં ઝીલતી,

આઠે કેવલી થાય. મુ૦ ધન૦ ૫

સારથ સુધન પણ મન ચિંતવે, કૌતુક અદ્‌ભુત દીઠ; મુ૦

નરપતિ પૂછે મુનિ ચરણે નમી,

સ્નેહનું કારણ જિઠ્ઠ. મુ૦ ધન૦ ૬

કેવલી કહે પૂરવ ભવ સાંભળો, નયરી ચંપા જયરાય; મુ૦

સુંદરી પ્રિયમતી નામે તેહને,

કુસુમાયુધ સુત થાય. મુ૦ ધન૦ ૭

દંપતી સંયમ પાળી શુભ મના, વિજય વિમાને તે જાય, મુ૦
અનુત્તર સુખ વિલસી સુર તે ચવ્યા,
થયા તુમે ગણી ને રાય મુ૦ ધન૦ ૮
કુસુમાયુધ પણ સંયમ સુરચવી, થયો તુમ સુતતણે નેહ, મુ૦
માત પિતા પણ પૃથ્વીચંદ્રના,
સુણી થયા કેવલી તેહ મુ૦ ધન૦ ૯
સારથ પૂછે પૃથ્વીચંદ્રને, ગુણસાગર તુમે કેમ, મુ૦
મુનિ કહે પૂર્વ ભવ અમ નંદનો,
કુસુમકેતુ તસ નામ મુ૦ ધન૦ ૧૦
એહિજ દયિતા દોયને તે ભવે, સંયમ પાળી તે સાર, મુ૦
સમ ધર્મે સવિ અનુત્તર ઉપન્યા,
આભવ પણ થઈ નાર મુ૦ ધન૦ ૧૧
સાભળી સુધન શ્રાવકવ્રત લહે, બીજા પણ બહુ બોધ, મુ૦
પૃથ્વી વિચરે પૃથ્વીચંદ્રજી,
સાદિ અનંત થયા સિદ્ધ મુ૦ ધન૦ ૧૨
નિત નિત ઉઠી હું તમ વંદન કરૂ, જેણે જગ જીત્યો રે મોહ, મુ૦
ચડતે રંગે હો શમસુખમાગરૂ,
કરતો શ્રેણિ આરોહ મુ૦ ધન૦ ૧૩
જગ ઉપકારી હો જગહિતવત્સલુ, દીઠે પરમ કલ્યાણ, મુ૦
વિરહ મ પડશો હો એહવા મુનિતણો,
ભવ લહુ નિરવાણ મુ૦ ધન૦ ૧૪
મુનિવરધ્યાને હો **જિન ઉત્તમ** પદ વરે, રૂપ કલા ગુણ જ્ઞાન, મુ૦
કીર્તિ કમલા હો વિમલા વિસ્તરે,
જીવવિજય ધરે ધ્યાન મુ૦ ધન૦ ૧૫

શ્રી નંદિષેણ મુનિની સજ્ઝાય.

ઢાલ–પહેલી.

રાજગૃહી નગરીનો વાસી, શ્રેણિકનો સુત સુવિલાસી હો;
મુનિવર વૈરાગી૦
નંદિષેણ દેશના સુણી ભીનો,
ના ના કહેતાં વ્રત લીનો હો. મુ૦ ૧
ચારિત્ર નિત્ય ચોખું પાળે, સંયમરમણીશું મ્હાલે હો; મુ૦
એક દિન જિન પાયે લાગી,
ગોચરીની અનુમતિ માંગી હો. મુ૦ ૨
પાંગરિયો મુનિ વહોરેવા, ક્ષુધાવેદની કર્મ હરેવા હો; મુ૦
ઉંચ નીચ મધ્યમ કુલ મ્હોટા,
અટતો સંયમ રસ લોટા હો. મુ૦ ૩
એક ઉંચું ધવલ ઘર દેખી, મુનિવર પેઠો શુદ્ધ ગવેખી હો; મુ૦
તિહાં જઇ દીધો ધર્મલાભ,
વેશ્યા કહે ઈહાં અર્થલાભ હો. મુ૦ ૪
મુનિ મન અભિમાનજ આણી,
ખંડ કરી નાંખ્યું તરણું તાણી હો; મુ૦
સોવન વૃષ્ટિ હુઈ બાર કોડી,
વેશ્યા વનિતા કહે કરજોડી હો. મુ૦ ૫



ઢાલ-બીજી.

[શાસન નાયક શિવસુખ દાયક જિનપતિ મારા લાલ-એ દેશી]

થે તો ઉભા રહીને અરજ, અમારી સાભળો, સાધુજી૦
થે તો મ્હોટા કુળના વતણી, મૂકી દ્યો આમળો, સાધુજી૦
થે તો લેઇ વટ્યો મોવન ડોડિ, ગાડા ઉંટે ભરી, સાધુજી૦
નહિ આવે અમારે કામ, ગ્રહો પાછા ફરી સાધુજી૦ ૧
થારા ઉજ્વલ વસ્ત્ર દેખી, મોહે મન માહરૂ, સાધુજી૦
થારો સુરપતિથી પણ રૂપ, અધિક છે વાહરૂ; સાધુજી૦
થારા મૃગસમ સુંદર નેત્ર, દેખી હર્ષ લાગણો, સાધુજી૦
થારો નવલો જોવન વેશ, વિરહ દુખ ભાગણો સાધુજી૦ ૨
એતો વજ્ર જડીત કપાટ, કુચી મે કર ગ્રહી, સાધુજી૦
મુનિ વળવા લાગ્યો જમ, કે આડી ઉભી રહી, સાધુજી૦
મે તો ઓછી ચીની જાતિ, મતિ કહી પાછલે, સાધુજી૦
થે તો સુગુણ ચતુર સુજાણ, વિચારો આગલે સાધુજી૦ ૩
થે તો ભોગ પુરંદર હુ પણ, સુદરી મારી, સાધુજી૦
થે તો પહેરો નવલા વેશ, ધરેણા જગતારી, સાધુજી૦
મણિ મુક્તાફલ મુગટ, જિગજે જેમના, સાધુજી૦
અમે સજ્યે સોલ શણગાર કે, પિયુ રમ અંગના. સાધુજી૦ ૪
જે હોય ચતુર સુજાણ તે, કદિય ન ચૂકશે, સાધુજી૦
એહવો અવસર સાહિબ, કદિય ન આવશે, સાધુજી૦
એમ ચિંતે ચિત્ત ભગવાન, નદિષેણ વાહલો, સાધુજી૦
રહેવા ગણિકાને ધામ કે, થઇને નાહલો સાધુજી૦ ૫

ઢાલ-ત્રીજી.

ભોગ કરમ ઉદય તસ આયો, શાસનદેવીયે સંભળાવ્યો હો;
મુનિવર વૈરાગી૦

રહ્યા બાર વરસ તસ આવાસે,
વેશ મહેલ્યો એકણ પાસે હો. મુ૦ ૧

દશ નર દિન પ્રતે પ્રતિબૂઝે,
દિન એક મૂરખ નવિ બૂઝે હો; મુ૦

બૂઝવતાં હુઇ બહુ વેલા, ભોજનની થઈ અવેલા હો. મુ૦ ૨

કહે વેશ્યા ઉઠો સ્વામી, એ દશમો ન બૂઝે કામી હો; મુ૦

વેશ્યા વનિતા કહે ધસમસતી,
આજ દશમા તુમેહીજ હસતી હો. મુ૦ ૩

એહ વયણ સુણીને ચાલ્યો,
ફરી સંયમશું મન વાલ્યો હો; મુ૦

ફરી સંયમ લીયો ઉલ્લાસે,
વેશ લેઇ ગયો જિન પાસે હો. મુ૦ ૪

તપ જપ સંયમ કિરિયા સાધી,
ઘણા જીવને હી પ્રતિબોધી હો; મુ૦

ચારિત્ર નિત્ય ચોકખું પાલી,
દેવલોકે ગયો દેઈ તાલી હો. મુ૦ ૫

જયવિજય ગુરૂનો શીશ,
તસ હર્ષ નમે નિશદીશ હો; મુ૦

મેરૂવિજય ઇમ બોલે, એહવા ગુરૂને કુણ તોલે હો. મુ૦ ૬

[૧] શ્રી ભરત બાહુબલીની સજ્ઝાય.

[દુહા.]

સ્વસ્તિ શ્રી વરવા ભણી, પ્રણમી **ઋષભ** જિણુંદ,
ગાશુ તસ સુત અતિણલી, **બાહુબલિ** મુનિચંદ ૧
ભરતે સાઠ સહસ્ર વરસ, સાધ્યા ષટખંડ દેશ,
અતિ ઓચ્છવ આણુંદશુ, **વિનીતા** કીધ પ્રવેશ ૨
ચક્રરત્ન આવે નહિ, આયુધ શાલામાહ,
[1]મંત્રીશ્વર **ભરતને** તદા, કહે સાભળ તુ નાહ ૩
સ્વામી તે નિજ ભુજ બલે, વશ કીધા ષટખંડ,
પણ **બાહુબલ** ભ્રાતનો, નવિ દીઠો ભુજ દંડ ૪
સુરનરમાહે કો નહિ, તમ જીપણ સમરત્થ,
તો પ્રભુ તુમ બલ જાણશુ, જે સહેશો તમ હત્થ ૫
સુણતા મંત્રી વયણ ઇમ, ચક્રી હુવો સતેગ,
બાહુબલ ભણી મોકલ્યો, નામે દૂત **સુવેગ** ૬
ભટ રથ હયવર ઠાહશુ, દૂતે કીધ પ્રયાણ,
શુકન હુઆ બહુ વાકડા, પણ સ્વામીની આણ ૭
[2]ધરા ઓલધી અતિઘણી, આવ્યો **બહુલી** દેશ,
જિહા કોઇ **બાહુબલ** વિના, જાણે નહિ નરેશ ૮
તક્ષશિલા નગરી જિહા, બાહુબલ ભૂમિંદ,
દૂત સુવેગ જઈ તિહા, પ્રણમ્યો પદઅરવિંદ ૯

૧–મંત્રી વિશ્વંભર તદા, કહે સાભળ ભૂનાહ–ઇતિ પ્રત્યન્તરે
૨–બહુ જોજન લઘી ધરા–ઇતિ પ્રત્યન્તરે

બાહુબલ પૂછે કુશલ, ભરતતણો પરિવાર;
ચતુરાઇ શું દૂત તવ, બોલે બોલ વિચાર. ૧૦
આસન અર્ધું બેસવા, આપે સુરપતિ જાસ;
લક્ષ જક્ષ સેવા કરે, જગત કરે જસ આશ. ૧૧
હેલે જીત્યા ખંડ ષટ, ખેદ ન પહોતો કોય;
ઋષભદેવ સાન્નિધ્ય કરે, તસ કિમ કુશલ ન હોય. ૧૨
પણ પ્રભુ તુમ આવ્યા વિના, માને સકલ નિરત્થ;
કામ નહિ હવે ઢીલનો, સેવો પ્રભુ સમરત્થ. ૧૩
નહિ તો જે તે કોપશે, કોઈ ન રહેશે [1]તીર;
તસ ભુજ દંડ પ્રહાર એક, સહેશે તુજ શરીર. ૧૪
એ સેના વલિ ઋદ્ધિ એ, તિહાં લગે જાણો સર્વ;
જિહાં લગે એ કોપ્યો નહિ, મૂકો તે ભણી ગર્વ. ૧૫

ઢાલ–પહેલી.

[રાગ બંગાલ.]

જા રે શું તુજ માહરૂં દૂત, બાહુબલ બોલે થઈ ભૂત;
રાજા નહિ નમે, બહુલી દેશનો રાજા નહિ નમે–એ ટેક૦
કોપે ચઢ્યો હું તાહરો નાંહિ,
એક મૂઠિયે ધરૂં ધરતીમાંહિ. રાજા૦ ૧
હું તો જાણતો તાતજી જેમ,
ભાઇપણાનો હવે જાણ્યો પ્રેમ; રાજા૦
એહજ માહરૂં કહેજો ગુજ્ઝ,
જો બળ હોય તો કરજો જુજ્ઝ. રાજા૦ ૨

૧–ભીરુ–ધૃતિ પ્રત્યન્તરે.

દેઈ ચપેટા કાઢ્યો દૂત, વિલખો થઈ વિનીતાયે પહુત, રાજા૦
સંભળાવ્યો સઘળો વિરતાત,
કોપ્યો ભરતપતિ જેમ કૃતાત રાજા૦ ૩
રણભેરી વજડાવી જામ, સેના સજજ હુઇ સઘલી તામ, રાજા૦
કોડ ભવા નિજ પુત્ર અકજજ,
રણના રસિયા હુવા સજજ રાજા૦ ૪
લાખ ચોરાશી વર ગજરાજ, ઘોડા લાખ ચોરાશી સાજ, રાજા૦
લાખ ચોરાશી રથ વતિ જાણ,
લાખ ચોરાશી ધુરે નિશાણ રાજા૦ ૫
પાયક છન્નુ કોડી ઝુઝાર, વિદ્યાધર કિન્નર નહિ પાર, રાજા૦
ઈમ સુભટની કોડા કોડ,
રણરસ વાધ્યો હોડા હોડ રાજા૦ ૬
પૃથ્વી કંપી સેનાને પૂર, રજશું છાયો અબર સૂર, રાજા૦
મોલ લાખ વાજે રણતૂર,
ચક્રી ચાલ્યો સેનાને પૂર રાજા૦ ૭
પહોત્યો બહુલી દેશની સીમ,
સુણી બાહુબલ થયો અતિ ભીમ, રાજા૦
ત્રણ લાખ બાહુબલિના પૂત્ત,
ક્રોધે ચઢ્યા જાણે જમના દૂત રાજા ૮
સેના સમુદ્રતણે અનુહાર, કહેતા ત્રિભહી નાવે પાર, રાજા૦
ચક્રીશ્વરની સેના સર્વ,
તૃણ જેમ ગણતો મહોટે ગર્વ રાજા૦ ૯
પહેરી કવચ અસવારી કીધ, બાહુબલે રણડંકો દીધ, રાજા૦
ભરતે પહેર્યો વજ્ર સન્નાહ,
ગજરતને ચઢ્યો અધિક ઉચ્છાહ રાજા૦ ૧૦

બેહુ સામા આવ્યા સેન, કંપ્યા ગગન ને પૃથ્વી જેણ; રાજા૦
ઘોડે ઘોડા ગજે ગજરાજ,
પાળે પાળા અડે રણ કાજ. રાજા૦ ૧૧
ઝળકે ભાલા ભીમ બડગ્ગ, તીરે છાયો ગગનનો મગ્ગ; રાજા૦
શૂર સુભટ ભિડે છે તેમ,
નાંખે ઉલાળી ગજ કાંકરી જેમ. રાજા૦ ૧૨
રૂધિરનદીયો વહે હામોહામ, બાર વરસ એમ કીધો સંગ્રામ; રાજા૦
બેહુમાં કોઇ ન હારે જામ,
ચમર સુધર્મેન્દ્ર આવ્યા તામ. રાજા૦ ૧૩
તાતજી સૃષ્ટિનિપાઇ છે એહ, કાંઇ પમાડો તેહનો છેહ; રાજા૦
ભાઇ દોય ગ્રહો રણભાર,
જેમ ન હોય જનનો સંહાર. રાજા૦ ૧૪
માન્યું વચન બે ભાઇએ જામ,
દેવે થાપ્યાં ત્યાં પાંચ સંગ્રામ; રાજા૦
દૃષ્ટિ વચન બાહુ મૂઠી ને દંડ,
બેહુ ભાઈ કરે યુદ્ધ પ્રચંડ. રાજા૦ ૧૫

[દુહા.]

અનિમિષ નયણે જોવતાં, ઘડી એક થઇ જામ;
ચક્રીને નયણે તુરત, આવ્યાં આંસુ તામ. ૧
સિંહનાદ ભરતે કીયો, જાણે ફુટ્યો બ્રહ્માંડ;
ક્વેડાનાદે બાહુબલે, તે ઢાંક્યો અતિ ચંડ. ૨
ભરતે બાહુ પસારિયો, તે વાળ્યો જિમ કંબ;
વાનર જિમ હિંચે ભરત, બાહુબલિભુજ લંબ. ૩

ભરતે મારી મુષ્ટિકા, બાહુબલિ રિ૰ માય,
જાનુ લગે બાહુબલિ, ધરતીમાહે જાય ૪
ગગન ઉછાળી બાહુબલે, મૂકી એહવી મૂઠ,
પેઠો ભરતેશ્વર તુરત, ધરતીમાહે આકંઠ ૫
ભરતદંડે બાહુતણો,ચૂર્યો મુગટ સનૂર,
ભરતતણો બાહુબલે, કિયો કવચ ચકચૂર ૬
બોલ્યા માખી દેવતા, હાર્યો ભરત નરેશ,
બાહુબલિ ઉપર હુઈ, કુલવૃષ્ટિ સુવિશેષ ૭
થકી અતિ વિલખો થયો, વાચા ચૂકચો તામ,
બાહુબલિ ભાઇ ભણી, મૂક્યુ ચક્ર ઉદ્દામ ૮
ધરમા ચક્ર ફરે નહિ, કરી પ્રદક્ષિણા તાસ,
તેજે ઝળહળતુ થકુ, આવ્યુ ચક્રી પાસ. ૯
બાહુબલિ કોપે ચઢ્યો, જાણે કરૂ ચકચૂર,
મૂઠી ઉપાડી મારવા, તવ ઉગ્યો દયા અંકૂર ૧૦
તામ વિચારે ચિત્તમા, કિમ કરી મારૂ ભ્રાત,
મૂઠી પણ કિમ સંહરૂ, આવી બની દોઇ બાત ૧૧
હસ્તીદંત જે નિકલ્યા, તે કિમ પાછા જાય,
ઇમ જાણી નિજ કેશનો લોચ કરે નરરાય ૧૨



ઢાલ-બીજી.

[જિન વચને વૈરાગિયો હો ધન્ના-એ દેશી.]

તવ **ભરતેશ્વર** વિનવે રે ભાઇ, અમો અમો મુજ અપરાધ;
હું ઓછો ને ઉછાંછલો રે ભાઈ, તું છે અતિહિ અગાધ રે.
બાહુબલિ ભાઇ, ઇમ કિમ કીજે બે૦ એ આંકણી૦ ૧

તું મુજ શિરનો શેહરો રે ભાઇ, હું તુજ પગની રે બેહ;
એ સવિ રાજ્ય છે તાહરૂં રે ભાઈ,
મન માને તસ દેહ રે. બા૦ ૨

હું અપરાધી પાપીયો રે ભાઈ, કીધાં અનેક અકાજ;
લોભવશે ભૂકાવિયાં રે ભાઈ, ભાઈ અટ્ઠાણુંના રાજ રે. બા૦ ૩

એક બાંધવ તું માહરે રે ભાઇ, તે પણ આદરે એમ;
તો હું અપજશ આગલો રે ભાઈ,
રહેશું જગમાં કેમ રે. બા૦ ૪

કોડવાર કહું તુજને રે ભાઇ, તાતજી **ઋષભની** આણ;
એકવાર હસી બોલને રે ભાઈ,
કર મુજ જન્મ પ્રમાણ રે. બા૦ ૫

ગુન્હો ઘણો છે માહરો રે ભાઇ, બક્ષીશ કરીય પસાય;
રાખો રખે દૂભણ કિશિ રે ભાઇ,
લળિ લળિ લાગું છું પાય રે. બા૦ ૬

ચક્રીને નયણે ઝરે રે ભાઈ, આંસુડા કેરી ધાર;
તે દુઃખ જાણે તે ઉરે રે ભાઇ, કે જાણે કીરતાર રે. બા૦ ૭

નિજ નયરી વિનીતા ભણી રે ભાઇ, જાતાં ન વહે પાય;
હા! મૂરખ મેં શું કિયું રે ભાઇ, ઇમ ઉભો પસ્તાય રે. બા૦ ૮

વિવિધ વચન ભગવંતના રે ભાઇ, સુણી નવિ ગમ્યા તેહ,
લીધું વ્રત તે કયું કરે રે ભાઈ, જેમ હથેલીમા રેહ રે બા૦ ૯
ગર્વ છોડી હુઆ સંજમી રે ભાઈ, ધરી અભિમાન મન ધ્યાન,
બ્રાહ્મી-સુંદરી પ્રતિબોધવા રે ભાઇ,
મોકલે ત્રિભુવન ભાણ રે. બા૦ ૧૦
વીરા ગજથકી ઉતરો રે ભાઈ, ગજ ચડયે કેવલ ન હોય,
બહેન વચન શ્રવણે સુણી રે ભાઇ,
ચેત્યો ચતુર નર સોય રે. બા૦ ૧૧
કેવલ લહી મુગતે ગયા રે ભાઈ, બાહુબલિ અણગાર,
પ્રાત સમય નિત્ય પ્રભુમીયે રે ભાઈ,
જિમ હોય જય જયકાર રે. બા૦ ૧૨

કલશ

શ્રી ઋષભજિન સુપસાય ધણિ પરે, સવત સત્તર ઇકોતરે,
ભાદ્રવા સુદિ પડવાતણે દિન, રવિવાર ઉલટ ભરે,
વિમલવિજય ઉવજઝાય સદગુરૂ, શીશ તસ શ્રી શુભવરે,
બાહુબલિ મુનિરાજ ગાતા, રામવિજય જયશ્રી વરે ૧



[૨] શ્રી બાહુબલિજીની સજ્ઝાય.

બહેની બોલે હો બાહુબલ સાંભલોજી,
ઇડા ઇડા રંગ નિધાન;
ગજવર ચઢીયા હો કેવલ કેમ હુવેજી,
જાણ્યું જાણ્યું પુરૂષ પ્રધાન. બહેની૦ ૧
તુજ સમ ઉપશમ જગમાં કુણ ગણેજી,
અકલ નિરંજન દેવ;
ભાઈ ભરતેશર વહાલા વિનવેજી,
તુજ કરે સુરનર સેવ. બહેની૦ ૨
ભર વરસાળો હો વનમાં વેઠીઓજી,
જિહાં ઘણાં પાણીના પૂર;
ઝરમર વરસે હો મેહુલો ઘણુંજી,
પ્રગટ્યા પુણ્ય અંકુર. બહેની૦ ૩
ચિહું દિશિ વીંટ્યો હો વેલડીએ ઘણુંજી,
જેમ વાદલ છાયો સૂર;
શ્રી આદિનાથે હો અમને મોકલ્યાજી,
તુમ પ્રતિબોધન નૂર. બહેની૦ ૪
વર સંવેગ રસે હો મુનિવર ભર્યાજી,
પામ્યા પામ્યા કેવલ નાણ;
માણેકમુનિ જસ નામે હો હરખ્યો ઘણુજી,
દિન દિન ચઢતો વાન. બહેની૦ ૫

[૩] શ્રી બાહુબલિજીની સજ્ઝાય.

[સદ્ગુરુ સંવેગી મુદ્ગર આતમાજી-એ દેશી]

બાંધવ બાહુબલિ બોલોને બોલડો જી,
બહેનડને દીયો બોલ,
મહા વનમાહિ મે ઘણુ લેઇઓ જી,
દા થયો દહીન નિટોલ. બા૦ ૧
બોધતા લાધ્યો સહોદર આપણો જી, ગિરિ જેમ વિટિઓ વેલ,
જાતસુધારસ મહામુનિ જોવતા જી,
પાતિક નાખીયે ઠેલ બા૦ ૨
સુગુણ સહોદર સમતાએ વશ કર્યો જી, બોલ ન બોલે મોય,
શ્રવણ તો તરસ્યા વચન અમૃતભણી જી,
હિતભરી બોલ તું જોય બા૦ ૩
કહેને સહોદર વર્ષા કિમ સહ્યો જી, બલ બલ વહેતા નીર,
ઝબઝબ ઝબકે વીજલી ચિહુ દિશે જી,
ધન ધન તુ વડવીર બા૦ ૪
ચરણા ઉપર ડાભજ ઉગીયા જી, વેલડી વીંટયુ શરીર,
કેશમા માલા કીધા પખીયે જી,
તોહી ચલ્યા નહિ ધીર બાં૦ ૫
ઘન ગરજે અતિ જરની શામળી જી, વાદલ છાયો આકાશ,
ઝબકીયે નિઝરણાના નાદથી જી,
કિમ સહ્યા સુભટ ! ચઉમાસ બા૦ ૬
જીયાલે પણ શીત વાયે ઘણી જી, ઠારે ઠરે જલ જેહ,
હિમ પડે જિણે વન તરૂ દાઝવે જી,
થર થર કંપે એ દેહ બા૦ ૭

ઉનાળો અતિ ઉનો આગથી જી, લૂ વરસે અતિ તાપ;
સૂરજ આકરો નવિ કોઇ સહી શકે જી,
કિમ સહ્યો ગ્રીષમ વ્યાપ. બાં૦ ૮
ધીર થઇ તેં ઋતુ પરિસહ સહ્યા જી, ભલો ભલો તું મુનિ સિંહ;
તાત ઋષભજીએ તેડવા મોકલ્યા જી,
આવોને અકલ અબીહ. બાં૦ ૯
ગજથી ઉતરી કેવલ પામશો જી, ઇમ સુણી ચમક્યો ચિત્ત;
લહી કેવલને જિન પાસે ગયા જી,
પ્રણમે એ મુનિ નિત્ત. બાં૦ ૧૦
તપ ગણ જગને દિનમણિ દીપતો જી, શ્રી મેઘવિજય ઉવજ્ઝાય;
તસ સેવક ઇમ લબ્ધિવિજય કહે જી,
નામથી જય જય થાય. બાં૦ ૧૧

[૪] શ્રી બાહુબલિજીની સજ્ઝાય.

[ચઉસદ્દહણા તિ લિંગ છે–એ દેશી.]

બાહુબલ શુકલ ધ્યાને રહ્યા, સુરગિરિ સમ ચિર નંદુ રે;
પણ અંતર માને ચડ્યા, લઘુ બાંધવ કેમ વંદુ રે.

ત્રુટક.

કેમ વંદુ બંધુ લહુઆ, ચરણ પર્યાયે વડા,
